સ્વાધ્યાય

પુસ્તક ૧
અંક ૪

સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મંદિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

કાલિયમર્દક-શ્રીકૃષ્ણ
(ડૉ. સ્ટેલા ક્રામરિશના સૌજન્યથી)

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૦

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં...રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
વડોદરા.

સંપાદક

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૦ | પુસ્તક ૧

ઑગસ્ટ, ૧૯૬૪ | અંક ૪

ભાલણની કાદંબરી (પૂર્વ ભાગ)—એક અનુવાદચર્ચા

નગીનદાસ પારેખ

[૧]

પ્રાસ્તાવિક

કાદંબરી સંસ્કૃત સાહિત્યની અત્યંત પ્રસિદ્ધ કૃતિ છે. એ ગદ્યમાં લખાયેલી હોવા છતાં એમાં ભારોભાર કવિતા ભરેલી છે. વળી, એમાં લાંબા લાંબા સમાસો અને પાનાંનાં પાનાં સુધી વિસ્તરતાં વાકયો આવતાં હોઈને બીજી ભાષામાં એનો અનુવાદ કરવાનું કામ કપરું છે. તેમાં વળી ભાલણે તો એ અનુવાદ પદ્યમાં કરવાનું માથે લીધું છે. પોતાની પ્રસ્તાવનામાં જ ભાલણે પોતાના અનુવાદની રચના પાછળનો હેતુ ખૂબ સ્પષ્ટ રીતે દર્શાવ્યો છે. કાદંબરી એવી રચના છે, જેમાં :

અનેક ઉપમા, કઠિણ સંસ્કૃત
 ગદ્ય પદ્ય કયહીંએક,
સાહિત્ય સકલતણી ચાતુરી
 તેહમાંહાં રચી વિવેક.
અતિ પંડિત હુઇ તે પ્રીછિ;
 તેહનુ નહી ઉપાય,
મુગધ રસિક સાંભલવા ઇછિ,
 પણિ પ્રીછી નવિ જાય.
તેહિ પ્રીછવા કારણિ કીધો
 ભાલણિ ભાષાબંધ;
સકલ ઉપમા કહી ન જાય,
 કિંચિત કથા સમંધ.

આમ ભાલણનો ઉદ્દેશ જેમને સંસ્કૃત આવડતું નથી એવા મુગ્ધ રસિકોને કાદંબરીનો

આસ્વાદ કરાવવાનો છે, અને તે માટે એણે કથાનું સૂત્ર જાળવીને વર્ણનોમાં અને અલંકારાદિમાં કાપકૂપ કરેલી છે. આમ ભાલણની કાદંબરી એ મૂળનો સંક્ષિપ્ત અનુવાદ છે.

સંસ્કૃત ભાષામાં સમાસને કારણે ઘણું લાઘવ આવી શકે છે. એવું લાઘવ બીજી ભાષામાં આણવું મુશ્કેલ છે. વળી કાદંબરીમાં તો કવિ ભાષાનો વૈભવ એવે છૂટે હાથે વેરે છે કે એમાં વાચક કથાનો દોર પણ ભૂલી જાય અને એ વાગ્વૈભવના પ્રવાહમાં જ તણાઈ જાય. ઉપરાઉપરી અલંકારો યોજવા અને એક પછી એક ચિત્રો ખડાં કરી કથા કહેવી એ જે બાણની વિશેષતા છે, તેનો પરિચય ભાલણ સફળતાપૂર્વક કરાવી શક્યો છે. ભાલણે મૂળના લાંબા સમાસો અને લાંબાં વાક્યોને એવી ખૂબીથી તોડીને ગુજરાતીમાં રજૂ કર્યાં છે કે વાચકને સમજવામાં આયાસ પડતો નથી અને રસ પણ જળવાઈ રહે છે. આમ ભાલણે સરળતા અને સરસતાનો સુંદર યોગ સાધ્યો છે. કથામાં જ્યાં જ્યાં ભાવોદ્રેકના પ્રસંગો આવે છે ત્યાં ત્યાં ભાલણની પોતાની ભાષા પણ તે તે ભાવને બરાબર ઝીલી શકે એવી સમર્થ છે. વૈશંપાયનની આત્મકથામાં એના પિતાના મૃત્યુનો પ્રસંગ, તેમાંથી જન્મેલી એની આત્મગ્લાનિ વગેરે પ્રવાહી સરલ અને હૃદયસ્પર્શી ભાષામાં નિરૂપાયાં છે. તારાપીડ અને રાણી વિલાસવતીની પુત્રઝંખનાનું ચિત્ર પણ વેધક છે. એ સ્થળે ભાલણે કરેલો ઉમેરો એટલે કે રાણીના મુખે પુત્રનાં જુદી જુદી વયનાં ઉપસાવેલાં ચિત્રો કેવાં મનોહર અને રાણીના મનોભાવને સુંદર ઉઠાવ આપે એવાં છે! આવે પ્રસંગે આપણે ભાલણની રસિકતા અને કવિત્વશક્તિનો પણ પરિચય પામીએ છીએ. વળી એક બીજી વસ્તુ નોંધવી પણ પ્રાપ્ત થાય છે કે આ સંક્ષિપ્ત અનુવાદ હોવા છતાં ભાલણે એમાં કોઈ કોઈ ઠેકાણે ઉમેરા પણ કરેલા છે. જોકે તે બધા જ આ ઉમેરા જેવા ઔચિત્યપૂર્ણ નથી લાગતા. જેમ કે શૂદ્રક સ્નાન કરવા બેસે છે ત્યારે એને નવરાવતી સ્ત્રીઓ માંહોમાંહે જે વાત કરે છે, તે રાજા સાંભળતો ન હોત તો કદાચ નિર્વાહ્ય બનત, પણ એ જે રીતે નિરૂપાઈ છે તે રીતે તો ગૌરવભંગ કરનાર જ નીવડે છે. એ સિવાય વૈશંપાયનની આત્મકથાના પ્રારંભમાં જ જે વનવર્ણન આવે છે તેમાં ભાલણે ઉમેરેલી વૃક્ષોનાં નામોની યાદી જેવા ઊમેરા કાવ્યને ખાસ ઉપકારક થતા નથી.

ભાલણની પદ્ધતિ કંઈક આવી લાગે છે. એ કથાના પ્રસંગો જાળવે છે અને વર્ણનો ઉપર કાપ મૂકે છે. ઉક્તિઓ પણ જ્યાં ઘણી લાંબી હોય છે ત્યાં એ કાતર ચલાવે છે. આમ ટાળેલા અને રાખેલા ભાગોને વિશે મતભેદ થવાનો સંભવ છે, તેમ છતાં એકંદરે ભાલણે રસને કે કથા-પ્રવાહને ખાસ હાનિ ન પહોંચે એ રીતે આ કાપકૂપ કરેલી છે. ચંદ્રાપીડ ગંધર્વનગરથી પાછો પોતાને નગર આવે છે ત્યાં માર્ગમાં એને દ્રવિડ ધાર્મિકનો ભેટો થાય છે તેનું મૂળમાં ખૂબ લાંબું વર્ણન છે, તે ભાલણે ‘જરઠ મ્યલ્યુ સંન્યાસી કોય, રાયે પરિ પરિ પૂછ્યુ સોય’ એમ કહીને પતાવ્યું છે.

કાપકૂપ અને ઉમેરા ઉપરાંત ભાલણે કોઈ વાર કથાના વસ્તુમાં અને ઉક્તિ કે વર્ણનમાં પણ ફેરફાર કરેલા છે. જેમ કે મૂળમાં તારાપીડ અને શુકનાસને બે જુદાં જુદાં સ્વપ્ન આવે છે એવું વર્ણન છે, તેને બદલે ભાલણે તારાપીડને જ સ્વપ્ન આવ્યાનું કહ્યું છે અને તેમાં ચંદ્રને વિલાસવતીના મુખમાં પ્રવેશતો અને કોઈ શ્વેત વસ્ત્રધારી પુરુષને રાણીના ખોળામાં સહસ્રદલ કમળ મૂકતો રાજા જુએ છે એમ નિરૂપ્યું છે. આમ એણે બે સ્વપ્નો એકમાં સમાવી દીધાં છે.

[૨]

ભાલણે કરેલા ફેરફારો

પ્રસ્તુત લેખમાં કાદંબરીના પૂર્વ ભાગમાં મારી નજરે ચડેલા કેટલાક ફેરફારોની ચર્ચા કરવા ધારી છે.

ભાલણની કાદંબરીના પૂર્વ ભાગના બે પાઠો આજે ઉપલબ્ધ છે. એક શ્રી. કે. હ. ધ્રુવ સંપાદિત અને બીજો શ્રી. કે. કા. શાસ્ત્રી સંપાદિત. શ્રી. કે. હ. ધ્રુવના સંસ્કરણમાં તેમણે ભારે જહેમત લઈ ને મૂળ સંસ્કૃત સાથે મેળવીને ઠેકાણે ઠેકાણે પાઠમાં ફેરફાર કરેલા છે. આને લીધે ઘણી અસ્પષ્ટતાઓ દૂર થયેલી છે. વળી, એમની ટિપ્પણીઓ પણ કાવ્યની સમજમાં ખૂબ ઉપકારક છે. શ્રી. કે. કા. શાસ્ત્રીનું સંસ્કરણ આપણને ભાલણની કૃતિનું યથાતથ દર્શન કરાવે છે. એમણે શબ્દોનાં રૂપોમાં એકવાક્યતા આણવા માટે કરેલા ફેરફારો સિવાય બીજા કોઈ ફેરફાર લગભગ કર્યા નથી. એટલે મારી ચર્ચા માટે મેં એ પાઠનો જ ઉપયોગ કર્યો છે. વળી, શ્રી. કે. કા. શાસ્ત્રીએ તાજેતરમાં પૂર્વ ભાગનો સળંગ ગદ્યાનુવાદ પણ લાંબી પ્રસ્તાવના સાથે પ્રગટ કર્યો છે, તેનો પણ મેં પ્રસંગોપાત્ત ઉપયોગ કરેલો છે. આ વરસે મારે બી. એ.માં પૂર્વ ભાગ ભણાવવાનો આવ્યો અને તેની તૈયારી કરતાં મારે મૂળ કાદંબરી અવારનવાર જોવી પડી અને તેમાંથી આ લેખની સામગ્રી ભેગી થઈ. સાથે સાથે અર્થઘટનની અને સંપાદનની પણ થોડી ચર્ચા આ લેખમાં ઉમેરી છે, તે પણ આ રીતે જ ઉપસ્થિત થયેલી છે.

૧. કથાના પ્રારંભમાં શૂદ્રક રાજાનું વર્ણન આવે છે. તેમાં ‘કલ્પદ્રુમ શરખુ આશ્રિતનિ’ [૨ : ૫] અને ‘**અશ્વિની સુતનાથી અતિ સુંદર યે રાજાનૂં રૂપ**’ [૨ : ૬] એ ભાલણે કરેલા ઉમેરા છે અને તે આખા વર્ણનમાં સારી રીતે ભળી જાય છે. એ જ રીતે ‘સેના બહુ શોભાનિ કાજિ, અવરિ ન આવિ કામિ’ [૨ : ૮] એ ઉમેરો પણ બરાબર ભળી જાય છે. મૂળમાં શૂદ્રકના અમલનું વર્ણન બાણે અનેક પરિસંખ્યાઓ દ્વારા કરેલું છે. ભાલણે એ વર્ણનમાં પોતા તરફથી કેટલીક પરિસંખ્યા ઉમેરેલી છે. તેનો નિર્દેશ નીચેના ઉતારામાં જાડાં બીબાં વાપરીને કરેલો છે.

ધ્રૂજિ ધ્વજ, પરલોકથકી ભય,
વાંછિત વસુધાં ભોગ,
શુક સારિકાનિ રક્ષાગૃહ,
સારી રમતાં મારિ,
ધૂમિ અશ્રુપાત, ચાપકિ
ફેરવતાં હય પ્રાહાર,
શૂલ પ્રાસાદ ચંડિકા કેરિ,
ગાંધીનિ પણિ કુષ્ટ,
સંનિ[પાત] વ્યાકરણ વિષિ,
તિહા રોગ નહી દેહ દુષ્ટ,

મદ માહા ગજનિ, રાગ ગીતમાંહાં,
ક્રય વિક્રયમાંહિ માન,
લોભ ધરમનું, અહંકાર તે
જેહનિ બ્રહ્મજ્ઞાન. [૨ : ૧૨-૧૫]

આ ઉમેરો પણ મૂળ વર્ણનમાં સારી પેઠે ભળી જાય છે. એક બે વસ્તુ અહીં નોંધવી જોઈએ. મૂળમાં सार्येष्वेव शून्यगृहाः બાજીમાં જ ખાલી ઘર હતાં એને પલટીને ભાલણે 'સારી રમતાં મારિ' કર્યું છે. બાજી રમતાં જ 'માર' કહેતા હતા. મૂળમાં अनवरत मखाग्नि धूमेनाश्रुपातः, સતત ચાલતા યજ્ઞોના ધુમાડાથી જ આંસુ પડતાં એમ છે, તેને બદલે ટૂંકાવીને 'ધૂમિ અશ્રુપાત' કર્યું છે.

૨. ચાંડાલ કન્યાને જોઈને રાજાને જે વિચારો આવે છે તે મૂળમાં આ પ્રમાણે છે: अहो विधातुरस्थाने सौन्दर्यनिष्पादनप्रयत्नः । तथा हि, यदि नामेयमात्मरूपोपहसिताशेषरूपसंपदुत्पादिता, किमर्थमपगतस्पर्शसंभोगसुखे कृते कुले जन्म । અહીં રાજા આ કન્યાને વિધાતાએ નીચ કુળમાં જન્મ આપ્યો એ માટે ખેદ વ્યક્ત કરે છે. કારણ, એમ કરવાથી એ સ્પર્શ અને સંભોગસુખથી વંચિત રહે છે. એ પછી રાજા વિચારે છે કે માતંગ જાતિને સ્પર્શ કરવાના દોષથી બચવા માટે પ્રજાપતિએ એને અડ્યા વગર જ એને ઉત્પન્ન કરી હોવી જોઈએ, નહિ તો એનું લાવણ્ય આવું અક્લિષ્ટ શી રીતે હોય! કારણ, હાથથી દબાયેલા ચંપાયેલા અવયવોની આવી કાન્તિ ન હોય! मन्ये च मातङ्गजातिस्पर्शदोषभयादस्पृशतेयमुत्पादिता प्रजापतिना, अन्यथा कथमियमक्लिष्टता लावण्यस्य । नहि करतलस्पर्शक्लेशितानामवयवानामीदृशी भवति कान्तिः । એને બદલે ભાલણે બ્રહ્માને જ એના રૂપથી કામ જાગવાની બીક લાગી અને તેથી એને માતંગી સરજી એમ કહ્યું છે. અને આગળ જતાં એવી એક બીજી કલ્પના કરી છે કે અથવા એની કોમળ કાયા કઠણ સ્પર્શ શી રીતે સહેશે, એમ વિચારી એને માતંગી સરજી, જેથી સ્પર્શદોષ થશે એમ જાણીને લોકો એનાથી અળગા રહે.

જાણીઇ છિ અલૌકિક રૂપિ,
રચતાં એ તન્વંગી
બ્રહ્મા કામબાણથી બીહીના,
તેણિ સરજી માતંગી.
અથવા કોમલ કાયા એહની
કઠિણ સ્પર્શ કિમ સહિશિ?
સ્પર્શદોષ જાણીનિ એહથી
અલગા જણ્યૂં રિહિશિ. [૨ : ૫૫-૫૬]

ભાલણના ફેરફારથી કાવ્યમાં સ્થૂલતા દાખલ થાય છે, અને બ્રહ્માની ગૌરવહાનિ થાય છે. ઉપરાંત, પાછલી કલ્પના એને સમજાઈ નથી એમ લાગે છે. એ કલ્પના ફરી પણ એક વાર આ ગ્રંથમાં આવે છે, તે પણ આપણે અહીં જ જોઈ લઈએ. મહાશ્વેતા ચંદ્રાપીડને લઈને કાદંબરીને મળવા જાય છે ત્યારે કાદંબરીને જોઈ ને ચંદ્રાપીડને જે વિચારો આવે છે, તેમાં એક આ પ્રમાણે છે:

'तन्नुनमेनामुत्पादयतो विधेः करतलपरामर्शक्लेशेन ये विगलिता लोचनयुगलादश्रुजलबिन्दवस्तेभ्य एतानि जगति कुमुदकमलकुवलयसौगन्धिकवनान्युत्पन्नानि.' इत्येवं चिन्तयत एवास्य तस्या नयनयुगले निपपात चक्षुः ।

મને લાગે છે કે આને ઘડતાં ઘડતાં પ્રજાપતિના હાથના સ્પર્શથી થતા દુઃખને લીધે એની આંખોમાંથી જે અશ્રુબિંદુઓ પડેલાં તેમાંથી જ ખરેખર આ જગતમાં કમલ કુમુદ, વગેરેનાં વન ઉત્પન્ન થયાં હશે—એમ વિચારતો હતો ત્યાં તેની દૃષ્ટિ કાદંબરીની આંખો ઉપર પડી.

આનો અનુવાદ ભાલણે આ પ્રમાણે કર્યો છે:

એહનિ ઊપાતાં ધાતાઈ
કરિ થયુ જે કલેશ,
તેહ કરી લોચનથી ગલિયા
આંસૂના લવલેશ,
તેહ થકી આ કુમુદ ઊપનાં,
એહવી ઉત્તમ સૃષ્ટિ. [૧૮: ૯૭-૯૮]

શ્રી. કે. કા. શાસ્ત્રીએ ભાલણની આ પંક્તિઓનો અનુવાદ કરવામાં ભારે ભૂલ કરી છે. જુઓ—

"એને ઉત્પન્ન કરવામાં **વિધાતાને જે તકલીફ પડી** તેને લીધે આંખમાંથી જે કાંઈ થોડાં આંસુ ટપક્યાં તેમાંથી કુમુદોની ઉત્પત્તિ થઈ, એવી આની ઉત્તમ ઉત્પત્તિ છે." (પૃ. ૯૭) એમણે કાદંબરીને બદલે બ્રહ્માને જ કષ્ટ પામતા અને આંસુ સારતા બતાવ્યા છે! કાશીના પંડિત પુસ્તકાલયે પંડિત રામતેજ શાસ્ત્રીના હિન્દી અનુવાદ સાથે જે કાદંબરી પ્રગટ કરેલી છે તેમાં આ સ્થાનનો અનુવાદ પંડિતજીએ આ પ્રમાણે કરેલો છે: मेरी तो ऐसी धारणा है कि इसे बना लेनेके पश्चात् ब्रह्माने परीक्षार्थ इसे हाथ लगाकर देखा तैसा ही सुकुमारताके कारण इसके नेत्रोंसे आँसू की बूँदें टपक पडी। उन्ही बूँदोंसे कुमुद, कमल, कुवलय और सौगन्धिक पुष्पोंकी उत्पत्ति हुई है। (૩૮૭) સ્પષ્ટ છે કે પંડિતજી મૂળની કલ્પના સમજ્યા નથી.

૩. શૂદ્રક રાજા સ્નાન કરવા બેસે છે, ત્યાં એને નવરાવનારી સ્ત્રીઓને ભાલણે આ પ્રમાણે માંહોમાંહે વાત કરતી દર્શાવી છે:

એક કહિ: 'રહી કાં અલગી?
'એટલામાં શૂં થાકી?'
એક કહિ: 'ના, એ અતિ શીલી,
પ્રમદા છિ અતિ પાકી.' [૨: ૮૮]

ભાલણે કરેલો આ ઉમેરો, પહેલાં કહ્યું તેમ, ગૌરવભંગ કરનારો છે.

૪. શૂદ્રકની શૈયાનું વર્ણન કરતાં ભાલણ કહે છે:

શય્યા સુવર્ણ તણી તળાઈ
હંસ તૂલિકા બેશ. [૨ : ૯૬]

મૂળમાં તળાઈનું વર્ણન નથી, તેમ શય્યા સોનાની નથી. આનો અનુવાદ શ્રી. કે. કા. શાસ્ત્રી આ પ્રમાણે કરે છે: "(ત્યાં) સોનાની શય્યા (પલંગ છે, જેના ઉપર) ઉત્તમોત્તમ **હંસના જેવી સફેદ રૂની તળાઈ** (બિછાવી છે)." (પૃ. ૯) અહીં શાસ્ત્રીજી મૂળના વર્ણનથી દોરાઈ ગયા લાગે છે. મૂળમાં શય્યા—શયનનાં બે વિશેષણો છે: **अखिलविगलितजलनिवहधवलजलधरशकलानुकारिणा** અને **तुरिनगिरिशिलातंलसदृशेन** અર્થાત્ બધું જલ ગળી જવાથી શ્વેત થઈ ગયેલા મેઘના ટુકડા જેવું અને હિમગિરિના શિલાતલ જેવું. આમ બંને વિશેષણો શુભ્રતાદ્યોતક છે, એટલે એટલો જ અર્થ શાસ્ત્રીજીએ લીધો છે. પણ અહીં 'હંસના પીંછાની ઉત્તમ તળાઈ' એવો અર્થ અભિપ્રેત લાગે છે. આ અર્થ એમની નજર બહાર ન હોવો જોઈએ, કારણ, 'ભાલણ એક અધ્યયન' ગ્રન્થમાં 'અનુવાદક ભાલણ' એ પ્રકરણમાં એમણે બતાવેલું છે કે હંસપિછ તળાઈની કલ્પના ભાલણે મૂળ 'નલચંપૂ'માંથી લીધેલી છે અને પોતાના 'નળાખ્યાન'માં તેમ જ 'કાદંબરી'માં પણ એનો પ્રયોગ કરેલો છે. એમણે નોંધ્યું છે: "ભાલણને આ 'હંસપિછ તળાઈ'ની જે લગની છે તેને લઈ 'કાદંબરી'માં જ્યાં '**तुहिनगिरिशिलातलसदृशशयनेन**' (પૃ. ૧૭) હિમગિરિના (ની ?) શિલાની સપાટી જેવી શય્યા ઉપર' છે ત્યાં ભાલણ 'સેજિ સૂતાં કઠિણ લાગતી, હંસ પિછ તળાઈ' એમ કહે છે." (પૃ. ૧૩૮) આપણે નોંધવું જોઈએ કે આ ઉતારો 'કાદંબરી'માંનો નથી પણ 'નલાખ્યાન'માંનો છે. અસ્તુ.

૫. વિંધ્યાટવીના વર્ણનમાં શરૂઆતમાં મૂળને અનુસરતું વર્ણન કર્યા પછી વચમાં—

શાલ તાલ તમાલ તુંડી,
ભિંડીમાલ પ્રિયાલ,
× × ×
સરઘુઆ, શીમલિ, સાલડિયા,
ધવ, ભિલ્લામ, કોવિદાર; [૩ : ૨૦-૨૬]

એમ એકંદર ચૌદ લીટી ઉમેરેલી છે. એ ખંડ આપણા મધ્યકાલીન સાહિત્યમાં આવતાં પરંપરાનુસારી વર્ણનો જેવો જ છે, અને એથી કાવ્યને કશો લાભ નથી.

૬. એ પછી પાછું મૂળને અનુસરતું વર્ણન ચાલે છે, તેમાં એક પંક્તિ આમ આવે છે:

મુક્તાફલ નિ દંતલોભિ,
હસ્તી હણિ નિષાદ. [પૃ. ૩ : ૨૮]

મૂળમાં એમ છે કે "નખના આંગલા ભાગમાં ભરાઈ રહેલા, હાથીના કુંભસ્થળમાંથી નીકળેલા મોતીના દાણાના લોભથી, શબરસેનાપતિઓ ત્યાં સેંકડો સિંહોને મારી નાખે છે." આમ મૂળમાં સિંહને મારવાની વાત છે તે ભાલણે હાથીને મારવાની વાતમાં ફેરવી નાખી છે અને મૂળમાં કેવળ મુક્તાફલનો લોભ છે તેને યોગ્ય રીતે જ મુક્તાફલ અને દંતના લોભમાં પલટી નાંખ્યો છે.

૭. જાબાલિ મુનિના આશ્રમના વર્ણનમાં ભાલણે મેના પોપટને ‘ કપિલ-કથિત-દર્શન-કારિકા ’ બોલતાં વર્ણવ્યાં છે, ત્યાં બાણને કપિલનાં સાંખ્યસૂત્રો અભિપ્રેત છે. અહીં કેટલાક ગૌણ ઉમેરા પણ કરેલા છે.

૮. જાબાલિના આશ્રમનું જ્યાં પરિસંખ્યાઓથી વર્ણન કરેલું છે ત્યાં ભાલણે બે પરિસંખ્યાઓ ઉમેરેલી છે :

અવરિ ન છાંડિ કોએ ધર્મ,
ક્રતુદીક્ષા વિના ખટકર્મ, [૬ : ૪૪]

ગીતવ્યસન હરિણીની હોય,
ભોગ સર્પનિ, અવરિ ન કોય. [૬ : ૪૮]

૯. તારાપીડના વિલાસનું મૂળમાં જે વર્ણન છે તે તો ભાલણે થોડું ટૂંકાવીને આપ્યું જ છે, ઉપરાંત પોતા તરફથી બે ટુકડા ઉમેર્યા છે :

યૌવન જાણી પ્રીતિ આણી,
રાણી બહુ અતિ રમ્ય.
× × ×
લાજ ભાગિ, લિય લાગિ,
બંધિ જાણે બેલિ. [૭ : ૪૬-૫૧]

અને

કિહારિ અબલા આલિંગન દિ,
પ્રેમિ આવી પાશ,
× × ×
સકિ તૂં અતિ ઉચ્ચ માટિ,
ઉરજ અધિકુ થાઈ. [૭ : ૬૭-૭૨]

બાર બાર પંક્તિના આ બંને ઉમેરા કેવળ સ્થૂલ શૃંગારના જ છે, અને એથી કાવ્યને લાભ થયો નથી. મૂળમાંથી જે વર્ણન ટૂંકાવીને લીધું છે તેમાં પણ થોડો ઘણો ફેરફાર કરેલો છે. પણ તેની વિગતે નોંધ લેવાની જરૂર નથી.

૧૦. રાણી વિલાસવતી ઉદાસ થઈ ને બેઠી છે, એનું કારણ રાજાને સમજાવતાં મકરિકા જે બોલે છે તેમાં ભાલણે લાગ જોઈ ને અપુત્રવતીની પુત્રઝંખનાને મૂર્ત કરતાં ચાર ચિત્રો ઉમેર્યાં છે :

વાત કરતી એમ કહિ :
મિથ્યા ગયુ એ કાલ,

હદિશ્ં ચાંપ્યુ નહી,
ચુંબન દેઈ બાલ;

ના[હા]ના નાહાના દંત બિ,
સુંદર મુખનું વાન;

પુત્ર ન હસતુ દીઠુ,
કરાવતાં પયપાન;
ચરણ વાગિ ઘૂઘરી,
અંગુલી વલગુ જાય,
એ સુખ હૂં પામી નહીં,
હવિ કરું કિશુ ઉપાય ?
નેસાલીથી ભણી આવી,
પાટી ખડિઉ હાથિ,
આઇ ! કહી બોલાવતુ,
ધરિ બાલ ઘાલિ બાથિ.
એ ઓરિઓ વીતુ નહી,
યે પુત્રમાતા નામ.
એણી પિરિ મનિ દુઃખ આણિ,
નિસ પરતિ, સ્વામિ ! [૮ : ૨૦-૨૪]

આ ઉમેરો ભાલણની પોતાની કવિત્વશક્તિનો સારો પરિચય આપે છે. તેમ છતાં શ્રી. કે. હ. ધ્રુવની ટીકા સાચી છે કે, “કથાનાં પાત્ર અને દેશકાલ વિસારી અહીં પણ ભાલણ પોતાના જમાનાની અને પોતાની જ હકીકત દાખલ કરે છે.” (પૃ. ૨૨૪) ઉપરાંત, અહીં એટલું નોંધવું જોઈએ કે મૂળમાં પુત્રઝંખનાનું વિગતે વર્ણન રાજા તારાપીડને અવલંબીને કરેલું છે અને ત્યાં આવાં ચિત્રો આવે પણ છે, પણ વાત્સલ્ય એ ભાલણનો એક પ્રિય વિષય છે અને એની એને હથોટી પણ સારી છે, એટલે એણે આ ઉમેરો કર્યો હશે.

૧૧. એ જ રીતે તારાપીડ પોતાની પુત્રઝંખના વ્યક્ત કરતાં જે ચિત્રો રજૂ કરે છે તેમાં પુત્રના ગળામાં ‘વ્યાઘ્રનખ’ અને ‘ગજવેલિ’નો ઉલ્લેખ ભાલણે ઉમેર્યો છે [૮ : ૪૧] અને એમાં એના સમયના લોકાચારનું પ્રતિબિંબ જોવા મળે છે. પ્રેમાનંદના દશમ સ્કંધમાં જશોદા ઉદ્ધવ આગળ કૃષ્ણનું બાળપણ સંભારે છે તેમાં—

‘સોને મઢ્યો સિંહનો નખ,
હૈડે હીંચતો રે.’

આવે છે, તે અહીં યાદ આવે છે.

૧૨. વિલાસવતી પુત્રકામનાથી જે વ્રતાદિ આચરે છે તેમાં ભાલણે ઉમેર્યું છે કે—

દાનખંડિ બોલિઆં તે,
વિધિશું આપિ દાન. [૮ : ૫૭]

એ કાલવ્યત્યય છે, કારણ, ‘દાનખંડ’નો કર્તા હેમાદ્રિ બારમા સૈકામાં થઈ ગયો. એ જ સ્થાને આગળ ભાલણે લખ્યું છે :

હરિવંશ હરખિ સાંભલિ,
તે મન કરીનિ મગ્ન. [૮ : ૬૧)

અહીં મૂળમાં ‘ પવિત્ર કથા ’ છે તેનું ‘ હરિવંશ ’ કર્યું છે.

૧૩. વિલાસવતીની સગર્ભાવસ્થાના વર્ણનમાં ભાલણે દોહદનો અને મૃત્તિકાભક્ષણનો ઉલ્લેખ ઉમેર્યો છે, અને તે ચાલુ વર્ણનમાં ભળી જાય છે.

અનેકિ ઈછા ઊપજિ,
મનિ નાનાવિધના કામ. [૮ : ૭૩]

મૃત્યકાભક્ષણ કરિ માનિની,
મનમાંહાં અતિ મોદ. [૮ : ૭૪]

૧૪. રાણીએ મોકલેલી પત્રલેખાને લઈને કંચુકી ચંદ્રાપીડ પાસે આવે છે ત્યારે પત્રલેખાનું વર્ણન મૂળમાં છે તે પ્રમાણે આપ્યા પછી ભાલણ ઉમેરે છે :

હાવભાવ કટાક્ષ જાણિ,
કામતંત્રના મર્મ,
સકલ કલા સંપૂરણ જાણિ,
ગતિભેદ કેરા નર્મ. [૧૧ : ૮૬]

આ ઉમેરો અસ્થાને છે અને સ્થૂલ રુચિનો દ્યોતક છે.

૧૫. મહાશ્વેતા પુંડરીકને જોઈને મોહ પામ્યા પછી રખે ને આ તાપસકુમાર મારો કામવિકાર જોઈ મને શાપ આપે એ બીકે ઝટઝટ ચાલ્યા જવાની ઇચ્છાથી તેને પ્રણામ કરે છે, ત્યાં તો પુંડરીક પોતે જ વિકાર-વિચલિત થઈ જાય છે. એ જોઈને મહાશ્વેતાનો કામાવેશ બમણો વધે છે. એ વખતે એને વિચાર આવે છે કે કામદેવ જ આ બધા વિલાસ સૌને શીખવે છે. નહિ તો આવી બાબતોમાં જેનું મન નથી એવા આ પુરુષની અપરિચિત દૃષ્ટિ કેમ કરીને આમ જાણે રતિરસ ઝરાવતી, જાણે અમૃત વર્ષાવતી, જાણે મદથી અર્ધી મીંચાયેલી, જાણે ખેદથી મંદ પડેલી અને જાણે નિદ્રાથી જડ થયેલી હોય તેમ, આનંદના ભારથી ધીમી તથા ચંચલ કીકી સહિત ફરતી ફરતી, નિઃશંકપણે ભ્રૂલતાને નચાવી શકે? અને વળી આટલી બધી નિપુણતા એનામાં કયાંથી હોય કે એક અક્ષરે બોલ્યા વિના માત્ર આંખથી જ અંતરમાં રહેલો અભિલાષ આમ જણાવી શકે? इदं च मनसि अकरवम्–‘ अनेकसुरतसमागमलास्यलीलोपदेशोपाध्यायो मकरकेतुरेव विलासानुपदिशति, अन्यथा विविधरसासङ्गललितेष्वीदृशेषु व्यतिकरेष्वप्रविष्टबुद्धिरस्य जनस्य कुत इयमनभ्यस्ताकृति रतिरसनिःस्यन्दमिव क्षरन्ती, अमृतमिव वर्षन्ती, मदमुकुलितेव, खेदालसेव, निद्राजडेव आनन्दभरमन्थरतरत्तारसंचारिणी, अनिभृत भ्रूलतोल्लासिनी दृष्टिः। कुतश्चेदमतिनैपुण्यम्, यच्चक्षुषैवानक्षरमेवमन्तर्गतो हृदयाभिलाषः कथ्यते। મૂળમાં આ બધું પુંડરીકને લાગુ પડે છે, ભાલણમાં એ બધું મહાશ્વેતાને લાગુ પડે છે :

મિ મનમાંહિ વિમાશી વાત,
    કામકલા ગતિ મતિ વિખ્યાત.
તેહ શીખવિ છિ ગુરુ માર,
    આફણીઈ આવડિ અપાર.
નહી તુ માહારી દૃષ્ટિ વિકાર
    કિહાં શીખી એટલા પ્રકાર ?
અણપ્રીછ્યા નર સાહામી યેહ,
    અમૃતવૃષ્ટિ કરંતી તેહ
જાણે શું મદિરા–મદ–ગ્રહી
    અથવા શૂં નિદ્રાજડ રહી,
એહવું ચતુરપણૂં કિહાં થકી,
    જે વાણી રસના નવિ બકી,
હૃદય તણુ અભિલાષ યે યથા,
    નયણે કહિવુ યે સર્વથા. [૧૩ : ૨૦૮-૧૧]

આ ભૂલ થવાનું કારણ કદાચ એ વાક્યમાં આવતા '**अस्य जनस्य**' શબ્દો હોય. ભાલણે એનો અર્થ આ માણસ એટલે મહાશ્વેતા પોતે એવો કર્યો હોય, પણ એ સંગત નથી. પોતાની દૃષ્ટિનું એ આવું વર્ણન ન કરી શકે.

૧૬. કપિંજલ મહાશ્વેતા પાસે અક્ષમાળા માગવા જાય છે ત્યારે ત્યાં પાસે જ તરલિકાને ઊભેલી જોઈ, તે વાત કરતાં અચકાય છે; એ સમજી જઈ મહાશ્વેતા તેને કહે છે કે મારાથી એ જુદી નથી, માટે જે કહેવું હોય તે સુખેથી કહો. **भगवन्, अव्यतिरिक्तेयमस्मच्छरीरात्।** એમાં સહેજ જ ઉમેરો કરીને ભાલણે સુંદર અનુવાદ કર્યો છે :

'અમ થકી અલગી નહી એહ,
    એક પ્રાણ નિ જૂજૂઆ દેહ.' [૧૩ : ૨૯૮]

આમાં ઉત્તરાર્ધ ઉમેરો છે, પણ ખૂબ સુંદર ઉમેરો છે.

૧૭. એ પછી કપિંજલ કહે છે કે હે રાજપુત્રી હું શું કહું ? લજ્જાને લીધે મારી જીભ ઊપડતી નથી. ક્યાં કંદમૂલ ખાનાર, શાન્ત વનવાસી મુનિજન, અને ક્યાં અશાન્ત જનને ઉચિત, વિષયભોગના અભિલાષને લીધે મલિન, મદનના વિવિધ વિલાસથી ભરેલો, આ રાગમય પ્રપંચ ? ભાલણે એનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે :

કિહાં એ મુનિ ફલમૂલ આહાર,
    વનફલ તાપસનુ વિવિહાર ?
કિહાં એ મન્મથ તણુ વિકાર,
    દુર્લભ દેવલોકિ નરધાર ? [૧૩ : ૩૦૦]

આમાં 'દુર્લભ દેવલોકિ નરધાર' એ ભાલણે કરેલો ઉમેરો છે અને ઔચિત્યભંગ કરનારો છે. એને સંગત કરવા માટે શ્રી. કે. હ. ધ્રુવે એનો અર્થ એવો કર્યો છે કે "દેવલોકમાં અર્થાત્ સ્વર્ગના દેવર્ષિઓમાં જે ભાગ્યે જ મળી આવે છે." (એવો મદનવિકાર) (પૃ. ૨૮૬) શ્રી. કે. કા. શાસ્ત્રીએ કરેલો ભાલણની એ પંક્તિઓનો અનુવાદ વળી જુદો જ મરોડ આપે છે, જે અત્રે ઇષ્ટ નથી. જુઓ—

"મુનિઓનાં(નો?) ફળમૂળનો ખોરાક ક્યાં, તાપસોને વનનાં ફળનો ઉપયોગ ક્યાં અને નક્કી દેવલોકમાં પણ દુર્લભ એવો કામદેવે કરેલો આ વિકાર ક્યાં!" અહીં મૂળનું અને ભાલણનું વિવક્ષિત એ છે કે ફળમૂળનો આહાર કરનાર એ મુનિ ક્યાં, વનફળ આરોગીને રહેનાર તાપસનો વહેવાર ક્યાં અને આ મન્મથનો વિકાર ક્યાં?

૧૮. મહાશ્વેતા પુંડરીક પાસે જવા નીકળે છે ત્યારે એની સાથે એકલી તરલિકા જ હોય છે, એટલે એ વિચારે છે કે પ્રિયતમને મળવા જનારને બાહ્ય પરિજનનું શું કામ? **प्रयान्ती च तरलिकाद्वितीयपरिजनमात्मानमवलोक्याचिन्तयम्** વગેરે. ભાલણે અહીં બીજાં પરિજનોને આવતાં રોક્યાં એમ કહેલું છે:

પૂઠિ પરિજન નીશરિ તોહ
  વારી રાખિ ત્યાંહ.
બાહરિ પરિજન સંઘાતિ
  કાંઈ કૃત્ય કહીઇ? ત્યાંહ. [૧૫ : ૩૮]

મહાશ્વેતા આગળ વિચાર કરે છે કે—આ બધાં એના પરિજનનું કામ કરે છેસ્તો. કેમ કે કામદેવ ધનુષ ચઢાવી બાણ સજ્જ કરી પછવાડે પછવાડે ચાલે છે, ચંદ્ર પોતાના કર દૂર દૂર પસારીને જાણે હાથને ખેંચે છે, આખડવાના ભયથી અનુરાગ પગલે પગલે ટેકો આપે છે. લજ્જાને પાછળ મૂકીને ઇન્દ્રિયો સહિત હૃદય આગળ ધસે છે અને નિશ્ચયને દઢ કરીને ઉત્કંઠા દોરી જાય છે. આ ખંડનો ભાલણનો અનુવાદ આમ છે:

ધનુષ સાંધી બાણ પૂરી
  પૂઠિ થયુ છિ કામ,
કરિ કરી નિ તાણિ છિ એ
  ઈંદુ અતિ અભિરામ.
આખડતાં છિ અવલંબન એ,
  પગે પગે અંધકાર,
પૂઠિ લજ્જા કીધી છિ,
  ધાઇ છિ હૃદય અપાર. [૧૫ : ૩૯-૪૦]

આમાં આખડતાં અવલંબન પણ ચંદ્રનું જ કલ્પ્યું છે અને પગે પગે અંધકાર છે એ વધારાનું ઉમેર્યું છે.

આ પછી મૂળમાં મહાશ્વેતા કહે છે કે હું પ્રગટપણે બોલી કે અલી તરલિકા, આ દુષ્ટ ચંદ્ર જેમ મને લઈ જાય છે તેમ એને (ચંદ્રાપીડને) પણ જો કર વડે કેશ પકડીને મારી સામે લાવે તો કેવું સારું ! अयि तरलिके, अपि नाम मामिवायमिन्दुहतकस्तमपि किरणकचाग्रहाकृष्टमभिमुखमानयेत् । ત્યારે તેણે હસીને મને કહ્યું, "ભર્તૃદારિકા, તમે તો ગાંડાં છો. એ પોતે જ જાણે કામાતુર થયો હોય એમ તમારી સાથે વિવિધ ચેષ્ટા કરે છે એટલે એ શાનો તેને લઈ આવે ? भर्तुदारिके, मुग्धासि। किमस्य तेन जनेन । अयमात्मनैव तावन्मदनातुर इव भर्तुदारिकायास्तास्ताश्चेष्टा करोति ।

આ ભાગનો અર્થ ભાલણમાં તદ્દન બદલાઈ ગયો છે :

એહવું કિહિતી નીશરી હૂં:
'એ ઇંદુ ઝાલી કેશ
મુઝ આગલિ આણીનિ રાખુ;
તપિ છિ લવલેશ.'
તરલિકા કહિઃ 'શુણુ બાઈ!
એ કરિ છિ ઉપકાર,
સ્વેદલવનિ ટાલિ છિ;
ચરણે કરિ છિ જુહાર;
કામાતુર એ ચંદ્રમા
કરિ કુચ કેરો સ્પર્શ;
કપોલ ચુંબન કરિ છિ,
તૂં જાણિ નહી અવશ્ય.' [૧૫ : ૪૧-૪૩]

મૂળમાં ચંદ્ર પુંડરીકને વાળ પકડીને પોતાની સામે ખેંચી લાવે તો કેવું સારું ! એમ છે તેને બદલે અહીં ચંદ્રને જ વાળ પકડીને ખેંચી લાવવાની વાત છે અને આમ કરવાનું કારણ એ દર્શાવ્યું છે કે એ તપે છે. અહીં 'લવલેશ' પાઠ છે તે ઉક્તિમાં બંધબેસતો થતો નથી એટલે શ્રી. કે. હ. ધ્રુવે 'નવ લેશ' એવો પાઠ કલ્પીને 'એ બહુ તપે છે' એવો અર્થ કર્યો છે તે સંગત લાગે છે. મૂળમાં ચંદ્ર પુંડરીકને ખેંચી લાવે એવી ઇચ્છા વ્યક્ત થઈ છે તેના જવાબમાં તરલિકા કહે છે કે તમે તો ગાંડાં છો, એ ચંદ્ર જ કામાતુર થઈને તમને અડપલાં કરે છે, પછી તે વળી પુંડરીકને તમારી પાસે લઈ આવે ખરો ? આમ જવાબ સંગત થાય છે. ભાલણે ચંદ્ર બહુ તપાવતો હોઈ તેને વાળ પકડીને ખેંચી લાવવાની આજ્ઞા કરાવી છે એટલે એણે તરલિકાનો જવાબ પણ બદલવો પડ્યો છે : એ કહે છે કે એ તપાવતો નથી, એ તો ઉપકાર કરે છે. તમારા પ્રસ્વેદનાં બિંદુને દૂર કરે છે, તમારે ચરણે જુહાર કરે છે, વગેરે. બેશક, એ તમે જાણતાં નથી. ભાલણે જે ચેષ્ટાઓ કરાવી છે તે મૂળમાં પણ છે : "પોતાના પ્રતિબિંબના રૂપમાં એ તમારા સ્વેદકણોથી ભરેલા ગાલનું ચુંબન કરે છે, લાવણ્યયુક્ત તમારા ભારે પયોધર ઉપર ધ્રૂજતો કર નાખે છે, તમારા રશનામણિને સ્પર્શ કરે છે, નિર્મલ નખમાં પડેલી પોતાની મૂર્તિરૂપે એ તમારે પગે પડે છે, વગેરે. મૂળમાં આ બધું સંગત છે. પણ ભાલણમાં 'સ્વેદલવનિ ટાળિ છિ,

ચરણે કરિ છિ જુહાર ' એટલું જ ઉપકારમાં તો ગણી શકાય. પછીનો ભાગ ઉઘાડી કામચેષ્ટા છે એ અહીં સંગત નથી. ' સ્વેદલવનિ ટાલિ છિ ' એ ભાલણે કેવી રીતે મૂળ વાક્યને ખંડિત કરીને ઉપજાવી કાઢયું છે તે ખ્યાલમાં આવ્યું હશે. શ્રી. કે. હ. ધ્રુવે આ ભાલણની અસંગતિ ટાળવા ' ઉપકાર 'ને સ્થાને ' ઉપચાર ' પાઠ લીધો છે, એટલે આ બધી ચેષ્ટાઓ પ્રેમોપચારમાં ગણી શકાય. ભાલણે આ ફેરફાર જાણી જોઈને કર્યો છે કે સમજફેરથી થયો છે એ કહેવું મુશ્કેલ છે, પણ એમાં પૂરી સંગતિ નથી એટલું ખરું.

૧૯. મહાશ્વેતા અને તરલિકા પુંડરીકની પાસે પહોંચે તે પહેલાં જ એમને કાને કપિંજલનું આક્રંદ પડે છે. તેમાં કપિંજલ ચંદ્રને ઠપકો આપતાં કહે છે—**आः पाप दुश्चरितचन्द्रचाण्डाल ! कृतार्थोऽसि ।** ઓ પાપી દુષ્ટ ચંદ્ર ચાંડાલ, તું કૃતાર્થ થયો ! એટલું જ છે. એને બદલે ભાલણે—

અરિ ઇંદુ દહિ છિ શા ભણી ?
પાપિયા ચાંડાલ !
એક કલંક આગિ અછિ,
બીજૂં એ વિશાલ. [૧૬ : ૮]

' તું શા માટે દહે છે ? ' ' એક કલંક તો પહેલેથી છે જ, અને આ બીજું મોટું કલંક લાગશે. '—એ બંને ભાલણના ઉમેરા છે, પણ આ સ્થાને નિરૂપાયલા ભાવમાં એ ઠીક ભળી જાય છે.

૨૦. એ પછી મહાશ્વેતાએ પુંડરીકને નિર્જીવ અવસ્થામાં પડેલો જોયો તેનું વર્ણન કરતાં એક ઉત્પ્રેક્ષા એ એવી કરે છે કે–**' मत्तोऽतिप्रियतरस्तवापरो जनो जातः ' इति कुपितेनेव जीवितेन परित्यक्तम्**—' મારા કરતાં બીજું એક માણસ (મહાશ્વેતા) તને ઘણું વધારે પ્રિય થઈ પડયું છે ' એવા રોષથી જીવન જેને છોડી ગયું છે એવો.—એને બદલે ભાલણે :

તાહારિ વલ્લભ બીજુ કોય,
રીસાવી સૂતુ યમ હોય. [૧૬ : ૬]

' તને (મહાશ્વેતાને) બીજો કોઈ વહાલો છે ' એમ કરી જાણે રિસાઈને ન સૂતો હોય—એમ કર્યું છે એથી કાવ્યને હાનિ થઈ છે. મૂળમાં પુંડરીકના મહાશ્વેતા ઉપરના પ્રેમથી ઈર્ષાએ ભરાઈને જીવન જ તેને છોડી ગયું એમ કહ્યું એથી પુંડરીકની મહાશ્વેતા પ્રત્યેની પ્રીતિનો પ્રકર્ષ સુંદર રીતે વ્યંજિત થયો છે. જ્યારે ભાલણે કરેલા ફેરફારમાં પુંડરીકને મહાશ્વેતાની નિષ્ઠા વિશે શંકા આવી એવું સ્વીકારવું પડે છે તે પુંડરીકને માટે તેમ જ મહાશ્વેતાને માટે કોઈને માટે ગૌરવપ્રદ નથી.

૨૧. મહાશ્વેતા અને ચંદ્રાપીડ કાદંબરીને મળવા જાય છે ત્યારે કન્યાના અંતઃપુરનું વર્ણન કરતાં એ સ્ત્રીમય છે એમ કહેવા માટે મૂળમાં એક પછી એક અનેક ઉત્પ્રેક્ષાઓ કરેલી છે, તેમાં ભાલણે એક ઉમેરી છે :

અથવા શૂં ગૌરીઇ કીધા,
પુરુષ સવે તે નારિ. [૧૮ : ૫૫]

આ સંબંધે શ્રી. કે. હ. ધ્રુવે નોંધ્યું છે કે "આ ઉત્પ્રેક્ષા ભાલણે પોતાના તરફની ઉમેરી છે; અને તે ચૂંવાળનાં બહેચરાજી કે બહુચરાજીએ ઘોડીનો ઘોડો અને સ્ત્રીનો પુરુષ કર્યાની ખ્યાતિને અવલંબીને યોજી જણાય છે." (પૃ. ૩૦૪)

૨૨. આ કન્યાન્તઃપુરના વર્ણનની શરૂઆતના ભાગમાં એક ઉત્પ્રેક્ષા આ પ્રમાણે છે: **इयत्तां ग्रहीतुमेकत्र त्रैलोक्यस्त्रैणमिव संहृतम्** જાણે ગણતરી કરવા માટે ત્રણે લોકની સ્ત્રીઓને એક જગ્યાએ ભેગી ન કરી હોય. ભાલણમાં આ પ્રમાણે છે:

જાણે ત્રણ્ય લોકની નારી,
સંખ્યા કરવા કામ.
ઉત્તમ ટાલીનિ મેહેલી છિ,
આણી એકિ ઠામિ. [૧૮: ૫૩]

એમાં 'ઉત્તમ ટાલિની' 'ઉત્તમ ઉત્તમ તારવીને' એટલું વધારાનું છે. શ્રી. કે. કા. શાસ્ત્રીએ એનો અનુવાદ કરવામાં ભૂલ ખાધી છે. "જાણે કે ત્રણે ભુવનની સ્ત્રીઓની સંખ્યામાંથી ઉત્તમ ઉત્તમ તારવી લઈને **કામકાજ કરવાને માટે** એક ઠેકાણે લાવી મૂકી છે." (પૃ. ૯૫)

૨૩. મહાશ્વેતાએ કાદંબરીને ચંદ્રાપીડનો પરિચય આપ્યો ત્યાર પછી ચંદ્રાપીડે કાદંબરીને પ્રણામ કર્યા. મૂળમાં **इत्यावेदिते तया चन्द्रापीडः प्रणाममकरोत्** । ભાલણે આમ કર્યું છે:

પ્રેમશૃં કાદંબરીઇ કર્યું રાઇ પ્રણામ. [૧૯: ૨૦]

એનો અનુવાદ કે. કા. શાસ્ત્રીએ આમ કર્યો છે: "**કાદંબરીએ** પ્રેમથી **રાજકુમારને નમસ્કાર કર્યા.**" મને આ ખોટું લાગે છે. ભાલણની ભાષાનો આ અર્થ થતો હોય તો એ ભાલણની ભૂલ છે.

ચંદ્રાપીડે પ્રણામ કર્યા ત્યારે કાદંબરીએ એના તરફ વાંકી નજરે જોયું અને તેને આનંદાશ્રુ આવી ગયાં. એ પછી કાદંબરી સામો નમસ્કાર કરીને મહાશ્વેતા સાથે પલંગ ઉપર બેઠી. અહીં કાદંબરી જે પ્રણામ કરે છે તે એને પોતાનો પરિચય અપાતાં રાજકુમારે કરેલા પ્રણામના પ્રતિપ્રણામ છે, એટલે કે એ રાજકુમારને કરેલા છે. શ્રી. કે. હ. ધ્રુવે પોતાના ટિપ્પણમાં "કાદંબરીએ મહાશ્વેતાને પ્રણામ કર્યા, પછી તે એને જોડે લઇ ખાટ ઉપર બેઠી..." (પૃ. ૩૧૧) એમ લખ્યું છે તે સરતચૂક લાગે છે. કારણ, મહાશ્વેતાને તો એ બે જણ આવ્યાં કે તરત જ કાદંબરી સ્નેહ તથા ઉત્કંઠાથી બાઝી પડી હતી અને મહાશ્વેતાએ પણ તેને અતિદૃઢ કંઠાલિંગન દીધું હતું. એનું વર્ણન ભાલણે આ પ્રમાણે કર્યું છે:

કાદંબરી અતિ કષ્ટશૃં
પગલાં ભરી બિચ્યાર.
સ્નેહશૃં મહાશ્વેતાનિ
આલિંઘન દિ અપાર.
મહાશ્વેતા કાદંબરીનિ
રિદિ સાથિ ભિડિ. [૧૯: ૧૦-૧૧]

એટલે એને નમસ્કાર કરવાના રહેતા નથી. મૂળમાં આ પહેલાં કાદંબરીની સ્થિતિનું વર્ણન કરતાં એક ઉત્પ્રેક્ષા એવી કરી છે કે, 'આ મનગમતા કુમારનું પ્રતિપ્રણામ કરીને સંમાન કર'— એવું જાણે મસ્તકને કહેવા સારુ જ એક ભ્રૂલતા જરા ઊંચી ચડી! सम्मान्यतामयं हृदयरुचिरो जनः प्रतिप्रणामेनेति शिरो वक्तुमिवैका भ्रूलता समुन्ननाम । એ પણ આનું સમર્થન કરે છે.

૨૪. આ પહેલી મુલાકાત પછી ચંદ્રાપીડ પોતાને ઉતારે—ક્રીડા પર્વત ઉપરના મણિમંદિરમાં આવી રહે છે. એ પછી નવું કડવું શરૂ કરતાં ભાલણ લખે છેઃ

ચંદ્રાપીડ ઊઠી ગયુ;
કાદંબરી–વિરહિ થયુ,
સખી નિ સવિ વુલાવી તિહાં થકી રે,
સખી વુલાવી કરી
સુંદરી ચડી અવાશ.
ગણી તાં પરિચારિકા
રાખી તિહ્વારિ પાશિ. [૨૦ : ૧-૨]

મૂળમાં આ ભાગ આ પ્રમાણે છેઃ गते च तस्मिन्गन्धर्वराजपुत्री विसर्ज्य सकलसखीजनं च परिमितपरिचारिकाभिरनुगम्यमाना प्रसादमारुरोह । એટલે 'કાદંબરી-વિરહિ થયું' એટલો ભાગ વધારાનો છે. ભાલણના આ ભાગનો અનુવાદ કે. કા. શાસ્ત્રીએ આ પ્રમાણે કર્યો છેઃ

"ચંદ્રાપીડ આમ ઊઠીને ગયો, કાદંબરીનો એને વિયોગ થયો. એણે પેલી સખીઓને ત્યાંથી પાછી વળાવી. સખીઓને વળાવીને પેલી કાદંબરી પોતાના મહેલમાં ચડી; એણે માત્ર ગણી ગાંઠી દાસીઓને જ એ સમયે પોતાની પાસે રાખી." (પૃ. ૧૦૨) મને આમાં ગેરસમજ થઈ લાગે છે. અહીં ચંદ્રાપીડ જતાં કાદંબરીને વિરહ સાલવા લાગ્યો એવો અર્થ છે. શાસ્ત્રીજીના અનુવાદમાં 'એણે પેલી સખીઓને ત્યાંથી પાછી વળાવી' એમ છે તે પણ આ રચના પ્રમાણે ચંદ્રાપીડને લાગુ પડે છે. ખરું જોતાં, એ કાદંબરીને વિશે છે. આ ગોટાળો વચલું વાક્ય ન સમજવાથી થયો છે. 'ચંદ્રાપીડ ઊઠી ગયો એટલે કાદંબરીને વિરહ સાલવા લાગ્યો, તેણે બધી સખીઓને ત્યાંથી રજા આપી.' આમ અર્થ થાય. ભાલણે 'કાદંબરી વિરહિ' એવો પ્રયોગ કર્યો છે, તેથી આ ગેરસમજને અવકાશ મળ્યો છે. અહીં કે. હ. ધ્રુવે પાઠ સુધારીને 'કાદંબરી વિરહ થયું.' એમ કરી લીધું છે, તે જ બરાબર છે.

૨૫. કાદંબરી મદલેખા સાથે પૂજાસામગ્રી લઈને સખીઓને મોકલે છે, તેમના પ્રકાશથી જાણે ચંદ્ર ઊગ્યો હોય એવી ભ્રાન્તિ ચંદ્રાપીડને થાય છે, એવું મૂળમાં છે. તેને બદલે ભાલણે ખરેખર જ ચંદ્ર ઊગ્યાનું વર્ણન કર્યું છે.

નિત્ય કર્મ કરી રહ્યા પછી અસ્ત પામ્યુ દિન,
ઉદય હોઉ ઇંદુ કેરો માનિની–મોહન મંન, [૨૦ : ૪૪]

ખરો ચંદ્રોદય તો પાછળથી થાય છે અને તેનું વર્ણન પણ ભાલણે યથાસ્થાને કર્યું છેઃ

સૌધથી તે ઊતરીઃ પેટલિ થ્યુ અંધકાર,
શીતરશ્મિ તે ઉદય પામ્યુ વિરહિણી-અંગાર. [૨૧ : ૧૭]

૨૬. કાદંબરી પોતાના મહેલની અગાસી ઉપર ચડીને જે ચેષ્ટાઓ કરે છે, તેમાં ભાલણે કેટલોક ઉમેરો કરેલો છે :

કુંદ લેઈ ઊછાલિ,
આવતુ ઝાલિ હાથિ,
સાન જાણીઇ એહ પરિ
તાં 'ગ્રહ્યુ મિ તૂં, નાથ!' [૨૧ : ૧૧]

અંગ મોડિ કેશ છોડિ,
જોડિ કર યમ સાન,
કમલ કાંપિ, હૃદય ચાંપિ,
જૂઈ યમ રાજાન. [૨૧ : ૧૨]

સખીનિ ચુંબન કરિ નિ,
ધરિ ગાલિ કપોલ, [૨૧ : ૧૪]

આ ઉમેરાઓ વિશે શ્રી. કે. હ. ધ્રુવે લખ્યું છે: "વિવેકમર્યાદા લોપતો આવો ઉઘાડો શૃંગાર ભાલણે પોતાના તરફનો ન ઉમેર્યો હોત તો ઠીક" (પૃ. ૩૨૧) શ્રી. કે. હ. ધ્રુવે અહીં પહેલી પંક્તિમાં 'કુંદ'ને સ્થાને 'કંદુક' પાઠ કલ્પ્યો છે, તે સારો લાગે છે.

૨૭. કાદંબરી ચંદ્રાપીડને મુકામે મળવા આવે છે ત્યારે ચંદ્રાપીડ એને ઉદ્દેશીને જે બોલે છે તેના શરૂઆતના ભાગનો અર્થ ભાલણે બદલી નાખ્યો છે. મૂળમાં એ વચન આ પ્રમાણે છે: देवि, दृष्टिमात्रप्रीते दासजने संभाषणादिकस्यापि प्रसादस्य नास्त्यवकाशः, किमुतैतावतोऽनुग्रहस्य । હે દેવિ, દૃષ્ટિમાત્રથી ખુશ થઈ ગયેલા સેવક ઉપર સંભાષણ વગેરેની મહેરબાની કરવાની જરૂર નથી. તો પછી આટલા બધા અનુગ્રહની તો વાત જ શી? અર્થાત્ તમે મારા ઉપર નજર કરી એટલાથી જ મને સંતોષ છે. સંભાષણ વગેરેની પણ જરૂર નથી. પછી જાતે મળવા આવવા જેવા ભારે અનુગ્રહની તો વાત જ શી? એનો અનુવાદ ભાલણે આમ કર્યો છે:

કામિની! તુમ દૃષ્ટિમાત્રિ
કર્યું છૂં હૂં દાસ.
શા માટિ નથી પામતાં
બોલવાનુ અવકાશ?
કે એટલું જ અમ પરિ
અનુગ્રહનૂં છિ મંન? [૨૧ : ૨૫-૬]

આનો અર્થ એવો લાગે છે કે તમારી દૃષ્ટિએ જ મને દાસ બનાવી દીધો છે. તો શા માટે બોલવાનો અવકાશ મેળવતાં નથી? એટલે કે કેમ ફુરસદ કાઢીને વાત કરતાં નથી? કે પછી અમારા ઉપર આટલી જ મહેરબાની કરવાનું મન છે? શ્રી. કે. હ. ધ્રુવે કહ્યું છે તેમ અહીં "મૂળનો અર્થ ભાલણે ફેરવ્યો છે, પણ ફેરફાર રુચિકર છે." (પૃ. ૩૨૨) પહેલી બે પંક્તિનો

અનુવાદ કે. કા. શાસ્ત્રીએ આ રીતે કર્યો છે: "હે બાઈ, તારી નજર માત્રથી તેં મને નોકર બનાવી લીધો છે. ત્યાં બોલવાને **શા માટે સમય જોઈએ ?**" (પૃ. ૧૦૭)

૨૮. ચંદ્રાપીડ કાદંબરીની વિદાય લઈને નીકળે છે ત્યારે કાદંબરી એની સાથે અનેક ગાંધર્વ કુમારોને મોકલે છે અને તેમને કહે છે કે જાઓ, રાજકુમારને એમના દેશમાં મૂકી આવો. અહીં ભાલણે સહેજ ઉમેરો કર્યો છે અને તે **પ્રસંગાનુરૂપ** છે:

ગંધર્વ તાં બહુ તેડિયા
  કહ્યું, 'જાઓ શનિ સાથિ.
એહા દેશમાંહિ વુલાવજો.
  જાણજો તાં નિજ નાથ.' [૨૨: ૯]

છેલ્લા ચરણનો અનુવાદ શ્રી. કે. કા. શાસ્ત્રીએ કોણ જાણે કેમ 'એને પોતાના **સાથીદાર જ** માનજો' એવો કર્યો છે.

૨૯. ચંદ્રાપીડ કાદંબરી પાસેથી નીકળે છે પણ તેના અંતરમાં અને બહાર કેવળ કાદંબરી જ દેખાય છે. એનું મૂળમાં સુંદર વર્ણન છે: ચાલતાં ચાલતાં કાદંબરી કેવળ તેના અંતરમાં જ નહિ પણ બહાર સુદ્ધા સર્વ દિશાઓમાં દેખાવા લાગી. એનું મન તેનામાં જ લીન હોવાને લીધે તે જાણે અસહ્ય વિરહવેદનાને લીધે પસ્તાઈને પાછળ પાછળ આવતી હોય, આગળ આવીને જાણે રસ્તો રોકતી હોય, વિયોગાકુલ હૃદયમાં ઉત્પન્ન થયેલી ઉત્કંઠાના આવેશથી વદન બરાબર નિહાળવાને માટે જાણે આકાશમાં ચાલી ગઈ હોય, અને વિરહાતુર મનવાળી જાણે હૃદયમાં આવીને બેઠી હોય, એમ (સર્વસ્થલે) તેને જ જોવા લાગ્યો. આની સાથે ભાલણની નીચેની પંક્તિઓ સરખાવતાં સંક્ષેપમાં કોઈ વાર શું ચાલ્યું જાય છે તેનો ખ્યાલ આવશે.

કાદંબરી [હૃ]દિ વિમાસિ:
  કેહી પિરિ તે પરવરિ?
જાણે પૂઠિ આવિ છિ
  પ્રેમદુખિણી ઇંમ,
આગલિ મારગ રૂંધતી,
  જઇ સકીઇ કિંમ?
પૃથીમાંહાં આકાશ દીસિ,
  તિહ્વારિ તે કામિની,
હૃદિમાંહિ જે વશી,
  નિ મુખિ આવિ ભામિની.
જિહાં જૂઇ તિહાં તેહ જ દીસિ,
  થયૂં તન્મય મંન. [૨૨: ૧૫-૧૮]

આમાંની છેલ્લી અર્ધી કડીની ઉપરની કડીનો અનુવાદ શ્રી. કે. કા. શાસ્ત્રીએ આ પ્રમાણે કર્યો છે:

"પૃથ્વીમાં જે પ્રમાણે આકાશ દેખાય છે તે પ્રમાણે એ સમયે કાદંબરી એના મનમાં આવીને બેઠી છે અને મોઢામાં પણ એ કાદંબરીનું નામ આવી રહે છે." (પૃ. ૧૦૯) મને લાગે છે કે આમાં ઘણો ગોટાળો છે. "તે વખતે પૃથ્વીમાં અને આકાશમાં તે સ્ત્રી જ તેને દેખાય છે. જે એના હૃદયમાં વસી છે તે જ સ્ત્રી મોં સામે પણ દેખાય છે." એવો અર્થ અહીં લેવો જોઈએ.

૩૦. ચંદ્રાપીડ કાદંબરી પાસેથી અચ્છોદ સરોવરને તીરે પોતાના લશ્કરના પડાવમાં આવ્યો તેને બીજે જ દિવસે કાદંબરી પાસેથી કેયૂરક આવે છે અને તે કાદંબરીએ મોકલેલાં એંધાણ ચંદ્રાપીડને બતાવે છે. મૂળમાં આ પ્રમાણે છે: **उद्घाट्य च तत्र कादम्बरीप्रहितान्यभिज्ञाना-न्यदर्शयत्** । ભાલણે

કાદંબરીઇ યે કહ્યા તે
કહિ છિ ઇંધાણ. [૨૨ : ૩૩]

એમ કર્યું છે, તે અહીં બંધબેસતું થતું નથી, કારણ, અહીં કેયૂરક ખરેખર એ બધી વસ્તુઓ સાથે લાવેલો તે બતાવે છે. આથી શ્રી. કે. હ. ધ્રુવે અહીં 'કાદંબરીઇ મોકલ્યાં તે લહિ છિ' એવો પાઠ કલ્પીને મૂળ સાથે સંગતિ સાધી છે.

૩૧. એ પછી કેયૂરક મહાશ્વેતાનો સંદેશો કહે છે તેમાં આ વાક્ય આવે છે: **धन्याः खलु ते येषां न गतोऽसि चक्षुषोर्विषयम्** । આપને જેમણે જોયા નથી તેઓ સુખી છે. ભાલણમાં એ ભાગ આમ છે:

મહાશ્વેતાનુ સંદેશ઼ુ.
તે લોક સ્વામી ધન્ય,
યેહનિ ક્ષણમાત્ર અલગૂં
થાઈ નહી દરશન. [૨૨ : ૩૮]

આ બંને એકબીજાથી ઊલટા લાગતા હોવા છતાં આ જગ્યાએ બંધ બેસે છે અને કાશીની પંડિત રામતેજ શાસ્ત્રીની વાચનામાં એ વાક્ય **धन्याः खलु ते येषां न गतोऽसि चक्षुषोरविषयम्** । એ રીતે મળે છે પણ ખરું. એટલે ભાલણે એ પાઠવાળી પ્રત વાપરી હોવી જોઈએ. અહીં નોંધવું જોઈએ કે પંડિતજીએ આ પાઠ સ્વીકાર્યો હોવા છતાં અનુવાદ બીજા પાઠ પ્રમાણે કર્યો છે: '**वे लोग धन्य हैं कि जिनके समक्ष आप नहीं पहुँचे हैं** ।' (પૃ. ૪૨૯)

૩૨. કેયૂરક કાદંબરીની વિરહવ્યથાનું વર્ણન શરૂ કરે છે ત્યાં શરૂઆતમાં ચંદ્રાપીડ નીકળ્યો ત્યારે કાદંબરી અગાસીએ ચડી ધૂળ ઊડતી દેખાય ત્યાં સુધી રસ્તા તરફ જોઈ રહી.

પછી મદલેખાનિ સ્કંધિ
ચઢી, મારગ જોઇ જાંહ. [૨૨ : ૫૨]

એમ ભાલણે વર્ણન કર્યું છે. મૂળમાં અહીં મદલેખાના ખભા ઉપર કાદંબરીએ પોતાનું મોં નાંખ્યું એમ છે. **तिरोहितदर्शने च देवे मदलेखास्कन्धनिक्षिप्तमुखी.** એને બદલે કાદંબરીને મદલેખાના ખભા ઉપર ચડાવી દીધી છે એ ભારે કરી છે.

૩૩. કેયૂરક કાદંબરીની વિરહવ્યથાનું વર્ણન કરે છે તેમાં ભાલણે

વૈદ્ય કોડિક મેલિઆ,
પણ નહી કોએનિ [સાધિ].   [૨૨ : ૫૯]

એવો ઉમેરો કર્યો છે તેને વિશે શ્રી. કે. હ. ધ્રુવે ઠીક જ કહ્યું છે કે "પોતાના સમયની લોક-વાર્તાઓ અનુસાર આ ભાલણનો પોતાના તરફનો વધારો પડતો અયોગ્ય ઉમેરો છે." (પૃ. ૩૨૭)

૩૪. કેયૂરક ચંદ્રાપીડને કાદંબરીના સમાચાર આપે છે તેમાં અંતે એમ આવે છે કે "સવાર થતાં મને ઉપાલંભ સાથે તમારા સમાચાર લાવવા મોકલ્યો." તેને બદલે ભાલણમાં

પ્રાત ઊઠી મૂહનિ મોકલ્યુ તહ્મારિ પાશિ,
ઓલંભુ એ કાહાવિઓ, કાં મેહેલિયાં નિરાશ ?   [૨૨ : ૬૧]

એમાં બીજી પંક્તિ ભાલણનો ઉમેરો છે. મૂળમાં એ વાક્ય આ પ્રમાણે છે: **उषसि च मामाहूय देवस्य वार्ताव्यतिकरोपालम्भाय सोपालम्भमादिष्टवती ।** એમાં ઉપાલંભ કેયૂરકને છે, તે ભાલણે ચંદ્રાપીડને લગાડ્યો છે અને 'કાં મેલિયાં નિરાશ' એ ગાંઠનું ઉમેર્યું છે. એ ઠપકાનું સ્વરૂપ છે. મને એમ લાગે છે કે મૂળમાં **उपालम्भाय** (= મેળવવા માટે) શબ્દ આવે છે તેને લીધે ભ્રાન્તિ થઈ હોવાનો સંભવ છે.

૩૫. ચંદ્રાપીડ કાદંબરીને મળવા બીજી વાર આવે છે ત્યારે કાદંબરીની સ્થિતિનું વર્ણન કરતાં મૂળમાં એક ઉપમા આવી છે: **वरारोहा नवग्रहा करिणीवोरुस्तम्भविधृता विचेष्टमानाङ्गी,** તરતની જ પકડેલી મોટા સ્તંભ સાથે બાંધેલી પછાડા મારતી હાથણી જેવી—એને બદલે ભાલણે

ઝાલિ સહિરો યમ હાથિણી
મદગંધિ ચાલી ગજ ભણી,   [૨૩ : ૧૧]

એમ કર્યું છે. અહીં "સખીઓ તેને હાથનો ટેકો આપે છે તેમાં મદના ગંધથી વિહ્વળ બની ગંધગજ ભણી ધસતાં ઝીલી રખાતી હાથણીનો ઉપચાર છે. આ સુંદર કલ્પના નવીન છે." (પૃ ૩૨૯. કે. હ. ધ્રુવ) અહીં એટલું નોંધવું જોઈએ કે મૂળમાં સહેજ પહેલાં કાદંબરીના વર્ણનમાં એક વાક્ય આવું આવે છે: **करिणीमिव सम्मुखागतप्रमदवनगन्धवारणप्रसारितकराम्—** અર્થાત્ હાથણીની પેઠે સામે આવતા પ્રમદવનના ગંધવારણને માટે કર પ્રસારતી હતી. આ ઉપરથી ભાલણને ઉપરની ઉપમા સૂઝી હોય તો નવાઈ નહિ.

૩૬. ચંદ્રાપીડ જ્યારે સ્વયંવરની સૂચના કરે છે ત્યારે મૂળમાં પોતાના મનોરથો એટલે સુધી સિદ્ધ થવાની જેને કલ્પના જ નહોતી એવી કાદંબરી લજ્જા અનુભવતી મૂંગી રહી, એમ છે, ત્યાં ભાલણે આમ કર્યું છે:

મનોરથનુ જાણી પાર
માતપિતાની વશિ સંસાર,
અણબોલી રહી કામિની,
ઉત્તર નાપ્યુ મુખિ ભામિની.   [૨૩ : ૨૫]

પોતાના મનોરથ સિદ્ધ થયા છે[૧] એમ જાણ્યા છતાં સંસાર માતાપિતાને વશ છે એમ સમજી તે મૂંગી રહી. ‘ સંસાર માતા પિતાને વશ છે ’ એ ભાલણનો ઉમેરો છે.

૩૭. મેઘનાદ સાથે ચંદ્રાપીડ કાદંબરી વગેરેને જે સંદેશો કહેવરાવે છે તેમાં એક વાક્ય એમ આવે છે કે—प्रसङ्गतोऽसज्जनकथाकीर्तनेषु स्मर्तव्यः खलु चन्द्रापीडचण्डालः। मा चैवं मंस्थाः, यथा जीविन् पुनर्देवीचरणारविन्दवन्दनानन्दमननुभूय स्थास्यति चन्द्रापीड इति। પ્રસંગોપાત્ત ખરાબ માણસોની વાત નીકળે ત્યારે ચંદ્રાપીડ ચંડાલને જરૂર યાદ કરજો. પણ એમ ન માનશો કે જીવતો હશે તો ચંદ્રાપીડ દેવીના ચરણારવિંદની વંદના કરવાનો આનંદ ફરી લીધા વગર રહેશે. આ વાક્યને કેટલીક પ્રતોમાં બીજી રીતે તોડેલું પણ જોવા મળે છે, અને તેમાં એક પાઠાંતર પણ છે. प्रसङ्गतो जनकथाकीर्तनेषु स्मर्तव्यः खलु चन्द्रापीडः। चण्डालो मा चैवं, मंस्थाः, यथा......વગેરે. પ્રસંગોપાત્ત માણસોની વાત નીકળે ત્યારે ચંદ્રાપીડને જરૂર સંભારજો. એ ચંડાલ છે એમ ન માનતાં....વગેરે. ભાલણે આ બીજો પાઠ સ્વીકારેલો છે. અને અનુવાદ આ પ્રમાણે કરેલો છે :

કથા વારતા વરતિ જિહાં,
સંભારવુ સેવકનિ તિહાં.
મુઝનિ મનિ માની ચાંડાલિ
રખે વીશારુ મન રસાલ. [૨૩ : ૪૬-૭]

અર્થાત્ વાતચીતમાં સેવકને સંભારજો, મને મનથી ચંડાળ માનીને તમારાં રસાલ મનમાંથી વિસારી ન મૂકશો. શ્રી. કે. કા. શાસ્ત્રીએ આનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે : “ જ્યાં જ્યાં વાતચીત થતી હોય ત્યાં ત્યાં મને યાદ કરજો. મને મનમાં ‘ ચાંડાળ ગયો. ’ એમ માનીને રખેને તમે રસીલું મારું મન ભૂલી જાઓ. ” (પૃ. ૧૧૫) આ અનુવાદ બરાબર નથી એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. આ ઉક્તિમાં છેલ્લું ચરણ ભાલણનો ઉમેરો છે. અને તે ઉક્તિના આગલા ભાગ સાથે સંગત છે. પણ એથી હવે પછી આવતા ભાગનો સંબંધ કપાઈ જાય છે. હું ચંડાળ નથી—દેવીના ચરણને ફરી વંદના કર્યા વગર હું રહેવાનો નથી—એવો આખો સંદર્ભ છે. તે આ ઉમેરાથી કપાઈ ગયો એટલે ઉક્તિનો પાછલો ભાગ પણ ભાલણે બદલવો પડ્યો :

હૂં વણમૂલિ થયુ છૂં દાસ,
દર્શનમાત્રિ મનિ ઉલ્હાસ. [૨૩ : ૪૭]

અને અંત નબળો થઈ ગયો છે.

૩૮. કાદંબરી પત્રલેખાને પોતાના મનની વાત કહે છે ત્યારે શરૂઆતમાં પત્રલેખા ઉપરનો પોતાનો અનન્ય પ્રેમ અને વિશ્વાસ પ્રગટ કરે છે. પણ ભાલણના અનુવાદમાં એ ખંડમાં જુદેજુદે

૧ મૂળ આ પ્રમાણે છે : मनोरथानान्तु तावतीं भूमिमसम्भावयन्ती शालीनताञ्चावलम्बमाना तुष्णीमेवासीत्। પહેલા ખંડનો અર્થ જુદી જુદી રીતે કરવામાં આવે છે. શ્રી. કાણે not thinking it possible that her desires could secure such a position (*i. e.* not thinking it possible that her desie to be united to च० would be so soon fulfilled....એવો અર્થ કરે છે, જ્યારે શ્રી. આપટે who had little expected to find her desires crowned with success to such an extent એવો કરે છે. ભાલણે આ બીજો અર્થ લીધો લાગે છે.

સ્થાને બે પંક્તિઓ ચંદ્રાપીડને લગતી આવી ગઈ છે એથી એ ભાગ આખો ચંદ્રાપીડને લાગુ પડી જાય છે એ બરાબર નથી. મૂળમાં એ બે વાક્યો આ પ્રમાણે છે: **पत्रलेखे, वल्लभतया तस्मिन्स्थाने न तातो नाम्बा न महाश्वेता न मदलेखा न जीवितम्, यत्र मे भवती दर्शनात्प्रभृति प्रियासि। न जाने, केनापि कारणेनापहस्तितसकलसखीजनं त्वयि विश्वसिति मे हृदयम्।** તને જોઈ ત્યારથી તારા ઉપર મને એટલી પ્રીતિ ઉત્પન્ન થઈ છે કે વહાલની બાબતમાં પિતા, માતા, મહાશ્વેતા, મદલેખા કે મારું જીવન પણ તારી બરોબરી કરી શકે એમ નથી. મને ખબર નથી કે શાથી મારા મનને બધી સખીઓ ઉપરથી ખસીને તારા ઉપર વિશ્વાસ બેઠો છે. ભાલણમાં આ ભાગ નીચે પ્રમાણે છે. જે બે ચરણો અસ્થાને આવી અર્થ પલટી નાખે છે તે અહીં કૌંસમાં મૂક્યાં છે:

'પત્રલેખા! વાણી સાંભલુ,
  જુ તમ્હો સાચિ મનિ મ્યલુ.
[હઈડિ માહારિ ઊપની પીડિ
  યાંહાંનુ દીઠુ ચંદ્રાપીડ.]
તેહવુ વાહાલુ નહી મુઝ તાત,
  નહી મહાશ્વેતા નિ નહી માત,
મદલેખા નહી તમાલિકા,
  બીજી કોએ નહી બાલિકા,
જીવિતવ્ય તેહવૂં વાહાલૂં નથી,
  તુ બીજૂં સૂં કહીઇ કથી?
[યાંહાંથી દૃષ્ટિ દીઠુ રાય,
  પરવશ થિયુ તિહાંથી કાય.]
મન ન માનિ કોએ સાથિ,
  યે આગલિ એ કહીઇ વાત.
તૂં સાથિ આવ્યું વિશ્વાસ
  તુ મનની કહૂં છૂ વાત પ્રકાશ. [૨૩: ૯૬–૯૯]

ઉપર કૌંસમાં મૂકેલી બે પંક્તિઓ જો કાઢી નાખવામાં આવે તો ઉક્તિ મૂળને અનુસરતી થઈ જાય.

૩૮. કાદંબરી પોતાની સ્થિતિ વર્ણવીને અંતે પત્રલેખાને કહે છે કે હવે હું તો પુનર્જન્મમાં મળવા માટે તારી રજા લઉં છું. તારા કરતાં મને કોઈ વધારે વહાલી નથી. પ્રાણ-પરિત્યાગરૂપ પ્રાયશ્ચિત્ત કરીને હું મારું કલંક ધોઈ નાખું છું. ભાલણમાં આ ભાગ આ પ્રમાણે છે:

પ્રાયશ્ચિત્ત કરી પ્રાણત્યાગ
  કલંક ધોઊં અંગિ વિભાગ.
જન્માન્તરિ પામવા કાજ
  મારગિ દેહ ત્યજીશ હૂં આજ. [૨૩: ૧૦૭–૮]

तदामन्त्रये भवतीं पुनर्जन्मान्तरसमागमाय । એ મૂળનો તર્ક બદલાઈ ગયો છે અને અર્થ સંદિગ્ધ બની ગયો છે. શ્રી. કે. કા. શાસ્ત્રી અહીં આ પ્રમાણે અનુવાદ આપે છે: "બીજા જન્મમાં (પ્રિયજનોને) મેળવવાને માટે હું આ અધવચ્ચ એ મારા પ્રાણોનો ત્યાગ કરીશ." (પૃ. ૧૧૮) જ્યારે કે. હ. ધ્રુવ આ પ્રમાણે કરે છે. "બીજે જન્મે પ્રિયજનનો મેળો થવાનો માર્ગ જે આપણો છે તે માર્ગે" (હું દેહ ત્યજીશ) (પૃ. ૩૩૭) આ બધી મુશ્કેલીનું કારણ ખરાબ અનુવાદ છે.

૪૦. કાદંબરી પત્રલેખા આગળ સ્વપ્નમાં આવીને ચંદ્રાપીડ શું શું કરે છે, એ કહે છે તેમાં એક વાક્ય આ પ્રમાણે છે: सुप्तायाः श्रवणपत्रोदरेषु व्यर्थमनोरथमोहितमानसः संकेतस्थानानि लिखति । હું સૂતી હોઉં છું ત્યારે એ વ્યર્થ મનોરથથી મોહિત થયેલા મનવાળો મારા કાનના દંતપત્ર ઉપર સંકેતસ્થાનો લખી જાય છે. ભાલણે એનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે:

મનોરથિઇ ફલ્યિ, યે ઠામ
ક્રીડા કરવા કેરા કામ,
શ્રવણ અધર ઉદરનિ વિખિઇ
જૂઠિ તાં સંકેત જ લિખિઇ. [૨૩: ૧૧૩]

આનો અનુવાદ શ્રી. કે. કા. શાસ્ત્રીએ આ પ્રમાણે કર્યો છે: "મનોરથો સફળ થતાં કામક્રીડા કરવાનાં જે સ્થાન છે તેવાં કાન, હોઠ અને પેટમાં (ઉપર) જૂઠા જૂઠા સંકેત લખે છે." (પૃ. ૧૧૯) અહીં श्रवणदन्तपत्रोदरेषुનો અર્થ સમજવામાં ચૂક થઈ લાગે છે. શ્રવણ = કાન, દન્તપત્ર = દાંતને ઢાંકનાર, હોઠ (સરખાવો रदच्छद), અને ઉદર = પેટ–એમ અર્થ બેસાડ્યો લાગે છે. दन्तपत्रनो મૂળ અર્થ કાનનું એક ઘરેણું ખ્યાલ બહાર ગયો લાગે છે.

મૂળ સાથે સંગત કરવા માટે શ્રી. કે. હ. ધ્રુવે અહીં 'મનોરથિઇ ફલ્યિ'ને સ્થાને 'મનોરથિ અફલિ' એવો પાઠ કલ્પ્યો છે, અને 'અધર'ને સ્થાને 'કમલ' પાઠ કલ્પ્યો છે અને અર્થ આ પ્રમાણે કર્યો છે: "કામક્રીડા કરવાનાં જે સ્થાનો તેનાં નામ કાને પહેરેલા કમળની પાંદડીઓમાં ખાલી [જૂઠિ સંકેત] લખે છે." (પૃ. ૩૩૮) આગળ લખે છે કે મૂળ પાઠ "જોતાં કાને પહેરેલી હાથીદાંતની પાંદડીમાં તે સંકેતસ્થાન લખે છે, એવો અર્થ નીકળે છે; અને બંધબેસતો અર્થ પણ તે જ છે. કાનમાં, અધરમાં અને પેટ ઉપર લખવાનું કહેવું એ ગ્રામ્ય અને અજુગતું છે." (પૃ. ૩૩૮)

૪૧. કાદંબરીના સ્વપ્નમાં કુટિલ ચંદ્રાપીડ તેના સ્તન ઉપર પત્રલેખા ચીતરીને તેના સરલ મનને કુટિલતા શીખવે છે, એમ મૂળમાં છે. ભાલણે એમાં થોડો ફેરફાર કર્યો છે:

કુચિ લ[ખિ]છિ પત્રાવલી
કોમલ કરસ્પર્શિ તે વલી.
મનનિ શિક્ષા દિ છિ અશી,
યે રહિએ મુઝ પાસિ વશી; [૨૩: ૧૧૮-૧૯]

આ વિશે શ્રી કે. હ. ધ્રુવ લખે છે:

"પત્રાવલી ચીતરવામાં શિક્ષા લખવાનો ઉપચાર છે. આ સુંદર કલ્પના ભાલણે પોતા તરફની ઉમેરી છે." (પૃ. ૩૩૯) આમાં શિક્ષા લખવાની કલ્પના નવી નથી. મૂળમાં પણ એ છે જ. પણ મૂળમાં કુટિલતા શીખવે છે એમ કહ્યું છે તેને બદલે 'તું મારી પાસે રહે' એવું અહીં કહ્યું છે, એ નવીનતા છે.

શ્રી કે. કા. શાસ્ત્રીએ 'કાદમ્બરી–પૂર્વ ભાગ–એક અધ્યયન'ના પ્રાસ્તાવિકમાં જણાવ્યું છે કે આ હકીકતનું વર્ણન ભાલણનું છે, મૂળમાં એ નથી (પૃ. ૭૧) પણ આપણે જોયું તેમ એ વાત મૂળમાં છે જ.

એવી જ એક બીજી સરતચૂક શાસ્ત્રીજીની એ થઈ છે કે એમણે એમ કહ્યું છે કે ચંદ્રાપીડ બીજી વાર કાદંબરીને મળવા જાય છે ત્યારે "'રીસભરી મન્મથ સર્વથા, જાણે નિગડબંધનિ યથા' વગેરે શબ્દો મૂળમાં સખીજનોના વિષયક કર્યા છે." (પૃ. ૭૧) પણ મૂળમાં કાદંબરી વિષે જ કહ્યું છે કે—हाराङ्गदवलयरसनानूपुरैर्मृणालमयैर्निगडैरिव संयतामीर्षया मन्मथेन. અસ્તુ.

૪૨. કાદંબરીની એ ઉક્તિના છેવટના ભાગમાં એમ આવે છે કે दोषसंकीर्तनमपि स्मरणोपायमवगच्छति। એના દોષ ગાઈએ છીએ તેને પણ એ સ્મરણનો એક ઉપાય સમજી બેસે છે. ભાલણમાં એ ભાગ આ રીતે છે:

દોષ તણું સંકીર્તન યેહ,
માનિ કામોપાય જ તેહ. [૨૩ : ૧૨૪]

स्मरणोपायને બદલે 'स्मरोपाय' વાંચીને આ અનુવાદ કર્યો હોય એમ લાગે છે. અથવા ભાલણે વાપરેલી પ્રતમાં લહિયાની ભૂલ હોય. શ્રી. કે. કા. શાસ્ત્રીએ એ પંક્તિનો અનુવાદ બંને અર્થો ભેગા કરીને કર્યો છે: "જો હું દોષોની ગણતરી કરવા મંડુ તો એ તો કામદેવના સ્મરણનું સાધન છે એમ માની રહે છે." (પૃ. ૧૧૯–૨૦). ચંદ્રાપીડના દોષોની ગણતરી કામદેવના સ્મરણનું સાધન શી રીતે બને?

૪૩. પત્રલેખા સાથેના આ વાર્તાલાપમાં કાદંબરી આગળ જતાં કહે છે કે કામદેવે મારામાં રાજપુત્રને વિશે પક્ષપાત જન્માવ્યો—जनोऽयं कारितः कुमारे पक्षपातं पञ्चेषुणा। એને બદલે ભાલણે કામદેવ કુમારના પક્ષમાં ભળી ગયો છે એમ કર્યું છે:

રાનિ પાસિ થ્યુ કંદર્પ,
માહારુ તાં ઊતાર્યું દર્પ. [૨૩: ૧૩૭]

આ સમજફેર લાગે છે, અને ઉત્તરાર્ધ ઉમેરો છે, જે આ નવી કલ્પનાના સમર્થન માટે હોય એમ લાગે છે.

૪૪. આ સંવાદમાં જ આગળ જતાં કાદંબરી કહે છે કે કામદેવે મને વડીલોના ઠપકાને પાત્ર બનાવી છે ત્યારે મારે શું કરવું એ તું જ મને કહે. ત્યારે પત્રલેખા કહે છે: का वात्र गुरुजनवक्तव्यता, यदा खलु कन्यकां गुरुरिव पंचशरः संकल्पयति, मातेवानुमोदते, पितेव ददाति, सखीवोत्कण्ठां जनयति, धात्रीव तरुणतायां रत्युपचारं शिक्षयति। જ્યાં કામદેવ કન્યાને ગુરુની

પેઠે સંકલ્પ કરાવતો હોય, માતાની પેઠે અનુમોદન આપતો હોય, પિતાની પેઠે દાનમાં આપતો હોય, સખીની પેઠે ઉત્કંઠા જગાડતો હોય, ધાત્રીની પેઠે તારુણ્યમાં રતિ ઉપચાર શીખવતો હોય, ત્યાં વળી ગુરુજનોએ ઠપકો આપવાનો શો હોય? આને ટૂંકાવીને ભાલણે આ પ્રમાણે કર્યું છે:

ગુરુજન કહ્યાની શી વાત,
મન્મથિ દીધી જુ થઈ તાત?
પ્રેરિ યૌવન થઈનિ માત,
ત્યા[હા]રિ બીજી શી વિખ્યાતિ? [૨૩: ૧૪૨-૩]

શ્રી. કે. હ. ધ્રુવે અહીં બીજી પંક્તિનો પાઠ આ પ્રમાણે સુધાર્યો છે:

પ્રેરિ યુવાવસ્થા થઈ માત,
ત્યાહિ તાં બીજી શી ખ્યાતિ?

અને પાછળ ટિપ્પણમાં લખ્યું છે: "કામદેવે (મન્મથિ) પોતે પિતાનું પદ સ્વીકારી કન્યાદાન દઈ તમને અને રાજકુમારને દાંપત્યની પવિત્ર ગાંઠથી જોડ્યાં છે. તો પછી વડીલની સંમતિ લેવાની ક્યાં? યુવાવસ્થા માતાનું પદ સ્વીકારી તમને વળાવે છે (પ્રેરિ), ત્યાં બીજું શું કહેવાનું? અહીં ભાલણે મૂળમાં બહુ સુંદર ફેરફાર કર્યો છે." (પૃ. ૩૪૧)

મને આ ચિંત્ય લાગે છે. શ્રી. કે. હ. ધ્રુવે માતા સાથે સંગતિ સાધવા 'યૌવન'ને સ્થાને 'યુવાવસ્થા' પાઠ ગોઠવ્યો છે, અને પોતાને સુંદર લાગતો અર્થ કાઢી બતાવ્યો છે. મને ભાલણની પંક્તિનો અર્થ—'કામદેવ માતા થઈને તને યૌવનમાં (એટલે યૌવનના રતિ ઉપચારમાં) પ્રેરે છે ત્યારે'—એવો લાગે છે. સંક્ષેપ કરવામાં ઘણી વાર એ દૂર દૂરના શબ્દોને ભેગા કરીને નવું વાક્ય બનાવે છે, તેવું અત્રે કર્યું લાગે છે. એ રીતે અહીં એણે માતાની સાથે ધાત્રીનું કર્મ જોડી દીધું છે. तरुणतायां रत्युपचारम्ને બદલે तरुणतारत्युपचारम् એવો પાઠ પણ મળે છે અને ભાલણે તે વાપર્યો લાગે છે.

૪૫. ભાલણે ઉત્તર ભાગમાંથી કેટલોક ભાગ પૂર્વ ભાગમાં લીધેલો છે, અથવા એવી કોઈ ભ્રષ્ટ પાઠવાળી પોથી વાપરી છે, એમાં કાદંબરીએ મહાશ્વેતાને આપેલા વચનને એ સંભારે છે. એ ભાગ વિગતે જોવા જેવો છે. કાદંબરી કહે છે: प्रतिज्ञातं च मया महाश्वेतायाः 'त्वयि दुःखितायां नाहमात्मनः पाणिं ग्राहयिष्यामि' इति। तामहं पुनरप्यवदम्। सा तु 'देवि, मैवं स्म मनसि करोः। कुमतिरियम्। अतिदारुणोऽयं पापकारी मकरकेतुः कदाचिददृश्यमाने प्रियजने जनितहृदयानुरागाज्जीवितम प्यपहरति' इत्यब्रवीत्। तदपि नास्त्येव मे। અર્થાત્, "મેં મહાશ્વેતાને વચન આપેલું છે કે 'તું જ્યાં સુધી દુઃખી છે ત્યાં સુધી હું પરણીશ નહિ.' મેં તેને ફરી પણ કહ્યું. પણ તેણે કહ્યું કે 'દેવિ, એવો વિચાર કરશો નહિ. એ કુમતિ છે. અતિદારુણ એવો આ પાપી મદન કોઈ વાર પ્રિયજનનું દર્શન ન થતું હોય ત્યારે હૃદયમાં અનુરાગ જન્માવીને જીવ પણ લઈ લે છે.' મારે તો એ (પ્રિયજનનું અદર્શન) પણ નથી." આ પ્રમાણે અર્થ કરીએ તો આ સંવાદ કાદંબરી અને મહાશ્વેતા વચ્ચે ચાલે છે. પણ બીજી રીતે પણ એનો અર્થ કરવામાં આવે છે. આપણે યાદ રાખવું જોઈએ કે ચંદ્રાપીડને પત્રલેખા કાદંબરી સાથેના પોતાના વસવાટનો હેવાલ આપે છે, તેમાં આ

ભાગ આવે છે. એટલે કાદંબરી જે બોલેલી તે પણ અહીં પત્રલેખાને મોઢે ફરી કહેવાય છે. હવે અહીં પત્રલેખા કાદંબરીનાં વચનોથી શરૂઆત કરે છે: "મેં મહાશ્વેતાને વચન આપેલું છે કે તું જ્યાં સુધી દુઃખી છે ત્યાં સુધી હું પરણીશ નહિ." ત્યાર પછીની આખી ઉક્તિ પત્રલેખાની છે એમ કેટલાક લે છે અને આ રીતે સમજાવે છે: ત્યારે મેં તેમને ફરીથી કહ્યું કે દેવિ, એવો વિચાર કરશો નહિ. વગેરે. ત્યારે તે (કાદંબરી) બોલી,—મારે તો એ પણ નથી. આ પ્રમાણે અર્થ કરીએ તો એ સંવાદ પત્રલેખા અને કાદંબરી વચ્ચેનો બની જાય છે. મને પહેલો અર્થ સ્વીકાર્ય લાગે છે. ભાલણે બીજો અર્થ લીધેલો છે. શ્રી છગનલાલ હ. પંડ્યા પણ એ જ પાઠ સ્વીકારે છે.

એ પછી કાદંબરી પોતાના છેલ્લા વાક્યનું સ્પષ્ટીકરણ કરે છે. એણે કહ્યું કે મારે તો પ્રિયજનનું અદર્શન પણ નથી. હવે કહે છે: "મદને કે દૈવે કે વિરહે કે યૌવને કે અનુરાગે કે મદે કે હૃદયે કે બીજા કોઈએ મને સંકલ્પમય (કલ્પનામય) કુમાર અર્પેલો છે, જે લોકોની વચ્ચે છતાં કોઈને ખબર પણ ન પડે એ રીતે સિદ્ધની પેઠે મને સદા દર્શન દીધાં કરે છે." એ પછી એ સંકલ્પમય કુમારની ચંદ્રાપીડ સાથે તુલના કરી તેની સરસાઈ દર્શાવી અંતે કહે છે કે એ મને સદા સર્વત્ર દર્શન આપે છે, "એટલે હવે એમને લાવવાની વાત જવા દે." એટલું કહીને એ અવાચક થઈ જાય છે.

ત્યાર પછી પત્રલેખાને એનાં આ વચનો વિશે વિચાર આવે છે: આ જે સંકલ્પમય પ્રિય કહ્યો એ વિયોગી કુલસ્ત્રીઓને અને ખાસ કરીને કુમારિકાઓને મોટા જીવનાધાર અને વિનોદરૂપ છે. કારણ, દૂતીઓને પગે પડીને દીનતા દર્શાવ્યા વગર જ એની સાથે સેંકડો સમાગમ થઈ શકે છે, કુમારી ભાવને દોષ ન લાગે એ રીતે ક્રીડા થઈ શકે છે, ક્રીડામાં પણ સ્તન-વ્યવધાનના દુઃખ વિનાનાં આલિંગન દઈ શકાય છે, વ્રણ દેખાયાથી ઉત્પન્ન થતી લજ્જા વગરના નખદંત-ક્ષતોનાં સુખ પામી શકાય છે, ચોટલાને ઢીલો ન કરી નાખે એવા કેશગ્રહનો મહોત્સવ માણી શકાય છે, શબ્દરહિત ચુંબનો દઈ શકાય છે, અને બેઠેલા દાંત ગુરુજનની નજરે પડ્યાની ભોંઠપ અનુભવ્યા વગરના અધર-ખંડનના વિલાસો માણી શકાય છે. વગેરે.

આ ભાગ ભાલણમાં આ પ્રમાણે છે:

પ્રતિજ્ઞા મહાશ્વેતા સાથિ;
   તિહાં લગિ પાણિગ્રહ્ણ નહી હાથ.
'તૂં દુઃખીય, મુઝ સુખ તાં નહી',
   એ હવી મર્યાદા મિ કહી.
તે કેહિ પિરિ મિ લોપાય?
   વિહિવા કેહી પિરિ કરાય?
મિઇ વલતૂં કહ્યૂં, કુમાર!
   'એહવૂં વચન [ન] કહીઇ, નારિ!
પાપી મન્મથ પીડા કરિ,
   અદૃશ્યમાન વલ્લભનિ ધરિ. [૨૩: ૧૫૮-૧૬૦]

આટલે સુધી ભાલણે મૂળને અનુસરીને સાર આપ્યો છે. હવેનો ભાગ જુદો પડે છે. સંકલ્પ-મય કુમારને બદલે પોતાને વ્યાપેલા કામની અને વિરહની વાત એમાં મુખ્ય છે. પણ તેમા અસંગતિ છે.

વલતી બોલી મૃગલોચની,
'પીડા કિહીં થકી ઊપની;
મન્મથ અથવા પીડિ ચિત્ત,
બહુ સંકલ્પ કરિ અવિત્ત.
અનુરાગિ અથવા યૌવંન
કુણિ પરવશિ કીધૂં તંન?
દિવસરાત્રિ દેખૂં છૂં પાશ,
જાણે લક્ષ્મીપતિ અવિનાશ.
વિરહે મિ સેહેવાઇ નહી.'
એવૂં કહી અણબોલી રહી. [૨૩ : ૬૧-૬૩]

પહેલી ત્રણ પંક્તિઓમાં મૂળની ઉક્તિમાંના શબ્દો જુદા જ સંદર્ભમાં કેવી રીતે વાપર્યા છે, એ જોઈ શકાય છે. મૂળમાં મદને કે અનુરાગે કે યૌવને સંકલ્પમય કુમાર આપ્યાનું છે તેને બદલે અહીં પીડા ઉપજાવ્યાનું અને તનને પરવશ બનાવ્યાનું કહ્યું છે. એ પછીની પંક્તિ પણ મૂળને અનુસરતો સાર છે, પણ 'વિરહે મિ સેહેવાઇ નહી' એ મૂળમાં નથી અને ઉપરની પંક્તિઓ સાથે મેળમાં છે. મૂળમાં પોતાને સંકલ્પમય કુમારનું સર્વદા સર્વત્ર દર્શન થયા જ કરે છે એટલે તેને લાવવાની જરૂર નથી એમ છે, તેને બદલે અહીં વિરહ સહેવાતો નથી એમ કર્યું છે.

આ પછીનો ભાગ પણ ભાલણે તદ્દન બદલી નાખ્યો છે:

મનશૂં માંડયુ મિ વિચાર:
'એ કુલકન્યા બાલકુમારિ.
દૂતિની ગતિ કેહી પિરિ થાય?
લજ્જાભર નમિત છિ કાય,
વિશેષઇ વિડંબન સહી.
વાત કેહી પિરિ જાઇ કહી?
અનુભવ એહનિ નથી લગાર,
ઈછાઇ જાવૂં અભિસાર.
આલિંઘન, ચુંબન, નખઘાત,
અધરે દંત તણા વ્રણપાત.
ક્રીડા કુચનૂં નહી પિધાન,
નિર્ભર આલિંગનનૂં દાન,

ચુંબન શબ્દ-રહિત શીત્કાર,
કેશપાશ–ગ્રહણ સુખ સાર,
અપ્રગટ અક્ષર મુખવાણિ,
કન્યાનિ [ન]હી અનુભવ એ જાણિ.' [૨૩: ૧૬૩–૧૬૭]

આમાં પણ મૂળના ખંડો જુદા જ સંદર્ભમાં કેવા ગોઠવી દીધા છે તે જોઈ શકાય છે. 'અપ્રગટ અક્ષર મુખવાણી' એટલો ટુકડો મૂળમાં આવતો નથી. મૂળમાં જે વસ્તુ સંકલ્પમય પ્રિયતમને વિશે કહી છે તે અહીં કાદંબરીને વિશે કહી છે—અને એનો, એ કન્યા હોઈ, એને અનુભવ નથી એમ ઘટાવી છે.

આ ફેરફાર કેવળ સમજફેરને લીધે થયો હશે કે એની પાસે કોઈ એવા ભ્રષ્ટ પાઠવાળી પોથી હશે એ કહેવું મુશ્કેલ છે. મેં કાદંબરીની જે ચારપાંચ પ્રતો વાપરી છે તેમાં એકેમાં આવું પાઠાન્તર સુધ્ધાં નોંધાયેલું નથી.

[૯]

ભાલણની કાદંબરીમાં સંદિગ્ધ સ્થાનો

આવા નાનામોટા ફેરફારો છતાં, પહેલાં કહ્યું તેમ, ભાલણનો અનુવાદ સ્વાભાવિક પ્રવાહ-વાળો, પ્રાસાદિક, સરલ અને ભાવવાહી છે, અને વાચકને પકડી રાખવાની શક્તિ ધરાવે છે. તેમ છતાં એમાં કેટલાંક સ્થાનો એવાં છે, જ્યાં પાઠની ભ્રષ્ટતાને કારણે અથવા અનુવાદદોષને કારણે સંગત અર્થ કરતાં મુશ્કેલી પડે છે અથવા ખૂબ મહેનત કર્યા છતાં સંતોષકારક અર્થ મેળવી શકાતો નથી. હવે હું એવાં કેટલાંક સ્થાનોની ચર્ચા કરવા માગું છું.

૧. પુંડરીકના મૃતદેહને દિવ્ય પુરુષ ઉપાડી ગયો ત્યાર પછી આ બધું શું બની ગયું એમ મહાશ્વેતાએ પૂછતાં તરલિકા કહે છે કે મને શી ખબર પડે? પણ એટલું ખરું કે એની આકૃતિ દેવના જેવી હતી અને તને પિતાની પેઠે આશ્વાસન આપવા માટે એણે જે વાણી ઉચ્ચારી તેમાં શંકા લાવવા જેવું નથી. અહીં ભાલણમાં આ પંક્તિ મળે છે:

પિતા તણી પિરિ **મુઝ** આજ,
આશ્વાસના દેવાનિ કાજિ
દેવરૂપ કો બોલ્યુ એહ,
અવિસંવાદિની વાણી એહ. [૧૭: ૫૨]

આમાં 'મુઝ'ને સ્થાને 'તુઝ' લીધા વગર સંગત અર્થ થઈ શકતો નથી. એટલે શ્રી કે. હ. ધ્રુવે અહીં 'તુઝ' કરી લીધું છે. મૂળમાં અહીં **समाश्वासिता चानेन गच्छता सानुकम्पं पित्रेव भर्तुदारिका** એમ છે જ. શ્રી. કે. કા. શાસ્ત્રીને અનુવાદ કરતાં 'મુઝ' શબ્દ છોડી દેવો પડ્યો છે. "મને લાગે છે કે પિતાની માફક દિલાસો આપવા માટે." (પૃ. ૮૮) અથવા 'મને લાગે છે કે' એને 'મુઝ'નો અનુવાદ ગણવો પડે.

૨. કાદંબરીના કન્યાન્તઃપુરના વર્ણનમાં આ પંક્તિઓ આવે છે:

અથવા યૌવનમિ સવિ રચિઉ;
નાના દિસિ દેહ.
અથવા મન્મથચરિયન કીધાં
પ્રેમિ-સૂં લેપંન,
જાણે રસ સૃંગારિ નિર્મ્યાં
નાના આસિ તંન. [૧૮ : ૫૬-૭]

આમાં વચલી લીટીનો અર્થ કરવો મુશ્કેલ છે. શ્રી કે. હ. ધ્રુવે ટિપ્પણમાં અહીં મૂળનો ઉતારો આપ્યો છે તેમાં એટલો ખંડ નથી—એ આશ્ચર્ય છે. અને એમણે મન્મથચર્યનનો અર્થ "કામનો લેપ, જે લગાડવાથી પુરુષને કામ ઉત્પન્ન થાય એવો જાદુઈ લેપ". (પૃ. ૩૦૪) એવો આપ્યો છે. પણ અહીં તો બધી સ્ત્રીઓ જ છે, તેનું શું ? શ્રી કે. કા. શાસ્ત્રીએ એ પંક્તિનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે: "અથવા તો પ્રેમપૂર્વક કામદેવના ચરિત્રને ધ્યાનમાં લઈને અહીં સ્ત્રીઓરૂપી અર્ચા કરવામાં આવી છે." (પૃ. ૯૫) મૂળમાં અહીં આ પ્રમાણે છે: यौवनविलासितैरिवोत्पादितावयम्, ...मन्मथचरितैरिव कल्पितावकाशम्, अनुरागेणेवानुलिप्तसकलजनप्रदेशम्, शृंगारमयमिव .."યૌવનના વિલાસો વડે જ જેના અવયવો રચ્યા હતા એવું"નો અનુવાદ ભાલણે

અથવા યૌવનમિ સવિ રચિઉ
નાના દિસિ દેહ

એવો કર્યો છે એટલે જાણે યૌવનનું (યૌવનમય) જ બધું રચ્યું હોય એવા તેના જુદા જુદા ભાગો (દેહ) લાગતા હતા, એમ અર્થ કરવો પડે. એ પછીની પંક્તિમાં ભાલણે સંસ્કૃત બે વિશેષણ ખંડો ભેગા કર્યા છે અને એ ભાગ અર્થ ન થઈ શકે એવો થઈ ગયો છે. મૂળ અર્થ આવો છે: "મદનચરિતોથી જ જાણે અવકાશ રચેલો હોય" એટલે કે આખું ભવન મદનચરિતોથી જ જાણે ભરેલું હતું. શ્રી કાણે એનું અંગ્રેજી આ પ્રમાણે આપે છે: "The palace was full of love affairs and amorous gestures." (પૃ. ૧૩૫) એ પછીની પંક્તિ शृंगारमयमिवनो અનુવાદ છે.

૩. કાદંબરીને જોઈને ચંદ્રાપીડને જે વિચારો આવે છે તેમાં એક આ છે:

ધન્ય વિધાતા, એ ઊપાયૂં
અતિશિ મોહન ચિત્ર,
ત્રણ્ય લોકમાંહિ જે અતિશિ
વિશદ કામનિ મિત્ર. [૧૮ : ૯૬]

અહીં બીજી પંક્તિ અર્થ કરવામાં મુશ્કેલી ઊભી કરે છે. એટલે શ્રી કે. હ. ધ્રુવે પાઠ બદલીને આ પ્રમાણે કરી લીધો છે:

ધન્ય ધન્ય તાં એ ઊપાયૂ
અતિશિ મોહન ચિત્ર
ત્રણ્ય લોક માંહિ જે અતિશિ
વિશદ કામિ એકત્ર.

અને એનો અર્થ આ પ્રમાણે કર્યો છે: “કામદેવને ધન્ય છે, બહુ ધન્ય છે કે તેણે ત્રણે લોકમાં જે અત્યંત ઉજ્જવળ વર્ણ તે એકત્ર કરી તે વડે આ અત્યંત મોહક ચિત્ર ચીતર્યું. કાદંબરી તે બ્રહ્માએ ઘડેલું સ્થૂલ શરીર નહિ પણ કામદેવે દોરેલું ભભકભરેલું ચિત્ર જ હતી એવો ભાવ છે.” (પૃ. ૩૦૯) શ્રી કે. કા. શાસ્ત્રીએ એનો આમ અર્થ કર્યો છે: “હે વિધાતા તને ધન્યવાદ છે: ત્રણે લોકમાં કામદેવનો (ના ?) જે મોટા મિત્રરૂપ છે તેવું અત્યંત મોહક ચિત્ર તેં બનાવ્યું છે.” (પૃ. ૯૭).

મૂળમાં આ પ્રમાણે છે: “अहो चित्रमेतदुत्पादितं वेधसा सर्वरमणीयानामेकं धाम । कुत एते रूपातिशयपरमाणवः समासादिताः ।” અર્થાત્ અહો આ એક નવાઈની વાત છે કે વિધાતાએ સર્વ સુંદર વસ્તુઓનું એક જ ધામ બનાવ્યું છે—એટલે કે બધી રમણીયતા એક સ્થાને ભેગી કરી છે. રૂપાતિશયના આ પરમાણુઓ એ ક્યાંથી લાવ્યા હશે ? મૂળમાંના આશ્ચર્યવાચક चित्रम् શબ્દમાંથી આ બધી રામાયણ પેદા થઈ હોય એમ લાગે છે.

૪. કાદંબરી અને ચંદ્રાપીડની પરસ્પરના દર્શનથી જે દશા થઈ તેનું વર્ણન કરતાં ભાલણ કહે છે:

કાદંબરીમાંહિ પ્રવેશ કરતાં
મન્મથનિ તત્કાલિ.
બીજુ મન્મથરૂપ થ્યુ
મોહન તે ભૂપાલ. [૧૯ : ૭]

શ્રી. કે. હ. ધ્રુવે બીજી પંક્તિનો પાઠ સહેજ ફેરવી લીધો છે: ‘બીજૂં મન્મથરૂપ થ્યૂં મોહનિ તે ભૂપાલ.’ અને અર્થ આ પ્રમાણે આપ્યો છે: “એ રીતે કામદેવે કાદંબરીના હૃદયમાં પ્રવેશ કર્યો, તે ક્ષણે તે રાજકુમાર [ભૂપાલ]ને કાદંબરીનું મોહક [મોહન] રૂપ જ બીજો કામદેવ [બીજુ મન્મથ] બન્યું; અર્થાત્ કાદંબરીનું રૂપ ચંદ્રાપીડના મનમાં વસ્યું અને તેને કામ પ્રગટ્યો.” (પૃ. ૩૧૦)

શ્રી. કે. કા. શાસ્ત્રીએ આમ અર્થ કર્યો છે: “કાદંબરીમાં દાખલ થતાં એ જ સમયે કામદેવને મોહકારી એ રાજકુમાર બીજો કામદેવ થઈ પડ્યો (જે કાદંબરીના હૃદયમાં પેઠો).” (પૃ. ૯૮) આ અર્થ શ્રી. કે. હ. ધ્રુવના અર્થ કરતાં ઊલટો જ છે. એટલું જ નહિ, સંગત પણ નથી; કારણ, કાદંબરીના હૃદયમાં કામદેવ પ્રવેશ કરતો હતો ત્યારે રાજકુમારે બીજો કામદેવ બની કાદંબરીના હૃદયમાં પ્રવેશ કર્યો એમ થયું—આમ કાદંબરીના હૃદયમાં બે કામદેવ ભેગા થયા. મૂળમાં અહીં એમ છે કે तदा च कादम्बरीं विशतो मन्मथस्यापि मन्मथ इवाभूद्द्वितीयः, तया सह यो विवेश चन्द्रापीडहृदयम् । અર્થાત્ તે સમયે કાદંબરીમાં પ્રવેશ કરતાં કામદેવનો પણ એક જાણે બીજો કામદેવ ઉત્પન્ન થયો અને તેણે કાદંબરીની સાથે ચંદ્રાપીડના હૃદયમાં પ્રવેશ કર્યો. આમ ચંદ્રાપીડના હૃદયમાં કામદેવ અને કાદંબરીનો પ્રવેશ થયો તેને ચંદ્રાપીડ કાદંબરીએ મારો સ્વીકાર (પરિગ્રહ) કર્યો એમ માનવા લાગ્યો, એમ આ પછીની કડીમાં આવે છે:

પરિગ્રહ તે માનિછિ યે
હૃદયમાંહિ પ્રવેશ. [૧૯ : ૮]

પણ શ્રી. કે. કા. શાસ્ત્રીએ ચંદ્રાપીડના હૃદયમાં કામદેવ અને કાદંબરીનો પ્રવેશ થયો એમ ઘટાવ્યું નથી એટલે એમણે આ પંક્તિનો અર્થ આમ કર્યો છે: "કાદંબરીના હૃદયમાં પ્રવેશ થયો તેને રાજકુમાર પોતાનો સ્વીકાર થયેલો માને છે." (પૃ. ૯૮)

૫. કાદંબરી તરફથી 'શેષ' હારની ભેટ ચંદ્રાપીડને આપીને મદલેખા કહે છે કે મહાશ્વેતાએ સંદેશો કહેવડાવ્યો છે કે આ હારનો સ્વીકાર કરજો અને

રખે મનમાંહિ આણતા
 કાદંબરી મન કરંગ;
લેશ માત્રિ તા તમ સાથિ
 પ્રેમનું તાં નથી ભંગ. [૨૦: ૬૬]

અહીં અર્થ કરવાની મુશ્કેલી છે. એટલે શ્રી કે. હ. ધ્રુવે પાઠ નીચે મુજબ બદલી લીધો છે:

રખે મનમાંહિ આણતા
 લેશમાત્રિ તમ સંગ
કરવા નિ કાદંબરીના
 પ્રેમનું તાં ભંગ.

અને પછી આ પ્રમાણે અર્થ કર્યો છે: "તમારી સાથે [તમ સંગિ] કાદંબરી આ જે વહાલ બતાવે છે તે ઉવેખવાનું [પ્રેમનું ભંગ] મનમાં રખે આણતા." (પૃ. ૩૨૦) શ્રી. કે. કા. શાસ્ત્રીએ આમ અર્થ કર્યો છે: "કાદંબરીના મનનો કોઈ જુદો તરંગ છે એમ તમે મનમાં રખે સમજતા! તમારી સાથેના પ્રેમમાં થોડો પણ પ્રેમનો ભંગ નથી." (પૃ. ૧૦૫) મૂળમાં આમ છે: **न खलु महाभागेन मनसापि कार्यः कादम्बर्याः प्रथमप्रणयप्रसरभङ्गः** અર્થાત્ તમારે મનથી પણ કાદંબરીના આ પ્રથમ પ્રણયપ્રસરનો ભંગ કરવો નહિ. આ રીતે જોઈએ તો અહીં કાદંબરીના પ્રણયનો ભંગ ન કરવાની વિનંતી છે, તેને બદલે શ્રી શાસ્ત્રીજીના અર્થમાં કાદંબરીના પ્રેમની ખાતરી આપવામાં આવી છે. આ પ્રથમ પ્રણયપ્રસરના ભંગનો ઉલ્લેખ આ પહેલાં મહાશ્વેતાના પ્રસંગમાં આવી ગયો છે. કપિંજલ પોતાના મિત્રને બચાવવાના છેલ્લા માર્ગ તરીકે મહાશ્વેતા પાસે જઈને ઘટતું કરવાની તેને વિનંતી કરે છે. તે પછી મહાશ્વેતા પોતાની મૂંઝવણ તરલિકા આગળ રજૂ કરે છે તેમાં એક ગૂંચ આ છે કે એ જો પુંડરીકને પરણે છે તો એમાં વડીલોના અપમાનનો મહાન અધર્મ થાય છે. અને એમ ન કરતાં પ્રાણ ત્યાગ કરે છે તો **एवमपि प्रथमं तावत् स्वयमागतस्य प्रथमप्रणयिनस्तत्रभवतः कपिञ्जलस्य प्रणयप्रसरभङ्गः।** પહેલું તો એ કે જાતે આવેલા પ્રથમ પ્રણયી કપિંજલના પ્રણયપ્રસરનો ભંગ થાય. એટલે કે એણે મને જે પ્રાર્થના કરી છે તેનો ભંગ થાય. 'કપિંજલની પ્રાર્થનાનું પણિ થાઈ ભંગ' (૧૫: ૧૮).

પ્રણયપ્રસરનો અર્થ સ્નેહભરી પ્રાર્થના એવો લઈએ તો આ બન્ને સ્થાનોએ તે બંધબેસતો થાય છે. પ્રસ્તુત સ્થળે કંઈક સમજફેર અને કંઈક પાઠની ભ્રષ્ટતાને કારણે મુશ્કેલી થઈ છે, એમ લાગે છે.

૬. કાદંબરી પોતાના મહેલની અગાસી ઉપર ચઢીને જે ચેષ્ટાઓ કરે છે તેમાં એક આ છે :

તર્જની બિહૂએ કરી ફેરવી મુક્તાહાર,
સાન જાણે કરિ છિ 'એમ મહારૂં મન અપાર'. [૨૧ : ૮]

અહીં 'મારું મન અપાર' એટલું જ કહ્યું છે એટલે બે આંગળી વચ્ચે ફરતા હાર અને કાદંબરીના હૃદય વચ્ચેનો સમાન ધર્મ શોધવાનો રહે છે. શ્રી કે. કા. શાસ્ત્રીએ અહીં આમ અર્થ કર્યો છે : "બેઉ તર્જની આંગળીથી મોતીનો હાર ફેરવી રહી છે. 'મારું મન પણ ખૂબ **આળું** છે' એમ હારને બહાને સંજ્ઞા કરે છે." (પૃ. ૧૦૬) ત્યારે શ્રી કે. હ. ધ્રુવ મૂળને અનુસરીને "મારું ચિત્ત પણ અત્યંત આ હારના જેવું (ઇમ) થયું છે એટલે કે અત્યંત ક્ષુબ્ધ છે," એમ જાણે સાનથી સમજાવે છે. (પૃ. ૩૨૧) સંસ્કૃતમાં એ જ અર્થ છે અને ત્યાં સ્પષ્ટ કહેલો છે : **मुहुरुभयतर्जनीभ्रमितमुक्ताप्रालम्बतया निवेदितहृदयोत्कलिकोद्गमेव**, અહીં ઉત્કલિકા એટલે ક્ષોભ અથવા ઉત્કંઠા.

૭. કાદંબરી ચંદ્રાપીડના મુકામે મળવા આવે છે ત્યારે ચંદ્રાપીડ એને ઉદ્દેશીને જે બોલે છે તેમાં નીચેનાં વચનો પણ આવે છે :

શરીર શરજ્યૂં તહ્મારૂં તે
કરવા પર ઉપકાર;
તૃણ પાઈ લઘુ જિવિતવ્ય
તે તુચ્છ આ સંસાર.
ભેટ કરવા તહ્મો આવ્યાં
હૂં કહૂં તે આજ,
વચન જોતાં અહ્મારાં જી,
એ તાં દીસિ લાજ. [૨૧ : ૨૯–૩૦

અહીં એટલો બધો સંક્ષેપ કર્યો છે કે અર્થ બેસાડતાં મુશ્કેલી પડે છે. મૂળમાં અહીં આ પ્રમાણે છે : **परोपकारोपकरणं शरीरम्, तृणलवलघु च जीवितम्। अपत्रपेत्वप्रत्तिप्रत्तिभिरुपायनीकर्तुमागतायास्ते ।** અર્થાત્ શરીર પરોપકારનું સાધન છે, જીવન તણખલા જેવું તુચ્છ છે, એટલે મારે ત્યાં આવેલાં તમને તમારા પ્રત્યેની ભક્તિથી એ ભેટ ધરતાં મને શરમ આવે છે. ભાવાર્થ એ છે કે શરીર તો ગમે તેની સેવા કરવા માટે જ છે, અને જીવન તરણા જેવું તુચ્છ છે—આમ જે બે વસ્તુ ભેટ ધરવ જેવી મારી પાસે છે તે બંને તુચ્છ છે એટલે તમને ભેટ ધરતાં મને શરમ આવે છે. શ્રી કે. હ. ધ્રુવ અહીં જુદો અર્થ જુએ છે. તેઓ **परोपकारोपकरणम्** ને બદલે **परोपकरणम्** પાઠ કલ્પે છે અને તેનો અર્થ બીજાનું—બીજાની માલકીનું સાધન, એવો કરે છે. આ શરીર તો બીજાનું એટલે કે તમારું થયેલું જ છે, એટલે એ મારું નથી. જે મારું નથી તે હું તમને કયે મોઢે આપું ? અને જીવિત તો તુચ્છ છે. આ અર્થ ભાલણમાંથી ફલિત કરવા માટે એઓ પાઠમાં બે ફેરફાર કરે છે. એક તો 'શરજ્યૂં 'ને સ્થાને 'સરજૂં' કલ્પે છે, અને 'ભેટ કરવા તહ્મો આવ્યાં 'ને સ્થાને 'તહ્મો આવ્યા ભેટિ કરવા' એવો પાઠ લે છે, અને પછી અર્થ કરે છે : "હું આ શરીર તમને સમર્પણ કરું

[તહ્મારું સરજૂં], પણ તે તો અન્યની સેવા કરવાને છે, એટલે કે તમારી સેવા કરનારું બની તમારું થઈ ચૂક્યું છે. મારું રહ્યું નથી." (પૃ. ૩૨૨) "આ જીવતર જે હું મારું કહું છું તે હું તમને અર્પું. પણ મરણશીલ મનુષ્યનું જીવન દેવની તુલનામાં તરણા કરતાં પણ ઓછી વિસાતનું છે. તમે પધાર્યા છતાં તમને જે ભેટ હું ધરાવવાનું કહેવા જાઉં છું, તેના સંબંધમાં મારા પોતાના જ મુખનાં વચન અત્યારે વિચારતાં [જોતાં] મને શરમ આવે છે; અર્થાત્ હું તમને મારું કરીને કંઈ ભેટ કરી શકતો નથી." (પૃ. ૩૨૩) મને આ જરા દૂરાકૃષ્ટ લાગે છે.

શ્રી. કે. કા. શાસ્ત્રીએ આ પંક્તિઓનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે: "તમારું શરીર પારકાં ઉપર ઉપકાર કરવા માટે ઉત્પન્ન થયું છે. ઘાસ કરતાં પણ આ જીવન સંસારમાં તદ્દન ક્ષુદ્ર કોટિનું છે; આવા મને **તન ભેટ કરવાને આવ્યાં છો** તેને હું મારો દેહ ભેટ કરવાનું કહું—આ અમારાં વચન જોતાં અમને શરમ આવે છે." (પૃ. ૧૦૭) પહેલી પંક્તિમાં 'તહ્મારૂં' શબ્દ ગૂંચવણ ઊભી કરે છે. ત્રીજી પંક્તિમાં 'ભેટ કરવા'નો અર્થ 'મળવા માટે' એવો કરી તમે મળવા આવ્યાં ત્યારે હું પહેલાં કહેલી બે વસ્તુ આપવાનું કહું તે વચનો શરમાવનારાં લાગે છે એવો અર્થ કરી શકાય. શાસ્ત્રીજીએ 'મને તન ભેટ કરવા આવ્યાં છો' એમ કહ્યું છે એ વધારે પડતું લાગે છે. મૂળ વાત એ કે આ અનુવાદ ખરાબ છે. એમાં ઘણું બધું અધ્યાહાર છે.

એ પછીનો ભાગ આમ છે: **वयमेते शरीरमिदमेतज्जीवितमेतानीन्द्रियाणि** एतेषामन्यतरदारोपय परिग्रहेण गरीयस्त्वम् । (તુચ્છ એવા શરીરને કે જીવનને તમને ભેટ ધરતાં શરમ આવે છે છતાં) આ રહ્યો હું, આ રહ્યું શરીર, આ રહ્યું જીવન, આ રહી ઇન્દ્રિયો—એ બધાંમાંથી ગમે તે કંઇ સ્વીકારી તેને ગૌરવ અર્પો. આ ભાવ ભાલણે થોડા ફેરફાર સાથે પછીની બે કડીમાં આણેલો છે.

૮. આ સાંભળીને મદલેખા જરા હસીને કહે છે:

એમ ભલૂં અતિ પ્રેમિ
સખી, ખેદાઇ છિ અવાશ. [૨૨ : ૩૩]

આ પંક્તિમાં 'અવાશ' શબ્દ આવ્યો છે અને 'ભલે'ના અર્થમાં 'ભલૂં' વપરાયો છે એટલે અર્થ બેસાડતાં મુશ્કેલી પડે છે. શાસ્ત્રીજીએ આ પ્રમાણે અર્થ કર્યો છે: "એ બહુ બરોબર છે. મારી સખી પ્રેમને લઈ પોતાના મહેલમાં ખિન્ન થઈને રહે છે." (પૃ ૧૦૮) શ્રી કે. હ. ધ્રુવે અહીં પાઠ આ રીતે બદલ્યો છે:

એમ ભલુ અતિ પ્રેમી.
સખી ખેદાઇ છિ અવ ફાંસુ

અને અર્થ આ રીતે કર્યો છે: "તમે અત્યંત પ્રેમનાં વચન કહ્યાં તેથી સખી ફોગટ લજ્જાથી વિકળ બને છે. ખેદાઇ છિ–ખેદ તે લજ્જાકૃત છે." (પૃ. ૩૨૩) આ અર્થ મૂળની નજીકનો છે: **कुमार, भवतु, अतियन्त्रणया खिद्यते खलु सखी कादम्बरी**—કુમાર, તે હશે, પણ તમે બહુ વિનયવચન કહો છો એટલે મારી સખી કાદંબરીને દુઃખ થાય છે, એટલે એ શરમની મારી અકળાય છે. કાદંબરી પાસે જ બેઠેલી છે, એ ખ્યાલમાં લેતાં 'અવાશિ' પાઠ સંગત થતો નથી.

અહીં ભાલણની પંક્તિમાં શાસ્ત્રીજીએ 'અતિ' પછી પૂર્ણવિરામ મૂક્યું છે, શ્રી કે. હ. ધ્રુવે 'પ્રેમિ' પછી મૂક્યું છે, હું 'ભેલૂં' પછી મૂકવું ઉચિત ધારું છું. એ બંને વિદ્વાનોએ પણ અર્થ કરતી વખતે એમ જ વિચાર્યું લાગે છે.

૯. ચંદ્રાપીડ બીજી વાર કાદંબરીને મળે છે ત્યારે એ દ્વિ-અર્થી વચનો બોલે છે. એનો અંત ભાલણમાં આમ છે:

હજી બોલતાં શોભિ નહી,
    ચંદ્રાપીડિ એહવી વાણી કહી:
'યદ્યપિ ગંધર્વસુતા તૂં બાલ';
    મિષ્ટ વચન બોલ્યુ ભૂપાલ
મુગ્ધ થકી કામિ શીખવી,
    પ્રજ્ઞા મ[નમાં]હિથી નવી;
વક્ર વાક્ય, સાંભલિઉ અર્થ,
    મન સાથિ ગ્રહ્યુ સમર્થ. [૨૩: ૨૩–૨૪]

શાસ્ત્રીજીના આ પાઠમાં અવતરણ ચિહ્નો યથાસ્થાને મુકાયાં નથી. 'હજી બોલતાં શોભિ નહી' ત્યાં આગળ ચંદ્રાપીડનું બોલવાનું પૂરું થાય છે એટલે ત્યાં અવતરણ ચિહ્ન પૂરું કરવું જોઈએ. એ પછીની બધી પંક્તિઓ કવિનું વર્ણન છે. 'યદ્યપિ ગંધર્વસુતા તૂં બાલ' એ વચનોને અવતરણ ચિહ્નમાં મૂક્યાં છે તે બરાબર નથી. એ પંક્તિમાં આવતો 'તૂ' શબ્દ ભ્રાંતિ જગવનારો છે. એને બદલે 'તાં' પાઠ લઈએ તો વાક્ય સરળ અને મૂળના આશયને અનુકૂળ થઈ જાય છે. પણ એ 'તૂં'ને લીધે એ પંક્તિ રાજકુમાર બોલે છે એમ માની અહીં શાસ્ત્રીજીએ મૂળનો સાચો અને અહીં મહત્ત્વનો પાઠ જે 'મિશ્ર' હતો તેને છોડીને ભલતો જ 'મિષ્ટ' પાઠ કલ્પ્યો છે. ઉપર સૂચવ્યા પ્રમાણે પંક્તિઓનો અર્થ આમ થાય: "'વધુ બોલવું શોભે નહિ' એમ ચંદ્રાપીડ બોલ્યો. જોકે ગંધર્વપુત્રી બાલા હતી, અને રાજકુમાર મિશ્ર એટલે દ્વિ-અર્થી વચન બોલ્યો હતો, પણ મુગ્ધા હોવા છતાં કામદેવે એને મનમાંથી નવી જ બુદ્ધિ સુઝાડી એટલે એ વક્રોક્તિભર્યાં વચનો સાંભળી તેણે મનથી તેનો અર્થ બરાબર સમજી લીધો." શાસ્ત્રીજીએ અહીં આ પ્રમાણે અર્થ કર્યો છે: "આવું કહી રહી છે તે શોભતું નથી." ચંદ્રાપીડે એ પ્રમાણે કહ્યું, જોકે તું બાળક ગાંધર્વપુત્રી છે; રાજકુમાર આ પ્રમાણે મીઠા બોલ બોલ્યો. કાદંબરી મુગ્ધા હોઈ કામદેવે નવી બુદ્ધિ મનમાંથી શીખવી. રાજકુમારની વક્રોક્તિનો અર્થ એણે સાંભળ્યો, મન સાથે એણે સમર્થ રીતે સમજી લીધો." (પૃ. ૧૧૭).

શ્રી કે. હ. ધ્રુવે અહીં 'તૂં' છોડી દીધો છે અને અર્થ આ પ્રમાણે કર્યો છે: "જોકે કાદંબરી સરળ કુમારિકા હતી અને ચંદ્રાપીડ અટપટું દ્વિઅર્થી બોલ્યો હતો, તોપણ તે મુગ્ધાને કામદેવે જ ભણાવી. તેનામાં અંદરથી [મન માંહિથી] નવી સમજશક્તિ સ્ફુરી. પ્રજ્ઞા 'હવી' અધ્યાહાર્યનો કર્તા છે." (પૃ. ૩૧૧).

૧૦. કાદંબરી પાસેથી આવ્યા પછી પત્રલેખા ચંદ્રાપીડને બધી હકીકત કહે છે ત્યાં 'અમે પ્રમદવનની વેદિકા ચડયાં' એમ છે ત્યાં ભાલણમાં 'વેગિકા' છે તે લહિયાની ભૂલ લાગે છે. અહીં કાદંબરીની દશાનું જે વર્ણન છે તેમાં એક કડી આમ આવે છે:

પડવા ભૂયિ ધૂજિ તંન,
અણપ્રીછયૂં જેણિ મા[હા]રૂં મંન. [૨૩ : ૮૭]

આમાંના પહેલા ચરણનો અર્થ શ્રી. કે. હ. ધ્રુવ આ પ્રમાણે કરે છે: "જાણે તે ભૃગુપતનની તૈયારી કરતી હોય, તેમ તેનું શરીર ધૂજ્યું. જે ઊંચેથી કૂદકો મારવાનું કરે છે, તે પ્રથમ અંગ ધુજાવે છે. (પૃ. ૩૩૫) મને આ અર્થ દૂરાકૃષ્ટ અને અનુપપન્ન લાગે છે. અહીં મૂળના વર્ણનમાં એક સૂક્ષ્મ ખૂબી છે. એટલે હું એટલો ભાગ વિગતે ઉતારું છું. પ્રમદવનની વેદિકા ઉપર ચડયા પછીનું વર્ણન આ પ્રમાણે છે: **तस्यां च मणिस्तम्भावष्टम्भस्थिता। स्थित्वा च मुहूर्तमिव हृदयेन सह दीर्घकालमवधार्य किमपि व्याहर्तुमिच्छन्ती निश्चलधृततारकेण निष्पन्दपक्ष्मणा चक्षुषा मुखं मे सुचिरं व्यलोकयत्। विलोकन्त्येव च कृतसंकल्पा मदनाग्निं प्रवेष्टुमिच्छन्ती सस्नाविव स्वेदाम्भःस्रोतसि। स्रोतसेव तरलीकृता समकम्पत। कम्पिताङ्गी च पतनभियेवागृह्यत विषादेन।** આમાં આગલા વાકયના અંતિમ શબ્દથી નવું વાકય શરૂ કરીને વર્ણનની જાણે સાંકળી રચેલી છે. પ્રસ્તુત વાત આટલી છે કે મદનાગ્નિમાં પ્રવેશ કરવા માટે જાણે તેણે પરસેવાના પ્રવાહમાં સ્નાન કર્યું. એ પ્રવાહથી ડગી ગયેલી એવી તે ખૂબ ધ્રૂજવા લાગી. એટલે રખેને પડી જશે એ બીકે વિષાદે એ ધ્રૂજતાં અંગોવાળીને પકડી લીધી એમ મૂળમાં છે. એટલે ભૃગુપતનની કલ્પના મને અહીં બંધબેસતી થતી લાગતી નથી. તેનું શરીર એવું ધ્રૂજતું હતું કે હમણાં ભોંય પર પડી જશે એમ લાગતું હતું એવો અર્થ અહીં લેવો જોઈએ. શ્રી. કે. કા. શાસ્ત્રીનો અનુવાદ અહીં ઠીક લાગે છે: "જાણે કે જમીન ઉપર પટકાઈ પડવાની હોય એમ એનું શરીર ધ્રૂજી રહ્યું છે." (પૃ. ૧૧૭) એ પછીનું વાકય 'અણપ્રીછયું યેણિ મા[હા]રું મંન' મુશ્કેલી ઊભી કરે છે. મૂળમાં અહીં **मया विदिताभिप्रायस्मि** એમ છે, એટલે કે હું એમનો અભિપ્રાય સમજી ગઈ એમ અર્થ થાય. પણ અહીં ભાલણે **अविदिताभिप्रायया** પાઠ સ્વીકારીને અનુવાદ કર્યો લાગે છે એમ શ્રી. કે. હ. ધ્રુવે નોંધ્યુ છે (પૃ. ૩૩૫), છતાં ભાલણના શબ્દો એવા છે કે એ અર્થ કાઢતાં પણ મુશ્કેલી પડે.

આગળ જતાં આ પ્રસંગના વર્ણનમાં ભાલણે બે ઉમેરા કરેલા છે. 'લાજિ બીજી વારતા બકી' (૨૩ : ૮૯) અને 'માહારુ તાં નાવિ વિશ્વાસ' (૨૩ : ૯૦). આ બંને ઉમેરા મને અનુચિત લાગે છે. કાદંબરી બોલી શકતી નથી એ જ એની દશાનું સાચું વર્ણન છે, એમાં તેને બીજી બીજી વાતો કરતી વર્ણવવાથી આખા વર્ણનમાં નકામો અસંગત વિક્ષેપ આવે છે, અને સુંદર ચિત્ર ખંડિત થાય છે. જ્યારે 'મારુ તાં નાવિ વિશ્વાસ' એ ઉમેરો કાદંબરીના મનની ખોટી સમજ દર્શાવે છે. કાદંબરીને એના ઉપર અનન્ય વિશ્વાસ છે માટે જ એ એની સાથે એકાંત શોધીને વાત કરવા આવી છે અને બોલે છે ત્યારે સૌથી પહેલું એ જ કહે છે.

૧૧. ૨૩મા કડવાના પાછલા ભાગમાં જે પ્રક્ષિપ્ત ભાગનો ભાલણે સમાવેશ કર્યો છે તે બધો હું કોઈ પ્રતમાં શોધી શકયો નથી એટલે મૂળનાં વચનો નહિ ઉતારી શકું. એમાં કાદંબરીની દશાના વર્ણનમાં એક પંકિત આ પ્રમાણે છે:

તૂઝનિ મ્યલવાનિ ભિઇ કરી
    હઇડિ જલિ શીંચિ સુંદરી. [૨૩ : ૧૮૪]

આમાં ‘ મ્યલવાનિ ’ શબ્દને લીધે પંક્તિ લગભગ નિરર્થક બની જાય છે. શ્રી કે. કા. શાસ્ત્રીનો અનુવાદ આમ છે : “ તમને મળવાના ભયે હૈયા ઉપર કાદંબરી પાણી છાંટે છે. ” (પૃ. ૧૨૪) અહીં ઔચિત્યનો વિચાર કરી શ્રી કે. હ. ધ્રુવે યોગ્ય રીતે જ ‘ બલવાનિ ’ પાઠ કલ્પ્યો છે અને ‘ તમે દાઝવાની બીકે ’ એવો અર્થ કર્યો છે. એ રીતે આખું વાક્ય સંગત બની રહે છે.

૧૨. એ ઉક્તિનાં છેવટનાં વચનો છે, તે ઉત્તર ભાગમાં કેયૂરકે આપેલા વૃત્તાંતનાં છેવટનાં વચનો છે. મૂળમાં એ ભાગ આ પ્રમાણે છેઃ વધારે શું કહું ? હવે તો આપને નામે એ સર્વ સખીજનોને બોલાવે છે, આપના સંબંધી ત્યાં સર્વ રહસ્ય ચાલે છે, **આપના સમાગમના ઉપાય શોધવા સારુ સર્વ મેળાવડા થાય છે,** આપના સમાચાર મેળવવા સર્વ પ્રશ્નો પુછાય છે, **આપનો જ વૃત્તાન્ત સર્વ પરિજન કહ્યાં કરે છે, આપનાં સંભાષણોથી જ બધા વિનોદો રચાય છે,** આપની આકૃતિ ચીતરવામાં જ ચિત્રકલાનો અભ્યાસ સમાઈ જાય છે, **આપને ઉપાલંભથી માગધોનાં સર્વ મંગલગીત ભરેલાં હોય છે,** સ્વપ્નો પણ આપના મિલનની પુનરુક્તિરૂપ જ હોય છે; મદનજ્વરની બળતરાથી કરાતા બધા પ્રલાપો પણ આપના પરિહાસરૂપ જ હોય છે, મહા મૂર્છાઓ આપના નામગ્રહણરૂપી એકમાત્ર ઉપાયથી મટી શકે છે. આનો સંક્ષેપ ભાલણે આ પ્રમાણે કરેલો છે :

સખી સવે થઈ છિઇ સુજાણ,
    જિહાં તિહાં બોલિ ગમતી વાણિ.
વાત કરિ [તુ] તુહ્માારી કથા,
    બીજી નહીં કાંઈ સર્વથા.
જાતાં વલતાં તમારું નામ,
    તમ્હ મન મિલવાના વિશ્રામ.
ભેદ ઉપાય કરીનિ કહિ
    યેહ હૃદિમાંહિ અતિ સહિ,
તમનિ વિદેશીનિ વિનોદ
    યમ તેહનિ ઉપજિ મોહ.
તહ્મનિ ઉલંભાનાં ગીત .
    ગાઇનિ ઊપાઇ પ્રીતિ. [૨૩ : ૧૮૮–૯૧]

આ ખંડમાં ‘ તમ્હ મન મિલવાના વિશ્રામ, ભેદ ઉપાય કરિની કહિ યેહિ હૃદિમાંહિ અતિ સહિ ’ એનો અર્થ બેસાડતાં મુશ્કેલી પડે છે. હું ધારું છું કે એ ભાગ ‘ આપના સમાગમના ઉપાય શોધવા સારુ સર્વ મેળાવડા થાય છે, ’ એ ભાગ ઉપરથી રચાયો છે, પણ ગોટાઈ ગયો છે. શ્રી કે. કા. શાસ્ત્રીએ એનો અનુવાદ આ રીતે કર્યો છે : “ તમને મળવાની મનમાં છેલ્લી વાત છે. હૈયામાં ખૂબ સહન કરી શકે તે રીતે ભેદની વાતો કરીને વાતચીત કરે છે. ” (પૃ. ૧૨૪) શ્રી કે. હ. ધ્રુવને

" અર્થ બંધ ન બેસવાથી ક્ષેપક ભાગને અનુસરતા કલ્પિત પાઠ લેવા પડ્યા છે." (પૃ. ૩૪૫). તેમણે આ પ્રમાણે પાઠ કલ્પ્યો છે : " તહ્મ મિલવાના મનવિશ્રામ ભેદ ઉપાય સહી જેહ કહિ તેહ હૃદિ માંહિ અતિ ગ્રહિ " અને અર્થ આમ કર્યો છે : " એના મનને સુખ ઉપજાવનારા [મન-વિશ્રામ] અનેક પ્રકાર[ભેદ]ના તમારા સમાગમના [તહ્મ મિલવાના] ઉપાય જે સખીઓ કહે છે, તે એ બહુ જ [અતિ] હઇયે ધરે છે." (પૃ. ૩૪૫).

ઉપરની ચર્ચા અને ઉદાહરણો ઉપરથી ભાલણની સંક્ષેપ કરવાની પદ્ધતિનો ખ્યાલ આવ્યો હશે. એ ઝાઝી ઝીણવટમાં ઊતર્યા વગર કથાનો દોર સચવાય એ રીતે વર્ણનો અને ઉક્તિઓને ટૂંકાવે છે. એમાં કેટલીકવાર અતિસંક્ષેપને કારણે અર્થ સમજવાની મુશ્કેલી પડે છે. વળી કેટલીક-વાર એ દેશીઓને પ્રવાહી છંદની જેમ વાપરે છે, એટલે કે અર્થને કડી બહાર રેલાવા દે છે અને ત્યારે કોઈ વાર અન્વય બેસાડવામાં મુશ્કેલી પડે છે. મેઘનાદને મહાશ્વેતા-કાદંબરીને પહોંચાડવાનો સંદેશો કહી ચંદ્રાપીડ ઉજ્જયિની આવવા નીકળે છે તે પ્રસંગનું વર્ણન જુઓ :

એહવું કહીનિ તેણી વાર
વૈશંપાયન સ્કંધાવારિ. ૪૯
મેહેલિની રાજા નીસર્યું,
પત્રવાહક સાથિ પરવર્યો. [૨૩ : ૪૯-૫૦]

અહીં અર્થ ૪૯મી કડીમાંથી ઊભરાઈને ૫૦મી કડીમાં વહી આવે છે. વૈશંપાયનને છાવણીમાં મૂકીને રાજા નીકળ્યો. અહીં અર્થ સમજવામાં મુશ્કેલી પડતી નથી. પણ ઉત્તર ભાગમાંની આ પંક્તિઓ જુઓ :

કાદંબરીનિ વચનિ આવી
હૃદયિ ગ્રહ્યુ નરેશ;
કોપિ આવી કંઠિ ઝાલ્યુ,
જીવિતવ્ય નિવેશ. ૨૫
અધરિ વેપથુ, સ્ફુરણ નાસિકા,
મુખિ તાં નિશ્વાસ,
નયનિ આંસૂ એહિ કાલિ;
બોલિ વચન પ્રકાશ. ૨૬ [ઉ. ૨ : ૨૫-૨૬]

આમાંની પહેલી કડીનો અર્થ શ્રી. કે. હ. ધ્રુવે આ પ્રમાણે કર્યો છે : " કાદંબરીનાં વચન પત્ર-લેખાને મુખે સાંભળી ચંદ્રાપીડનું હૃદય અત્યંત ક્ષુબ્ધ બન્યું. તેને પોતાના જીવતર ઉપર એવો વિદ્વેષ ઊપજ્યો કે તેના પ્રાણ કંઠે આવ્યા અને માત્ર જીવ જવો જ બાકી રહ્યો. જીવિતવ્ય = જીવ, પ્રાણ. નિવેશ = સ્થાન, અવસ્થાન. " (પૃ. ૧૨૩)

મૂળ સંસ્કૃત જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે આ અર્થ બરાબર નથી. अथ कादम्बरी-शरीरादिवालापदैरेव सहागत्य युगपद्गृहीतो हृदये मन्युना, कण्ठे जीवितेन, अधरपल्लवे वेपथुना, मुखे

श्वसितेन, नासाग्रे स्फुरितेन, चक्षुषि बाष्पेण तुल्यवृत्तिर्भूत्वा कादम्बर्याः क्षरद्बाष्पविक्षेपपर्याकुलाक्षरमुच्चैः प्रत्युवाच—અર્થાત્ "પછી જાણે કાદંબરીના શરીરમાંથી દુઃખમય વચનોની સાથે જ આવેલા ક્રોધે તેને હૃદય આગળથી, જીવિતે કંઠ આગળથી, નિશ્વાસે મુખ આગળથી, સ્ફુરિતે નાસાગ્રથી અને અશ્રુએ ચક્ષુથી પકડયો. કાદંબરીના જેવી જ વૃત્તિવાળો થઈને અશ્રુપાતને લીધે ગદ્ગદ કંઠે તે મોટેથી બોલવા લાગ્યો." આ જોતાં ઉપરની પંક્તિઓનો એવો અર્થ કરવો જોઈએ કે કાદંબરીના વચનથી આવીને કોપે રાજાને હૃદયમાં પકડયો અને જીવિતે આવી કંઠમાં ઝાલ્યો અને ત્યાં જ વાસ કર્યો. વેપથુએ અધરમાં, સ્ફુરણે નાસિકામાં, નિશ્વાસે મુખમાં અને આંસુએ આંખોમાં એ વખતે તેને ઝાલ્યો અથવા સ્થાન લીધું. આવી સ્થિતિમાં તે પ્રગટપણે વચનો બોલ્યો.

અહીં તો કડીની બહાર પણ અર્થ ગયો નથી, પણ પહેલી પંક્તિમાં જેટલા શબ્દો અર્થનો અમુક ખંડ દર્શાવવા આવવા જોઈએ તેટલા આવી શકયા નથી એટલે અર્થ પકડવામાં મુશ્કેલી પડે છે. વાકયખંડ બીજી પંક્તિમાંના 'કોપિ આવી' આગળ પૂરો થાય છે, એ જો પકડાય તો પછી બાકીનું સરળ છે. 'આવી' શબ્દ બે વાર આવ્યો છે એથી પણ ગોટાળો થાય છે.

[૪]

શ્રી કે. કા. શાસ્ત્રીનો પૂર્વભાગનો અનુવાદ

હવે હું શ્રી કે. કા. શાસ્ત્રીએ કરેલા ભાલણની કાદંબરીના પૂર્વ ભાગના અનુવાદ વિશે થોડું કહેવા માગું છું. કાદંબરી એ રાજદરબારની કથા છે. એમાં આવતાં બધાં મુખ્ય પાત્રો રાજદરબારમાં ફરનારાં, સંસ્કારી, શિષ્ટાચાર પાળનારાં અને વાણીમાં ખૂબ વિનય અને મર્યાદા જાળવનારાં છે. બધા જ સંવાદોમાં એક પ્રકારની સસ્કારિતાની સૌરભ મઘમઘ્યા કરે છે. ગ્રામ્યતાની તો છાયા સુધ્ધાં જોવા મળતી નથી. વળી, આખા કાવ્યમાં એક પ્રધાન વિશેષ એની વાણી છે. એવા ગ્રન્થના અનુવાદમાં જો એ વસ્તુ જ નજર બહાર રહે તો વાકયોનો સ્થૂલ અર્થ કદાચ પામીએ પણ કૃતિનો પ્રાણ ન મળે.

શ્રી કે. કા. શાસ્ત્રીના અનુવાદમાંથી કેટલાક ઉતારા મારે ઉપરની ચર્ચાને અંગે પ્રસંગોપાત્ત આપવાના થયા છે, તે ઉપરથી પણ આ અંગે કેટલોક ખ્યાલ આવે એમ છે. અહીં હું બીજી એક-બે વાત ઉપર ભાર દેવા માગું છું. એક તો એ કે આ અનુવાદમાં એમના જેવા આરૂઢ વિદ્વાન પાસે અપેક્ષા રહે એટલી ઝીણવટભરી ચોકસાઈ જોવામાં આવતી નથી. આથી અનેક સ્થળે અર્થ વિકૃત થઈ ગયો છે.

૧. કેયૂરક કાદંબરીનો સંદેશ મહાશ્વેતાને કહે છે તેમાં આવે છે કે :

બાઈ! તહ્નોએ શૂં કાહાવ્યૂં છિ
માં[હા]રી મન પરીક્ષા કરવા,
અથવા ઉલંભુ એ મૂહિ
ધિરિ રહ્યાનુ વરવા.

અર્થ સ્પષ્ટ છે: તમે મારા મનની પરીક્ષા કરવા આ કહેવડાવ્યું છે? અથવા મેં ઘેર રહેવાનું પસંદ કર્યું એ માટે મને આ ઠપકો છે? શ્રી શાસ્ત્રીજીએ બીજી પંક્તિનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે: "કે પરણવાને માટે હું ઘેર રહી છું એનો મને ઠપકો આપવાનો છે..." (પૃ. ૯૩) મૂળ સંસ્કૃતમાં પણ આ ભાગ તદ્દન સ્પષ્ટ છે: **किमिदं मच्चित्तपरीक्षणम्? किं गृहनिवासापराधनिपुणोपालम्भः?**

૨. કાદંબરીનો આ સંદેશો ભાલણે અનુવાદમાં યોજેલી પ્રવાહી પદ્યરચનાનો સારો નમૂનો છે:

આપણા સુખનિ કાજિ બાઈ!
લંપટતા મનિ આણિ. ૩૮
તે મુઝનિ સુખ કિહાંથી થાશિ,
જિ મિઇ તાહારિ કાજિ
ગુરુ તણાં વચન તાં લોપ્યાં.
લોક તણી તાં લાજિ ૩૯
તે પરણિ કિહાંથી સુખ થાશિ?
વલી મ કહિશુ અમનિ.

અર્થ આ પ્રમાણે છે: પોતાના સુખને માટે હું મનમાં લંપટતા લાવું તે મને સુખ ક્યાંથી થાય? જે મેં તારે ખાતર વડીલોનાં વચન માન્યાં નહિ તે હું જો લોકલાજને ખાતર પરણું તો શી રીતે સુખી થાઉં? હવે મને ફરી કહેશો નહિ. શ્રી શાસ્ત્રીજીનો અનુવાદ આ પ્રમાણે છે: "મને પોતાને સુખ થવા માટે તું મનમાં મારે માટે લંપટતા લાવી રહી છે. તારે માટે મેં વડીલોની આજ્ઞા ન માની તે મને સુખ ક્યાંથી થવાનું હતું? લોકની શરમે હું લગ્ન કરું તો મને સુખ ક્યાંથી થવાનું?" (પૃ. ૯૪) આમાંનો કેટલોક ગોટાળો પ્રવાહી રચના છે એ હકીકત ન પકડવાને કારણે વાક્યખંડોનો સંબંધ બરાબર ન પકડવાથી થયો હોય એમ લાગે છે.

૩. કાદંબરીએ મોકલેલો હાર ચંદ્રાપીડને આપતાં મદલેખા કહે છે:

અર્પે છિ કાદંબરી એ
રત્નભૂષણ સાર.
એમ કરીનિ જાણવૂં જે
દેહનૂ સંસ્કાર. [૨૦: ૫૮]

અર્થ એવો છે કે કાદંબરી આ સુંદર રત્નભૂષણ અર્પે છે એને આપ દેહનો શણગાર માની લેજો. શ્રી. શાસ્ત્રીજીએ આ પ્રમાણે અર્થ કર્યો છે: "**રત્નરૂપ** આ ઘરેણું કાદંબરી અર્પણ કરે છે. એમ કરી **જાણે કે દેહનું પણ અર્પણ કરે છે.**" (પૃ. ૧૦૫) મૂળમાં અર્થ સ્પષ્ટ છે: यद्यपि **गुणगणाभरणभूषिताङ्गयष्टयो भवादृशाः क्लेशहेतुमितरजनबहुमतमाभरणभारमङ्गेषु नारोपयन्ति, तथापि कादम्बरीप्रीतिरत्र कारणम्।** અર્થાત્ જોકે આપ જેવા ગુણોરૂપી આભૂષણોથી ભૂષિત દેહવાળા પુરુષો ઇતર જનને વહાલાં આભૂષણોનો ભાર શરીર ઉપર ધારણ કરતા નથી તેમ છતાં અહીં (આ હાર ધારણ કરવામાં) કાદંબરીનો પ્રેમ એ જ કારણ છે.

૪. કાદંબરી અગાસીએ ચડી જે ચેષ્ટાઓ કરે છે તેના વર્ણનમાં એક કડી આ પ્રમાણે છે:

કેશ છૂટિ, કુસુમ ત્રૂટિ;
કરિ કરિ પુષ્પાંજલિ,
તે ગંધ લેવા મિશિ જાણે
પ્રણામ કરિ વલી વલી. [૨૧: ૭]

અર્થ આમ છે: કેશ છૂટી જાય છે, ફૂલો તૂટી પડે છે, તે ફૂલોને એ હાથના ખોબામાં લઈ લે છે અને તેની સુગંધ લેવાને બહાને વારે વારે પ્રણામ કરે છે. ફૂલોનો ભરેલો ખોબો અને તેને સૂંઘવા નમાવેલું માથું—એ પ્રણામનું સુંદર ચિત્ર છે. એને બદલે શાસ્ત્રીજીએ આમ અનુવાદ કર્યો છે. "કેશ છૂટી જાય છે, ફૂલો તૂટી પડે છે; હાથથી ફૂલોના ખોબા નાખે છે. એ નાખેલાં ફૂલોની સુગંધ લેવાને બહાને જાણે કે વારંવાર પ્રણામ કરી રહી છે." (પૃ. ૧૦૬)

૫. ચંદ્રાપીડ કાદંબરીને મળીને છાવણીમાં આવ્યો તેને બીજે જ દિવસે કેયૂરક સંદેશો લઈને આવે છે તે પ્રસંગનું વર્ણન:

ઊઠી આઘુ તેડિઉ નિ
આલિંઘન દેઈ [ઈ]શ
સમીપિ આસન બિસાર્યું [૨૨: ૨૭–૨૮]

અર્થ સ્પષ્ટ છે: રાજકુમારે ઊઠીને પાસે લઈને આલિંગન દઈને તેને આસન ઉપર બેસાડચો. શાસ્ત્રીજીએ આમ અર્થ કર્યો છે: "રાજકુમાર ઊભો થઈ એને છેટે લઈ ગયો અને પ્રેમથી ભેટીને નજીક આસન ઉપર....બેસાર્યો." (પૃ. ૧૧૦) મૂળમાં આ પ્રમાણે છે: दूरादेव च क्षितितलस्पर्शिना मौलिना कृतपादपतनम्, 'एह्येहि' इत्युक्त्वा प्रथममपाङ्गवर्षिणा चक्षुषा, ततो रोमोद्गमेन, पश्चाद्भुजाभ्यां प्रधावितः निभृतमालिलिङ्ग गाढम्। उपवेशयच्चात्मनः समीप एव. અર્થાત્ કેયૂરકે દૂરથી જ મસ્તક વડે ભૂમિને સ્પર્શ કરી પ્રણામ કર્યા એટલે—'આવ આવ' એમ કરી ચંદ્રાપીડે પ્રથમ ખૂણા તરફ જતી આંખો વડે, પછી હૃદય વડે, પછી રોમોદ્ગમ વડે અને છેલ્લે બાહુ વડે દોડીને તેને ગાઢ આલિંગન દીધું તથા પોતાની પાસે જ બેસાડચો.

૬. ચંદ્રાપીડ કાદંબરીને હિમગૃહમાં જુએ છે ત્યારનું વર્ણન:

અંગદ વ[લ]ય નિ નૂપુર હાર
મૃણાલ તાં કીધાં છિ નારિ, [૨૩: ૫]

એણે અંગદ વલય નૂપુર અને હાર મૃણાલનાં કરેલાં છે, એવો અર્થ છે. શાસ્ત્રીજીએ "કાદંબરીએ બાજુબંધ ચૂડીઓ ઝાંઝર હાર અને કમળતંતુઓ પહેરેલાં છે." (પૃ. ૧૧૨) એવો અર્થ કર્યો છે. શ્રી કે. હ. ધ્રુવે અહીં 'તાં'ને સ્થાને 'નાં' કરી લીધું છે એટલે અર્થ તદ્દન સ્પષ્ટ થઈ જાય છે. મૂળ સંસ્કૃત ખંડ ઉપરની ચર્ચામાં ઉતારેલો છે. એટલે ફરી ઉતારતો નથી.

૭. ચંદ્રાપીડ કાદંબરીને પહેલી વાર જુએ છે ત્યારે તેને થયેલા આનંદનું વર્ણન:

રાયકુંવર કાદંબરી દીઠિ
હઈઅડિ થ્યુ ઉલ્હાસ;
યમ ઉદધિ વાધિતાં અતિ ઘન
જોઈ ચંદ્ર પ્રકાશ. [૧૮: ૯૪]

બીજા ચરણમાં 'વાધિતાં 'ને સ્થાને 'વાધિ તાં ' એમ પાઠ લેવો જોઈએ. અર્થ સ્પષ્ટ છે: જેમ ચંદ્રનો પ્રકાશ જોઈને ઉધધિ ખૂબ ઊછળે છે, તેમ કાદંબરીને જોઈને રાજકુંવરનું હૃદય ઉલ્લાસ પામ્યું. શાસ્ત્રીજીએ આમ અર્થ કર્યો છે: "જે પ્રમાણે સાગરને જોતાં ચંદ્ર ખૂબ જ પ્રકાશી ઊઠે તે પ્રમાણે. . " (પૃ. ૯૭) આમાં સાગર અને ચંદ્રનાં સ્થાન ઊલટાં થઈ ગયાં છે એ ખ્યાલમાં રહ્યું નથી.

આવા બધા દોષો સહેજ ચોકસાઈથી નિવારી શકાયા હોત. બીજું, આખા અનુવાદમાં સાહિત્યની સૌરભ ઓછી જ વરતાય છે. અનુવાદ આહ્લાદક જવલ્લે જ લાગે છે. બલકે કોઈ ઠેકાણે આઘાતક લાગે છે કાદંબરીના ભવનમાં મેનાપોપટનો ઝગડો થાય છે તેમાં ચંદ્રાપીડ મેનાને પાણી ચડાવે છે ત્યારે અંતે પોપટ કહે છે કે એ તો રાજસભામાં રહેલી છે અને બહુ ચતુર છે. એ કંઈ

વીટ-ભાષણની ભૂમિ નુહિ
બોલિ છિ જે મર્મ [૧૯: ૫૩]

તમે એની સાથે આમ મર્મમાં બોલો છો તે એ કંઈ કામુકોનાં વચનોનું સ્થાન નથી. અહીં એ યુક્તિ સફળ નહિ થાય, એવો અર્થ છે. શાસ્ત્રીજી એનો અનુવાદ "**છિનાળવાનાં** વેણનું એ પાત્ર નથી" એવો કરે છે, તે વાગે છે.

શાસ્ત્રીજી જેવા વિદ્વાને આ અનુવાદ કર્યો જ તો જરા વધારે સમય અને શ્રમ લઈને એને શબ્દયોજનાની બાબતમાં આ કૃતિને અનુરૂપ શિષ્ટતા, સંસ્કારિતા અને શાલીનતા અને અર્થની બાબતમાં વધુ ચોકસાઈ જાળવવાનો પ્રયત્ન કરવો જોઈતો હતો.

[૫]

ભાલણની કાદંબરીનાં બે સંપાદનો

અંતે બે શબ્દો ભાલણની કાદંબરીનાં બે સંપાદનો વિશે.

ભાલણની કાદંબરીની એક જ પ્રત ઉપલબ્ધ છે, એટલે એમાં ભિન્નભિન્ન પ્રતોનાં પાઠાન્તરો જોઈ સરખાવી તેમાંથી પસંદગી કરવાનો પ્રશ્નો ઉપસ્થિત થતો નથી. તેમ છતાં, કાદંબરી અનુવાદ હોઈ, જ્યાં જ્યાં પ્રતમાંના પાઠ ઉપરથી અર્થ કરવામાં મુશ્કેલી આવતી હોય ત્યાં ત્યાં મૂળ સાથે એટલે કે સંસ્કૃત કાદંબરી સાથે સરખાવી મળેલી પ્રતના પાઠ અંગે વિચાર કરવાને અવકાશ રહે. અને એ દૃષ્ટિએ વિચારીએ તો શ્રી કે. હ. ધ્રુવે આ બાબતમાં ભારે પરિશ્રમ ઉઠાવ્યો છે અને ઘણું સંશોધન કર્યું છે. એમણે કાવ્યના એકે એક શબ્દને વિશે જે ઝીણવટપૂર્વક વિચાર કર્યો છે અને આખા કાવ્યની સંગતિ સાધવા જે જહેમત ઉઠાવી છે, તે જોઈને આદર ઊપજ્યા વગર રહેતો નથી. શાસ્ત્રીજીએ એ દૃષ્ટિએ જોતાં કશું જ કર્યું નથી એમ કહીએ તો ચાલે.

જોકે એમણે પણ ક્યાંય પાઠ કલ્પીને મૂકયો જ નથી એમ નથી. પૃ. ૫૨ ઉપર એમણે ‘ઉત્પતિ’નું ‘ઉત્પત્તિ’ કર્યું છે પણ એ બરાબર નથી. એમણે પોતે જ અનુવાદ કરતી વખતે ફરી ‘ઉત્પતિ’ પાઠ લીધો છે. પૃ. ૧૫૦ ઉપર એમણે ‘મિશ્ર’ને સ્થાને ‘મિષ્ટ’ કર્યું છે, તે પણ ઉચિત નથી. ત્યાં ‘મિશ્ર’ પાઠ જ સાચો છે, એ ઉપરની ચર્ચા દરમ્યાન કહેવાઈ ગયું છે. એકંદરે એમણે પાઠોના ઔચિત્ય અંગે વિચાર કર્યો હોય એવાં સ્થાન બહુ ઓછાં છે.

પોથીમાંના પાઠ જ્યાં સ્પષ્ટપણે ખોટા લાગે એવા હતા ત્યાં પણ એમણે મૂળ સંસ્કૃત સાથે સરખાવી તેનો વિચાર કર્યો નથી એટલું જ નહિ, અનુવાદ કરતી વખતે પણ એ પાઠો અંગે સંશોધન કરવાને બદલે તેને જ અનુસરીને અનુવાદ કર્યો છે એટલે અનુવાદમાં અસંગતિ આવી છે. આવાં સ્થાનોમાં પૃ. ૧૬૩ ઉપર ‘મ્યલવાનિ’ને સ્થાને અર્થની સંગતિ વિચારતાં ‘બલવાનિ’ કરવું જોઈએ એમ લાગે છે, એ ઉપર કહેવાઈ ગયું છે. એમણે અનુવાદ કરતી વખતે પણ એ શકયતા વિચારી નથી. એ જ રીતે પૃ. ૧૫૫ ઉપર ‘વેગિકા’ને સ્થાને એમણે ‘વેગિકાં’ કર્યું છે પણ મૂળ સંસ્કૃત સાથે જો સરખાવ્યું હોત તો ત્યાં શ્રી કે. હ. ધ્રુવની પેઠે ‘વેદિકા’ પાઠનો એમને વિચાર આવ્યો હોત. પૃ. ૧૨૨ ઉપર ‘સખી’ પાઠ છે ત્યાં લહિયાએ કે કોઈ બીજાએ હાંસિયામાં ‘ખી’ને સ્થાને ‘તી’ સૂચવી ‘સતી’ પાઠ સૂચવ્યો તે મને એ પ્રસંગ જોતાં વધારે સારો લાગે છે. પૃ. ૧૧૫ ઉપર ‘મુઝ’ પાઠને લીધે સંગત અર્થ કરતાં મુશ્કેલી પડે છે એ આગળ ચર્ચાઈ ગયું છે. પૃ. ૬૧ ઉપર

ઝૂઝિ કાયાયષ્ટિ અપાર,
જાણે ત્રસ્ત મનોભવ પ્રાહાર. [૧૩ : ૧૮૭]

એવો પાઠ છે. તેમાં ‘ઝૂઝિ’નું ‘ધ્રૂજિ’ લઈ ‘કામદેવના પ્રહારના ત્રાસથી મારી દેહયષ્ટિ ખૂબ ધ્રૂજતી હતી’ એવો અનુવાદ થઈ શકત. તેને બદલે એમણે આ પ્રમાણે અનુવાદ કર્યો છે: “જાણે કે કામદેવના મારથી ત્રાસ પામી હોય તે રીતે મારી કાયા રૂપી લાઠી ખૂબ યુદ્ધ કરી રહી છે.” (પૃ. ૭૦) ઉપર આપણે જોઈ ગયા કે ‘પૃ. ૧૨૯ ઉપર’ કાદંબરીઇ કર્યું ‘રાઇ પ્રણામ’ અને પૃ. ૧૩૩ ઉપર ‘કાદંબરી-વિરહિ થયુ’ એ પાઠો તે તે પ્રસંગે સંગત થતા નથી તેમ છતાં શાસ્ત્રીજીએ એનો વિચાર કર્યા વગર સીધો અનુવાદ આપ્યો છે. સંસ્કૃતનો સંદર્ભ જોઈ અસંગતિ ટાળી શકાત.

કેટલીક જગ્યાએ શબ્દો તોડવામાં ચૂક થઈ છે. પૃ. ૧૨૫ ઉપર:

નલિનિકા, લિ કમલ-મધુરસ,
ભવનહંસ નિપાઓ. [૧૮ : ૭૭]

એમ છપાયું છે અને અનુવાદમાં અર્થ પણ એને અનુસરીને કર્યો છે: “અરે નલિનિકા, કમલનો મીઠો રસ લે અને **ઘરમાં હંસ ચીતરી કાઢ.**” (પૃ. ૯૬) એ ખોટો છે. અહીં પાઠ આમ હોવો જોઈએ:

નલિનિકા, લિ કમલ મધુરસ,
ભવન-હંસનિ પાઓ.

અને એનો અર્થ, નલિનિકા, કમલીનો મધુરસ લઈને થરના હંસને પા ' એવો થાય. પૃ. ૧૨૭ઉપર પણ ' વાધિ તાં ' ને સ્થાને ' વાધિતાં ' પાઠ લીધો છે એટલે અર્થમાં ગરબડ થઈ છે એ ઉપર જોઈ ગયા. પૃ. ૧૪૫ ઉપર

પત્રલેખાનિ વૈશંપાયન
પૂછિ તાંહાની વાત [૨૨ : ૨૩]

એમ છે તેને બદલે

પત્રલેખા નિ વૈશંપાયન
પૂછિ તાંહાની વાત

એમ જોઈએ. શાસ્ત્રીજીએ અનુવાદ કરતી વખતે એ પ્રમાણે જ લીધું છે.

આમ એકંદરે જોતાં શ્રી. કે. હ. ધ્રુવે આખા કાવ્યના પાઠનો ખૂબ ઝીણવટથી અને વિગતે વિચાર કરેલો છે, અને પોતે કલ્પેલા અને પોતાને અસ્વીકાર્ય લાગેલા પાઠોની ટિપ્પણમાં ચર્ચા પણ કરેલી છે, એ અભ્યાસીને પાઠવિચારની સારી તાલીમરૂપ થઈ પડે એમ છે. તે ઉપરાંત, એમનાં ટિપ્પણોમાં કાવ્યને સમજવા માટે આવશ્યક એવી જે આનુષંગિક માહિતીઓ છે, અને વ્યાકરણ અને ભાષાને લગતી જે નોંધો છે, તે પણ ખૂબ ઉપકારક થાય એવી છે. એ બધા વગર ભાલણની કાદંબરીનો અભ્યાસ ઊણો જ રહે એ સહેજે સમજાય એમ છે. આમ, એમણે આપણા મધ્યકાલીન સાહિત્યના એક મહત્ત્વના ગ્રંથના સર્વાંગીણ અભ્યાસ પાછળ જે અથાગ પરિશ્રમ ઉઠાવેલો છે, તેનો પરિચય અને લાભ આપણા ભાષાસાહિત્યના અભ્યાસીઓની તરુણ પેઢીઓને સતત મળતો રહે એટલા માટે એ ગ્રંથના એમના સંસ્કરણને આપણી યુનિવર્સિટીઓ પોતાના અભ્યાસક્રમમાં નિયત સ્થાન આપતી રહે, એમ થવું જોઈએ. અલબત, એ સંસ્કરણમાંનાં ' જાણે, ' ' પિઠુ, ' ' બિઠુ, ' વગેરે જેવાં ગણતર રૂપોને વિશે શ્રી. કે. કા. શાસ્ત્રીએ પોતાના સંસ્કરણની પ્રસ્તાવનામાં જે ચર્ચા કરેલી છે તે, તેમ જ ઉપરની ચર્ચા દરમ્યાન મેં જે ચર્ચવા જેવાં સ્થાનો બતાવ્યાં છે તે, તથા બીજા અભ્યાસીઓને એવાં બીજાં કોઈ સ્થાનો મળે તો તે બધાંને ધ્યાનમાં લેવા જોઈએ, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.*

* * *

ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની યાદી

૧. **કવિ ભાલણકૃત કાદંબરી—પૂર્વભાગ** સંપાદક : કે. હ. ધ્રુવ ૧૯૧૬

૨. **કવિ ભાલણકૃત કાદંબરી—ઉત્તરભાગ** સંપાદક : કે. હ. ધ્રુવ ૧૯૫૪

૩. **કવિ ભાલણકૃત કાદંબરી—પૂર્વભાગ** સંપાદક : કે. કા. શાસ્ત્રી ૧૯૫૩

૪. **કવિ ભાલણકૃત ગુજરાતી કાદંબરી—પૂર્વભાગ : એક અધ્યયન** લેખક : કે. કા. શાસ્ત્રી ૧૯૬૪

૫. **ભાલણકૃત નલાખ્યાન** સંપાદક : કે. કા. શાસ્ત્રી ૧૯૫૭

* આખા લેખમાં ચર્ચાની સગવડ ખાતર ઉતારાઓમાં જાડાં બીબાં મેં કરાવ્યાં છે. —ન.

૬. **ભાલણ—એક અધ્યયન** લેખક : કે. કા. શાસ્ત્રી ૧૯૫૮

૭. **કાદંબરી**—ગુજરાતી ભાષાંતર : છગનલાલ હ. પંડ્યા ૧૯૨૪

૮. **કાદમ્બરી** (સંસ્કૃત) પરબ અને પણશીકર સંપાદિત. પાઠાંતરોવાળી ભાનુચંદ્ર અને સિદ્ધચંદ્રની ટીકા સાથેની નિર્ણય સાગર પ્રેસની આવૃત્તિ. ૧૯૩૨

૯. **કાદંબરી—પૂર્વભાગ** : (સંસ્કૃત) પંડિત શ્રીકૃષ્ણ મોહન શાસ્ત્રી, એમ. એ. સંપાદિત : ચૌખંબા સંસ્કૃત સીરીઝ ઓફિસની; પાઠાંતરો, સંસ્કૃત ટીકા અને હિંદી ભાષાંતરવાળી આવૃત્તિ. ૧૯૫૬

૧૦. **કાદંબરી**—(સંસ્કૃત) પીટર્સનના પાઠના ખંડ ૧૨૯ થી ૨૨૬. શ્રી કાણેની ટિપ્પણોવાળી અંગ્રેજી આવૃત્તિ. ૧૯૨૧

૧૧. **કાદંબરીસાર** (સંસ્કૃત)—મહાદેવ શિવરામ આપટે, અંગ્રેજી ટિપ્પણો સાથે. ૧૯૩૪

૧૨. **કાદંબરી** (મૂળ હિંદી ભાષાંતર) પંડિત રામતેજ શાસ્ત્રી, પંડિત પુસ્તકાલય, કાશી. ૧૯૬૬

સંસ્કૃત પ્રત્યય '°ત્ય', ગુજરાતી '°ચા'

હરિવલ્લભ ચૂનીલાલ ભાયાણી

[૧]

'ત્ય' પ્રત્યય વૈદિક ભાષા અને સંસ્કૃતમાં ક્રિયાવિશેષણ ઉપરથી વિશેષણ સાધે છે.[૧] અર્થ સામાન્યતઃ 'નિર્દિષ્ટ સ્થાનનું', 'નિર્દિષ્ટ સ્થાનમાં હોતું કે થતું' એવો થાય છે. આ રીતે સાધિત શબ્દોમાં

નિ—નિત્ય, નિસ્—નિષ્ટ્ય, અપ—અપત્ય

એ સૌથી પ્રાચીન છે, કેમ કે ઇતર ભારતયુરોપીય ભાષાઓમાં તેમના સમાન્તર શબ્દો મળે છે. એમના ઉપરાંત

અમા—અમાત્ય, આવિસ્—આવિષ્ટ્ય, *સનુ—સનુત્ય તથા જરા પાછળથી

અન્યતઃ—અન્યતસ્ત્ય, અન્તઃ—અન્તસ્ત્ય, તત્ર—તત્રત્ય

એ વૈદિક ભાષામાં મળે છે. દીર્ઘ સ્વર પછી આવતો 'ત્ય' 'તિય' રૂપે બોલાતો.

પાણિનિ (°૪, ૨, ૧૦૪) અવ્યયોને 'ત્ય' પ્રત્યય લાગી વિશેષણો સિદ્ધ થયાની નોંધ લે છે અને મહાભાષ્યાદિ જણાવે છે કે આ રીતે 'અમા', 'ઇહ', 'ક્વ', 'દૂરે', 'નિ', 'નિઃ', ઉપરથી તથા '°ત્ર' અને '°તઃ'વાળાં ક્રિયાવિશેષણો ઉપરથી શબ્દો સિદ્ધ થાય છે. સંસ્કૃત સાહિત્યમાં

અપત્ય, અમાત્ય, તત્રત્ય, નિત્ય, નિષ્ટ્ય, ઇહત્ય, કુતસ્ત્ય, યતસ્ત્ય, કુત્રત્ય, તતસ્ત્ય, યત્રત્ય, ક્વત્ય

વપરાયા છે. એક શિલાલેખમાં 'ઇતસ્તતસ્ત્ય' મળે છે. ઉપરાંત પાણિનિએ (૪, ૨, ૧૦૫) નોંધેલાં પણ સાહિત્યમાં ન મળતાં

ઐષમઃ—ઐષમસ્ત્ય, શ્વઃ—શ્વસ્ત્ય, હ્યઃ—હ્યસ્ત્ય

એમનો ઉલ્લેખ કરી શકાય. પાછળના સંસ્કૃતમાં

પ્રાતઃ—પ્રાતસ્ત્ય

એવો પ્રયોગ મળે છે.

વળી પાણિનિએ (૪, ૨, ૯૮) ઉદાત્ત સ્વર ધરાવતા 'ત્ય' પ્રત્યયનું સ્થળવાચક ક્રિયા-વિશેષણો માટે વિધાન કર્યું છે. આ અનુસાર

૧. 'ત્ય'ના વૈદિક અને સંસ્કૃત સાહિત્યગત પ્રયોગોને લગતી માહિતી આલ્બેર્ત દેબ્રુનેરના 'આલ્તિન્દિશે ગ્રામાતિક', ખંડ ૨, ભાગ ૨ ('દી નોમિનાલ સુફિક્સે') §§ ૫૧૩–૫૧૪ ઉપરથી લીધી છે.

દક્ષિણા—દાક્ષિણાત્ય, પશ્ચાત્—પાશ્ચાત્ય, પુરઃ—પૌરસ્ત્ય
થાય છે અને જૈનસંસ્કૃતમાં 'કુતસ્ત્ય' મળે છે.

'ત્ય'નું વિસ્તૃત સ્વરૂપ 'ત્યકા' (પાણિનિ, ૫, ૨, ૩૪)

અધિ—અધિત્યકા, ઉપ—ઉપત્યકા
એ શબ્દોમાં મળે છે.

વૈદિક ભાષામાં તેમ જ સંસ્કૃતમાં 'ત્ય' પ્રત્યય નામ કે સર્વનામને લાગતો દેખાતો નથી. વિરલ અપવાદો છે ખરા. યાસ્ક નિરુક્તમાં (૬, ૧૩) 'નાસત્ય' શબ્દ 'નાસિકાપ્રભવ' એમ સમજાવે છે, ત્યારે તેની સમક્ષ 'નાસકત્ય' એવું જ પૃથક્કરણ છે, અને મહાભારતમાં આ નિરુક્તિનું સમર્થન છે. એ સાચી નથી, છતાં 'ત્ય' પ્રત્યયના એ રીતે કરી શકાતા ઉપયોગની દ્યોતક છે.

[૨]

બૌદ્ધ સંસ્કૃતમાં 'એકત્ય' પ્રચલિત છે[૧] તેના મૂળમાં છે પાલિ 'એકચ્ચ'. ચૌદમી સદીના જૈન સંસ્કૃતમાં 'ત્વત્' ઉપરથી 'ત્વત્ય' (= તારું) વપરાયો છે.[૨]

પણ વિશેષે તો 'ત્ય' પ્રત્યયનું પ્રસરણ સ્થળવાચક નામોને અનુલક્ષીને થયું છે. અશોકના ગિરનારલેખમાં (૧૧, ૪) 'ઇલોકચ' (= આ લોકનું) એવો પ્રયોગ મળે છે તેના મૂળમાં 'ઈહલોક' અને 'ત્ય' પ્રત્યય છે.

જેમ સર્વનામ 'ત્વત્'ને 'ત્ય' લાગ્યાનું ઉદાહરણ જૈન સંસ્કૃતમાંથી મળે છે, જેમ સ્થળવાચક નામને 'ત્ય'માંથી થયેલો 'ચ્ચ' પ્રત્યય લાગ્યાનું ઉદાહરણ ગિરનારલેખની ભાષામાંથી મળે છે, તેમ પાછળના સમયમાં સ્થળવાચક નામને 'ત્ય' પ્રત્યય લાગ્યાનાં થોડાંક ઉદાહરણો ગુજરાતના ચૌલુક્યકાલીન અભિલેખો અને જૈન પ્રબંધોના સંસ્કૃતમાંથી મળે છે.

ભીમ બીજાના ૧૨૩૨ના તામ્રશાસનમાં 'સલખણપુરેત્ય' (= સલખણપુરમાં આવેલા, સલખણપુરમાંના, સલખનપુરસ્થ) પ્રયોગ છે.[૩] શત્રુંજય પરના ૧૨૪૨ના એક (હાલમાં લુપ્ત) શિલાલેખની દસ્તાવેજી નકલમાં 'ભૃગુકચ્છેત્ય' (= ભૃગુકચ્છમાં આવેલો), 'ભાલિજેત્ય' (= ભાલેજમાંના) અને 'ધવલક્કક–મધ્યેત્ય' (= ધોળકા મધ્યે રહેતા) એમ ત્રણ પ્રયોગ

---

૧. 'એકત્ય'ના પ્રયોગો એજર્ટન, 'બુદ્ધિસ્ટ હાઈબ્રિડ સંસ્કૃત ડિક્શનેરી' (૧૯૫૩)માં આપેલા છે.

૨. ભાવદેવસૂરિકૃત પાર્શ્વનાથચરિત (૧૩૫૯), ૩,૪૬૫; બ્લૂમફિલ્ડ 'શાલિભદ્રચરિત', જર્નલ ઓવ દ અમેરિકન ઓરિએન્ટલ સોસાયટિ, ૪૩, ૧૯૨૩. પૃ. ૨૯૭.

૩. सलखणपुरेत्य श्रीआनलेश्वर श्रीसलखणेश्वरदेवयोः
('ઇન્ડિઅન એન્ટિકવરિ', ૬, ૨૦૪, પં. ૨-૩; ૧૮૭૭.)
'સલખણપુરમાં રહેલા શ્રી અનલેશ્વર અને શ્રી સલખણેશ્વર દેવના'.

મળે છે.[1] ૧૩૦૫માં રચાયેલા મેરુતુંગના 'પ્રબંધચિંતામણિ'માં (પૃ. ૧૨૦, પં. ૫) 'કાન્તીત્ય' (='કાંતીનગરીનો,' એટલે કે 'કાંચીનગરીનો') એવો પ્રયોગ છે.[2] આમાં લક્ષમાં રાખવાનું એ છે કે 'દૂરેત્ય,' 'સલખણપુરેત્ય,' 'ભૃગુકચ્છેત્ય'ને 'ધવલક્કક–મધ્યેત્ય'માં 'ત્ય' સપ્તમી એકવચનના રૂપને લાગ્યો છે—સીધો અંગને નહીં.

'ત્ય'નો મધ્યમ ભારતીય-આર્યમાં 'ચ્ચ' થાય, અને અશોકના ગિરનારલેખમાં 'ઇલોકચ' (='ઇલોકચ્ચ') મળે છે તે આપણે જોયું. શ્વેતાંબર આગમોની અર્ધમાગધી ભાષામાં 'ત્યાં ઉત્પન્ન' અને 'તે સાથે સંબંધ' એવાં અર્થમાં 'ચ્ચ' પ્રત્યય બે નામોને લાગેલો મળે છે: 'અગ્ગિચ્ચ' (< 'અગ્નિ + ત્ય' = આગ્નેય) શબ્દ 'અગ્નિ સંબંધી', 'દેવોની એક જાતિ', 'ગોત્રવિશેષ' એવા અર્થમાં મળે છે; (સ્થાનાંગ, જ્ઞાતાધર્મકથા વગેરે). દેવવિમાન-વિશેષનું 'અગ્ગિચ્ચાભ' નામ પણ મળે છે (સમાવાયાંગ). વળી 'દીવિચ્ચગ' (< 'દ્વીપે + ત્ય + ક' = દ્વૈપ્ય) શબ્દ 'દ્વીપમાં ઉત્પન્ન' એવા અર્થમાં વપરાયો છે; (જ્ઞાતાધર્મકથા). આમ 'અમુક સ્થાનનો'ને બદલે 'અમુક સ્થાનમાં ઉત્પન્ન', 'અમુક વસ્તુ સાથે સંબંધ' એવો અર્થવિસ્તાર સધાયો છે. આથી આગળ ષષ્ઠીને સ્વામિત્વવાચક અર્થમાં પણ એક પ્રયોગ છે: 'સગણિચ્ચિયા' (સ્થાનાંગ, નિશીથચૂર્ણિ) એટલે 'પોતાના ગણ કે ગચ્છની શિષ્યા'. 'સ-ગણ'ને 'ઇચ્ચ' તથા સ્ત્રીલિંગ 'ઇયા' લાગીને શબ્દ સધાયો છે.

અગિયારમી શતાબ્દીના એક પ્રાકૃત કથાગ્રંથમાં 'અમ્હચ્ચ' (=અમારું, અસ્મદીય) અને 'તુમ્હચ્ચ' (=તમારું, યુષ્મદીય) એવા પ્રયોગ છે.[3] અહીં 'ચ્ચ' સર્વનામને લાગ્યો છે. આ સાથે ઉપર નોંધેલો 'ત્વત્ય' સરખાવી શકાય.

---

૧. तथा भृगुकच्छेत्य श्री शकुनिकाविहारचैत्ये श्रीजयसिंहसूरि (પૃ. ૧૪, પં. ૫-૬).
'તથા ભૃગુકચ્છમાં આવેલા શ્રી શકુનિકાવિહાર ચૈત્યમાંના શ્રી જયસિંહસૂરિ'.
तथा भालिजेत्य श्रीजिनेश्वरसूरिशिष्य श्रीरत्नप्रभसूरि (પૃ. ૧૪, પં. ૧૨).
'તથા ભાલેજના શ્રી જિનેશ્વરસૂરિ-શિષ્ય શ્રી રત્નપ્રભસૂરિ'.
धवलक्कमध्येत्य श्रीधर्मघोषसूरि (પૃ. ૧૪-૧૫ પં. છેલ્લી અને પહેલી).
'ધોળકા મધ્યેના શ્રી ધર્મઘોષસૂરિ'.

—ઉમાકાન્ત શાહ, 'જૈન શ્વેતામ્બર સંઘના ઇતિહાસનું એક ભુલાયેલું પ્રકરણ'—શ્રી મોહનલાલજી અર્ધશતાબ્દિ સ્મારક-ગ્રંથ, સંપા. મુનિશ્રી મૃગેન્દ્રમુનિજી, મુંબઈ ૧૯૬૪.

૨. कान्तीत्यसांयात्रिकस्य धनप्रतिनाम्नो यानपात्रे देवतातिशयवशात् स्खलिते (પૃ. ૧૨૦, પં. ૫-૬)
'કાન્તીના ધનપતિ નામના વહાણવટીનું વહાણ દેવતાના પ્રભાવે સ્ખલિત થતાં'.
પ્રબંધચિંતામણિ, સંપા૦ મુનિ જિનવિજય, સિંઘી જૈન ગ્રન્થમાળા ૧, ૧૯૩૩.

૩. મહેંદ્રસૂરિકૃત 'ણાણપંચમીકહાઓ'—સંપા. અ. સ. ગોપાણી, સિંઘી જૈન ગ્રન્થમાળા, ૨૫, ૧૯૪૯; ૧, ૩૨૯; ૮, ૬૯. ગ્રંથનો સમય અગિયારમી શતાબ્દીના આરંભનો છે. આ રૂપોની તથા ગ્રંથની ભાષાના વિવેચન માટે જુઓ મારો લેખ 'સમ ઈન્ટરેસ્ટિંગ ફિચર્જ ઓવ ધ પ્રાકૃત ઓવ ધ ણાણપંચમી-કહાઓ' ભારતીય વિદ્યા, ૧૨, ૧૯૫૧, ૧૫૩-૧૬૨ (વિશેષમાં પૃ. ૧૫૭).

હેમચંદ્રે સિદ્ધહેમના પ્રાકૃત વિભાગમાં 'અમ્હેચ્ચય' અને 'તુમ્હેચ્ચય' એ અનુક્રમે 'અસ્મદીય' અને 'યુષ્મદીય'ના અર્થમાં વપરાતા હોવાનું નોંધ્યું છે. (૮, ૨, ૧૪૯), અને કુમારપાલચરિતમાં તેમનો પ્રયોગ પણ કર્યો છે (૩, ૭૭).

'દીવિચ્ચગ'માં રહેલો ઇકાર 'દૂરેત્ય' વગેરેની જેમ સપ્તમીનો પ્રત્યય હોય. 'અમ્હેચ્ચય,' 'તુમ્હેચ્ચય'નો એકાર સાદૃશ્યમૂલક જણાય છે.

મધ્યકાલીન ગુજરાતીમાં 'ચા' પ્રત્યયનું સાતત્ય બંને અર્થમાં જોઈ શકાય છે. 'ગામેચઉ' શબ્દ 'ગ્રામ્ય, ગ્રામેય, ગ્રામીણ' એવા અર્થમાં નોંધાયો છે.[1] વસંતવિલાસ ફાગુના[2] 'હૃદય ચઇ રંગિ', 'મયણ ચી', 'કપૂરચી વાસિ', 'ચંદ ચઉ મીતુ', અને 'તીહ ચું', નરસિંહ મહેતાનાં પદોમાં આવતો 'નરસૈંયાચા સ્વામી,' વસંત ફાગુનો 'કુસુમાંચી માલ' (પંદરમી શતાબ્દી) અને મોહિની ફાગુનો 'પૂરવજનમચઈ' (સોળમી શતાબ્દી),[3] ગણપતિ-કૃત માધવાનલ કામકંદલાનો 'ભર કુસુમચુ' (૧૫૨૮),[4] માંડણ બંધારાનો 'અમ્હચા નૃપ' (સોળમીનો આરંભ),[5] વગેરે જેવા સંખ્યાબંધ પ્રયોગ મળે છે. આમાં મરાઠીમાં સ્વામિત્વ-વાચક અનુગ તરીકે ('નો,' 'ની,' 'નું' અર્થમાં) વ્યાપક બનેલા 'ચા'ની અસર કેટલી તે વિચારવાનું રહે છે. મરાઠી 'ચા'નું મૂળ પણ આ 'ત્ય'માં હોવાનું ઘણા માને છે.

કોઈ કોઈ ગુજરાતી અટકમાં સ્થળવાચક અર્થછાયાવાળો 'ચા' હજી પણ જળવાયો છે: 'કોટેચા' (= કોટના–નગરકોટના ?), 'દીવેચા' (= દીવના) 'નાગરેચા,' વગેરે. આમાં 'ચા'ની પૂર્વે એકાર પણ છે.

'પાણીચું,' 'નામીચું'માં 'ઈચું' છે અને તે મત્વર્થીય છે, એ જોતાં તેનું મૂળ જુદું હોવા સંભવ છે. 'ગઢેચી' જેવા સ્થળનામનું ઘડતર અસ્પષ્ટ છે.

---

૧. જિનવિજયજી–સંપાદિત 'પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ', ૧૯૩૦, પૃ. ૨૦૦, પં. ૭; 'ઉક્તિ-રત્નાકર', ૧૯૫૭, પૃ. ૭૮.

૨. મ. ચિ. મોદી–સંપાદિત 'વસંતવિલાસ ફાગુ', ૧૯૬૦, બૃહદ્‌વાચના, ૧૧, ૩૪, ૪૯, ૧૮, ૬૫.

૩. સાંડેસરા અને પારેખ–સંપાદિત, પ્રાચીન ફાગુ-સંગ્રહ, ૧૯૫૫, ૧૩, ૧૨; ૨૦, ૧૧; શબ્દ-કોશમાં ૧૪, ૩૨માં આવતા 'જાચાં'માં પણ 'ચા' પ્રત્યય લીધો છે, પણ ત્યાં 'અધર બે જાચાં પ્રવાલાં નવાં' એ પંક્તિમાં 'જાચાં' = 'જાત્ય' (પ્રા. 'જચ્ચ') એટલે કે 'ઊંચી જાતનાં' એ ઘટાવવું વધુ યોગ્ય છે.

૪. મં. ર. મજમુદાર–સંપાદિત 'માધવાનલકામકંદલા પ્રબંધ', ૧૯૪૨, ૫, ૧૧૩.

૫. માંડણકૃત 'પ્રબોધ બત્રીશી'—સંપા. મ. બ. વ્યાસ, ૧૯૩૦, કડી ૨૦.

'રાજવિધિ' ગ્રંથપરિચય

અંબાલાલ પ્રેમચંદ શાહ

'રાજવિધિ' નામક ગ્રંથ મને એક હસ્તલિખિત ગુટકામાંથી મળી આવ્યો હતો. ભાષાશાસ્ત્ર તેમ જ રાજવ્યવસ્થાની દૃષ્ટિએ ઉપયોગી સમજી તેની મેં તત્કાલ નકલ કરી લીધી હતી. આજે તે અહીં પ્રગટ કરવાની તક લઉં છું.

આ 'રાજવિધિ'ના કર્તા દલપતિરાય નામે છે. તેમણે રચેલા ગ્રંથો પૈકી બે-ત્રણ નાની રચનાઓ પણ તે જ ગુટકામાંથી પ્રાપ્ત થઈ છે.

સાહિત્યના ઉલ્લેખો[1] પરથી આપણને બે દલપતિરાયનો પરિચય મળે છે. એક દલપતિરાય, જેમણે 'આહ્નિકસાર' નામે ગ્રંથ રચ્યો છે તેમાં નિઝામશાહના મંત્રી—સંરક્ષક અધિકારી (निजामसाहसाम्राज्यधुरन्धरमहीपति) અને દેવગિરિના અધિપના અમાત્ય (देवगिरिपुरिवराधीश्वरसमस्त-यवनाधीश्वरश्रीमन् (महाराजाधिराजयवनी) निजामसाह समस्तकरणाधीश्वर) તરીકે ઓળખાવ્યા છે. તેઓ નીતિશાસ્ત્રમાં પ્રવીણ (मन्वादिप्रणीत नीतिशास्त्राभिज्ञ) હોવાનો પણ ખ્યાલ આપ્યો છે.

બીજા દલપતિરાયનો ઉલ્લેખ 'સમયાલોક' નામક કૃત્યવિધિ ગ્રંથમાં આવે છે. તે ગ્રંથમાં 'દુર્ગાવતીપ્રકાશ' નામક ખંડ છે, તેમાં તેઓ દુર્ગાવતી રાણીના પતિ (महाराजाधिराजदलपति-प्रेयस्याः दुर्गावत्याः प्रकाश) તરીકે આવે છે.

આ બે દલપતિરાય પૈકી પહેલા, રાજવી જેટલી સત્તા ભોગવતા રાજનીતિકુશળ મંત્રી છે અને બીજા દલપતિરાય સ્વયં રાજા છે. બંને નીતિશાસ્ત્ર વગેરેના જાણકાર અને રચનાકાર તરીકે પણ જણાય છે.

બંનેનો સમય પણ ૧૫મી, ૧૬મીનો મધ્યકાળ છે. એટલે આ બે પૈકી કયા દલપતિરાય આ રચનાના કર્તા છે અગર ત્રીજા જ કોઈ દલપતિરાય છે તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે.

આ દલપતિરાય જાતે કોણ હતા તે પણ જાણી શકાયું નથી. ધર્મથી તેઓ વૈષ્ણવમાર્ગી પંથના હોય તેમ તેમણે રચેલા આ ગ્રંથના મંગલાચરણ (गोपीवल्लभपादाब्जद्वन्द्वमाधाय)થી જણાય છે. તેઓ મુસ્લિમ કાળમાં કોઈ રાજકીય અધિકારપદે હશે એવું તેમની રચનાથી ફલિત થાય છે. તેઓ સંસ્કૃત અને ઉર્દૂ ભાષાના પ્રૌઢ વિદ્વાન હોય એમ પણ તેમની કૃતિ સૂચવે છે.

મુસ્લિમ કાળ એટલે સંભવતઃ જહાંગીર અગર શાહજહાં બાદશાહના સમયમાં આ ગ્રંથ રચાયો હોય એવું અનુમાન થાય છે. એ સમયમાં આ ગ્રંથમાં નિર્દિષ્ટ રાજવ્યવસ્થા હોવાનું ઇતિહાસથી જણાય છે.

---

1 Catalogue of the Sanskrit Manuscripts in Library of the India office, p. 434, 536

આ 'રાજવિધિ'માં ૧૦૬ શ્લોકો છે તેથી તેને શતક કાવ્ય કહી શકાય. વિષયની દૃષ્ટિએ 'રાજકીય પદાધિકાર પરિભાષા' કહી શકાય. એ રીતે તેનું ટૂંકું 'રાજવિધિ' નામ સાર્થક છે.

આ શતક ગ્રંથને ચાર વિભાગમાં આ રીતે વહેંચવામાં આવ્યો છે :—

१	कारखाने प्रगनाती औधादारके लक्षण (राज्यप्रगणाधिकारिलक्षणानि ।)	श्लो० १ थी ३४
२	शालभिदाः ।	श्लो० ३५ थी ८०
३	देशविभागस्तदधिपाश्च ।	श्लो० ८१ थी ९३
४	प्रगणाधिकारिणः ।	श्लो० ९४ थी १०६

આ ચારે વિભાગના શબ્દોના સંસ્કૃત ભાષામાં પદ્યમાં તેમણે લક્ષણો આપ્યાં છે અને ઉર્દૂ ભાષાના શબ્દો તે તે લક્ષણ-શ્લોકોના શીર્ષકમાં જણાવ્યા છે. આ શબ્દો ઉપરથી તે સમયમાં પ્રચલિત રાજવ્યવસ્થા અને સમાજરચના વિશે અનુમાન કરવું સરળ બને એમ છે.

કર્તાએ ઉર્દૂને મ્લેચ્છો (म्लेच्छपरिभाषानुकल्पितम्) ભાષા જણાવી છે; ને તેની પરિભાષા બતાવી છે. અંતમાં યવનપરિપાટી અનુસાર રાજનીતિ-નિરૂપણ કર્યાનું જણાવ્યું છે.

આ પરિભાષા—લક્ષણ લખવામાં તેમણે—"क्वचिद् रूढेः क्वचित् कोशात् क्वचित् स्यानुभवात् पुनः । नाम-लक्षण-संस्थेयमधिकाराधिकारिणाम् ॥"

ક્યાંક રૂઢિથી, ક્યાંક કોશ અનુસાર, ક્યાંક સ્વાનુભવથી નામ, લક્ષણ, સંસ્થા, અધિકાર અને અધિકારીઓ વિશેનાં લક્ષણોનો અહીં સંગ્રહ કર્યો છે.—આ પ્રકારે શ્લો. ૨માં જણાવ્યું છે. સમગ્ર રચના અનુષ્ટુપ છંદમાં છે.

આજની રાજવ્યવસ્થામાં આપણે કેટલાંક નવાં નામો ગોતવાં પડે છે તેને બદલે આ ગ્રંથમાં સૂચવેલાં નામોનો ઉપયોગ થાય તો બંધબેસતાં થશે એમ લાગે છે. કોશગ્રંથોમાં આ બધા શબ્દો અપનાવી લેવા મારું નમ્ર સૂચન છે. એ શબ્દો આ પ્રકારે છે:—

ઉર્દૂ અને સંસ્કૃત ભાષાના શબ્દો આ પ્રકારે છે :—

રાજ્યના પરગણાના અધિકારીઓ

(શ્લો. ૧-૩૪) (અભ્યંતર આશ્રિત)

ઉર્દૂ	સંસ્કૃત
વકીલ, મુતલક, નાયબ, મુસાહિબ—	પ્રતિનિધિ
વજીર, પ્રધાન, દીવાન—	અમાત્ય, મંત્રી, સચિવ
બક્સી—	સેનાપતિ
મીરસામાન, ખાનસામાન, કોઠારી—	શાલાપતિ
એલચી, વકીલ—	દૂત
મુનશી—	સુલેખક
અરજવેગી—	વિજ્ઞાપક

સદર—	દાનાધ્યક્ષ
નાજિર—	મહત્તર
મીરઆતશ, તોપખાનેકા દારોગા—	અનલાધ્યક્ષ
મીરબહર—	જલાધ્યક્ષ
મીરઇમારત—	વાસ્તુક
નજુલકા દારોગા—	આયતનિક
બાગાતકા દારોગા—	ઉદ્યાનપાલક
કોરવેગી, સિલાહખાનાકા દારોગા—	શસ્ત્રાધ્યક્ષ
કરાવલવેગી, શિકારખાનેકા દારોગા—	વૈનંસિક
કોશવેગી—	વિહંગાધ્યક્ષ
ખજાંચી, ભંડારી—	નિધિપાલ, ભાંડાગારી
હરકારોંકા દારોગા—	પ્રવૃત્તિવાહક
અદાલતકા દારોગા—	ન્યાયાધ્યક્ષ
કોટવાલ—	નગરગૌપ્તિક
ફોજદાર—	સીમારક્ષક
કાજી—	ધર્માધ્યક્ષ
મુફ્તી—	પ્રવર્તક
મુહતસિબ—	નીતિદશ્વા
કિલાદાર—	દુર્ગપાલ
મીરમંજિલ—	સ્કંધયાત્રિક
મીરતુજક—	પથકરાધ્યક્ષ
રિસાલૈદાર—	ગણનાયક
અમીર, ઠાકુર—	દંડનાયક

શાલાભેદ

(શ્લો૦ ૩૫ થી ૮૦)

સુખસેજખાના—	શય્યાગાર
ગુસલખાના, હમ્મામ—	મજ્જનગૃહ
તસબીહખાના—	દેવાયતન
કિતાબખાના—	પુસ્તકાલય
તસ્વીરખાના—	ચિત્રાગાર
દવાઈખાના—	ભૈષજ્યગૃહ
મેવાખાના—	ફલાગાર
અંબાર, કોઠાર, જખીરા—	કોષ્ઠાગાર
મોદીખાના	મહૌષધીશાલા

રિકાબખાના—	કુપ્યશાલા
ઠઠેરખાના—	કાંસ્યાગાર
બબર્ચીખાના, રસૌડા—	મહાનસ
આબદારખાન, પાણેરા—	પયોગૃહ
તંબોલખાના—	તાંબૂલગૃહ
બિલગોરખાના—	પ્રતિશ્રય
ઇબ્તિયાખાના—	ક્રયશાલા
કિરકિરાકખાના—	સીવનાગાર
તોશકખાના, કપડદારા—	નેપથ્યાગાર
ખુશબોઈખાના, સોંધેખાના—	સુગંધાગાર
રંગખાના—	વર્ણાગાર
જરગરખાના—	કલાદગૃહ, કલાદાગાર
જવાહીરખાના—	રત્નાગાર
કોરખાના, સિલહખાના—	પ્રહરણકોશ
ફરાશખાના—	સંસ્તરગૃહ, સંસ્તરાગાર
ખજાના, ભંડાર—	શ્રીગૃહ
વિહલા—	દાનકોશ
અસ્તબલ, તબેલા—	મંદુરા
ફીલખાના—	ગજશાલા
ગાવખાના—	સંદાનિની
શુતરખાના—	ઉષ્ટ્રશાલા
રથખાના—	યાનશાલા
પાલકીખાના—	પાલકાગાર
ખાતિમબંદખાના—	દારુકર્માલય
શમૈ ચિરાગખાના—	દીપિકાલય
મશાલખાના—	જ્યોતિરાલય
દફતરખાના—	લેખશાલા
શિકારખાના—	શાકુનિકાલય
દારોગા, મુશ્રિફ—	{ ઉદ્દેશક, લેખક
તહવીલદાર—	સ્થાપનિક
મુફીમ—	મૂલ્યકૃત
વજનકશ—	તૌલિક
સરબરાહકર—	ચર
કારખાના—	{ કુત્રિકાપણ, શાલા, શ્રેણિ

દેશવિભાગ અને તેના અધિકારીઓ

(શ્લો. ૮૧ થી ૯૩) (બાહ્ય આશ્રિત)

(દેશવિભાગ)

સૂબા—	જનપદ
સિરકાર—	મંડલ
મૌજે—	પ્રગણુ, પ્રગણા
માદન—	માકર
બલદૈ—	નગર
બંદર—	દ્રોણુ
દયાર—	મડંબ, સન્નિવેશ, નિગમ, ગોકુલ, દ્રંગ (અધિકારી)
ચૌધરી—	ભૌમિક
કાનૂગો—	રીતિજ્ઞ
મજમુએદાર—	લેખસંગ્રાહક

પરગણાના અધિકારીઓ

(શ્લો. ૯૪ થી ૧૦૪) (બાહ્ય આશ્રિત)

અમીન—	વ્યવસાયિક
કરોડી—	કરોદીરક
કોતલ કરોડી—	નિરોધક
પોતૈદાર—	પ્રાપ્તધારક
ખજાંચી—	ધનિક
ખજાનાકા દારોગા—	ધનાધ્યક્ષ
ખજાનેકા મુશ્રિફ—	ધનલેખક
બખસી—	સેનાની
બકાયૈનિગાર—	પ્રવૃત્તિલેખક
ખુફિયૈનવીસ—	ગુપ્તલેખક
સાયરકા દારોગા—	ધનિક
સાયરકા મુશ્રિફ—	લેખક
કોટવાલ—	ગ્રામગૌપ્તિક
શહનૈ—	કૃષિગોપ્તા
ફૌજદાર—	સીમાગૌપ્તિક
કાજી—	ધર્માધ્યક્ષ
ઈતલાકનવીસ—	આદેશ-લેખક

મૂળ ગ્રંથ અને તેનો અનુવાદ આ પ્રમાણે છે:—

दलपतिरायविरचितः राजविधिः ।

श्रीगणेशाय नमः ।

श्रीहजूरके अहल षिदमत

[१]

मध्यपर्षदधिकारिलक्षणम् ।

कारषाने प्रगनाती औधादारके लक्षणम् ॥

गोपीवल्लभपादाब्जद्वन्द्वमाधाय चेतसि ।
वच्मि **राजविधिं** म्लेच्छपरिभाषानुकल्पितम् ॥ १ ॥

क्वचिद् रूढेः क्वचित् कोशात् क्वचित् स्वानुभवात् पुनः ।
नामलक्षणसंस्थेयमधिकाराधिकारिणाम् ॥ २ ॥

वकील, मुतलक, नायब, मुसाहिब—

आज्ञा भवेद् यदायत्ता हस्तलेखश्च भूपतेः ।
जानीहि तं **प्रतिनिधिं** राज्यसर्वस्वधूर्वहम् ॥ ३ ॥

वजीर, प्रधान, दीवान—

आयद्वाराधिकाराः स्युर्यदायत्ता महीभुजः ।
अमात्यं मन्त्रिणं विद्धि **प्रधानं सचिवं** च तम् ॥ ४ ॥

बकसी—

भटानामग्रयायित्वं वेतनह्रास-वृद्धयः ।
परिवृत्तिश्च यत्तन्त्रा **सेनापतिममुं** विदुः ॥ ५ ॥

मीरसामान, षानसामान, कोठारी—

कार्यापेक्षाणि वस्तूनि शालाकृत्यानि भूपतेः ।
यदायत्तानि सर्वाणि **शालापतिममुं** विदुः ॥ ६ ॥

एलची, वकील—

संदेशकर्म यः कुर्याद् राज्ञः प्रति नृपेषु वै ।
भर्त्रिष्टसाधनोद्युक्तस्तं **दूतं** विबुधा विदुः ॥ ७ ॥

मुनशी—

पत्राणि प्रतिपत्राणि लिखेद् यो हि नृपाज्ञया ।
सुलेखकं विजानीयाद् राजमन्त्रनिकेतनम् ॥ ८ ॥

अरजवेगी—

नृपे निवेद्यवृत्तानां निष्कारणनिवेदकः ।
वेत्रिवर्गस्य योऽध्यक्षः स **विज्ञापक** इष्यते ॥ ९ ॥

सदर—

यदधीनानि कर्माणि पुण्यहेतूनि भूपतेः ।
दानाध्यक्षं विजानीयाच्छान्तिकर्म पुरोधसम् ॥ १० ॥

नाजिर—

योऽवरोधस्य कृत्यानि गुप्त्यादीनि विचेष्टते ।
महत्तरं विजानीयात् तं प्रतीतं जितेन्द्रियम् ॥ ११ ॥

मीरआतश, तोपखानेका दरोगा—

अग्नियन्त्राणि सर्वाणि तन्नियुक्ता भटादयः ।
यदायत्ता भवेयुः सो**ऽनलाध्यक्षः** प्रकीर्तितः ॥ १२ ॥

मीरबहर—

नदी-सरस्तडागादिष्वपां रोधश्च मोचनम् ।
नावादीनां च यत्तन्त्रं **जलाध्यक्षः** प्रकीर्तितः ॥ १३ ॥

मीर इमारत—

दुर्ग-मन्दिर-वाप्यादिसंस्कृतौ निर्मितौ च यः ।
नियुक्तो **वास्तुकः** सोऽयं शिल्पशास्त्रविशारदः ॥ १४ ॥

नजूलका दारोगा—

अनाथं वा सनाथं वा गृहाद् यं यन्नियोगतः ।
गृह्यते दीयते चापि स **आयतनिकः** स्मृतः ॥ १५ ॥

बागातका दारोगा—

आराम-वाटिकादीनां संस्कारं यः प्रवर्त्तयेत् ।
उद्यानपालो विज्ञेयः स मालाकारनायकः ॥ १६ ॥

कोरवेगी, सिलाहखानाका दारोगा—

खड्ग-खेटासि-तूणीर-चाप-कुन्तादि तच्चराः ।
मङ्गलानि च सर्वाणि **शस्त्राध्यक्ष**नियोगतः ॥ १७ ॥

करावलवेगी, शिकारखानेका दारोगा—

जल-स्थलप्रचाराणां मृगयाप्राणधारिणाम् ।
यत्तन्त्रं तन्नियुक्तश्च **वैतंसिक** इति स्मृतः ॥ १८ ॥

कोशवेगी—

विहगानां विचित्राणां मृगयाप्राणधारिणाम् ।
यत्तन्त्रं तन्नियुक्तश्च विहङ्गाध्यक्ष इष्यते ॥ १९ ॥

खजांची, भंडारी—

यदधीनानि वित्तानि श्रीगृहेषु महीभुजः ।
भाण्डागारिणमेनं तु निधिपालमवेहि वा ॥ २० ॥

हरकारोंका दारोगा—

चारानीतां प्रवृत्तिं यस्तदध्यक्षो निवेदयेत् ।
प्रवृत्तिवाहको राज्ञि प्रत्यनीकादिसंभवाम् ॥ २१ ॥

अदालतका दारोगा—

जनानां यो विसंवादं प्रपन्नानां नृपान्तिकम् ।
विवेचयन् सुनीतिज्ञो न्यायाध्यक्षः प्रकीर्तितः ॥ २२ ॥

कोटवाल—

चौर-जारादिदुष्कृत्यकारिणां निग्रहे परः ।
पुररक्षासमादिष्टः स वै नगरगौल्मिकः ॥ २३ ॥

फौजदार—

पुरस्यापान्ते सीमानं रक्षयेद् यो हि विघ्नतः ।
सीमारक्षकमेनं तु प्रवदन्ति विपश्चितः ॥ २४ ॥

काजी—

आचारव्यवहारेषु प्रायश्चित्तेषु योजनात् ।
प्रवर्तयेन्मान्यतमो धर्माध्यक्षः प्रकीर्तितः ॥ २५ ॥

मुफती—

धर्माध्यक्षवचः श्रुत्वा श्रुति-स्मृतिनिरूपितम् ।
देश-कालोचितं दण्डमादिशेत् स प्रवर्त्तकः ॥ २६ ॥

मुहतसिब—

यो हि कूट-तुला-मान-सुरा-द्यूत-पणाङ्गनाः ।
बहिर्दृश्या निराकुर्यान्नीतिदक्षा स कीर्त्यते ॥ २७ ॥

किलादार—

दुर्गाणामतिदुर्गाणां भवनानां च भूपतेः ।
रक्षाविधिसमादिष्टो दुर्गपालः प्रकीर्तितः ॥ २८ ॥

मोरमंजिल—

स्कन्धावारनिवेशं वाऽऽपणश्रेणीनिवेशनम् ।
चमूनां चापि निर्याणं कुर्यात् स **स्कन्धयात्रिकः** ॥ २९ ॥

मीरतुजक—

स्थाने याने च राज्ञो यो जनान् सीम्नि नियोजयेत् ।
सोऽयं **पथकराध्यक्षः** कथ्यते नीतिकोविदैः ॥ ३० ॥

रिसालैदार—

भटादीनां गणो यस्य साहचर्ये नियुज्यते ।
राज्ञा स्वायत्तवृत्तिस्तं ब्रवीमो **गणनायकम्** ॥ ३१ ॥

अमीर, ठाकुर—

चतुर्विधं बलं यस्य स्वाधीनं **दण्डनायकः** ।
इत्यादयो हि बहवो मध्यपर्षद्गता जनाः ॥ ३२ ॥
पीठमर्दा अङ्गरक्षाः किङ्कराश्चेटकास्तथा ।
विदूषका अमी अन्तेवासिनोऽभ्यन्तराश्रयाः ॥ ३३ ॥
वेत्रशस्त्रभृतो ये च शालासु परिचारकाः ।
बाह्याधिकारिणो ये च ते बाह्यस्थाः प्रकीर्तिताः ॥ ३४ ॥

*   *   *

[२]

अथ शालाभेदाः ।

सुखसेजखाना —

मञ्चाः संस्तरणाद्यं च यत्र तत्परिचारकाः ।
शय्यागारं विनिर्दिष्टं राजरीतिविशारदैः ॥ ३५ ॥

गुसलखाना, हम्माम—

अभ्यङ्गनोद्वर्त्तनानि सचरोपस्करं जलम् ।
यत्र त**न्मज्जनगृहं** राजरीतिज्ञभाषया ॥ ३६ ॥

तसबीहखाना—

इष्टदेवप्रतिकृतिः पूजाभाण्डानि मालिकाः ।
विष्टराद्यं च यत्रास्ते त**द्देवायतनं** विदुः ॥ ३७ ॥

किताबखाना—

नानाग्रन्थाः समं पृष्ठैर्वेष्टनैर्बन्धनैर्गुणैः ।
पीठैः फलककर्त्तर्यो ध्रियन्ते **पुस्तकालये** ॥ ३८ ॥

तसवीरषाना—

देव-भूपादिचित्राणि रेखा-वर्णकृतानि वा ।
ध्रियन्ते शिल्पिनश्चैषां **चित्रागारं** तदुच्यते ॥ ३९ ॥

दवाईषाना—

औषध्यो विविधा यत्रावलेहाद्याश्च पुष्टये ।
भैषज्यगृहमाख्यातं सभिषक्-परिचारकम् ॥ ४० ॥

मेवाषाना—

मृद्वी-दाडिम-खर्जूर-नारङ्गाम्रफलादयः ।
संचीयन्ते च यत्नेन **फलागारे** नियोगिभिः ॥ ४१ ॥

अंबार, कोठार, जखीरा,—

खात-कोष्ठक-पल्यादौ ध्रियन्ते धान्यराशयः ।
कोष्ठागारं तदेवोक्तं राजनीतिविशारदैः ॥ ४२ ॥

मोदीषाना—

धान्य-पण्येन्धनाद्यं च यथापेक्षं प्रगृह्यते ।
यतो **महौषधीशाला** बहुस्थानेषु कल्पिता ॥ ४३ ॥

रिकाबषाना—

धात्वादिमयभाण्डानि पाकयोग्यानि यत्र वै ।
ध्रियन्ते **कूप्यशाला** साऽऽरक्षकैर्मार्जकैः सह ॥ ४४ ॥

ठठेरषाना—

निर्मीयन्ते च भाण्डानि संस्क्रियन्ते च शिल्पिभिः ।
कांस्यागारं तु तत् प्रोक्तं राजरीतिविशारदैः ॥ ४५ ॥

बवर्चीषाना, रसौडा—

पेयं लेह्यं च चोष्यं च खाद्यमन्नं च गोरसः ।
व्यञ्जनं पिशितं त्रेधा संस्क्रियेत **महानसे** ॥ ४६ ॥

आबदारषाना, पाणेरो—

हिमं जलं च विविधं तद्भाण्डं धातु-मृन्मयम् ।
कहारकै रक्षकैश्च संगृह्येत **पयोगृहे** ॥ ४७ ॥

तंबोलषाना—

पत्र-पूग-लवङ्गैला-कर्पूराद्यास्यशुद्धये ।
रक्ष्यते तन्नियोगाप्तैस्**ताम्बूलगृहमी**रितम् ॥ ४८ ॥

बिल्गोरषाना—

दीन–दुर्बल–रङ्कार्त्त–भिक्षु-पङ्ग्वन्ध-रोगिषु ।
दीयते कृपया भक्तं स **प्रतिश्रय** ईरितः ॥ ४९ ॥

इबतियाषाना—

यत्र वस्त्रादिमूल्यानि निर्णीयन्ते नियोगिभिः ।
मूल्यकारैश्च विक्रेत्रा **क्रयशाला** प्रकीर्तिता ॥ ५० ॥

किरकिराफषाना—

यत्र वस्त्राणि छिद्यन्ते सीव्यन्ते चापि शिल्पिभिः ।
सीकनागरामेतत् तु शूचीधरसमन्वितम् ॥ ५१ ॥

तोशकषाना, कपडदारा —

रेखाङ्कितं प्रगुणितं धौतं रक्तं च धूपितम् ।
वासः सुगन्धितं सज्जं **नेपथ्यागार** ईष्यते ॥ ५२ ॥

खुशबोईषाना, सोंघेषाना—

पाटीरागुरु-काश्मीर-कस्तूरीप्रभृतीनि वै ।
निःस्यन्दाश्च प्रसूनानां **सुगन्धागार** ईरितः ॥ ५३ ॥

रंगषाना—

वर्णा नानाविधा यत्र चित्रमुद्राश्च शिल्पिनः ।
संस्कारार्थं च वस्त्रादे**र्वर्णागारं** तदिष्यते ॥ ५४ ॥

जरगरषाना—

हिरण्यघटना यत्र जटना रत्ननिर्मिता ।
तत् **कलादगृहं** प्रोक्तं राजरीतिविशारदैः ॥ ५५ ॥

जवाहिरषाना—

रत्न-मुक्ता-मणिशिला-प्रवाल-स्फाटिकादिकम् ।
भिन्नं युक्तं च धार्येत **रत्नागारं** तदीरितम् ॥ ५६ ॥

कोरषाना, सिलहषाना—

शस्त्राण्यस्त्राणि वा यत्र कवचावरणानि वा ।
ध्रियन्ते स **प्रहरणकोशः** सुधीभिरीरितः ॥ ५७ ॥

फराशषाना—

तूलिकास्तरणं चैवोपधानं शिबिरादिकम् ।
यत्र तत् **संस्तरगृहं** कथ्यते नीतिकोविदैः ॥ ५८ ॥

ખજાના, ભંડાર—

हिरण्यानि सुवर्णानि धृतानि व्याप्तानि वा ।
आये व्यये प्रयुक्तानि **श्रीगृहं** तत् प्रकीर्तितम् ॥ ५९ ॥

બિહલા—

सद्यो दानोपयोगीनि कर्षाणि किल भूपतेः ।
ध्रियन्ते **दानकोशः** स विज्ञेयो नीतिकोविदैः ॥ ६० ॥

અસ્તબલ, તબેલા—

मन्दुरा त्वश्वशाला स्यात् पल्याणोपस्करैः समम् ।
शिक्षकैः शालिहोत्रज्ञैः पदकैर्धारकैर्युता ॥ ६१ ॥

ફીલખાના—

गजशाला तु चतुरङ्कुटी-कुण्डादिशालिनी ।
यन्तृभिः पालकाप्यज्ञैः कश-कुन्तादिभृद्गणैः ॥ ६२ ॥

ગાવખાના, શુતરખાના, રથખાના, પાલકીખાના—

संदानिन्युष्ट्रशाला च **यानशाला** च कीर्तिता ।
पालकागारमेतत् तु यत्र स्याच्छिबिकादिकम् ॥ ६३ ॥

ખાતિમબંદખાના—

दारुनिर्माणसाध्यानि क्रियन्ते यत्र शिल्पिभिः ।
दारुकर्मालयं विद्धि तदावेशनमुच्यते ॥ ६४ ॥

શમૈ ચિરાગખાના—

वसा-मदन-तूलानां वर्त्तयो दीपयष्टयः ।
स्थाली-पञ्चर-पात्राद्यैरन्वितं **दीपिकालयम्** ॥ ६५ ॥

મશાલખાના—

एक-द्वि-त्रि-चतुः-पञ्च-दश-विंशतिशाखिकाः ।
अभ्यक्ताम्बरवर्त्याढ्या यत्र **तज्ज्योतिरालयम्** ॥ ६६ ॥

દફતરખાના—

आय-व्ययादिलेखाः स्युर्मशीपात्राणि लेखिनी ।
लेखका बन्धका यत्र **लेखशाला** प्रकीर्तिता ॥ ६७ ॥

શિકારખાના—

मृगाश्च चित्रकाश्चापि लुलाया मृगयाकृते ।
भवन्ति **मृगयागारं** वैतंसिकगणैर्युतम् ॥ ६८ ॥

कोशषाना—

वज्रतुण्डा लोहतुण्डा श्येना उपरिचारिणः ।
धार्यन्ते मृगयाहेतोस्तद्धि **शाकुनिकालयम्** ॥ ६९ ॥

दरोगा, मुश्रिफ—

इत्यादयो ह्यनेके स्युरागारा इह भूभुजाम् ।
शाला त्वावश्यकी प्रोक्ता क्रीडार्थमु**पशालिका** ॥ ७० ॥

उद्देशकः स्थापनिको लेखकोऽधिकृतास्त्रयः ।
प्रतिशालमवश्यं स्युरपरे मूलकृन्मुखाः ॥ ७१ ॥

नृपाज्ञप्तं दिशेत् कार्यं शालापरिजनेषु यः ।
उद्देशकः स तस्याग्रे **लेखको** यो लिखेत् स्वयम् ॥ ७२ ॥

तहवीलदार—

संगृह्णीयात् **स्थापनिको**

मुकीम—

मूल्यं कुर्यात् स **मूल्यकृत्** ।

वजनकश—

तौलिको रत्नमानानि

सरबराहकार—

संपादनपरा**श्चराः** ॥ ७३ ॥

कारषाना—

शालापतेरधीनाः स्युः सर्वशाला हि भूभृताम् ।
कौन्निकापणमेतत् तु शाला नाम क्वचित् स्मृतम् ॥ ७४ ॥

श्रेणयः पुरवास्तव्याः **शालायत्ता** महीभुजः ।
नियतैकशिल्पनिरतास्ते भक्तभृतिवेतनैः ७५ ॥

कुर्यादनियतां वृत्तिं श्रमसाध्यां तु कर्मकृत् ।
काहारा भारवाहाश्च तृण-काष्ठ-फलाहराः ॥ ७६ ॥

क्रय-विक्रयवृत्तिर्यो **व्यापारी** कीर्त्यते जनैः ।
द्रव्यादान-निसर्गाभ्यां वृत्तिमान् **व्यावहारिकः** ॥ ७७ ॥

क्रय-विक्रयशीलानां मध्यस्थो मूल्यसाधकः ।
गणिमं धरिमं मेयं पारीक्ष्यं पण्यमुच्यते ॥ ७८ ॥

संख्याग्राह्यं तु गणिमं नालिकेरादिकं यथा ।
धरिमं तुलया देयं कर्पूरैलादि कीर्त्यते ॥ ७९ ॥

हस्ताङ्गुलादिमानेन मेयं वस्त्रादिकं भवेत् ।
तुरङ्गादि तु पारीक्ष्यं तुलामानादि तत्र न ॥ ८० ॥

[३]

देशविभागस्तदधिपाश्च कथ्यन्ते—

सूबा—

समुद्रगिरिपर्यन्तं चक्रं चक्री तदीश्वरः ।
महाँस्तस्य विभागः स्याद् राष्ट्रं **जनपदं** च तत् ॥ ८१ ॥

सिरकार—

चतुरङ्गचमूचक्रद् राजधानीसमन्वितम् ।
राष्ट्रस्याप्यंशभूतं तन्**मण्डलं** मण्डलेशितुः ॥ ८२ ॥

मौजे—

मण्डलांशस्तु **प्रगणं** बहुग्रामोपवेष्टितम् ।
तस्याधिपः स्वल्पबलो भवेत् सामन्तराडिति ॥ ८३ ॥
प्रगणा कृषिक्षेत्रयुतं ग्रामम्,

मादन—

आकरो लवणादिभूः ।

बलदै—

वर्णैश्चतुर्भि**र्नगरं** शैलप्राकारवेष्टितम् ॥ ८४ ॥

बंदर—

खेटं तु धूलिप्राकारं पुरमुद्रासिकर्बटम् ।
जल-स्थलपथाऽवाप्यं तद् **द्रोणमुख**मिष्यते ॥ ८५ ॥

दयार—

परितः सार्धगव्यूतग्रामादिपरिवर्जितम् ।
मडम्बं कीर्त्यते सुज्ञैरगम्यं काननैर्घनैः ॥ ८६ ॥

विचित्रं पण्यमागच्छेद् यत्र तत् पत्तनं मतम् ।
अध्वन्यहेतुनिर्माणं **सन्निवेशा**ख्यमुच्यते ॥ ८७ ॥

चौर्यादेर्वसतिः पल्ली तापसानां किलाश्रमः ।
निगमो वणिजामेवं ब्रह्मवासो द्विजन्मनाम् ॥ ८८ ॥

क्षुद्रग्रामं भवेद् वासोऽशिका द्वि-त्रिगृहं हि तत् ।
तृणाकीर्णोपान्तभूमिर्गोकुलं धेनुतृप्तिकृत् ॥ ८९ ॥

शिल्पिनः कर्मकाराश्च व्यापारि-व्यवहारिणः ।
चतुरङ्गबलो राजा यत्र तद् दुर्गमुच्यते ॥ ९० ॥

चक्री चक्राधिपः सम्राड् राष्ट्रपालः प्रकीर्तितः ।
मण्डलेशो महाराजः सामन्तो विषयाधिपः ॥ ९१ ॥

चौधरी—

ग्रामणिकतिचिद् यस्य वशेऽसौ भौमिकः स्मृतः ।
ग्रामणि(णी)र्ग्राममुख्यः स्यात्

कानूगो—

रीतिज्ञो देशपण्डितः ॥ ९२ ॥

मजमूऐदार—

राजवेतनदानांशान् ग्रामार्त्ति दशवार्षिकीम् ।
लिखित्वा धारयेद् यस्तु लेखसंग्राहको मतः ॥ ९३ ॥

[४]

अथ प्रगणाधिकारिणः ।

अमीन—

संपन्नां कृषिमालोक्य प्रजाया उचितां दशाम् ।
राज्यांशस्य विनिश्चेता कथितो व्यवसायिकः ॥ ९४ ॥

करोडी—

तेन व्यवसितं द्रव्यमादद्याद् यः प्रजाजनात् ।
बलात् सौकर्यतो वाऽपि करोदीरक इष्यते ॥ ९५ ॥

कोतलकरोडी—

निरुद्धवेतनग्रामभोगमादाय भूपतौ ।
स साक्षिकं प्रेषयेद् यो निरोधक इतीष्यते ॥ ९६ ॥

पोतैदार—

राजद्रव्यं प्रजादत्तमाददीत परीक्ष्य यः ।
धनिको निक्षिपेत् पश्चात् कथितः प्राप्तधारकः ॥ ९७ ॥

षजांची—

तेनोपकल्पितं द्रव्यं व्ययीकुर्याद् यथोचितम् ।
शेषं नृपे प्रहिणुयाद् धनिकोऽसौ प्रकीर्तितः ॥ ९८ ॥

षजानाका दारोगा—

धनाध्यक्षो धनं रक्षेत्,

षजानेका मुश्रिफ—

तल्लिखेद् **धनलेखकः** ।

बषसी—

प्रवर्त्तको भटानां तु **सेनानीः** समुदीरितः ॥ ९९ ।.

बकायै निगार—

प्रवृत्तिलेखको वृत्तं लिखेद् ग्रामाधिकारिणाम् ।

षुफियै नवीस, शुल्काध्यक्षः, सायरका दारोगा, लेखकश्च, सायरका मुश्रिफ, धनिको, तहवील [दार] मित्रयोजना :—

छिद्रधर्माणि तेषां तु विलिखेद् **गुप्तलेखकः** ॥ १०० ॥

कोटवाल—

... ...(?)
शुल्काध्वकरमादद्यात्लिखेद् रक्षेत् पृथक् पृथक् ॥ १०१ ॥
चौरादेर्ग्रामगुप्त्यर्थं **ग्रामगौल्मिक** ईष्यते ।

शहनै—

कृषिगोप्ता कृषेर्भाकृत्तृन् वारयेत् कर्षकादिकान् ॥ १०२ ॥

फौजदार—

सीमागौल्मिकमारक्षेद् दीर्घां प्रगणभूमिकाम् ।

काजी—

धर्माध्यक्षस्तु ग्रामात्तद्रव्यलेखादिसाक्षिकः ॥ १०३ ॥

इत्तलाकनवीस —

राज्यांशग्रहणायुक्तभटलाभान् लिखेत् तु यः ।
आदेशलेखकस्तेषां वेतनेषु छिनत्ति यः ॥ १०४ ॥

इत्यादयोऽधिकाराः स्युः प्रायशश्चक्रवर्तिनाम् ।
संपत्तेरनुसारेण त्वन्येषां विद्धि भूभुजाम् ॥ १०५ ॥

एषा पद्धतिराख्याता राजरीतिबुभुत्सया ।
गभीराद् राजसेवाब्धेर्द्रोणपाकाच्च सिक्थवत् ॥ १०६ ॥

इति यवनपरिपाट्यनुकृत्या राजरीतिनिरूपणं नाम शतकं समाप्तम् ॥

शुभं भवतु ॥

विरचितं दलपतिरायेण ॥

परिशिष्ट

[अधिकारी कार्यव्यवस्था]

(कर्ताके शब्दोंमें)

१ **अमीन**—षेती वा प्रजाकी अवस्था देषि फसलके सिरे प्रगणेकी गुजस्तै पै वस्तेकी जमां देषि आफत मुजरा देकै इसम वार जमां बांधै। जमां बांधि लिषतं रैयतकी करवाय करोडीकों सोंपै तस कीसको डोल चोधरी कानूगांके दसकत करवाय हजूर दीवानी दफतरमें भेजै। (श्लो० ९४)

२ **करोडी**—अमीनकी तसकीसकि सतबंधी मुवाफिक तहसील करै। माहवार 'वासिलात' चौधरी कानूगोंकै दसकतसैं भेजै। कदाचि पिछली बाकी होय तो बहू तहसील करै। (श्लो० ९५)

३ **कारकून**—जमांको वासिलातको किसत बंदीको सिरस्ता रषै मुवाज नौदह सालो रकवाबंदीना नकार इनाम रोजीना आयमा परगनाती षरचत कावीत पाबंदी जामिनी औल बंदी इर साल तनषाह रोजनामा चोधरी कानूगो तैबीलदार षजानाके मुश्रिफके वा करोडीके दसकतसों दिन प्रति कराय राषै याके जुदे जुदे गुमास्ता चाहिये याके सिरस्ताको कागद कानूगेको सिरस्ता मुवाफिक होता है। महीनेका जमां षरच हजूर तहबीलदारके दसकत वा चौधरी कानूगाके दसकत भेजे।

४ **कोतलकरोडी**—प्रगणामें काहूकी जागीर इनाम आयमा जबती होइ ताकी तहसील करि वासिलात गांवके पटवारी चोधरी कानूगौंके दसकत नि कराय भेजै। तहसील आवै सो तहबीलदारकै जमां करावै। बहाली होइ ताके तफावतके दिनभरिले षलासी करै।

५ **तहबीलदार**—आमदनी परगणाती लेवै, भरै ताको दाषिला रैयतकों करि देवै। जो कछु षरच होय ताकी सनद राषै। दिन प्रति षजानाको सियाहा करै। रोकमोजूदात गांठि बांधि संदूकमें धरै। आमीलकी चौकीमें राषै। हजूर भेजै ताकी रसीद हजूरके षजांचीकी मंगाइ लेवे। जाकौं तनषाहमैं जितनौं देवै तितनाकी कबजूल वसूल तासौं लिषाय लेवै। याके एक परषिया एक मुश्रिफ अवश्य चाहिये।

६ **बकसी**—प्रगणामें सिबंदी रहै, ताको इसमनवीसी चिहरा फैरिस्त अवार जाबरात इतला कहा जरी तईमाती तसदीक वसूल राषै यौं तईनातीयनिको सरिस्ता राषै।

७ **कोटवाल**—कसबामें चोरी जोरी झगडाकौ जाबतो राषै।

८ **फोजदार**—प्रगणाकी सरहदमैं चोरी कजाकी ठग फांसीगरको जाबतो राषै। जो कोऊ जमीदार आमिलकों न मानै ताकों सर करै।

९ **काजी**—कसबामें धर्मकी रीति वर्णाचार प्रवर्त्तावै। सनदकी नकल पर जमां वासिलात पर वाकी मुहर होइ।

१० **वाकानिगार**—दिन प्रति कचहरीकी हकीकत लिषै।

११ **सवानै निगार**—देश देशांतरके सुने थके समाचार लिषै।

१२ **षुफियानवीस**—आमिल ओधेदारकी गुप्त चोरी दुष्कर्म लिषै॥

અનુવાદ

(૧)

ગોપીવલ્લભના બંને ચરણકમલોનું હૃદયમાં ધ્યાન કરીને મ્લેચ્છ ભાષા અનુસાર ક્યાંક રૂઢિથી, ક્યાંક કોશના આધારે તો ક્યાંક પોતાના અનુભવ મુજબ નામ, તેનાં લક્ષણો, સંસ્થા-શાલા, અધિકારો અને અધિકારીઓની **'રાજવિધિ'** જણાવું છું.

જે સમગ્ર રાજ્યની ધુરાને વહન કરે અને રાજાના હસ્તાક્ષર લઈ આજ્ઞા કરે તે **પ્રતિનિધિ** (વકીલ, મુતલક, નાયબ, મુસાહિબ) કહેવાય. ૩

જેની પાસે (નાણાંની) આવકના અધિકારો હોય, રાજા પણ જેમને આધીન હોય તેને **અમાત્ય, મંત્રી, પ્રધાન,** અગર **સચિવ** (વજીર, પ્રધાન, દીવાન) કહે છે. ૪

સૈનિકોમાં આગળ રહેનારો, જેના અધિકારમાં સૈનિકના વેતનનો ઘટાડો-વધારો તેમ જ ફેરફાર કરવાનું તંત્ર હોય તેને **સેનાપતિ** (બકસી) કહે છે. ૫

કોઈ પણ રાજકાર્યમાં અપેક્ષિત વસ્તુઓ તેમ જ રાજવીના નિવાસસ્થળમાં સમસ્ત કામો જેના અધિકારમાં હોય તેને **શાલાપતિ** (મીરસામાન, ખાનસામાન, કોઠારી) કહે છે. ૬

જે પ્રત્યેક રાજવી પાસે સંદેશા લઈ જવાનું કામ કરે અને પોતાના રાજાની ઇષ્ટ સાધનામાં તત્પર રહે તેને **દૂત** (એલચી, વકીલ) કહે છે. ૭

રાજાની રહસ્ય વાતોને જે પાત્ર હોય અને રાજાની આજ્ઞાથી પત્રો લખે તેમ જ પત્રોના જવાબ આપે તેને **સુલેખક** (મુનશી) કહે છે. ૮

રાજાને માહિતી આપવા યોગ્ય સમાચારો કારણ વિના જ જે નિવેદન કરે અને રાજાના દ્વારપાળોનો જે અધ્યક્ષ હોય તેને **વિજ્ઞાપક** (અરજબેગી) કહે છે. ૯

રાજાનાં શાંતિકાર્યોમાં પુરોહિત સમાન તેમ જ તેમનાં પુણ્ય કારણનાં કર્મો જેને આધીન હોય તે. **દાનાધ્યક્ષ** (સદર) કહેવાય છે. ૧૦

જે વિશ્વાસપાત્ર અને જિતેન્દ્રિય હોય, જેને આધીન રાજવીના અંતઃપુરનાં ગુપ્ત કાર્યોનું સંચાલન રહે તેને **મહત્તર** (નાજિર) કહે છે. ૧૧

સૈનિકોની જે નિયુક્તિ કરે અને અગ્નિથી ચાલતાં સમગ્ર શસ્ત્રો જેને આધીન હોય તેને **અનલાધ્યક્ષ** (મીરઆતશ, તોપખાનેકા દારોગા) કહે છે. ૧૨

નદી, સરોવર, તળાવ વગેરેનાં પાણીને રોકવા ને છોડવા તેમ જ નૌકાઓ વગેરેનું તંત્ર જેને આધીન હોય તે **જલાધ્યક્ષ** (મીરબહર) કહેવાય છે. ૧૩

જે શિલ્પશાસ્ત્રનો વિશારદ હોય અને કિલ્લો, મંદિર, વાવડી વગેરેની મરમ્મત કરાવવી (સમરાવવાં) તેમ જ બંધાવવામાં જે નિયુક્ત કરાયો હોય તેને વાસ્તુક (મીરઇમારત) કહે છે. ૧૪

જેના આદેશથી અનાથ અગર સનાથ વસ્તુ ઘરથી લેવામાં આવે અગર આપવામાં આવે તેને **આયતનિક** (નજૂલકા દારોગા) કહે છે. ૧૫

માળીઓનો જે નાયક હોય અને બગીચો તેમ જ વાડીઓની રચનાનું કામ જેને હસ્તક હોય તે **ઉદ્યાનપાલક** (બાગાતકા દારોગા) કહેવાય છે. ૧૬

જેને આધીન તરવાર, ખેટાસિ (શિકારનું શસ્ત્ર), ભાથું, બાણ, ભાલો વગેરે શસ્ત્રો હોય અને છૂપા સમાચાર આપતા હોય તેમ જ હરેક પ્રકારનાં માંગલિક કાર્યો જેને હસ્તક હોય તેને **શસ્ત્રાધ્યક્ષ** (કોરવેગી, સિલાહખાનાકા દારોગા) કહે છે. ૧૭

જલ અને સ્થલમાં વિચરતાં એવાં શિકારને યોગ્ય પશુઓ માટે જેની નિયુક્તિ કરેલી હોય તે **વૈતંસિક** (કરાલવેગી, શિકારખાનેકા દારોગા) કહેવાય છે. ૧૮

વિચિત્ર પંખીઓ તેમ જ શિકારી પંખીઓ સંબંધી તંત્ર જે નિયુક્ત કરે તે **વિહંગાધ્યક્ષ** (કોશવેગી) કહેવાય છે. ૧૯

રાજાનાં લક્ષ્મીગૃહનાં નાણાં જેને આધીન હોય તેને **ભાંડાગારી** અગર **નિધિપાલ** (ખજાંચી, ભંડારી) કહે છે. ૨૦

શત્રુ વગેરેના સંભવિત સમાચારો ચર પુરુષો મારફત મેળવીને રાજાને નિવેદન કરનાર અધ્યક્ષ **પ્રવૃત્તિવાહક** (હરકારોંકા દારોગા) કહેવાય છે. ૨૧

દુઃખી મનુષ્યોના વિસંવાદો જે સુનીતિજ્ઞ પુરુષ રાજા પાસે નિવેદન કરે તેને **ન્યાયાધ્યક્ષ** (અદાલતકા દારોગા) કહે છે. ૨૨

ચોરી, લંપટતા, વગેરે દુષ્કૃત્યોને રોકવામાં તત્પર અને નગરનું રક્ષણ કરવાનો અધિકાર મળ્યો હોય તે **નગરગૌપ્તિક** (કોટવાલ) કહેવાય છે. ૨૩

નગરની નજીકના સીમાડાઓનું આપત્તિઓથી જે રક્ષણ કરે તેને વિદ્વાનો **સીમારક્ષક** (ફોજદાર) કહે છે. ૨૪

આચારના વ્યવહારમાં અને પ્રાયશ્ચિત્તમાં જે માનનીય પુરુષ યોજનાપૂર્વક પ્રવૃત્તિ કરાવે તે **ધર્માધ્યક્ષ** (કાજી) કહેવાય છે. ૨૫

શ્રુતિ અને સ્મૃતિમાં નિરૂપણ કર્યા મુજબનાં ધર્માધ્યક્ષનાં વચન સાંભળીને જે દેશ-કાળને યોગ્ય દંડનું વિધાન કરે તે **પ્રવર્તક** (મુફતી) કહેવાય છે. ૨૬

જે અધિકારી બહાર દેખાતાં એવાં કૂડાં તોલ, માપ, દારૂ, જુગાર, વેશ્યા વગેરેને નિરાકરણ—દૂર કરે તે **નીતિદશ્વા** (મુહતસિબ) કહેવાય છે. ૨૭

કિલ્લાઓ, ગઢો અને રાજાના મહેલોનું રક્ષણ કરવાનું જેને આધીન હોય તે **દુર્ગપાલ** (કિલા(લે)દાર) કહેવાય છે. ૨૮

સૈન્યને સ્થાન આપે, દુકાનોની શ્રેણિઓની રચના કરે અને સૈન્ય વિખેરી દેવાનું જે કાર્ય કરે તે અધિકારી **સ્કંધયાત્રિક** (મીરમંજિલ) કહેવાય છે. ૨૯

રાજા જ્યાં રહ્યા હોય અને પ્રયાણ કરતા હોય તે સ્થળના સીમાડાઓ ઉપર માણસો (રક્ષકો)ની નિયુક્તિ કરે તેને નીતિશાસ્ત્રકારો **પથકરાધ્યક્ષ** (મીરતુજક) કહે છે. ૩૦

રાજા પાસેથી જે વેતન મેળવતો હોય તે પોતાની સાથેના સૈનિકોની નિયુક્તિ કરે તેને **ગણનાયક** (રિસાલૈદાર) કહે છે. ૩૧

જેને આધીન ચારે પ્રકારનું સૈન્ય હોય તે **દંડનાયક** (અમીર, ઠાકુર) કહેવાય છે.

આ રીતે ઘણા આધકારીઓ મધ્ય પરિષદાના હોય છે. ૩૨

. વળી, પીઠમર્દ, અંગરક્ષક, સેવકો, દાસો, વિદૂષકો જેઓ રાજવીની નજીક રહેનારા (શિષ્યો જેવા) હોય છે તે બધા અભ્યંતર આશ્રય પામનારા કહેવાય છે. ૩૩

મહેલના જે લાઠીધારી બાહ્યસ્થ પરિચારકો હોય તે બાહ્ય અધિકારીઓ કહેવાય છે. ૩૪

જેમાં પલંગ, પથારી-પાથરણાં વગેરે હોય અને તેની વ્યવસ્થા કરનારા હોય તેને રાજ-રીતિના વિશારદો **શય્યાગાર** (સુખસેજખાના) કહે છે. ૩૫

જ્યાં માલીશ તેમ જ વિલેપન વગેરે સ્નાનનાં સાધનો અને પાણીની વ્યવસ્થા હોય તેને રાજનીતિજ્ઞોની ભાષામાં **મજ્જનગૃહ** (ગુસલખાના, હમ્મામ) કહે છે. ૩૬

જ્યાં ઇષ્ટદેવની પ્રતિમા—છબી હોય, પૂજાનાં પાત્રો હોય, માળાઓ હોય અને આસનો વગેરે હોય તેને **દેવાયતન** (તસબીહખાના) કહે છે. ૩૭

જ્યાં વિવિધ ગ્રંથો હોય, તેની સાથોસાથ પાનાં, વીંટવાના કાગળો, બંધન, દોરીઓ, પૂંઠાં, પાટિયું અને કાતર વગેરે હોય તેને **પુસ્તકાલય** (કિતાબખાના) કહે છે. ૩૮

જ્યાં શિલ્પી—ચિત્રકારોએ રેખાથી દોરેલાં અગર રંગથી ચિતરેલાં દેવ તેમ જ રાજાઓનાં ચિત્રો રાખવામાં આવે તેને **ચિત્રાગાર** (તસબીરખાના) કહે છે. ૩૯

જ્યાં વિવિધ પ્રકારની ઔષધિઓ હોય, શરીરની પુષ્ટિ માટે અવલેહો—ભસ્મો હોય અને સેવકો સાથે વૈદ્યરાજ હોય તેને **ભૈષજ્યગૃહ** (દવાઈખાના) કહે છે. ૪૦

જ્યાં દ્રાક્ષ, દાડમ, ખજૂર, નારંગી, કેરી વગેરે ફળો તેના વેચનારાઓ પરિશ્રમથી એકત્રિત કરીને ગોઠવે તેને **ફલાગાર** (મેવાખાના) કહે છે. ૪૧

ખાડામાં, કોઠીઓમાં કે પવાલીઓમાં અનાજનો ઢગલો રાખવામાં આવે તેને રાજનીતિના જાણકારો **કોષ્ઠાગાર** (અંબાર, કોઠાર, જખીરા) કહે છે. ૪૨

જ્યાં અનાજ, ખાદ્ય વસ્તુઓ અને લાકડાં-બળતણ વગેરે જરૂરિયાત પ્રમાણે રાખવામાં આવે તેને **મહૌષધીશાલા** (મોદીખાના) કહે છે. આવાં મોદીખાનાં અનેક સ્થળે કરવામાં આવે છે. ૪૩

જ્યાં રસોઈને યોગ્ય ધાતુ વગેરેનાં વાસણો રાખવામાં આવે અને તેની વ્યવસ્થા કરનારાઓ તેમ જ વાસણ માંજનારાઓ હોય તે સ્થળને **કૂપ્યશાળા** (રિકાબખાના) કહે છે. ૪૪

જ્યાં કંસારાઓ વાસણને ઘડે અને વાસણોને સંસ્કાર આપે (ભાંગ્યાંતૂટયાં વાસણોને સાંધવામાં આવે) તે સ્થળને રાજનીતિના પંડિતો **કાંસ્યાગાર** (ઠઠેરખાના) કહે છે. ૪૫

જ્યાં પીવાનાં, ચાટવાનાં, ચૂસવાનાં અને ખાવાનાં અનાજ વગેરે પદાર્થો તેમ જ દહીં-દૂધ હોય અને શાક તેમ જ ચટણી વગેરેનો ત્રણ વખત સંસ્કાર આપવામાં આવે તેને **મહાનસ** (બબર્ચીખાના, રસોડા) કહે છે. ૪૬

જ્યાં ઠંડું પાણી હોય અને તેને રાખવાનાં ધાતુનાં તેમ જ માટીનાં બનાવેલાં વાસણો હોય, પાણી ભરનારા અને તેને સાચવનારા માણસો રાખ્યા હોય તેને **પયોગૃહ** (આબદારખાના, પાણેરો) કહે છે. ૪૭

જ્યાં મુખશુદ્ધિ—મુખવાસ માટેનાં પાન, સોપારી, લવીંગ, ઈલાયચી, કપૂર વગેરે દ્રવ્યો તેની વ્યવસ્થા કરનારાઓ દ્વારા રાખવામાં આવે તેને **તંબૂલગૃહ** (તંબોલખાના) કહેવામાં આવે છે. ૪૮

જ્યાં ગરીબ, અશક્ત, રાંક, પીડિત, ભિક્ષુક-ભિખારી, પાંગળાં, આંધળાં અને રોગીઓને મહેરબાનીની રાહે ભોજન આપવામાં આવે તેને **પ્રતિશ્રય** (બિલગોરખાના) કહે છે. ૪૯

જ્યાં વસ્ત્રોની વ્યવસ્થા કરનારાઓ, મૂલ્ય આંકનારાઓ—ગ્રાહકો અને વેચાણ કરનારા વેપારીઓ વસ્ત્ર વગેરેનાં મૂલ્યનો નિર્ણય કરે તે **ક્રયશાલા** (ઈબિતિયાખાના) કહેવાય છે. ૫૦

જ્યાં દરજીઓ વસ્ત્રોને ફાડે-કાપે અને સીવે તેમ જ સંચાઓ (દરજીઓ) હોય તેને **સીવનાગાર** (કિરકિરાફખાના) કહે છે. ૫૧

જ્યાં લીટીવાળાં લાંબાં, ધોવાયેલાં, રંગેલાં, સૂકવેલાં વસ્ત્રો હોય અને સુગંધીદાર પ્રસાધનો હોય તેને **નેપથ્યાગાર** (તોશકખાના, કપડદાર) કહે છે. ૫૨

જ્યાં પાટીર, અગરુ-ધૂપ, કાશ્મીર-કંકુ, કસ્તૂરી વગેરે દ્રવ્યો હોય તેમ જ ફૂલોના રસો-અત્તર રાખવામાં આવ્યા હોય તેને **સુગંધાગાર** (ખુશબોઈખાના, સોંધેખાના) કહે છે. ૫૩

જ્યાં શિલ્પીઓ–ચિત્રકારોની ચિત્રમુદ્રાઓ હોય, અને વસ્ત્રોના સંસ્કાર માટેનું સ્થળ હોય તેને **વર્ણાગાર** (રંગખાના) કહે છે. ૫૪

જ્યાં સોનું ઘડાતું હોય, અને રત્નોનું જડાવ-કામ થતું હોય તેને રાજનીતિવિશારદો **કલાદગૃહ** (જરગરખાના) કહે છે. ૫૫

જ્યાં રત્નો, મોતીઓ, મણશિલ પથ્થરો, પરવાળાં, સ્ફટિક જુદા જુદા અને પરોવીને પહેરી શકાય તેને **રત્નાગાર** (જવાહીરખાના) કહે છે. ૫૬

જ્યાં શસ્ત્રો, અસ્ત્રો, કવચ, ઢાલ વગેરે રાખવામાં આવે તેને વિદ્વાનો **પ્રહરણકોશ** (કારખાના,-સિલહખાના) કહે છે. ૫૭

જ્યાં રૂનાં પાથરણાં—ગાદલાંગોદડાં હોય, ઓશિકાં હોય, છાવણી હોય તેને નીતિવિશારદો **સંસ્તરગૃહ** (ફરાશખાના) કહે છે. ૫૮

જ્યાં ધન-દોલત, સોનું વગેરે રાખવામાં આવે અને તેનો વધારો કરવામાં આવે, તેની આવક અને ખર્ચ કરવામાં આવે તેને **શ્રીગૃહ** (ખજાના, ભંડાર) કહે છે. ૫૯

જ્યાં રાજાને તરત દાન આપવાના ઉપયોગમાં લેવાના ચલણી સિક્કા રાખવામાં આવે તેને નીતિવિશારદો **દાનકોશ** (વિહલા) કહે છે. ૬૦

જ્યાં ઘોડેસવાર થવા માટે પલાણનાં સાધનો હોય, ઘોડેસવારી શીખવનાર શિક્ષક, અશ્વ-વિદ્યાના પદવીધારીઓ હોય તેને **મંદુરા** (અસ્તબલ, તબેલા) કહે છે. ૬૧

જ્યાં ચતુરંકુટી-સાંકળો હોય, ખાડા વગેરે હોય, હાથીનું પાલન કરવાના જાણકાર મહાવતો, ચાબખા અને ભાલાવાળા માનવીઓ હોય તેને **ગજશાલા** (ફીલખાના) કહે છે. ૬૨

જ્યાં ગાયો રાખવામાં આવે તેને **સંદાની** (ગાવખાના), જ્યાં ઊંટો રાખવામાં આવે તેને **ઉષ્ટ્રશાલા** (શતુરખાના), જ્યાં રથ રાખવામાં આવે તેને **યાનશાલા** (રથખાના) અને જ્યાં પાલખી વગેરે રાખવામાં આવે તેને **પાલકાગાર** (પાલખીખાના) કહેવામાં આવે છે. ૬૩

જ્યાં સુથારો લાકડાથી બનાવી શકાય એવાં આસનો વગેરે બનાવે તેને **દારુકર્માલય** અથવા **આવેશન** (ખાતિમબંધખાના) કહે છે. ૬૪

જ્યાં ચરબી, મીણ, રૂની વાટ-બત્તીઓ હોય, દીવીઓ, થાળી, પાંજરી, કોડિયાં વગેરે રાખ-વામાં આવે તેને **દીપિકાલય** (શમૈ ચિરાગખાના) કહે છે. ૬૫

જ્યાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, દશ, વીશ જેટલી શિખાઓવાળી મશાલો હોય અને એ લુગડાની વાટો ઉપર તેલ છાંટવામાં આવે તેને **જ્યોતિરાલય** (મશાલખાના) કહે છે. ૬૬

જ્યાં આવક-જાવક વગેરે લખાતાં હોય, ખડિયા અને કલમો હોય, લેખકો અને બંધન બાંધનારા હોય તેને **લેખશાલા** (દફ્તરખાના) કહે છે. ૬૭

જ્યાં શિકાર કરવા માટે હરણો, ચિત્રકો, શિયાળો રાખવામાં આવે અને તેની વ્યવસ્થા કરનારા માણસો હોય તેને **મૃગયાગાર** (શિકારખાના) કહે છે. ૬૮

જ્યાં શિકાર કરવા માટે આકાશમાં ઊડનારાં વજ્ર જેવી ચાંચવાળાં અને લોખંડી ચાંચવાળાં બાજ પંખીઓ રાખવામાં આવે તેને **શાકુનિકાલય** (કોશખાના) કહે છે. ૬૯

આ પ્રકારે રાજાનાં અનેક સ્થળો હોય છે તેને **શાલા** કહે છે, ક્રીડા માટેનાં સ્થળો **ઉપશાલા** કહેવાય છે. ૭૦

ઉપર્યુક્ત પ્રત્યેક શાલામાં **ઉદ્દેશક, સ્થાપનિક,** અને **લેખક** એમ ત્રણ અધિકારીઓ હોય છે. બીજા મૂલ્ય કરનારા અધિકારીઓ વગેરે હોય છે. ૭૧

શાલાના પરિજનોમાં રાજાની આજ્ઞા પ્રમાણે કાર્ય કરે તે **ઉદ્દેશક** (દારોગા) કહેવાય અને તેની આગળ બધી જે નોંધ કરે તેને **લેખક** (મુશ્રિફ) કહે છે. ૭૨

વસ્તુઓનો સંગ્રહ કરે તેને **સ્થાપનિક** (તહવીલદાર) કહે છે. જે મૂલ્ય કરે તેને **મૂલ્યકાર** (મુકીમ) કહે છે. રત્નોનું તોલ કરે તે **તૌલિક** (વજનકશ) કહેવાય છે અને બધી વસ્તુઓ જે મેળવી આપે તેને **ચર** (સરબરાહકાર) કહે છે. ૭૩

રાજાની બધી શાલાઓ **શાલાપતિને** આધીન હોય છે. બધી શાલાઓને **કૌત્રિકાપણ** (કારખાના) એવા એક નામે લોકો ઓળખે છે. ક્યાંક તેને **શાલા** નામથી પણ સંબોધે છે. ૭૪

નગરનિવાસીઓ શ્રેણીને આધીન હોય છે; અને રાજાઓ શાલાને આધીન હોય છે. નિયત એવી એક જ કળા-કારીગરીમાં ઉદ્યમશીલ સેવકો પગારથી સેવા લેનારને આધીન હોય છે. ૭૫

જે પરિશ્રમસાધ્ય અનિયત—ગમે તે મજૂરી કરે તે મજૂરો છે. તેમાં કાહારો—વાસણ માંજનારાઓ, બોજ ઉપાડનારાઓ અને ઘાસ-લાકડાં કે ફળ ઉપાડનારા હોય છે. ૭૬

જે ખરીદ-વેચાણનો વ્યવહાર કરે તેને લોકો વ્યાપારી કહે છે. અને પૈસા લેવા-આપવાનો વ્યવહાર કરે તે **વ્યાવહારિક** (શરાફ) કહેવાય છે. ૭૭

ખરીદ-વેચાણની પ્રવૃત્તિવાળો, મૂલ્ય ઠરાવનાર **મધ્યસ્થ** (દલાલ) કહેવાય છે. જે ગણિમ—ગણતરીથી, ધરિમ—તોલવાથી, મેય—માપથી અને પરીક્ષાથી લેવાય તે દ્રવ્ય **પણ્ય** કહેવાય છે. ૭૮

નારિયેલ વગેરે ચીજો નંગની ગણતરીથી અપાય તેને **ગણિમ;** કપૂર, ઈલાયચી વગેરે ચીજો ત્રાજવાથી તોલીને અપાય તેને **ધરિમ** કહે છે. વસ્ત્ર વગેરે હાથ અને આંગળીથી માપીને અપાય તેને **મેય** અને ઘોડા વગેરે પરીક્ષાથી વેચાય તેને **પારીક્ષ્ય** કહે છે. તેમાં તુલા કે માન વગેરે કરી ન શકાય. ૭૯-૮૦

[૩]

સમુદ્ર પર્યંતનો પ્રદેશ તે **ચક્ર** કહેવાય અને તેનો માલિક તે **ચક્રવર્તી** કહેવાય છે. તેનો મોટો ભાગ તે રાષ્ટ્ર અગર **જનપદ** (સૂબા) કહેવાય છે. ૮૧

એ રાષ્ટ્રનો અંશ-વિભાગ જે ચાર પ્રકારના સૈન્યથી સભર રાજધાની સહિત હોય તેને **મંડલ** (સિરકાર) કહે છે. તેનો અધિપ તે **મંડલાધિપ** કહેવાય છે. ૮૨

ઘણા ગામોવાળો એ મંડલનો જે અંશ તે **પ્રગણ**—પરગણું (મૌજે) કહેવાય છે. તેનો અધિપ સામાન્ય સૈન્યવાળો હોય છે અને **સામંતરાજ** કહેવાય છે. ૮૩

ખેતી યોગ્ય જમીનવાળું ગામ તે **પ્રગણ**–પરગણું (મૌજે) કહેવાય.

મીઠા વગેરેની જમીન **આકર**–ખાણ (માદન) કહેવાય.

પર્વત જેવા કિલ્લાથી યુક્ત અને જેમાં ચારે પ્રકારની જાતિઓ હોય તે **નગર** (બલદૈ) કહેવાય. ૮૪

ધૂળના ઢગલાવાળો પ્રદેશ **ખેટ** કહેવાય. કબીલાઓનો વાસ હોય તે **પુર** કહેવાય. જલ અને સ્થળ માર્ગોથી વ્યાપ્ત હોય તે **દ્રોણમુખ** (બંદર) કહેવાય. ૮૫

બંને તરફ દોઢ ગાઉ સુધી કોઈ ગામ ન હોય અને જ્યાં સજ્જન પુરુષો જઈ ન શકે એવા ગાઢ જંગલથી વ્યાપ્ત હોય તે પ્રદેશ **મંડબ** (દયાર) કહેવાય. ૮૬

જ્યાં ભાત ભાતની વેચવા યોગ્ય વસ્તુઓ આવે તેને **પત્તન** કહે છે. માર્ગમાં અહેતુક વસવાટ હોય તેને **સન્નિવેશ** કહે છે. ૮૭

ચોરોનું રહેઠાણ હોય તેને **પલ્લી** કહે છે. જ્યાં તાપસો વસે તેને **આશ્રમ** કહે છે. જ્યાં વણિકો વસે તેને **નિગમ** કહે છે અને બ્રાહ્મણોના વાસને **બ્રહ્મવાસ** કહે છે. ૮૮

નાનકડા ગામને **વાસ** કહે છે. જ્યાં બે-ત્રણ ઘર હોય તેને **અંશિકા** કહે છે. ગાયોને ધરવી દે એવી ઘાસથી છવાયેલી નજીકની ભૂમિને **ગોકુલ** કહે છે. ૮૯

જ્યાં શિલ્પીઓ, કામ કરનારાઓ, વ્યાપારીઓ, વ્યવહારીઓ, ચાર પ્રકારનું સૈન્ય અને રાજા નિવાસ કરે તે સ્થળને **દ્રંગ** કહે છે. ૯૦

ચક્રનો અધિપ **ચક્રી, સમ્રાટ** કે રાષ્ટ્રપાલ કહેવાય. પ્રદેશનો અધિપ **મંડલેશ, મહારાજ** અગર **સામંત** કહેવાય. ૯૧

ગામનો મુખી તે **ગ્રામણી** કહેવાય. જેને આધીન કેટલાક ગ્રામણીઓ હોય તે **ભૌમિક** (ચૌધરી) કહેવાય. ૯૨

દેશ-આચારનો જાણકાર **રીતિજ્ઞ** (કાનૂગો) કહેવાય છે. ૯૨

રાજ્યના પગારો અને દાનના પ્રકારો તેમ જ ગામની દશ વર્ષની આવક જે લખે અને ગ્રહણ કરી રાખે તે **લેખસંગ્રાહક** (મજમુઐદાર) કહેવાય છે. ૯૩

[૪]

ખેતીની સારી ફસલ તેમ જ પ્રજાની ઉચિત સ્થિતિ જોઈને રાજ્યના કરનો જે નિર્ણાયક હોય તે **વ્યવસાયિક** (અમીન) કહેવાય છે. ૯૪

વ્યવસાયિકે નક્કી કરેલું દ્રવ્ય પ્રજાજન પાસેથી બળપૂર્વક કે સરળ રીતે ગ્રહણ કરે તે **કરોદ્દીરક** (કરોડી) કહેવાય છે. ૯૫

જે ગામનો કર સ્થગિત થયો હોય તેની સાક્ષીપૂર્વક જપ્તી કરીને રાજાને જે મોકલી આપે તે **નિરોધક** (કોતલ કરોડી) કહેવાય છે. ૯૬

જે ધનિક પ્રજાએ આપેલો રાજ્યનો કર લે અને પરીક્ષા કરીને પછી ત્યાં વાપરે તેને **પ્રાપ્તધારક** (પોતૈદાર) કહે છે. ૯૭

ધનિકે નક્કી કરેલું દ્રવ્ય યથોચિત ખર્ચ કરી અને બાકીનું રાજાને મોકલી આપે તે **ધનિક** (ખજાંચી) કહેવાય.

ધનનું રક્ષણ કરે તે **ધનાધ્યક્ષ** (ખજાનાકા દારોગા) કહેવાય.

જે હકીકત લખે તે **ધનલેખક** (ખજાનેકા મુશ્રિફ) કહેવાય.

સૈનિકોને આદેશ આપે તેને **સેનાની** (બકસી) કહે છે. ૯૯

ગામના અધિકારીઓના સમાચાર લખે તે **પ્રવૃત્તિલેખક** (બકાયૈ નિગાર) કહેવાય છે.

શુલ્કાધ્યક્ષ, સાયરકા દારોગા, લેખક, સાયરકા મુશ્રિફ, ધનિક, તહવીલદાર વગેરેનાં છિદ્રો-કપટની નોંધ કરે તે **ગુપ્તલેખક** (ખુફિયૈનવીસ) કહેવાય છે. ૧૦૦

કર અને રસ્તાનો કર જુદી જુદી રીતે લખે અને ચોર વગેરેથી ગામની રક્ષા કરે તે **ગ્રામગૌપ્તિક** (કોટવાલ) કહેવાય છે. ૧૦૧

ખેતીના ભાગ કરનારા **કર્ષક** (લણણી કરનારા)ને રોકે તે **કૃષિગોપ્તા** (શહનૈ) કહેવાય છે. ૧૦૨

પરગણાની વિસ્તૃત જમીનનું રક્ષણ કરે તે **સીમાગૌપ્તિક** (ફોજદાર) કહેવાય છે.

ગામમાંથી લીધેલાં કરનાં નાણાંના લખાણનો જે સાક્ષી તે **ધર્માધ્યક્ષ** (કાજી) કહેવાય છે. ૧૦૩

રાજ્યનો કર લેવામાં નિયુક્ત થયેલા સૈનિકોના જે લાભ અને વેતનમાં ઘટાડો કરવાનું જે લખે તે **આદેશલેખક** (ઈતલાકનવીસ) કહેવાય છે. ૧૦૪

આ પ્રકારના અધિકારો મોટે ભાગે ચક્રવર્તીઓના હોય છે અને બીજા અધિકારો પોત-પોતાની સંપત્તિ અનુસાર હોય છે. ૧૦૫

રાજરીતિને જાણવાની ઇચ્છાથી જેમ દ્રોણપાકમાંથી સિક્થ (મીણ) નીકળે તેમ ગંભીર એવા રાજસેવારૂપ સમુદ્રમાંથી (તારવીને) આ પદ્ધતિ કહી છે. ૧૦૬

આ પ્રકારે યવનપરિપાટીની અનુકૃતિરૂપ રાજનીતિનિરૂપણનું શતક પૂરું થયું. **તે દલપતિરાયે** રચ્યું છે.

શકરટેટી

નટવરલાલ માળવી

ત્રીસેક વરસના મહાપરિશ્રમે, અને પાંચેક લાખ રૂપિયાને ખરચે, તથા તેથી ય વધારે સ્વ. ભગવતસિંહજી મહારાજના અપૂર્વ ભાષાપ્રેમના પરિણામે તૈયાર થયેલો ભગવદ્ગોમંડળ કોશ આપણી એક મહાન મિરાસ છે. પણ એમાં કેટલીક ક્ષતિઓ રહી ગઈ છે. કેટલાક દોષ, ભવિષ્યની આવૃત્તિ વેળા નિવારવા જ જોઈએ એવા છે. તેવો એક દોષ ચીંધું છું.

> **શકરટેટી :** એક ફળ. તેની છાલનો રંગ રાતો હોય છે. માણસો તેને ખાય છે, તથા તેનું શાક થાય છે.
>
> (ઉતારો, કોશ પૃ. ૮૨૪૮)

શકરટેટીની છાલનો રંગ હમેશ રાતો જ નથી હોતો. નરદમ લીલા રંગની શકરટેટી પણ આવે છે. પ્રાંતીજ તરફની તો લીલા રંગની જ હોય છે, અને તે સૌથી મીઠી લેખાય છે. બીજી શકરટેટી ભૂખરા, કંઈક રાખોડી આછા તપકીરિયા જેવા રંગની છાલવાળી પણ આવે છે, ને ગુલાબી રાતા રંગની છાલવાળી ય આવે છે, પણ એ વાત બાજુએ.

હવે જુઓ એ જ શબ્દ ઇતર સ્થાને (પાને ૮૪૪૭ મે) ઉચ્ચારભેદે,

સકરટેટી :

> "સકરટેટી (સં. ષડ્ભુજા) સ્ત્રી. એ નામની એક કુષ્માણ્ડાદિ વર્ગની વનસ્પતિ; ખડબૂચું; શકરટેટી. કાલિંગડા જેવો જ એનો વેલો થાય છે. ખડબૂચાનું ફળ ગોળ થાય છે. તેનો બહારનો રંગ રાતો હોય છે. ખડબૂચું ખાવાથી સારું લાગે છે. તેનું શાક પણ કરે છે. જે ખડબૂચાની અંદરનો રંગ લીલો હોય છે, તેને મરાઠીમાં તરટી કહે છે.* તે ખાવાથી બહુ સારી લાગે છે. ખડબૂચા વધારે ખાવાથી ગરમીનો ઉપદ્રવ થાય છે. તાપની ઝાળ લાગી હોય તો ખડબૂચાનાં બીઆં વાટી માથા ઉપર ચોપડવાં અને તેનો રસ શરીરે ચોપડવો.

સકરટેટી શબ્દની વ્યુત્પત્તિ તરીકે, એટલે કે જ્યાં ઈતરત્ર વ્યુત્પત્તિ મૂકી છે તે જ સ્થાનમાં ષડ્ભુજા શબ્દ મૂકયો છે. શબ્દ તરીકે આ બે શબ્દોને કશો ય સંબંધ છે નહિ, હોઇ શકે નહિ. સંસ્કૃત ષડ્ભુજા શબ્દનું (અર્થ બાજુએ રાખીને) ખડબૂચા જેવું અપભ્રંશ રૂપ થઈ શકે ખરું એ વાત જુદી છે. ષડ્ભુજા શબ્દનો આ ઉલ્લેખ સાવ અનુચિત લેખવો પડશે.

---

* મારી પાસે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ જે. ટી. મોલ્સવર્થ પાસે તૈયાર કરાવેલો મરાઠી ઇં. કોશ (પહેલી આ. સને ૧૮૩૨; બીજી સને ૧૮૫૭; મારી પાસે બીજી આ. છે) છે, તેમાં તરટીનો અર્થ આમ આપ્યો છે: તરટી, તરંટી A TREE, Capparis Erythrocarpus બસ આટલું જ.

કુષ્માણ્ડાદિને બદલે **કુષ્માણાદિ** છપાયું છે, તે તો પ્રૂફરીડિંગની જ ભૂલ છે. એવી ભૂલ આવા કોશમાં ન હોવી ઘટે, એટલો જ ઈશારો કરી શકાય. (એમ તો બે સ્થાને અનુસ્વારો પણ રહી ગયેલાં છે.)

વારુ. અંદરથી લીલા રંગવાળા ફળને મરાઠીમાં 'તરટી' કહે છે, એ વાતનો ઉલ્લેખ કરવાનું —મરાઠી શબ્દ જણાવવાનું મને કંઈ કારણ દેખાતું નથી; સિવાય કે ગુજરાતના કોઈ ભાગોમાં 'તરટી' શબ્દ વપરાતો હોય. મેં સાંભળ્યો નથી, પણ એ રીતે મારું જ્ઞાન મર્યાદિત જ લેખાય.

હવે અહીં 'કાલિંગડા જેવો' ઉલ્લેખ છે, તે 'કાલિંગડું' શબ્દ જોઈએ. ૨૨૧૭મે પાને એ શબ્દના અર્થ

ખડબૂચ; તડબૂચ

—એ રીતે આપેલા છે. અહીં જાણે કે એવો ભાવ પ્રદર્શિત થાય છે કે ખડબૂચ (?)—ખડબૂચું અને તડબૂચ એ એક જ ફળનાં બે નામ હોય. ખરું જોતાં ખડબૂચું (ખરબૂચું)ને તડબૂચ—તરબૂચ,—બંને તદ્દન નોખાં, જુદાં ફળ છે, એ સૌ કોઈ જાણે છે.

હવે આ 'કાલિંગડું' શબ્દ 'કાલીંગડું' રૂપથી ૨૨૧૯મે પાને આપ્યો છે, ત્યાં શો અર્થ છે?

કાલીંગડું = તરબૂચ.

અહીં (વાજબી રીતે) એક જ અર્થ આપ્યો છે, ખડબૂચું અર્થ બતાવ્યો જ નથી! બંને ઠેકાણે, અજાણ્યો (કહો કે પરપ્રાંતીય, પરદેશી) માણસ આ શબ્દ જુએ, તો ભ્રમમાં પડી જાય. બે જુદા જુદા માણસો જુદા જુદા પાના પરના અર્થ જુએ ને વાત કરે તો મતભેદ થાય.

મારી સાંભરણ પ્રમાણે તડબૂચ-તરબૂચ માટેનો શબ્દ કલિંગર, કલિંગડ, અગર બહુ બહુ તો કાલિંગર છે. કાલિંગડો કે કાલિંગડું શબ્દો મેં કદી સાંભળ્યા નથી. સાંભળ્યો છે તે નરજાતિમાં, સંગીત વિષયમાં જ, રાગના નામ રૂપે. તો ગુજરાતના કોઈ ભાગમાં શું તરબૂચને કાલિંગડું કહે છે? પૂરા અધિકારથી નન્નો વાસી શકતો નથી, મારી શંકા જ પ્રદર્શિત કરું છું.

ખડબૂચું નાન્યેતર જાતિનું જ ગણ્યું છે. બીજી જાતિ બતાવી નથી. એના બહુવચન ઉપયોગમાં અનુસ્વાર જોઈએ. તે નથી. એને પણ પ્રૂફરીડિંગનો દોષ માની લઉં છું.

હવે એ શબ્દ 'ખડબૂચ'ના રૂપમાં પણ આપ્યો છે, ત્યાં શું લખ્યું છે તે જોઈએ.

ખડબૂચ: (૧) ન કલિંગડ; તરબૂચ (૨)* [સં. ખર્બુજ] ન તળિયું. ખડબૂચ ઘણી જાતનાં થાય છે. (અહીં ઘણું બધું અતિ લાંબું વર્ણન છે, તે આ લેખ માટે ઉતારવું જરૂરી નથી.) (૩) ન સકરટેટી (૪) ન સૂર્યની ગરમીથી પકવેલો મેવો.

* "ખર્બુજ" પ્રયોગ સંસ્કૃતમાં છે? વપરાય છે? કોણ જાણે? હોય તોયે તે ફારસીનું રૂપાંતર જ હશે.

અહીં પ્રશ્ન એ થાય છે, કે સૂર્યની ગરમીથી પકવેલા કોઈ પણ મેવાને 'ખડબૂચ' કહી શકાય ? કહે છે ? (ખડબૂચ શબ્દ મારા તો સાંભળ્યામાં પણ નથી. છેલ્લો અક્ષર ચું કે વિકારે ચા, બહુવચને ચાં—એવા રૂપમાં જ સાંભળ્યો છે. ડ ને બદલે ર સાંભળ્યો છે ખરો, પણ એકલું 'ખડબૂચ' જાણે કે તડબૂચના જ રૂપ જેવું-રૂપ સાંભળ્યું નથી. "તળિયું" પણ નહિ.) એમ તો સૂર્યની ગરમીથી પાકતાં ઘણાં ફળ આપણે ત્યાં થાય છે, બલકે ઘણાંખરાં ફળ એ રીતે જ પાકે છે—એ રીતે પણ પાકે છે. જે રીતે અહીં ઉલ્લેખ થયો છે, તે રીતે એ બધાંને 'ખડબૂચ' શબ્દ લાગુ પડી શકે ? હું નથી માનતો. એવા પ્રકારની કેરીને તો 'સાખ-શાખ' અગર 'સાખિયું-શાખિયું' જ કહે છે, એ વાત મશહૂર છે.

હવે આ શબ્દનું બીજું, ઉચ્ચારાંતરી સ્વરૂપ લઈએ.

(પાનું ૨૫૭૬) **ખરબૂજ :** એક જાતનો વેલો; તેનું ફળ કલિંગડ **જેવું** હોય છે. જુઓ ખરબૂજા.

એ જ પાને, નીચે જ 'ખરબૂજા' શબ્દ છે, (ખરભુજા પણ છે, ત્યાં ખરબૂજા જુઓ એવો હવાલો આપી દીધેલો છે).

ખરબૂજા (ના અર્થો) : પું (૧) બિહારી કલમી આંબાની એક જાત. (૨) ખડબૂચું, તળિયું; ચીભડું (૩) ન તડબૂચ (૪) ન સકરટેટી.

અહીં 'ચીભડું' અર્થ પણ બતાવ્યો છે. બિહારી કલમી આંબાની જાત વિષે હું કશું જાણતો નથી.

એક જાતનું ભારે કદનું ચીભડું થાય જ છે, તે દેખાવમાં લંબાયું પણ મળતું આવતું ને સ્વાદમાં સકરટેટી જેવું જ હોય છે, તેને જ સ્થાને વેચાય છે, ખવાય છે. પણ તે ચીજ તો જુદી જ ગણાય, કોશની દૃષ્ટિએ જુદી જ ગણાવીને લેખાવી જોઈએ, ને તે પ્રકારે જ તેનો ઉલ્લેખ થવો જોઇએ. આ બધાં ઉચ્ચારાંતરોમાંથી એક જ ઠેકાણે આ 'ચીભડા'નો આ પ્રકારનો ઉલ્લેખ છે, એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે. પણ ત્યાં મીઠાશ કે રંગ કે ઉત્પત્તિ કે એવો બીજો ઉલ્લેખ નથી. અને તડબૂચ અને ખડબૂચું બે એક જ છે, એવો ઉલ્લેખ ફરીથી અહીં છે.

હવે પેલો ષડ્ભુજા શબ્દ લઈએ. સકરટેટીની ઉત્પત્તિ એ શબ્દમાંથી થયેલી ઉલ્લેખવી એ તો ખરેખર અનર્થ જેવું છે.

કવિ દલપતરામે જન + અવર = જનાવર એવી વ્યુત્પત્તિ કરેલી. એથી ય રમૂજી વ્યુત્પત્તિ મુસ્લિમ શબ્દની—'મૂશલિન્' (મૂશળથી લઢનારા હળધારી, બળદેવ) શબ્દમાંથી એક મહાન પંડિતે કાઢેલી. એથી ય વધારે બંધબેસતા દાખલા 'અફીણ'ને માટે સંસ્કૃતમાં 'અહિફેન' શબ્દ (સાપની ફેણ; સાપફેણને અફીણને શો નાતો ?) અને તમાકુને માટે તામ્રકૂટ શબ્દ ઘૂસાડી દેવામાં આવ્યા તે કદાચ ગણાય. પણ એ બધામાં ય ઉચ્ચારસામ્ય, શબ્દસામ્ય છે. આ 'ષડ્ભુજા' પરથી 'ખડબૂચું' નીકળેલો કદાચ કોઈ ગણાવવા માગે તો સમજ્યા, પણ સકરટેટી ?...... શી રીતે ?

જાનવર શબ્દ સ્પષ્ટપણે જાન+વર (વર પ્રત્યય છે, નામવરમાં છે તે જ.)માંથી બનેલો છે; (પ્રાણ+ઈ=પ્રાણી પેઠે)ને ફારસીમાંથી આવેલો છે. દલપતરામની રમૂજી હાથવગી ઉત્પત્તિની પાછળથી સારી જેવી મશ્કરી થયેલી, પંડિત નવલરામે તો લેખ જ લખેલો. પણ તેનાથી ય આ ઉલ્લેખ બૂરો માનવો પડશે. ખૂદ ખરબૂચું શબ્દ પણ 'ષડ્ભુજા' પરથી આવેલો નથી, તો શકરટેટી-સકરટેટી તો કયાંથી જ આવેલો હોય ?

તેનો પુરાવો તો પાછો આ મહાકોશમાં જ છે, પાને ૮૪૪૩ મે !

ષડ્ભુજા : ૧ (સં.) સ્ત્રી દુર્ગાઈ, (૨) વિ. સ્ત્રી છ ભુજાવાળી.

!......બસ, આટલા જ, એક જ સરખા લેખી શકાય તેવા બે અર્થ છે. અહીં 'ખડબૂચું' એવો અર્થ પણ આપ્યો નથી, કે તારવ્યો પણ નથી, ને શકરટેટી તો નથી જ !

આપણે ત્યાં તો આ શબ્દ સ્પષ્ટપણે ફારસીમાંથી આવેલો છે—'ખરબૂઝહ'માંથી. 'ખરબૂઝહ' ને 'તરબુઝહ' બંને શબ્દો મારી પાસેના સ્વ. કાંગાના ફારસી કોશમાં ૨૨૬ મે પાને તથા ૧૫૩ મે પાને આપેલા છે. તેમાં પહેલામાં એક 'વાવ' (و) વધારે છે, એટલે કે બૂ દીર્ઘ બને છે. બીજા શબ્દમાં (و) વાવ નથી, એટલે તે *તરબુઝહ—બુ હ્રસ્વ—બને છે. ઇંગ્રેજો પાસે આ બે તદ્દન જુદાં—સ્વાદ, રૂપ, રંગ, ને ગુણવાળાં નોખાં જ ફળો માટે 'વૉટરમેલન" એક જ શબ્દ છે× બે જુદા જુદા શબ્દો નથી; (લેટિનમાં હોય, પણ તે પંડિતો જ જાણે ને તે ય વાપરે અમુક પ્રસંગે જ.) આ ફળ પણ સ્પષ્ટપણે ગરમ દેશોનું છે. ઠંડા દેશોમાં થતુંય નથી, ને તેમને કામનું ય નથી. કુદરત ગરમ દેશના લોકો માટે જ આ ઠંડી ચીજો તેમને ઘરઆંગણે પેદા કરતી દેખાય છે. 'સુદાન'—સહરાપડોશી સુદાન દેશને તો કલિંગરનો દેશ જ ગણી શકાય.

આમ ઇંગ્રેજો પાસે એક જ શબ્દ હોવાથી ઘણો છબરડો થવા પામ્યો છે એવું મને લાગે છે.

આવા મહાન કોશમાં એક જ શબ્દના—તેનાં રૂપાંતરોના—અર્થ દરેક સ્થળે જુદા જુદા, કયાંક એકબીજાથી સાવ વિરુદ્ધ અગર વિરુદ્ધ જેવા, કોઈક ઠેકાણે ટૂંકા ને કોઈક ઠેકાણે લાંબા, વર્ણનભેદયુક્ત અપાય એ કોઈ રીતે ઇષ્ટ લાગતું નથી. એક જ ઠેકાણે અર્થ જે કંઈ આપવો હોય તે પૂરેપૂરો આપી દઈ, ઈતરત્ર સર્વત્ર તેનો હવાલો જ આપી દેવો જોઈએ. (એથી જગા, મહેનત, ખર્ચ બધું બચે છે તે વાત પણ ખરી જ). બધાં ઉચ્ચારણો, (બાર ગાઉએ બોલી બદલાય તે મુજબનાં રૂપાંતરો) આપવાની પદ્ધતિ મુશ્કેલ છે, કોશનું કાર્ય વધારે કઠણ બનાવે છે, અને પહેલાં મને તે દીર્ઘસૂત્રી વધારે પડતી ઝીણવટ લાગતી હતી. અશુદ્ધ પ્રયોગો ને ઉચ્ચારણો ન જ આપવાં ઘટે, એવું મારું ધારવું હતું, પણ આ કોશના અભ્યાસ પછી જ મારો તે મત બદલાયો છે, ફેર એટલો પડ્યો છે કે લોકસમુદાયનાં બધાં જ ઉચ્ચારરૂપો-ઉચ્ચાર-ભેદો આપનારો કોશ જોઈએ તો ખરો જ, પણ તેવો જુદો કોશ હોય તે જ ઇષ્ટ. કેમકે લોકભાષા સાહિત્યમાં ઉત્તરોત્તર વધારે આવવા

* પાછળથી જોતાં એ જ પાને ખરબુઝહ—બુ હ્રસ્વ શબ્દ પણ મળ્યો છે.—ન. મા.

× એક જ ઠેકાણે તડબૂચ માટે વૉટરમેલન, અને ખડબૂચા માટે મસ્કમેલન Muskmelon પ્રયોગ જોડો. સરદાર જશવંતસિંગકૃત 'માઈ નેચરોથેરપી' પુસ્તકમાં ઇંગ્લાંડ-અમેરિકામાં એવો પ્રયોગ ચાલે છે કે કેમ તે વિષે મને શંકા છે.

લાગી છે, પણ એક મહાકોશ તો શુદ્ધ રૂપોનો જ હોવો ઘટે,—તે લોકશિક્ષણ ને ભાષાશુદ્ધિના ભાવીની દૃષ્ટિએ જરૂરી લાગે છે. એ ચર્ચા વિસ્તારથી અહીં કરવી ઠીક નથી. બીજી કોઈ વાર. આ દૃષ્ટિથી—ખરાં ને ચલણીરૂપો આપવાની દૃષ્ટિથી આ કોશમાં જે કામ થયું છે તે મહાન જ નહિ, અતિ અતિ મહાન છે. ઘણીક વાર અમુક શબ્દ—ઓતાડો કે લોકબોલીનો શબ્દ નહિ જ અપાયો હોય એવી 'ઉકમાઈ'થી અમે (અમારા પરિવારે) કોશ ખોલ્યો છે, ને ચાટ પડયાં છીએ, અને 'ચાટ'—ભોંઠા પડવાથી જ ખૂબ આનંદિત પણ બન્યાં છીએ. ભલભલા અનપેક્ષિત શબ્દપ્રયોગો પણ એમાં સંઘરાયલા મળી આવ્યા છે. (દા. ત. 'કુક' અર્ભકને લાડમાં બોલાવતાં વપરાતો અર્થહીન ઉચ્ચાર પણ આમાં સંઘરેલો છે.)

એ દૃષ્ટિએ કોશકાર મંડળને વંદન કરતાં કરતાં ય, દોષો ન ચીંધીએ તે તો કેમ જ ચાલે ?

નોંધ :—આ બાબતમાં ચોક્કસ સમજ મેળવવા મેં સુરતની અતિ જૂની જાણીતી ફળવ્યાપાર પેઢી રામજી કલ્યાણદાસના માલિકની મુલાકાત લીધી હતી. તેમણે સમજાવ્યુ કે "સકરટેટી યા ખડબૂચાને ગુજરાતના કોઈ પણ ભાગમાં 'તડબૂચ' કહેતા જ નથી. બંને ફળ ને ફળનામ જુદાં છે. કયાંય એ વિષે મતભેદ નથી. ગુજરાતના ઘણા ભાગમાં સકરટેટી થાય છે. સકરટેટી ગોળ જ ન હોય, લંબગોળ પણ હોય. જે 'ચીભડાં'—સકરટેટી જેવાં સ્વાદનાં વેચાય છે, પાકયાથી, તે ઘાટે જુદાં ને લાંબાં હોય, પણ બાકી રૂપરંગે ને સ્વાદે સકરટેટીની અવેજીમાં ચાલ્યાં જ જાય છે. લોકો બરાબર પિછાનતા નથી. તે મૂળ 'ફળ' ચમનનું છે, અને ચમનથી તેનાં બી મંગાવી હોસંગાબાદ ખાતે તેનું મોટું વાવેતર કરેલું છે, અને મુંબાઈ ગુજરાતમાં ત્યાંથી જ આવે છે. ત્યાં એને 'શરદા' કહે છે અને અમે લોકો ખાનગી વાતચીતમાં અને વેપારી પત્રવ્યવહારમાં એ નામથી એને ઓળખીએ છીએ, પણ બહારના વહેવારમાં એ ખડબૂચું અગર સકરટેટી જ કહેવાય છે.

"ખડબૂચું–સકરટેટી તો નદીકિનારે જ થનારું ફળ છે. તડબૂચનું પણ તેવું જ છે. આ ચીભડાનું તેવું નથી, તે તો માફક જમીન પર ગમે ત્યાં ઉગાડી શકાય છે અને સકરટેટી તરીકે તેનો ભાવ મેળવી શકાય છે.

"સકરટેટી અને ખડબૂચું–એ બંને ચીજ એક જ છે, કશો તફાવત નથી. આકાર કે રૂપરંગ કે સ્વાદ, કશાય કારણે તે બે ચીજમાં કશો ભેદ મનાયેલો નથી.

"તડબૂચને સકરટેટી કે ખડબૂચું કદી પણ કહી શકાય નહિ, કે ખડબૂચને તડબૂચ કહી શકાય નહિ."

હવે ?...............

નવસારી દૂધિયા તળાવની મસ્જિદનો ફારસી શિલાલેખ

સૈયદ ઈમામુદ્દીન દરગાહવાલા

નવસારી જોડે મુસલમાનોનો સંબંધ સૈકાઓ જૂનો છે. કદીમ જમાનાથી અરબો ગૂજરાતના એક બંદર તરીકે નવસારીથી પરિચિત હતા. આ તે શહેર છે, જે મુસલમાનોના છઠ્ઠા ઈમામ હઝરત સૈયદના જાફરે-સાદિક (અ. સ.)ના પૌત્ર સૈયદ મુહમ્મદ બીન સૈયદના ઈસ્માઈલ (કદ્દ), જેમનો લકબ નૂરૂદ્દીન હતો, અને જેઓ સામાન્ય રીતે સૈયદ સાદાત તેમ જ પીર સતગુર નૂરના નામોથી વધારે મશહુર છે, તેમની આખેરી આરામગાહ છે. એઓ પાંચમા અબ્બાસી ખલીફા હારૂન રશીદ (હિ. સ. ૧૭૦-૧૯૩/ઈ. સ. ૭૮૬-૮૦૮)ના સમયમાં હિન્દુસ્તાન આવ્યા હતા.[૧] ઇતિહાસોથી ફલિત થાય છે કે સુલતાન મુહમ્મદ તુગલક (ઈ. સ. ૧૩૨૫-૧૩૫૧)ના જમાનામાં નવસારી મલિકુત્ત-તુજ્જાર મૌલાના શહાબુદ્દીન અબૂ રઝાની જાગીરમાં હતું.[૨] એ વખતે નવસારીમાં એક કિલ્લો હતો, અને અહીં મુસ્લિમોની વસ્તી સારા પ્રમાણમાં હશે, તેથી તેમની મસ્જિદો પણ હશે જ તેવું અનુમાન કરી શકાય છે.

નવમી સદી હિજરીની જામે-મસ્જિદ

દિલ્હીના સુલતાનોની સલ્તનતના અન્તિમ યુગમાં—જ્યારે એ સલ્તનતના પાયા હચમચી ગયા હતા, તેવા સમયમાં હિ. સ. ૮૦૭ (ઈ. સ. ૧૪૦૪)ની સાલમાં નવસારી શહેરમાં જામે-મસ્જિદ અસ્તિત્ત્વમાં આવી હતી, તેનાથી એ હકીકતનું સમર્થન થાય છે કે નવસારીમાં એ વેળા બહોળી સંખ્યામાં મુસલમાનો આબાદ હતા, અને તેમની ધાર્મિક જરૂરિયાતોને સંતોષવા માટે આ જામે-મસ્જિદ તઅમીર કરવામાં આવી હશે.

નવસારીની મુસ્લિમકાલીન ઈમારતો

નવસારી શહેરમાં જે મુસ્લિમકાલીન ઐતિહાસિક ઈમારતો છે, તે પૈકીની ત્રણ જ ઈમારતો એવી છે, જેને લગતા ફારસી શિલા-લેખો અત્યારે સલામત છે:—

(૧) નવસારીના કોટ-કિલ્લાને લગતો શિલા-લેખ. આ કિલ્લા કે કોટનું આજે ક્યાંય અસ્તિત્વ નથી. એક ઊંચા ટેકરા પર વડોદરા રાજ્ય વખતે સરકારી ઇસ્પિતાલ બાંધવામાં આવી હતી, તેની પાછળ મુસલમાનોની વસ્તીવાળો એક મહોલ્લો છે, અને આજે પણ તે કોટ મહોલ્લાના નામથી જ જાણીતો છે. સંભવિત છે કે આ ઊંચા સ્થાને જ તુગલક યુગમાં નવસારીનો કિલ્લો કે કોટ અસ્તિત્ત્વમાં હશે; પરંતુ આ કિલ્લાના શિલા-લેખની તખ્તી તો આજે નવસારીની જામે-મસ્જિદમાં ચોડેલી જોવામાં આવે છે. આ ઉત્કીર્ણ-લેખ પ્રસિદ્ધ પણ થઈ ગયેલો છે. આ કિલ્લો સુલતાન મુહમ્મદ તુગલક (ઈ. સ. ૧૩૨૫-૧૩૫૧)ના સમયમાં બાંધવામાં આવ્યો હતો, જેને

---

૧ મઝહબ ઔર બાતિની તઅલીમ, પહેલી આવૃત્તિ, લાહોર, પૃષ્ઠ ૨૦૫.

૨ તારીખે-મુબારકશાહી (અંગ્રેજી-અનુવાદ), પહેલી આવૃત્તિ, વડોદરા, પૃષ્ઠ ૯૯-૧૦૦.

લગતો એક વિદ્વતાભર્યો લેખ જાણીતા પુરાતત્ત્વવિદ્ શ્રી. રણછોડલાલ જ્ઞાની સાહેબ તરફથી મુંબઈની ફાર્બસ સભાના ત્રૈમાસિકમાં પ્રસિદ્ધ પણ થઈ ચૂકેલો છે. આ કિલ્લાને લગતો શિલા-લેખ કેવા સંજોગોમાં નવસારીની જામે-મસ્જિદમાં ચોડી દેવામાં આવ્યો હશે, તે સંબંધમાં પ્રકાશ પાડતો કોઈ પુરાવો હજી ઉપલબ્ધ થઈ શક્યો નથી. જ્યારે નવસારીની જામે-મસ્જિદ હિ. સ. ૮૦૭ (ઈ. સ. ૧૪૦૪)માં બંધાઈ હોવાનું સમર્થન કરનારા એક કરતા વધુ જૂના ફારસી દસ્તાવેજો મારા જોવામાં આવ્યા છે; પરંતુ આ જામે-મસ્જિદને લગતો કોઈ શિલાલેખ આજે હસ્તીમાં નથી.

(૨) હિજરીની નવમી સદીમાં નવસારી આવેલા હ. પીર મખદુમ નસીરૂદ્દીન (રહેમ)ની મસ્જિદનો શિલાલેખ, જેની નોંધ નવસારીના મશહુર પારસી અભ્યાસી મી. સોરાબજી મંચેરજી દેસાઈએ પોતાની તવારીખે-નવસારીમાં લીધેલી છે.

(૩) નવસારીના દૂધિયા તળાવની પાળ ઉપર આવેલી મસ્જિદનો શિલાલેખ—જેની નોંધ તો કેટલાકોએ ઉપરટપકે લીધેલી છે પણ સદરહુ ઉત્કીર્ણ-લેખ તેના સંપૂર્ણ સ્વરૂપમાં અને તેના ગૂજરાતી ભાષાન્તરસહિત આજ લગી બીજે કયાંય પ્રસિદ્ધ થએલો નથી. આ લેખમાં હું સદરહુ શિલાલેખને લગતી જ વિગતો રજૂ કરી રહ્યો છું, અને મેં ઉપલબ્ધ કરેલી માહિતીના આધારે નવસારીની આ ત્રણસો વર્ષ કરતાં પણ વધારે જૂની મસ્જિદના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડું છું.

શું આ ઇમારત રાતા પથ્થરની હશે ?

નવસારીમાં આવેલા ટાવર (લક્ષ્મણ-હૉલ)થી દક્ષિણ દિશા તરફ જતાં દુધિયું તળાવ આવે છે. ત્યાંથી કુંભારવાડ તરફ આગળ વધતાં હાલમાં બનાતવાલા હાઈસ્કૂલ જ્યાં છે, તેની બાજુમાં જ એક વિશાળ મસ્જિદ આવેલી છે, અને તે દુધિયા તળાવની મસ્જિદના નામથી ઓળખાય છે. આ મસ્જિદ મુગલ શહેનશાહ શાહજહાંના શાસનકાળ દરમ્યાન એક ઊંચા પ્લેટફોર્મ પર બાંધવામાં આવી હતી. એની રાતા રંગના સાંડિયા પથ્થરોથી ચણવામાં આવેલી ખૂબ જ પહોળી સીડીના પગથિયાં એ વાતની પ્રતીતિ કરાવે છે, કે એ મસ્જિદનાં બાંધકામ અને ચણતરમાં પણ આવા રાતા પથ્થરોનો ઉપયોગ થયો હોવો જોઈએ; પરંતુ આજે મસ્જિદની મુખ્ય ઇમારતમાં રાતા પત્થરની બનેલી એકે ચીજ જોવા મળતી નથી. મુસલમાનોની પડતી દશા અથવા રાજકીય ઉથલપાથલના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનો કયાસ કરવો ખોટો નથી: પરંતુ આ મસ્જિદનો આથમણો ભાગ દૂધિયા તળાવના પાણીને અડીને આવેલો હોવાથી તળાવના પાણીથી ચોમાસાની મોસમમાં આ મસ્જિદની ઇમારત, અને તેના પાયાને સુરક્ષિત રાખવા ઈંટ-ચૂનાથી તૈયાર થએલો એક ખૂબ જ કદીમ અને મજબૂત પુશ્તો બાંધેલો છે; અને મસ્જિદના પટાંગણમાં મૂળ ઇમારતના ધાબા ઉપરના રાતા પથ્થરના બનેલા સંગીન મિનારનો ઉપરનો હિસ્સો તૂટેલી દશામાં હજી પણ પડી રહેલો જોવા મળે છે. ચાંપાનેરની મસ્જિદની ઇમારતમાં જે ઘાટના મિનાર જોવામાં આવે છે, તે ઘાટથી આ મિનારનો ઘાટ હૂબહૂ મળતો આવે છે, તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે જો આ મસ્જિદની મુખ્ય ઇમારત રાતા પથ્થરો વડે જ બાંધવામાં આવી હશે તો તે ચાંપાનેરની મસ્જિદની જ્યમ તે જમાનામાં આકર્ષક ઇમારત હશે, અને સંધ્યા સમયે તે પોતાની અજબ બહાર દેખાડતી હોવી જોઈએ.

દૂધિયા તળાવની વિશાળ મસ્જિદ

દૂધિયા તળાવની મસ્જિદના જમાઅતખાના (મુખ્ય પ્રાર્થના-ગૃહ)ની લંબાઈ સાઠ ફીટ કરતાં પણ વધારે છે, તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે એમાં એકી વખતે ચારસો જેટલા માણસો નમાઝ પઢી શકતાં હશે. આ મસ્જિદની સીડીઓથી થોડેક જ છેટે એક મહોલ્લો આવેલો છે, જે આજે પણ 'મસીદ ફળિયું'ના નામે ઓળખાય છે. આ મહોલ્લામાં આજે મુખ્યત્વે પ્રજાપતિ કોમના લોકો વસે છે અને મહોલ્લામાં જૂના વખતની એક દરગાહ પણ આવેલી છે; તેથી એવું અનુમાન કરી શકાય છે કે શહેનશાહ શાહજહાંના સમયમાં આ મસ્જિદની આજુ-બાજુના મહોલ્લાઓમાં મુસલમાનો સારા પ્રમાણમાં વસતા હોવા જોઈએ, અને તેમની ધાર્મિક જરૂરિયાતો સંતોષવા સારુ આ વિશાળ મસ્જિદ તઅમીર કરવામાં આવી હશે.

શિલા-લેખની લંબાઈ-પહોળાઈ

આ મસ્જિદના મુખ્ય પ્રાર્થના-ગૃહને અડીને ઉત્તરે અને દક્ષિણે એમ બંને બાજુએ એક એક ઓરડો આવેલો છે. એમાંથી દક્ષિણ છેડેના ઓરડામાં પ્રવેશવાના દરવાજાની પાસે જ ભીંતમાં બહારની ઉગમણી દિશામાં દશેક ફૂટની ઊંચાઈએ એક શિલા-લેખ ચોડેલો જોવામાં આવે છે. આ શિલા-લેખ આ મસ્જિદને લગતો છે, અને તે અત્યારે તદ્દન સુરક્ષિત સ્થિતિમાં છે. આ શિલાલેખ પીળા રંગના સાંડીયા પથ્થર પર મરોડદાર નસ્તાલિક લિપિમાં કોતરવામાં આવેલો છે. આ શિલાલેખના પથ્થરની લંબાઈ ૪૭$\frac{3}{4}$ ઈંચની, અને પહોળાઈ ૧૭$\frac{3}{4}$ ઈંચની છે. શિલા-લેખની ભાષા ફારસી છે, અને એ લખાણ સ્પષ્ટ રીતે સ્હેલાઈથી વાંચી શકાય તેવું છે. આ આખુંય લખાણ તદ્દન સલામત અને અખંડ છે. સદ્ભાગ્યે કાળના ક્રૂર હસ્તોએ તેને કશી જફા કે હાનિ પહોંચેલી નથી. ત્રણસો વર્ષ કરતાં પણ વધારે સમયજૂના આ શિલાલેખનું ફારસી લખાણ આ પ્રમાણે છે:—

શિલા-લેખનું ફારસી લખાણ

બસાલે શસ્તો દો, બઅદ અઝ હઝાર અઝ હિજરત,
બ દવરે શાહે જહાં, બાદશાહે દીન-આરા;
ઉમ્મીદવારે-શફાઅત, મુહમ્મદ યઝદી,
બઆને ઈઝદી, ઈન કિલ્લાગાહ કર્દ બીના.

ભાષાન્તર

"હિજરત પછીના એક હજાર અને બાસેંઠમા વર્ષે (એટલે વિ. સ. ૧૦૬૨–ઈ. સ. ૧૬૫૧) દીન (ધર્મ)ને શણગારનાર બાદશાહ શાહજહાંના રાજત્વકાળમાં શફાઅત (માફીની ભલામણ)ના ઉમ્મેદવાર મુહમ્મદ યઝદી (યઝદી એટલે ઈરાનના યઝદ નામના શહેરનો રહેવાસી) એ ખુદાની મદદ (સહાય)થી આ કિલ્લાગાહ (અર્થાત્ મસ્જિદ) નિર્માણ કરી."[1]

---

૧ આ ફારસી શિલા-લેખનું રબીંગ લીધા પછી તેના મૂળ પાઠ અને તેના અંગ્રેજી ભાષાન્તરની નકલ મને આપવા માટે હું ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીઆના આર્કિયોલોજિકલ ડિપાર્ટમેન્ટની નાગપુર ઓફિસના અરબી-ફારસી ઉત્કીર્ણ-લેખોના ડિપાર્ટમેન્ટના વડા જ. ઝિયાઉદ્દીન એ. દેસાઈ સાહેબનો તેમ જ આ શિલા-લેખના ગૂજરાતી અનુવાદમાં સહાય કરનાર નવસારી ગાર્ડા કૉલેજના ફારસીના અધ્યાપક જ. એમ. એફ. કુરચશી સાહેબનો પણ આ તકે આભાર વ્યક્ત કરું છું.

મુહમ્મદ યઝદી કોનો વંશજ હશે?

આ લેખથી ફલિત થાય છે કે આ મસ્જિદ બાદશાહ શાહજહાંના રાજઅમલ દરમ્યાન બાંધવામાં આવી હતી, અને તે બાંધનારનું નામ મુહમ્મદ યઝદી છે. નામની પાછળ 'યઝદી'ની અટક, એ હકીકત તરફ અંગૂલિનિર્દેશ કરે છે કે તે શખ્સ મૂળ ઈરાનનો વતની હોવો જોઈએ. 'યઝદી'ની અટક રાખનારા બીજા પણ કેટલાક મહાનુભાવોએ હિન્દમાં મસ્જિદો બંધાવેલી હોવાનું માલમ પડે છે; તેથી અહીં આ બીનાનો પણ નિર્દેશ કરવાનું મને જરૂરી લાગે છે કે ઈસુના નવમા અને દસમા સૈકામાં ઈરાની-અખાત તરફના ઘણા વેપારીઓ ગૂજરાતમાં આવીને આબાદ થયા હતા.[1] તેથી સંભવિત છે કે નવસારીમાં આ મસ્જિદ ચણાવનાર મુહમ્મદ યઝદી, એવા જ કોઈ ઈરાની-મુસ્લિમ વેપારીનો વંશ જ હોય; અથવા તુગલક વંશના સુલતાનોના સમયમાં અણહિલવાડ પાટણમાં આવેલી મુસ્લિમ-સંત હ. શયખ હાજી રજ્જબ (રહેમ)ની ખાનકાહના મુતવલ્લી શયખઝાદા અબૂ બક્ર બીન શયખ શિહાબુદ્દીન (જેઓ તે જમાનામાં '**શયખઝાદા યઝદી**'ના નામથી વધારે વિખ્યાત હતા) ના વંશમાંથી પણ કોઈ નવસારી આવીને વસ્યો હોય અને કદાચ આ મસ્જિદ બંધાવનાર મુહમ્મદ યઝદી તેની ઔલાદમાંથી પણ હોય એમ સંભવિત લાગે છે.[2]

શું આ મસ્જિદ કોઈ મહિલાએ બંધાવી છે?

આ મસ્જિદ તઅમીર કરનાર વ્યક્તિ કોણ હતી, નવસારીમાં તેનો સામાજિક દરજ્જો શું હતો, અને તેના પૂર્વજો કયાંથી આવીને નવસારીમાં વસ્યાં હતાં, તેને લગતી કશી પણ માહિતી ફારસીના વિશ્વસનીય ઇતિહાસોથી નિષ્પન્ન થતી નથી, પરંતુ મી. સોરાબજી મંચેરજી દેસાઈએ એવો ઉલ્લેખ કર્યો છે કે નવસારીના દૂધિયા તળાવ ઉપર આવેલી મસ્જિદ મિરઝા મહેમૂદ નામના એક મુસલમાન જાગીરદારની પત્નીએ, તેને મળેલી જાહેર રકમમાંથી બંધાવી હતી.[3] જો કે આ શિલાલેખના લખાણથી તેમના આ વક્તવ્યને મુદ્દલ ટેકો મળતો નથી. મી. સોરાબજી મંચેરજી દેસાઈએ 'મીરજા મહેમૂદ'ના નામનો નિર્દેશ કર્યો છે, પણ આ શિલાલેખમાં કયાંય 'મિરઝા મહેમૂદ' શબ્દનો ઉલ્લેખ થયેલો નથી. શિલાલેખમાં તદ્દન સાફ અક્ષરોમાં મસ્જિદ બંધાવનારનું નામ 'મુહમ્મદ યઝદી' કંડારેલું છે. એમ સંભવે છે કે મી. સોરાબજી મંચેરજી દેસાઈએ કદાચ આ શિલાલેખ જોયો જ ન હોય, પણ તેમણે તેમના પુસ્તકમાં તેમને પ્રાપ્ત થએલા કોઈ ફારસી દસ્તાવેજ કે ખત-પત્રની વિગતોના આધારે, અથવા તો મૌખિક સાંભળેલી હકીક્તના આધારે આ નિર્દેશ કર્યો હોય, પરંતુ તેમણે તેમના વકતવ્યના ટેકામાં કોઈ વિશ્વસનીય આધાર ટાંકેલો નથી.

મસ્જિદ બંધાવનાર પુરુષ જ છે

બાદશાહ શાહજહાંના સમયમાં નવસારીમાં મિરઝાઓ અથવા મૂળ ઈરાનના વતની મુસ્લિમો વસતાં હોય, અને તેઓ પૈકીના કોઈ જાગીરદારે આ મસ્જિદ ચણાવી હોય, એ હકીકતને ગ્રાહ્ય રાખવામાં આવે તોય આ ઉત્કીર્ણ-લેખ પરથી આ વાત સાબિત થઈ શકતી નથી કે આ

---

૧ ગૂજરાત સર્વ સંગ્રહ, પૃષ્ઠ ૧૪૦-૧૪૧.

૨ તુગલકકાલીન ભારત, ભાગ ૨ જો, પૃષ્ઠ ૩૭૪ (૧૯૫૭).

૩ તવારીખે-નવસારી, પહેલી આવૃત્તિ, પૃષ્ઠ ૩૯૮-૩૯૯ (૧૮૯૭).

મસ્જિદને કોઈ સ્ત્રીએ બંધાવી છે. જો આ મસ્જિદ બંધાવનાર કોઈ સ્ત્રી હોત, અને તેણે પોતાનાં નાણાંથી આ મસ્જિદ તઅમીર કરાવી હોત તો શિલાલેખના લખાણમાં તે બાબતનો ઉલ્લેખ અવશ્ય કરવામાં આવ્યો હોત; પણ આ શિલાલેખથી તો ફક્ત એટલું જ સિદ્ધ થાય છે કે 'બાદશાહ શાહજહાંના રાજઅમલમાં મુહમ્મદ યઝદીએ આ મસ્જિદ નિર્માણ કરાવી હતી.'

ગૂજરાતનો સુબેદાર શાઈસ્તાખાન

"મીરાતે-મુહમ્મદી" અનુસાર હિ. સ. ૧૦૬૨ (ઈ. સ. ૧૬૫૧)ની સાલમાં બાદશાહ શાહજહાંએ પોતાના ગૂજરાતના સુબેદાર તરીકે શાઈસ્તાખાનની બીજી વાર નિમણૂક કરી હતી, અને તે વખતે તેના દીવાન તરીકે મીર યહ્યા હતો. શાઈસ્તાખાન હિ. સ. ૧૦૬૪ (ઈ. સ. ૧૬૫૩) સુધી ગૂજરાતનો સુબેદાર રહ્યો હતો. તે બાદશાહ શાહજહાંનો સાળો અને અવરંગઝેબનો મામો થતો હતો.[૧] આ સુબેદારના સમયમાં નવસારીમાં કોણ હાકેમ હતો, અને કોણ કોણ જાગીરદાર હતા તે હકીકત કોઈ ઇતિહાસ દ્વારા નિષ્પન્ન થતી નથી.

મહારાજા ખંડેરાવ ગાયકવાડનો મસ્જિદ-પ્રેમ

હિજરી સનની ગણતરી અનુસાર આજથી ત્રણસો ને એકવીસ વર્ષ અગાઉ શાઈસ્તાખાનની ગૂજરાતની સુબેદારીના સમય દરમ્યાન નવસારીમાં આ વિશાળ મસ્જિદ અસ્તિત્વમાં આવેલી છે, અને ઉપલબ્ધ થતી માહિતીઓ પરથી માલમ પડે છે કે હમણાં સુધીમાં આ મસ્જિદનો ત્રણ વાર જિર્ણોદ્ધાર થએલો છે: (૧) મી. સોરાબજી મંચેરજી દેસાઈના કથન અનુસાર વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડે આ મસ્જિદ દુરસ્ત કરાવી હતી.[૨] (૨) ઈ. સ. ૧૯૧૬માં મુંબઈના સુરમાના મશહુર વેપારી શેઠ દાતુ મનજી પદમશીનાં વિધવા બાઈ રતનબાઈએ બીજી વાર હજારો રૂપિયા ખર્ચી આ મસ્જિદને સમરાવી આપી હતી, અને (૩) ત્રીજી વાર ૧૯૬૩ની સાલમાં આ મસ્જિદ એક વાર ફરીથી ધાસ્તીભરી હાલત અને ભંગાર સ્થિતિમાં આવી પડતાં, તેનો પંદર હજાર રૂપિઆના ખર્ચે જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ કાર્યમાં, અગાઉ ૧૯૧૬ની સાલમાં આ મસ્જિદનો જિર્ણોદ્ધાર કરાવનાર સુરમાના વેપારી શેઠ દાતુ મનજી પદમશીની પેઢીના હાલના વારસો મે. શીરીનબાઈ ડી. બનાતવાલા, અને તેમના પુત્ર મેં મુહમ્મદ સુલયમાન બનાતવાલા, અને તેમનાં બહેન મે. નજમુન્નિસા બનાતવાલાએ કુલ્લે પાંચ હજાર રૂપિયાની માતબર રકમનો ફાળો આપીને પોતાના વડીલોના નામને ઔર બી દીપાવ્યું છે.[૩]

---

૧ મીરાતે-મુહમ્મદી (ઉર્દૂ), પહેલી આવૃત્તિ, પૃષ્ઠ ૧૮૩-૧૮૪ (હિ. સં. ૧૩૪૨)

૨ તવારીખે-નવસારી, પહેલી આવૃત્તિ, પૃષ્ઠ ૩૯૯ (૧૮૯૭).

૩ દુધિયા તળાવની મસ્જિદનો ૧૯૬૨-'૬૩નો હિસાબ અને રિપોર્ટ.

જૂનાગઢ મ્યુઝિયમના કેટલાક અપ્રસિદ્ધ શિલાલેખો

હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી

જૂનાગઢ મ્યુઝિયમના કેટલાક ટૂંકા શિલાલેખોની વાચના લેખકે છએક વર્ષ પહેલાં કરેલી. તેના ઉપર એક લેખ પણ તૈયાર કરેલો પણ તે એક યા બીજા કારણસર હજી સુધી અપ્રગટ રહ્યો હોઈ અહીં તે પ્રસ્તુત કરવામાં આવે છે. લેખ જોકે ટૂંકા છે તોપણ તેનું એક યા બીજા પ્રકારે મહત્ત્વ હોઈ એ પ્રસિદ્ધ કરવા વિચાર્યું છે.

લેખ નં. ૧

આ લેખ એક પાળિયા પરનો છે. પ્રાપ્તિસ્થાન અજ્ઞાત છે. ગુજરાતમાં સોલંકી યુગના પાળિયાઓ ઓછા પ્રમાણમાં જળવાયા છે અને તેમાંયે તેના લેખોની તો તેથીયે ઓછા પ્રમાણમાં વાચના થઈ છે. આ પાળિયો સંવત્ ૧૨૧૩નો હોઈ કુમારપાલના સમયનો છે એ દૃષ્ટિએ તેનું મહત્ત્વ છે. લેખના અક્ષરો સુરેખ નથી કે સંભાળપૂર્વક કોરેલ નથી. મોટા મોટા, આડાત્રાંસા અને પૃષ્ઠમાત્રા વિહીન જણાય છે. લેખ ૬ પંક્તિનો છે. ઉપરની ત્રણ પંક્તિ પછીની પથ્થરની પોપડી ઉખડી જવાને કારણે લેખનો ભાગ ટૂંકી જગ્યામાં કોરવો પડ્યો લાગે છે. પ્રાચીન પાળિયાના મસ્તકે જોવામાં આવતી ઘંટિકા અહીં હતી કે કેમ તે નક્કી થઈ શકે તેમ નથી કેમ કે ટોચનો ભાગ તૂટી ગયો છે. બાકીનો ભાગ ૧૦૫ સે. મિ. × ૨૭ સે. મિ.નો છે. લેખના ઉપરના ભાગમાં ૨૪ સે. મિ. × ૧૭ સે. મિ.ની ગોખલી કોરી તેમાં એક દાઢી અને ધોતિયાવાળો બે હાથ જોડી દ્વિભંગમાં ઊભેલો પુરુષ જોવામાં આવે છે, જેની શૈલી સોલંકીયુગમાં ઘણી વાર મળી આવતી દાતામૂર્તિઓ આરાધક મૂર્તિઓ જેવી જ છે. લેખ નીચે મુજબનો છે :

(૧) ह संवत १२३० वर्षे

(२) असौ असौ सुदि १४ र व

(३) अरसीह० सुतः

(४) मलीसीहः

(५) सोलंकी दड—

(६) मारा गामु—

લેખ નં. ૨

ચૌદ અડોઅડ કોરેલી દેવમૂર્તિઓ ધરાવતા પીળા પથ્થરના પટ્ટમાં મૂર્તિઓ નીચેની કોચી પટ્ટી પર એક પંક્તિનો આ લેખ છે. પટ્ટીનું માપ ૬૫ સે. મિ. × ૧૯ સે. મિ. છે. મૂર્તિઓ આશરે ૧૪ સે. મિ. ઊંચી છે. દરેક મૂર્તિ દ્વિભુજ છે. કલાકક્ષા સામાન્ય છે. આયુધો અસ્પષ્ટ હોઈ મૂર્તિ ઓળખવી મુશ્કેલ છે. એકનું મુખ ગજાકૃતિ છે તે જરા નવીન ગણાય. લેખ આ પ્રમાણે વંચાય છે.

संवत १३१३ वर्षे फागुण व १३ गुरो। प्रासाद द्वारादोग्रे वयि डोडि० विकसमी सुत मलयसीहेन रामदपटं कारितं ॥

લેખમાં પટ્ટને રામદપટ્ટ કહ્યો છે. 'રામદ'નો અર્થ શું થતો હશે? 'વયિ'ના અર્થનો પણ પત્તો નથી. આ પટ્ટ જૂનાગઢ જિલ્લાના કોઈ સ્થળેથી મળેલો હતો.

લેખ નં. ૩ અને ૪

સન ૧૯૫૨માં તે સમયના જૂનાગઢ મ્યુઝિયમના કયુરેટર ડૉ. ધ્રુવ ઉપરકોટમાંથી બે કાળા પથ્થરના જૈન પ્રતિમાઓના પબાસણો લાવેલા: તેના પર આ લેખો અનુક્રમે અંકિત થયેલા છે. બંને પર પાર્શ્વનાથની પ્રતિમા અધિવાસિત હતી. લેખ નં. ૩નું માપ ૬૦ સે. મિ. × ૫ સે. મિ. છે. લેખ ત્રણ પંક્તિમાં આ પ્રમાણે વાંચી શકાય છે:

(१) द०॥ संवत १३४३ माघ वदि २ शनौ गूर्जरज्ञातीय महं० महणसीहसुत महं वीरमेन स्वकीय भगिनी कपूरी

(२) पुण्याभिवृद्धये श्रीपार्श्वनाथ बिंब कारितं प्रतिष्ठितं श्रीराजगच्छे श्रीहेमसूरिशिष्यैः श्रीहरिभद्रसू रि—

(३) भिः ॥

બીજો લેખ ૨૮ સે. મિ. × ૨૩/૪ સે. મિ. છે. એની વાચના આ પ્રમાણે છે:

(१) संवत १३४३ माघ वदि २ शनौ सूविक चांडसीहसुत चांडाकेन स्वश्रेयसे

(२) श्रीपार्श्वनाथ बिंबं कारितं प्रतिष्ठितं श्रीमल्लिषेणसूरिभिः ॥

આ લેખોના સંદર્ભમાં અહીં એક વાતની નોંધ લઈએ. 'વિવિધતીર્થકલ્પ'માં જિનપ્રભસૂરિએ ઉગ્રસેનગઢ(ઉપરકોટ)માં આદિનાથના મંદિરનો ઉલ્લેખ કર્યો છે. કદાચ તે મંદિરમાં આ મૂર્તિઓની મૂલનાયકની બાજુમાં, ગોખલાઓમાં કે કુલિકાઓમાં પ્રતિષ્ઠા કરવામાં આવી હોય. ઉપરકોટની મહંમદ બેગડાના સમયની જુમામસ્જિદના તળમાં જે કંડારેલ સ્તંભો અને પાટડાઓ જોવામાં આવે છે તેમાંના કેટલાક આ જૈન મંદિરના પણ હોવા સંભવ છે.

લેખ નં. ૫

આ લેખ સાલ વગરનો છે. ટી. ગોપીનાથરાવ[1] અને ડૉ. સાંકળીઆએ જે આદિત્ય પરિકરની સચિત્ર ચર્ચા કરેલી છે તેના પર તે કંડારેલો છે. પરિકર પર ખીચોખીચ રૂપકામ કરેલું હોઈ કંડારનારને લેખ કોતરવા માટે ખાલી જગ્યા શોધતાં મુશ્કેલી પડી જણાય છે. પરિણામે લેખ નાના નાના ટૂકડાઓમાં ઠીક લાગ્યું તેમ મૂર્તિવાળા ખાનાઓની નીચેની કોરી લીસી પટ્ટીઓ પર કોતરી માર્યો છે. લેખ બે ખંડમાં વહેંચાયેલો લાગે છે. બીજાનો કેટલોક ભાગ પહેલાને મળતો આવે છે. લેખ આ પ્રમાણે છે:

---

1 *Elements of Hindu Iconography*, Vol. I, Part II, Plate XCV.

कपोल भां० वीरम भार्या नामलदेवि सुत भां. वरसिंह भार्या भादल भां० पद्मसींह भार्या रत्न. देव श्री टटारवैद्यप्र(भ) (प्रा ?)सादमंडप परगर कारापिता०

कपोल (वीर)म भार्या नामलदेवि सुत **नरसींह भार्या भादल** भां **नरसींह भार्या रत्न सुत वेगडं** धरमश कपोल ज्ञातिउंल ॥

ભૂરા આરસ જેવા પથ્થરનું આ પરિકર વંથળીથી મળેલું હતું. આ ભવ્ય પરિકરનું રૂપકામ સાધારણ કોટીનું છે. લેખની ભાષામાં રહેલ ભ્રષ્ટતા અને અક્ષરોના મરોડ તેમ જ રૂપશૈલી જોતાં આ પરિકર ચૌદમા શતકથી પ્રાચીન જણાતું નથી. વંથળીમાં એક સૂર્યકુંડ છે. ત્યાં જે સૂર્યમંદિર હશે તેનો તો સંપૂર્ણ નાશ થયો છે. સંભવ છે કે આ પરિકર એ નષ્ટ થયેલ સૂર્યમૂર્તિનું હોય.

લેખના પહેલા ભાગમાં કોતરનારે નરસિંહને બદલે વરસિંહ અને બીજા ભાગમાં પદ્મસિંહને બદલે નરસિંહ કરી નાંખ્યુ છે. તે ભૂલો જ ગણવી જોઈએ. પરિકરને બદલે પરગર શબ્દ પણ અપભ્રંશનો પ્રભાવ સૂચવે છે. છતાં એકંદરે આ લેખનું મહત્ત્વ એટલા માટે છે કે આ ભારતવિખ્યાત પરિકરના સંદર્ભમાં હજુ સુધી તેની નોંધ લેવાઈ નથી. પ્રભાસથી પ્રાપ્ત થયેલ ગંડ પર બ્રહસ્પતિના ઈ. સ. ૧૨૬૪–૭૯ વચ્ચેના શિલાલેખમાં કહેલા દ્દટ્ટા (?)[૧] સૂર્યપ્રાસાદનું આ લેખમાં આવતા ટટાર વૈદ્યપ્ર(ભ)નો ઉલ્લેખ સ્મરણ કરાવે છે.[૨]

---

૧. '*Archaeology of Gujarat,*' Plate XXXVIII, Fig 72.

૨. Diskalkar D. B., *Inscriptions of Kathiawar*. pp. 725-26.

અબ્દુર્રહીમ ખાનેખાનાન

એમ. એફ. લોખંડવાલા

અબ્દુર્રહીમ ખાનેખાનાન મહાન અકબરના સમયનો એક મહાપુરુષ હતો. તે અકબરના રક્ષક ખાનેખાનાન બીરમખાનનો સપુત્ર હતો. બીરમખાને હેમુને હરાવ્યો તે વરસે તેની વૃદ્ધાવસ્થામાં આ બાળકનો જન્મ થયો. અકબરે પણ આ બાળકના જન્મના માનમાં જશન મનાવી પોતાની ખુશી દર્શાવી. બીરમખાને તેના જન્મની ખુશાલી માટે ઉદારતાનો વરસાદ અશરફી અને રૂપિયા રૂપે વરસાવ્યો. અકબરે તેનું નામ અબ્દુર્રહીમ રાખ્યું. કિસ્મતની બલિહારી જુઓ કે આ બાળક ત્રણ વરસનો હતો તે સમયે ઈર્ષાખોર અને દ્વેષી અમીરોએ બીરમખાન વિષે અકબરના કાન ભંભેર્યા અને તેથી બીરમખાન અકબરની કુદૃષ્ટિનો શિકાર બન્યો. તે પંજાબ, રાજપૂતાના અને ભાટીન્દામાં ભટકવા લાગ્યો અને અકબરે તેને કેદખાનામાં પણ ધકેલ્યો. અંતે રાજકારણમાંથી નિવૃત્તિ લઈ તેણે મક્કે હજ્જ કરવા જવા નિર્ધાર કર્યો. તે પાટણ આવ્યો અને ત્યાં અફઘાન લોકોએ તેના કાફલાને લૂંટી લઈ તેને મારી નાખ્યો. સલીમા સુલતાન બેગમ અને નિરાધાર બાળકના ગભરાટનો પાર ન રહ્યો. અફઘાનો તેમની પાછળ પડચા અને લૂંટફાટ કરતા ઠેઠ અમદાવાદ સુધી ગયા. તેમણે તેમની દરેકે દરેક વસ્તુ લૂંટી લીધી હતી. જ્યારે અકબરને આ બનાવની ખબર પડી ત્યારે તેણે લશ્કરની ટુકડીના આશરા હેઠળ તેમને આગ્રા બોલાવી લીધાં. તેણે અનાથ બાળક અને તેની માતા સલીમા સુલતાન બેગમને દિલાસો આપી તેમના નોકરચાકરના પગારનો બંદબસ્ત કરી આપ્યો અને અબ્દુર્રહીમને પોતાની દેખરેખ હેઠળ રાખી તેની કેળવણી અને શિક્ષણનો બંદોબસ્ત કર્યો.

આગળ જતાં આ અનાથ બાળક એક અદ્ભુત વ્યક્તિ તરીકે ઇતિહાસની રંગભૂમિ પર પોતાનો ભાગ ભજવે છે. તે બહાદુર લડવૈયો, શૂરવીર સેનાપતિ, કુશળ શાસનકર્તા, ચતુર રાજનીતિજ્ઞ, કાર્યદક્ષ દૂત, ઉદાર વિદ્યાપ્રેમી, પ્રવીણ ભાષાશાસ્ત્રી, અને મહાન કવિ હતો.

તે એક શૂરવીર યોદ્ધા તરીકે દુશ્મનની હરોળમાં ઘૂસી જઈ તેને પીછેહઠ કરાવતો હતો. શહેનશાહ અકબર અને જહાંગીરનો તે વિશ્વાસુ સેનાપતિ હતો. જ્યારે મહાન સેનાપતિઓ યુદ્ધમાં નાકામયાબ થતા હતા ત્યારે અકબર અને જહાંગીર તેની સેનાપતિ તરીકે નિમણૂક કરતા અને તે બાજી જીતી જતો. પોતાના જીવનમાં તેણે માત્ર એક જ વખત દખ્ખણમાં હાર ખાધી હતી અને તેનું મુખ્ય કારણ શાહજાદા તેમ જ બીજા સેનાપતિઓનો તેના પ્રત્યે દ્વેષભાવ હતો એ હતું. તેણે ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહને હરાવી, ગુજરાતને અકબરના સામ્રાજ્યનો ભાગ બનાવ્યો. સિંધ અને ખાનદેશનો પણ તે વિજેતા હતો.

ખાનેખાનાન પ્રવીણ ભાષાશાસ્ત્રી હતો. ફારસી અને તુર્કી તો તેની માતૃભાષા હતી, અરબી ભાષા પણ તે બહુ સારી રીતે જાણતો હતો. અરબી ભાષામાં તે એટલી હદે પ્રવીણ હતો કે

અરબી ભાષામાં કોઈ પત્ર આવે તો તે તેનું ભાષાન્તર, તેને પ્રથમ એક વાર વાંચ્યા વિના, કરતો હતો. આપણને તો એમ જ લાગે કે તેના હાથમાં કાંઈ લખાણ છે અને તે તેને જોઈને વાંચન કરે છે. એક વખતે મક્કાના શરીફે અકબરને એક પત્ર લખ્યો. તે પત્રની ભાષામાં ગૂઢ અને પુરાણા શબ્દો હતા. અકબરે તે પત્ર અબુલફઝલ, ફતહુલ્લાહ શિરાઝી અને ખાનેખાનાનને આપી હુકમ કર્યો કે તેઓ તેનું ભાષાન્તર ફારસી ભાષામાં કરી લાવે. અબુલફઝલ અને ફતહુલ્લાહે વિચાર્યું કે શબ્દકોશની મદદ વિના તેનું ભાષાન્તર અશકય હતું; તેથી તેઓ તે પત્ર અકબરની રૂબરૂ વાંચી ન શકયા અને પોતાને ઘેર લઈ ગયા, પરંતુ ખાનેખાનાને તે પત્રને ત્યાં જ અજવાળામાં વાંચવાનું શરૂ કર્યું અને સાથે સાથે તેનું ભાષાન્તર પણ કરતો ગયો.

બાબરે તુર્કી ભાષામાં પોતાની આત્મકથા લખી છે. તેનું નામ "તુઝુકે બાબરી" છે. તે એક અજોડ પુસ્તક છે અને વિશ્વના સાહિત્યમાં તેનું સ્થાન છે. અકબર બાદશાહે તે પુસ્તકનું તુર્કી ભાષામાંથી ફારસી ભાષામાં ભાષાન્તર કરવાનું કામ ખાનેખાનાનને સોંપ્યું. ખાનેખાનાને તેનો તરજૂમો સાદી અને સરળ ભાષામાં કર્યો. તે કવિ પણ હતો અને તેણે પોતાનાં કાવ્યોનો કાવ્યસંગ્રહ (દિવાન) પણ તૈયાર કરાવ્યો. તેના જીવનવૃત્તાંત–લેખક અબ્દુલબાકી નીહાવન્દીએ તે કાવ્યસંગ્રહ જોયો હતો, પરંતુ હાલમાં તેનો પત્તો નથી. તેની ગઝલો અને રૂબાઈઓ જોવામાં આવે છે. તે મહાન કવિઓ સાથે કવિસંમેલનમાં ભાગ લેતો અને ઉત્તમ પ્રકારનાં કાવ્યો રચતો હતો. ફારસી ભાષા ઉપરાંત તેણે હિન્દી ભાષામાં પણ કાવ્યો રચ્યાં છે. હિન્દી ભાષામાં તેના દોહરા કબીરના દોહરા જેમ પ્રખ્યાત છે. સંસ્કૃત ભાષાનો પણ તે જાણકાર હતો.

તેને યુરોપીય ભાષાઓનું પણ જ્ઞાન હતું. અકબરના દરબારમાં પશ્ચિમી દેશના દૂતો, મુસાફરો અને વેપારીઓ સોગાદભેટ લઈને આવતા હતા. અકબર તેમની ભાષા જાણતો ન હતો, તેથી તેમને સમજવા માટે મુશ્કેલી પડતી હતી. અકબરે ખાનેખાનાનને પશ્ચિમી ભાષાઓ શીખવા માટે હુકમ કર્યો. બધા જ ઇતિહાસકારો લખે છે કે ખાનેખાનાન સાત ભાષા અથવા વિશ્વની ઘણીખરી પ્રચલિત ભાષાઓથી વાકેફ હતો.

ખાનેખાનાન વિદ્યાપ્રેમી હતો. તે વિદ્યાઉત્તેજનમાં ઘણો ઉદાર હતો. તેનું પુસ્તકાલય અદ્વિતીય હતું. તેમાં બેશુમાર પુસ્તકોનો સંગ્રહ હતો. ઉર્ફી, નઝીરી, ઝુહુરી, શિકેબી વગેરેએ પોતાના દિવાન પોતાના હાથે લખી તે પુસ્તકાલયમાં મૂકયા હતા. અકબરી દરબારના કવિઓ અને વિદ્વાનો ખાનેખાનાનના પુસ્તકાલયમાં ખાનેખાનાનના આશ્રય હેઠળ કેળવણી પામેલા હતા. કવિઓ, સુંદર લિપિ લખનારાઓ અને કલાકારો આ પુસ્તકાલયમાં કેળવણી મેળવી, ત્યાં પ્રગતિ કરી, આગળ વધી, વિશ્વમાં ખ્યાતિ મેળવતા હતા. પુસ્તકાલયની પ્રખ્યાત વ્યક્તિઓનાં નામ આ હતાં—મુલ્લા મુહમ્મદ અમીન જીદવલસાઝ (પુસ્તકોની કિનારી સુંદર સુશોભિત કરનાર અને ચિત્ર દોરનાર), મુલ્લા અબ્દુર્રહીમ અંબરી કલમ, મુલ્લા મુહમ્મદ મુમીન, મુહમ્મદ હુસેન, બકાઈ બહેરાબાદી, ગની હમદાની. પુસ્તકોને ગોઠવવા અને તેમને વ્યવસ્થિત રીતે રાખવા માટે પણ અમુક કર્મચારીઓ મુકરર કર્યા હતા. આ કર્મચારીઓ અપૂર્ણ હસ્તલિખિત પુસ્તકોને પૂર્ણ કરતા, ચિત્રો અને છબીઓ દોરતા અને સોનેરી અક્ષરોમાં શૃંગાર કરતા.

શેખ અબ્દુસ્સલામ ભરાઈચમાં રહેતો હતો. તેનો પિતા ભાખા (હિન્દી ભાષામાં)માં મશહૂર

કવિ હતો. તેનું કવિ-નામ (તખલ્લુસ) "બરહમી" હતું. તે મક્કે હજ્જ કરવા જતી વખતે, પોતાના પુત્ર અબ્દુસ્સલામને ખાનેખાનાનની સેવામાં મૂકતો ગયો. ખાનેખાનાને તેની કેળવણી અને શિક્ષણની વ્યવસ્થા પોતાના પુસ્તકાલયમાં કરી. ધીમે ધીમે તેણે એટલી બધી પ્રગતિ કરી કે તે પુસ્તકાલયનો દારોગા બન્યો તેમ જ ખાનેખાનાનના અંગત સાથીના દરજ્જે પહોંચ્યો. તે હિન્દી ભાષાનો મહાન કવિ હતો.

શુજાઅ શિરાઝનો વતની હતો. નુસુખ અને સુલુસ લિપિમાં તે નિપુણ હતો. હિ. સ. ૯૯૯માં તે ઠઠ્ઠામાં ખાનેખાનાનના દરબારમાં આવ્યો અને પ્રગતિ કરતાં કરતાં તે પણ પુસ્તકાલયનો એક ઓહ્દેદાર બન્યો.

મુલ્લા અબ્દુલરહીમ અંબરીન કલમ હિરાતનો વતની હતો. તે નુસુખ અને નસતઅલીક લિપિમાં પ્રવીણ હતો. તે હિરાતથી ખાનેખાનાનની ઉદારતાની ખ્યાતિ સાંભળી, તેના દરબારમાં આવ્યો. ખાનેખાનાને તેના પ્રત્યે ખાસ લક્ષ આપ્યું. ધીમે ધીમે તેણે એટલી બધી પ્રગતિ કરી કે મુહમ્મદ હુસેન કશમીરી સિવાય સુંદર લિપિ લખવામાં તેના જેવો બીજો કોઈ ન હતો. ખાનેખાનાનના પુસ્તકાલયનાં મોટા ભાગનાં પુસ્તકો તેના હાથે લખાયલાં છે. અંતે તેની ખ્યાતિ એટલી વધી કે અકબરે તેને પોતાના દરબારમાં બોલાવી લીધો.

મુલ્લા મુહમ્મદ અમીન ખુરાસાનનો વતની હતો. તીલાકારીમાં તે ઉસ્તાદ હતો. (તીલાકારી એટલે સોનેરી શાહીથી અક્ષરો લખવા.) તે મશહદ શહેરમાં ઈમામ ઝામીન સાહેબના પુસ્તકાલયનો કર્મચારી હતો. જ્યારે ઉઝબેક લોકોએ ખુરાસાન કબજે કર્યું ત્યારે તે ત્યાંથી નીકળી ખાનેખાનાનના દરબારમાં આવ્યો. ખાનેખાનાન તેને મહિને ચાર હજાર રૂપિયા પગારપેટે આપતો હતો. તેણે પુસ્તકાલયના ઘણાં પુસ્તકોની તીલાકારી કરી છે. તે અબ્રી નામની કાગળની જાતનો શોધક છે.

મુલ્લા મુહમ્મદ હુસેન એ મુલ્લા મુહમ્મદનો ભાઈ હતો. જીલ્દસાઝીની કલામાં તે પ્રવીણ હતો. (જીલ્દસાઝી એટલે પુસ્તકને પાકું પૂઠું ચઢાવવું.) તે અકસનું (ખાસ પ્રકારની લેખન-કલાનું) કામ પણ સારી રીતે જાણતો હતો. તેણે પાંત્રીસ વરસ સુધી પુસ્તકાલયમાં કામ કર્યું.

મીરબાકી, મીયાં નદીમ, બહેબુદ, મવલાના મુશ્ફીક અને માધવ ચિત્રકલા, સ્થાપત્યના જાણકારો તેમ જ સુંદર લિપિના લહિયા અને કલાકાર હતા.

અબ્દુર્રહીમ ખાનેખાનાનનું જીવનવૃત્તાંત લખનાર અબ્દુલબાકી નીહાવન્દીએ તેના દરબારના કવિઓનો અહેવાલ સવિસ્તર લખેલો છે. તેણે પોતાના પુસ્તક "મઆસીરે રહીમી"માં કવિઓએ ખાનેખાનાનની પ્રશંસામાં લખેલાં પ્રશસ્તિ-કાવ્યો પણ આપ્યાં છે. આ બધા કવિઓનો સંબંધ અકબરી દરબાર સાથે પણ હતો. અબુલફઝલે દરબારે અકબરીના જે કવિઓનાં નામ આપ્યાં છે તે લગભગ બધા જ ખાનેખાનાન અથવા અબુલફતહ ગીલાનીના દરબાર સાથે સંબંધ ધરાવતા હતા. ઈરાનથી જે કવિઓ આવતા તે પ્રથમ આ બે અમીરોના દરબારમાં જતા અને પછી તેમને અકબરના દરબારમાં પ્રવેશ મળતો હતો. ખાનેખાનાન કવિઓ પ્રત્યે ઘણો ઉદાર હતો; તે તેમને મોટાં મોટાં ઇનામ આપતો હતો. એક વખતે તેણે નવ-ઈ શીરાઝી કવિને સોનાથી તોળાવી, તે સોનું તેને ભેટ આપ્યું. કવિ નઝીરી નિશાપુરીએ ખાનખાનાનને કહ્યું કે 'મેં એક લાખ

રૂપિયાનો ઢગલો જોયો નથી.' ખાનેખાનાને તીજોરીમાંથી એક લાખ રૂપિયા મંગાવી તેનો ઢગલો તેની સમક્ષ મૂકયો. નઝીરીએ તેનો પાડ માન્યો અને કહ્યું કે 'આપના પ્રતાપે મેં આજે એક લાખ રૂપિયાનો ઢગલો જોયો.' અમીરે તે લાખ રૂપિયા તેને બક્ષિશ આપી દીધા.

ખાનેખાનાનની ઉદારતાની ખ્યાતિ અને ચર્ચા ઈરાન અને અરબસ્તાન સુધી પ્રસરી હતી. કવિ શિકેબી ઈસ્પહાની મક્કે હજ્જ કરવા જતાં રસ્તામાં એડન બંદરે પહોંચ્યો, ત્યાં બાળકો અમીરની પ્રશંસાનાં ગીત ગાતાં હતાં: આ અમીરના પ્રતાપે કુંવારી છોકરીઓને વર મળ્યા, વેપારીઓએ પોતાનો માલ વેચ્યો, વાદળ વરસ્યાં, જળ જળ થઈ ગયું. શિકેબી આ ગીત સાંભળી રડી પડચો અને અમીરની પ્રશંસામાં તેણે એક રૂબાઈ લખી કાઢી.

ખાનેખાનાન પોતે કવિઓને કેળવતો હતો. તેમનાં કાવ્યોની ખામી શોધી, સુધારતો હતો. આના પરિણામે કવિઓ સુંદર કાવ્યો લખતા થયા. ખાનેખાનાને ઘણા કવિઓના દિવાન વ્યવસ્થિત રીતે ગોઠવી તેમને પ્રગટ કર્યા. કવિ ઉર્ફીએ મરતી વખતે પોતાના કાવ્યસંગ્રહની હસ્તલિખિત નકલ ખાનેખાનાનને મોકલી. આ નકલ બહુ જ ખરાબ હાલતમાં હતી. અમીરે મુહમ્મદ કાસિમ નામના માણસને તેને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું કામ સોંપ્યું. તેણે એક વરસ સુધી રાતદિવસ સખત મહેનત કરી, તેનાં કાવ્યોને વ્યવસ્થિત રીતે ગોઠવ્યાં. ખાનેખાનાને ખુશ થઈ તેને ઇનામ આપ્યું.

મુસલમાનોના આગમનથી ભારતના લોકોનાં ખાનપાન, રહેણીકરણી, વેશભૂષા, શૃંગાર વગેરે બાબતોમાં ઘણા ફેરફાર થયા. ભારત ખેતી-પ્રદેશ છે. તેમાં વિવિધ પ્રકારનાં ફળફળાદિ લાવનાર મુસલમાનો છે. દાખલા તરીકે સફરજન, નાશપાતી, અંગુર, ખરબુઝાં, સંતરાં વગેરે ફળથી આ દેશ અજાણ હતો. આ ફળોમાં ખરબુઝાંના વાવેતરનું માન ખાનેખાનાનને જ છે. તેના જીવન-વૃત્તાંતનો લેખક લખે છે કે ખરબુઝાં હિન્દુસ્તાનમાં થતાં ન હતાં, તે ઈરાન અને ખુરાસાનથી આયાત થતા હતા. સૌથી પ્રથમ ખાનેનખાનાને તેનાં બીજ ઈરાન અને ખુરાસાનથી મંગાવ્યાં અને ગુજરાતમાં બલકવાડા (તીલકવાડા ?)ની આબોહવા અને જમીન માફક આવવાથી ત્યાં તેનું વાવેતર કરાવવામાં આવ્યું. પરિણામે, બેત્રણ વરસમાં જ ઈરાન અને ખુરાસાન જેવાં ખરબુઝાં અહીં ઉત્પન્ન થવા લાગ્યા.

અમીરે દિલ્હી, આગ્રા, સુરત, અમદાવાદમાં બાગબગીચા, મકાનો, ધર્મશાળા, મસ્જિદો વગેરે બંધાવ્યાં. ભારતમાં મોગલ સમયમાં સ્નાનાઘર ન હતાં. લોકો નદીના ઘાટ પર જઈ સ્નાન કરતા હતા. આજે પણ એ પ્રથા પ્રચલિત છે. અમીર મુસલમાનોએ ભારતમાં પોતાનાં ઘરોમાં હમ્મામ (સ્નાનાઘર) બનાવ્યા, પરંતુ જાહેરમાં જનતા માટે હમ્મામ ન હતા. સૌથી પ્રથમ, ખાને-ખાનાને ગુજરાતમાં મુહમ્મદઅલી મેઅમાર (સ્થપતિ)ની દેખરેખ હેઠળ હમ્મામ બનાવરાવી લોકોના સ્નાન માટે સુપરત કર્યા.

ખાનેખાનાને ત્રણ જહાજ પણ બંધાવ્યાં—રહીમી, કરીમી અને સાલારી. આ જહાજો ગરીબ મુસલમાનોને મફત હજ્જ કરવા લઈ જવા બંધાવવામાં આવ્યાં હતાં. અકસ અને અબરી નામના કાગળની શોધ ખાનેખાનાનના કારીગરોએ કરી છે.

આ મહાન પુરુષ, સત્તા અને મહત્તા હોવા છતાં દયાભાવ, ક્ષમા અને ઉદારતાની પ્રતિમા

રૂપ હતો. જે સમયે એને ખાનેખાનાનનો ખિતાબ આપવામાં આવ્યો તે સમયે તેણે એક કાગળ પર અમુક નસીહતો લખી તે પોતાના નોકરોને એમ કહી આપ્યો કે 'જ્યારે હું કોઈના પર ગુસ્સે થાઉં તો તમારે મને આ કાગળ બતાવવો.' તે કાગળ તેની આગળ મૂકતાં જ તેનો ગુસ્સો શમી જતો હતો. એક વખતે તેના પગ પર ગુમડું થયું. તેના દુખાવાના લીધે તે દરબારમાં જઈ શકતો ન હતો. એક દિવસે જરૂરી કામ માટે તેને બહાર જવું પડચું. ભીડમાં તેના એક નોકરનો પગ તેના ગુમડાં પર પડચો અને તે ફાટી ગયું. તેના સાથીદારોએ નોકરને શિક્ષા કરવા વિચાર્યું, પરંતુ અમીરે કહ્યું કે 'એનો વાંક નથી. આ તો આકસ્મિક વાત છે.'

આ અમીરનું દસ્તરખાન બહુ જ વિસ્તીર્ણ હતું. તેના પર વિવિધ પ્રકારની વાનગી પીરસવામાં આવતી હતી. ગરીબ અને અમીર બધા જ ખુદાના બન્દા તેની સાથે ખાણું લેતા હતા અને આનંદ માણુતા હતા. દરેક થાળીમાં રૂપિયા, અશરફીઓ મૂકવામાં આવતાં હતાં. જેની થાળીમાં જે આવતું તે તેને ભેટ તરીકે લઈ જવા દેવામાં આવતું.

એક દિવસે એક ભાટે તેની પ્રશંસા કરતાં કહ્યું કે "ખુદાની કૃપાથી અમીરનો વિજયી ઘોડો સુમેર પહાડ સુધી પહોંચી જાય. તે ઘણો સખી છે. તે બધું સોનું આપણને ભેટ આપી દેશે, પછી આપણે મોજમજાહ કરીશું." ભાટે પોતાનું કાવ્ય પૂરું કર્યું. બધા દરબારીઓ તેનાં વખાણ કરવા લાગ્યા. અમીરે કહ્યું, "પંડિતજી, તમને કેટલાં વરસ થયાં?" પંડિતે કહ્યું, "પાંત્રીસ." પછી તેની ઉમર સો વરસ સુધી આંકી અને દરરોજના પાંચ રૂપિયા ગણી તેના બાકીના પાંસઠ વરસ સુધીના રૂપિયા ખજાનામાંથી ભેટ પેટે આપ્યા.

એક ભૂખ્યો બ્રાહ્મણ ખાનેખાનાનના દ્વાર આગળ આવી ઊભો રહ્યો. દ્વારપાલે તેને અંદર જવા ના દીધો. બ્રાહ્મણે કહ્યું કે "અંદર જઈ અમીરને કહો કે તમારો સાઢુ, પોતાની ધર્મપત્ની સાથે મળવા આવ્યો છે." નોકરે જઈ અમીરને ખબર આપી. અમીરે તેને અંદર બોલાવ્યો, પાસે બેસાડચો અને સાઢુભાઈના સંબંધ વિષે પૂછ્યું. તેણે કહ્યું કે "વિપત્તિ અને સંપત્તિ બે બહેનો હતી; પહેલી મારા ઘરે આવી અને બીજી તમારે ત્યાં આવી. પછી આપણે બે સાઢુ થયા કે નહીં?" નવાબ ખુશ થયો અને તેને પોશાક, સોનાના સાઝ સાથે ઘોડો, બીજી વસ્તુઓ અને રોકડ રકમ ઈનામમાં આપ્યા.

એક વખતે તે બુરહાનપુર જતો હતો. પહેલી મંઝીલે, શામયાનો ઠોકી, શેત્રંજી પાથરી, એક ખુરશી પર બેઠો હતો. દરબાર સાથીદારો અને નોકરોથી ભરપૂર હતો. તે વખતે એક ફકીર શામયાના આગળથી પસાર થતાં નીચેની કડી ગાવા લાગ્યો:

> મુનઈમ બ કોહ વ દશ્ત વ બીયાબાન ગરીબ નીસ્ત,
> હર જા કે રફ્ત, ખયમા ઝદ, વ બારગાહ સાખ્ત.

(મુનઈમ (તેનો ખિતાબ) પહાડ, જંગલ અને મેદાનમાં અજાણ્યો નથી. તે જ્યાં ગયો ત્યાં તેણે તંબૂ ઠોકચો અને દરબાર ભર્યો). આ કડી સાંભળી તે એટલો બધો ખુશ થયો કે તેણે ખજાનચીને હુકમ કર્યો કે ફકીરને એક લાખ રૂપિયા આપો. ફકીર રૂપિયા લઈ દુઆ આપી જતો રહ્યો. બીજી મંઝીલે પણ આવું જ બન્યું. આ રીતે તે સાત દિવસ નવાબ પાસે આવતો રહ્યો અને

ઇનામ લેતો ગયો. પછી તે મનમાં વિચારવા લાગ્યો કે 'આજ સુધી મેં આટલી મોટી રકમ ઇનામમાં મેળવી નથી. તે નવાબ છે. જો તે ગુસ્સે થઈ ગયો તો આ બધી રકમ મારી પાસેથી છીનવી લેશે. વધારે લોભ કરવો સારો નથી. આ રકમથી જ સંતોષ માનવો જોઈએ.' આઠમા દિવસે નવાબ તંબૂ બહાર બેઠો બેઠો તે ફકીરની વાટ જોતો હતો, પરંતુ તે આવ્યો જ નહીં. સાંજે નવાબ કહેવા લાગ્યો કે 'આજે અમારો ફકીર આવ્યો નથી. બુરહાનપુર આગ્રાથી સત્તાવીસ મંઝીલ દૂર છે અને મેં તેને માટે સત્તાવીસ લાખ રૂપીઆ મંગાવી રાખ્યા હતા. તે સંકુચિત મનનો હતો. ખુદા જાણે! તેણે મનમાં શું વિચાર્યું હશે?'

એક દિવસે અમીર સવારી કરતો હતો. કોઈએ તેને એક પત્થર માર્યો. તેના સિપાઈઓ પથ્થર મારનારને પકડી લાવ્યા. નવાબે તેને એક હજાર રૂપિયા આપ્યા. સિપાઈઓ આશ્ચર્યમાં પડી ગયા કે આવા નાલાયક માણસને ઇનામ આપવું એ નવાબનો જ ગુણ છે. તેણે કહ્યું કે 'લોકો ફળવાળા ઝાડ પર પથ્થર મારે છે તો ઝાડ તેમને ફળ આપે છે. મેં પણ તેમ જ કર્યું.'

એક દિવસે એક ડોસી તેને મળવા આવી. તેની પાસે લોઢાનો એક તવો હતો. ડોસી તેની ઠેઠ નજીક જઈ તે લોઢાના તવાને તેના શરીર સાથે ઘસવા લાગી. નોકરોએ તેને આમ કરતાં અટકાવી. નવાબે નોકરોને હુકમ કર્યો કે 'તવાના વજન બરાબર ડોસીને સોનું આપો.' નવાબના સાથીદારોએ એમ કરવાનું કારણ પુછ્યું. તેણે જવાબ આપ્યો કે 'આ ડોસી જોવા માગતી હતી કે એક કહેવત મુજબ બાદશાહ અને અમીર પારસમણિ હોય છે તે ખરું છે કે નહીં અને આ જમાનામાં આવા લોકો છે કે નહીં?'

અબ્દુર્રહીમ ખાનેખાનાનની ઉદારતા અને વિદ્યાપ્રિયતાના બીજા પણ અનેક કિસ્સા નોંધાયેલા છે, પણ વિસ્તારભયને કારણે અહીં તે આપ્યા નથી.

કરણ વાઘેલા વિષેની ત્રણ નવલકથાઓ

ચન્દ્રકાન્ત મહેતા

સન ૧૮૬૭માં શ્રી. નંદશંકર મહેતાએ ગુજરાતના છેલ્લા રજપૂત રાજા કરણના જીવન-પ્રસંગોને વસ્તુ તરીકે પસંદ કરીને નવલકથા લખી, ત્યાર પછી કરણના જીવનપ્રસંગોને લઈને ૧૯૫૫માં શ્રી. મુનશીએ 'ભગ્નપાદુકા' લખી. સને ૧૯૬૦માં શ્રી. ધૂમકેતુએ કરણને નાયક તરીકે પસંદ કરીને "રાય કરણઘેલો" લખી. આમાં શ્રી. નંદશંકર તથા શ્રી. ધૂમકેતુએ કરણને 'ઘેલો' કહ્યો છે, પણ, બંનેએ એકબીજાથી તદ્દન વિપરીત અર્થમાં, એ શબ્દનો પ્રયોગ કર્યો છે. આમ એક જ પાત્રને લઈને, અને એના જીવનના પ્રસંગો લઈને ત્રણ નવલકથાઓ રચાઈ છે છતાં, ત્રણે કૃતિઓ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી રચાયલી હોવાથી, અને ત્રણેના સમયની રાજકીય અને સામાજિક પરિસ્થિતિ ભિન્ન ભિન્ન હોવાથી, ત્રણેમાં પાત્રોનું નિરૂપણ, પ્રસંગોનું આલેખન, તથા વસ્તુસંવિધાનની દૃષ્ટિએ બહુ મોટું અંતર દૃષ્ટિએ પડે છે.

શ્રી. નંદશંકરે રસેલની પ્રેરણાથી સુધારાના પ્રચારના હેતુથી, તથા સચોટ દૃષ્ટાન્ત આપીને પ્રજાને નૈતિકતા તરફ વાળવાના હેતુથી કરણઘેલાની રચના કરી. આ વિષે એમણે પ્રસ્તાવનામાં સ્પષ્ટતા કરતાં કહેલું છે કે, "મગરૂબીનો માર, વ્યભિચારીની હાર, ધર્મનો જય, ને પાપનો ક્ષય" દર્શાવવો એ એમની નવલકથાનો ઉદ્દેશ છે. આથી જ કરણ એના પ્રધાન માધવની પત્નીનું હરણ કરે છે, તે એના દુષ્કૃત્યના ફળ તરીકે, એની પત્ની તથા પુત્રી અલાઉદ્દીનના જનાનખાનામાં બેગમ બને છે; એ ગુજરાતનો સર્વનાશ વહોરે છે, અને રવડીરઝળીને મરે છે. આમ કરણની વિષયલોલુપતા એનો અને ગુજરાતનો વિનાશ કરે છે, એ દર્શાવીને, એમણે કરણને મોટામાં મોટો ગુનેગાર દર્શાવ્યો છે. કેશવની હત્યા, રૂપસુંદરીનું હરણ, ગુણસુંદરીનું સતીત્વ, ને સતી થતાં પૂર્વે એણે કરણને આપેલો શાપ, અને એ શાપ અનુસાર બનતા બનાવો, લેખકનો નૈતિક ઝોક દર્શાવે છે. એમના કહેવા પ્રમાણે એઓ આ નવલકથાના પ્રસંગોદ્વારા વ્યભિચારની હાર ને પાપનો ક્ષય તો દર્શાવી શકયા છે, ને મગરૂબીનો માર પણ કરણના પાત્રદ્વારા આલેખી શકયા છે, પણ સત્યનો જય એમણે દર્શાવ્યો નથી. અલાઉદ્દીને કરેલો ગુજરાતનો સર્વનાશ, એ માધવની વેરભાવનાનો વિજય હતો. અર્થાત્ પાપનો વિજય હતો એટલે એમણે સત્યનો જય સ્થાપિત કર્યો નથી. પરંતુ, પાપનો ક્ષય, તેઓ દર્શાવી શકયા છે, ને પ્રજાને નૈતિકતા તરફ વાળવાનો એમણે પ્રશસ્ય એવો પ્રયત્ન કર્યો એમ તો અવશ્ય કહી શકાય.

આ જ વસ્તુને શ્રી. મુનશીએ ભિન્ન રીતે નિરૂપી છે. એનું કારણ એ છે કે શ્રી મુનશીનું નીતિ પ્રત્યેનું દૃષ્ટિબિન્દુ જ ભિન્ન છે. શ્રી. મુનશી સત્યાગ્રહ અને રાષ્ટ્રોત્થાનના યુગમાં રહેલા હોવાથી એમને મન રાષ્ટ્રદ્રોહ એ મોટામાં મોટો ગુનો છે. પરસ્ત્રીગમન એ એમને મન ગુનો જ નથી. અને ગુનો હોય તો પણ અત્યંત મામુલી છે. આ વિષે સ્પષ્ટ કરતાં એઓ કહે છે, કે "માધવની ભાઈની પત્ની સાથે કર્ણદેવ વાઘેલાએ, આડો વ્યવહાર રાખ્યો હતો તેથી આવી રીતે એણે વેર લીધું.

પ્રસંગો રસિક કરવા મોટા માણસો વિષે આવી અંગત વાતોના ગપગોળા લોકકથા જોડી કાઢે છે... કર્ણદેવ વાઘેલા વિષે જે સમકાલીન ઉલ્લેખો મળી આવે છે તે એને સારો રાજકર્તા અને વીર યોદ્ધો બનાવે છે. એની ને માધવની ભાભીની વાત ખરી હોય તો, રજવાડામાં એ કાંઇ નવાઈ ન કહેવાય, પણ સંસ્કારી બ્રાહ્મણ વેર માટે સમસ્ત દેશનું સત્યાનાશ વાળે અને તે પણ મ્લેચ્છોની વિનાશક વૃત્તિને જાણીને હોય, કે એનાથી અજાણ રહીને હોય, તો પણ એ કૃત્ય કોઈપણ દૃષ્ટિએ અક્ષમ્ય છે."[૧] આમ એમણે કર્ણને લગભગ નિર્દોષ જાહેર કર્યો છે, અને કર્ણને સ્થાને એમણે માધવને મહાન ગુનેગાર દર્શાવ્યો છે. આ કારણથી, કર્ણને આ કૃતિમાં મહત્ત્વ મળતું નથી, પણ માધવ એને સ્થાને નાયકનું સ્થાન લઈ લે છે, અને એમણે લગભગ બધાં જ પાત્રો પાસે માધવના દુષ્કૃત્યની ગાથા કહેવડાવી છે. દેવળદેવી કહે છે કે "એવી લોકવાયકા હતી, કે એની ભાભી પર જુવાનીમાં મારા પિતા મોહ પામ્યા હતા, ને તેથી માધવને વશ રહેતા."[૨] "માધવે મારા પિતાને આશ્રિત બનાવી દીધા હતા ને એની જાણ વગર માધવ દિલ્હીના સુલતાન જોડે વાટાઘાટ ચલાવતો હતો."[૩] આમ માધવની જાણમાં કર્ણ ને માધવની ભાભીનો વ્યવહાર હતો, અને એ હકીકતનો માધવ કર્ણને દબાવ-વામાં ગેરઉપયોગ કરતો હતો. આમ અહીં વેરનો પ્રશ્ન રહેતો નથી, કે માધવના કુટુંબપ્રેમનો પણ પ્રશ્ન રહેતો નથી. જ્યારે કર્ણ માધવથી વાજ આવીને એને બરતરફ કરે છે, ત્યારે માધવ કર્ણને કહે છે. "તેલ ને સિંદુર તમને ચઢયાં છે એ ખરી વાત. પણ પૂજારી ન હોત, તો તેલ, સિંદુર વગર પથ્થર જ રહેત"[૪] વળી એ માધવ વિષે કહે છે, કે "માધવ તુરકાણોનું સૈન્ય લઈ ચઢી આવ્યો હતો...થોડા દહાડા સુધી તુરકાણોનું કાંઈ વળ્યું નહિ, પણ માધવ ગઢનાં બધાં બારીબાકોરાં જાણતો હતો, અને પાટણમાં પણ એના માણસો હતા તેમણે દગો દીધો"[૫] મલેક કાફુર પણ માધવ વિષે કહે છે કે "એણે જાત વેચી, ગુજરાત વેચ્યું, સંસ્કાર વેચ્યા, ધર્મ વેચ્યો, ને ભરતખંડને ગુલામ બનાવ્યો...બધામાં માધવ તો મહામૂઢ હતો. બીજાં બધાંને દિલ્હીમાં શું થઈ રહ્યું છે તેનું ભાન નહોતું. પણ માધવના પાગિયાઓ તો ત્યાં ફેરા મારતા હતા...પાટણનો ગઢ કોઈથી સર થાય એવો હતો નહિ, અને પોતાની મેળે સુલતાન કદી ગુજરાત પર તરત ને તરત ચઢી ન આવત. પણ માધવપ્રધાન જ નોતરું દેવા ગયો, પછી કોણ ન આવે? માધવનાગર ગઢના કાંગરેકાંગરા જાણતો હતો, એટલે ગઢ એક મહિનો પણ ટકી ન શકયો."[૬] ગજાનન પંડિત પણ એને વિષે કહે છે, કે "ત્યાં (દિલ્હીમાં) ખટપટનો પાર નહોતો, ને તેનો અધિષ્ઠાતા માધવ હતો....માધવ જેટલો ઝેરીલો માણસ મેં કદી જોયો નહોતો. ઘણીવાર મને થતું કે જો હું એને નીચોવું તો એટલું ઝેર નીકળે કે, આખા જગતને મારવા એ પૂરતું થઈ પડે....માધવની મદદથી એક મહિનામાં મ્લેચ્છોએ પાટણનો ગઢ તોડયો."[૭] એટલું જ નહિ, પણ માધવ ગુજરાતનો સુબો બનવા માટે કમળાને લઈને દિલ્હી જાય છે ને સુલતાનનું લશ્કર

---

૧ ભગ્નપાદુકા: ઉપોદ્ઘાત, પૃ. ૫-૬.

૨ ,, પૃ. ૧૩.

૩ ,, પૃ. ૧૩.

૪ ,, પૃ. ૧૮.

૫ ,, પૃ. ૨૮-૩૨.

૬ ભગ્નપાદુકા, ઉપોદ્ઘાત, પૃ. ૪૧, ૫૯, ૬૦, ૬૧.

૭ એજન, પૃ. ૧૧૮, ૧૨૨

લઈને, સોમનાથના ગઢમાં બાકોરું પાડી તુર્કી સેનાની ટુકડી લઈને ગઢમાં દાખલ થાય છે. આ રીતે માધવની કથા જુદા જુદા માણસો પાસે શ્રી. મુનશીએ કહેવડાવી છે. તેમ છતાં બધાનો સૂર એક જ છે. નંદશંકરની કૃતિમાં જેમ કરણ ગુજરાતના સર્વનાશનું કારણ બને છે, તેમ અહીં માધવ બને છે. શ્રી. નંદશંકરે, માધવની પત્નીનું હરણ કરાવ્યું છે, કારણ કે, પોતાની પત્નીનું હરણ કરીને એને જબરજસ્તીથી જો કરણ અંતઃપુરમાં રાખે, તો જ, માધવના દેશદ્રોહના કૃત્યને હળવું, ને ક્ષમ્ય બનાવી શકાય. શ્રી. મુનશીને તો માધવનો બચાવ કરવાનો હતો જ નહિ; તેથી એમણે તો કેશવનું નામ લીધું નથી. માધવની પત્નીનું નામ લીધું નથી. જોકે કાન્હડદે પ્રબંધ, પ્રબંધચિંતામણિ આદિમાં માધવની ભાભીનો જ ઉલ્લેખ છે, પત્નીનો નહિ. શ્રી. મુનશી તો બ્રાહ્મણનું ગૌરવ કરવાવાળા છે. એમને બ્રાહ્મણત્વનું પ્રબળ અભિમાન છે, તેથી માધવ એવો દેશદ્રોહી નીકળ્યો તેનો એમને રંજ છે, અને બ્રાહ્મણત્વનું ગૌરવ જળવાઈ રહે એ માટે એમણે બાડા મહારાજ નામના એક તપસ્વી બ્રાહ્મણનું કાલ્પનિક પાત્ર આપણી સમક્ષ ખડું કરી દીધું, અને એને ગુજરાતનો રક્ષક દર્શાવી, આપણી આર્ય પરંપરાનો સંદેશવાહક બનાવી, એક ખરાબ બ્રાહ્મણ સામે બીજો મહાપુરુષ ખડો કરી દીધો છે. શ્રી. મુનશીની આ કૃતિના આલેખન પાછળ જે દૃષ્ટિ હતી, તેમાં કરણને તો મહત્ત્વનું સ્થાન મળે એમ હતું જ નહિ, એટલે એમણે નંદશંકરના નાયકને પછીતમાં નાખી દીધો છે. વળી કરણ રણ છોડીને ભાગી ગયો એ હકીકત પણ કરણ માટેનું શ્રી. મુનશીનું માન થોડે અંશે ઓછું કરે છે. શ્રી. મુનશીએ એને વિષે કહ્યું છે કે "એ અદ્ભુત વીરતાના સમયમાં કર્ણદેવ વાઘેલાની જેમ બહુ થોડા ભારતીય રાજા રણ છોડીને નાશી ગયાનું જાણમાં છે."[૧] વળી કૌલાદેવી વિષે પણ એમણે કહ્યું છે કે "જો કમળાદેવીની વાત ખરી હોય તો, એ સમયમાં એના સિવાય કોઈ ક્ષત્રિયકુળની રાણી ભાગ્યે જ જૌહર કરવાનું મનાતું સૌભાગ્ય જતું કરી સુલતાનના જનાનામાં સુખરૂપે રહી હોય એવો બીજો ઉલ્લેખ મળતો નથી; તો કમળાદેવી સ્વભાવે કેવી હોવી જોઈએ તે કઠણ નહોતું."[૨] આથી જ કમળાદેવીને એમણે નફ્ફટ, દંભી, સ્વાર્થી, દેહરખુ, ને સહેલાઈથી ગુજરાતને ભૂલી જનારી આલેખી છે. એને આગમાં ઝંપલાવવાની તક સાંપડે, છે, ત્યારે એને જીવ વહાલો લાગે છે. એ ગજનનને મળે છે, ત્યારે આપણને એની પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય એમ વાત કરે છે. અને જાણે પોતે કાંઈ પરાક્રમ કર્યું હોય એમ કહે છે "ગુજરાતને તો હું ભૂલી જ ગઈ."[૩] સામાન્ય રીતે કૌલા-કમળા દેવીનું કોઈ પણ હિન્દુ નવલકથાકાર આ પ્રકારનું જ આલેખન કરે પણ શ્રી મુનશી દેવળદેવીનું જે રીતે નિરૂપણ કરે છે, તે આપણને મૂંઝવે એવું છે. એઓ ઉપોદ્‌ઘાતમાં દેવળદેવી વિષે કહે છે, "Glory That Was Gurjara Desa એ પુસ્તક જ્યારે મેં લખ્યું ત્યારે દેવળદેવી ઐતિહાસિક છે કે નહિ, એના માટે મારે વિચાર કરવો પડચો. તે મળે તો ગૌરીશંકર ઓઝાનો અભિપ્રાય મેં સ્વીકારી લીધો કે દેવળદેવી ઐતિહાસિક નથી."[૪] આમ કહીને પછી દેવળદેવી વિષે જે હકીકતો તવારીખમાંથી મળે છે, તેનો સારાંશ એમણે આપ્યો છે, ને પછી કહ્યું છે કે "આ બધી હકીકતો મેં બને એટલી જાતે તપાસી અને બે ત્રણ ફારસી વિદ્વાનો પાસે પણ

૧–૨ ભગ્નપાદુકા ઉપોદ્‌ઘાત., પૃ. ૧૦

૩ એજન, પૃ. ૨૨૫

૪ એજન, ઉપોદ્‌ઘાત પૃ. ૬

તપાસાવી. આ અન્વેષણને પરિણામે હું નિર્ણય પર આવી ગયો, કે આ દેવળદેવી અને તેને સંબંધી બધી વાતો કપોલકલ્પિત છે. ચોક્કસ વાત તો એટલી જ કે પાટણ પડ્યું ત્યારે કર્ણદેવની પત્નીઓને અને પુત્રીઓને પકડી દિલ્હી લઈ જવામાં આવી હતી. તેમાંનાં કોઈનાં નામ કે દેવળદેવીનું નામ સમકાલીન તવારીખોમાં મળતાં નથી."[૧] આમ એઓ દેવળદેવીની અનૈતિહાસિકતા વિષે જો ચોક્કસ નિર્ણય પર આવ્યા હોય, તો પછી એમની આ નવલકથામાં દેવળદેવીનું સ્થાન જ મળે નહિ. આમ છતાં દેવળદેવીને એઓ જતી કરવા તૈયાર નથી. એઓ કહે છે, કે "દેવળદેવી ખરી હોય, અને તવારીખોની બધી વાતો કાલ્પનિક હોય તોય વાઘેલાવંશની કુંવરી કેવી સુંદર બાહોશ અને સંસ્કારી હોવી જોઈએ, એ પ્રશ્ને મારી કલ્પનાને ઘણી ઘણી ઉત્તેજી."[૨] વળી કહ્યું છે કે "દેવળદેવી અમીર ખુશરૂએ જે પાછળના તવારીખકારોએ વર્ણવી તેવી ખરેખરી હોય તો અદ્ભુત હોવી જોઈએ."[૩] હવે પ્રશ્ન એ થાય છે કે શ્રી. મુનશીને દેવળદેવીમાં અદ્ભુત શું લાગ્યું. હા, રસિકતાના પૂજારી, શ્રી. મુનશીએ દેવળદેવીએ દિલ્હી ગયાં પછી ત્રણ વાર લગ્ન કર્યાં, ને બે વાર એ સુલતાના-મલેકા બની, એમાં એમને અદ્ભુત લાગ્યું હોય, અને એ અનેક જણને આકર્ષી શકે, અનેક એના મોહમાં પડે, ને એ અનેકને ખુશ રાખે, ને દેહસંબંધો રાખે, એમાં એમને કંઈ સંસ્કારિતા લાગી હોય, તો અદ્ભુતતા ને સંસ્કારિતાનો આપણે સામાન્યતઃ જે અર્થ કરીએ છીએ, તેનાથી કાંઈ વિપરીત અર્થમાં શ્રી. મુનશી એ શબ્દોને સમજે છે એમ જ માનવું પડે ને? એને શ્રી. મુનશીએ અતીવસુન્દર, ને ઘટ્ટ બનેલાં ચન્દ્રકિરણોથી બની હોય એવી નિરૂપી છે. આમ શ્રી. મુનશીને માટે તો એનાં ત્રણ લગ્નો, એની ઘણા સમય સુધી ટકતી એવી દૈહિક સુન્દરતા એ જ અદ્ભુત તત્ત્વ લાગે છે. આ સિવાય બીજો કોઈ ખુલાસો એના આ કૃતિમાં નિરૂપણ માટે મળતો નથી. એને સવિશેષ મહત્ત્વ શ્રી. મુનશીએ આપ્યું છે, તે બીજા એક કારણે પણ હોય, કે એ ગુજરાતણ હતી, અને એ ૧૩૦૬ થી ૧૩૧૯ સુધી દિલ્હીની સલ્તનતની મધ્યવર્તી વ્યક્તિ હતી; કારણ કે એ વિષે એમણે ઉલ્લેખ કર્યો છે. પરંતુ, એમ છતાં પોતાનો દેહ, અનેકને અર્પીને સલ્તનતની મધ્યવર્તી વ્યક્તિ એ બને એમાં ગુજરાતી તરીકે ગૌરવ લેવા જેવું શું છે? વળી, મલેક કાફુર, સુલતાન ખુશરૂ, કમળાદેવી ને દેવળદેવી એ ચાર ગુજરાતીઓ દિલ્હીમાં હોય, ને દિલ્હીના રાજ્યતંત્રમાં મહત્ત્વનો ભાગ લે, તેમાં પણ ગુજરાતના નામને લાંછન લગાડનાર એ વ્યક્તિઓનું, ગુજરાતી તરીકે અભિમાન રાખવું, એ અત્યંત બેહૂદું છે.

આ રીતે મુનશીએ દેશદ્રોહ, બ્રાહ્મણત્વ, રસિકતા, ઈત્યાદિને દૃષ્ટિ સમક્ષ રાખી તેને અનુરૂપ પાત્રોનું અને પ્રસંગોનું નિરૂપણ કર્યું છે.

મહાગુજરાત માટેનું આંદોલન ચાલતું હતું, ને ચારે તરફ ગુજરાતપ્રેમનો વાયરો વાતો હતો, ને ગુજરાતભક્તિ, ગુજરાતીઓના હૃદયમાં ઉભરાતી હતી, એવે સમયે, કરણના જીવનપ્રસંગો લઈને શ્રી. ધૂમકેતુએ 'રાય કરણઘેલો' લખી એ કારણથી ગુજરાતનું જરા પણ હીણું લાગે એવું કશું જ એમણે નિરૂપ્યું નથી, અને પાત્રો તથા પ્રસંગોના નિરૂપણને એ દૃષ્ટિએ

૧ એજન, ઉપોદ્ઘાત પૃ. ૮

૨ ભગ્નપાદુકા : ઉપોદ્ઘાત પૃ. ૯

૩ એજન, પૃ. ૪

ઘડ્યા છે. આમ હોવાથી, શ્રી. મુનશીમાં નંદશંકરનો કરણ ગુનેગાર રહેતો નથી, જ્યારે ધૂમકેતુનો કરણ નંદશંકરના કરણ જેવો લંપટ, વ્યભિચારી કે મગરૂબી ભરેલો નથી, પણ આદર્શ પુરુષ બને છે. શ્રી. મુનશીએ માધવની ભાભી જોડેનો એનો સંબંધ હતો. એવો ઉલ્લેખ કર્યો છે, પણ ધૂમકેતુએ તો એને ચારિત્ર્યવાન આલેખ્યો છે ને માધવની પત્ની, ભાભી, કે કોઈ પણ સ્ત્રી પ્રત્યે એ અપવિત્ર દૃષ્ટિથી જોતો હોય એવો દર્શાવ્યો જ નથી. શરૂઆતથી જ એ અડગ રજપૂત વીર છે. બાગલાણનો પ્રતાપચન્દ્ર કરણને જોતાં જ વિચારે છે, "ગુજરાત રોળાઈ જશે પણ આ નમશે નહિ......જીવનને ખરે ટાણે ફેંકી દેવાની અદ્‌ભુત તાકાત એ જ આનો શ્વાસ અને પ્રાણ છે."[૧] કરણ પોતે પણ કહે છે કે, "ગુજરાતનો રાજા કોઈને નમે, અને એમાં પણ તુરકને નમે એ કોઈ દિ બનવાનું નથી. એના કરતાં તો એ હલાહલ ઝેર પીએ, રણવગડે રખડી રઝડીને મરે."[૨] ધૂમકેતુનો કરણ તો જ્યારે પાટણ પર હુમલો થાય છે, ત્યારે વીરતાથી લઢે છે ને રાતદિવસ ગઢની ચોકી કરે છે, વ્યવસ્થા રાખે છે, અને જ્યારે કેસરિયાં કરીને નીકળવાની તૈયારી કરે છે, અને માધવાદિ એના યોદ્ધાઓ, એને ગુજરાતની રણભૂમિ ને રણથંભ બાગલાણમાં લઈ જઈને ત્યાંથી લડાઈ જારી રાખવાનું કહે છે, ત્યારે એ અનિચ્છાએ બધાની ઇચ્છાને માન આપવા માટે એમ કરવા તૈયાર થાય છે. એટલું જ નહિ, પણ પાટણમાં વાત આવે છે, કે મહારાજ સારંગદેવને એક બાળક હતું, ત્યારે એ વાતને દાબી દેવાને બદલે, એ એની જાતતપાસ કરે છે, એટલું જ નહિ, પણ સિંહતીરને પાટણના બધા રાજપુરુષોની સમક્ષ કહે છે કે "હું તમને કામ સોંપું છું. તમે સિંહાસનના પરમમિત્ર છો, જ્યાં હોય ત્યાંથી પૃથ્વીદેવને શોધવાનું તમારે માથે, કાકાનો જો એ ખરો વારસ હશે, તો હું એને રાજ સોંપીને સેનાપતિ બનીશ. બસ! ભગવાન સોમનાથના શપથ લઈને આ બોલું છું."[૩] આવો રાજનીતિજ્ઞ, ઉદાર, નિષ્ઠાવાન, ને આદર્શ રાજા એ છે. વળી, જ્યારે ઉદેમતીની વાવમાં, રાજપુરુષોની સભા મળે છે, ત્યારે કરણ સારંગદેવની રખાત બાઈને સભામાં લઈ આવે છે, અને એને મોઢે જ બધી હકીકત કહેવડાવે છે. એટલું જ નહિ, પણ જ્યારે એ બાઈ પોતાના વક્તવ્યના સમર્થનમાં કર્ણદેવના કહેવાથી સારંગદેવની રાજમુદ્રા રજૂ કરે છે ત્યારે એ દીપ મંગાવે છે, કે એની સચ્ચાઈ વિષે સૌને પ્રતીતિ થાય. આ પ્રસંગ વિષે શ્રી. ધૂમકેતુ કહે છે કે "પોતાની સામે પોતાનો જ પાયો ખોદાઈ જાય એવી વાત અહીં સૌ સમક્ષ રજૂ કરનાર રાજા તરફ બધા આશ્ચર્યથી જોઈ રહ્યા હતા. સામંત મહેતો પણ વિચારમાં પડી જાય છે કે "આટલી સચ્ચાઈ! એક સફ્લી લોકવાયકાનો પણ તાગ લેવા માટે જાતે જવું અને તે પણ માથે ગાજે ત્યારે."[૩] આમ આ પ્રસંગ કરણની અસામાન્ય મહત્તાનો ખ્યાલ આપે છે. કરણ જ્યારે એના પુત્રોને છેલ્લી વિદાય આપે છે, ત્યારે પણ એમને આખરી સંદેશ એના વીરત્વને છાજે એવો આપે છે. "નષ્ટ થઈ જજો, પણ કોઈને નમતા નહિ."[૪] જ્યારે અલાઉદ્દીન માધવને પૂછે છે કે "રાય કે'છે કે ઘેલો છે એ સાચું? ત્યારે માધવ જવાબ આપતાં કહે છે કે, "હા,

---

૧ રાય કરણઘેલો, પૃ. ૧૯

૨ એજન, પૃ. ૨૮

૩ એજન, પૃ. ૧૨૬

૩ રાય કરણઘેલો, પૃ. ૧૨૫

૪ એજન, પૃ. ૧૯૯

જહાંપનાહ, ઘણો. પણ કાન્હડદેવજી જેવો અણનમ રજપૂતીને વરેલો."[૧] અને આ વાક્ય જ ધૂમકેતુએ કરણને ઘેલો કયા અર્થમાં કહ્યો, તેની સમજૂતી આપે છે. એની ઘેલછા એ એની વીરતા છે. આમ કરણ માટે ઘેલો વિશેષણ નંદશંકર તથા ધૂમકેતુ ભિન્ન ભિન્ન અર્થોમાં વાપરે છે. બાગલાણમાં રહ્યો રહ્યો પણ એ ગુજરાતમાં બળવો જગાડવા સતત પ્રયત્ન કરે છે. આ રીતે ધૂમકેતુએ કરણને જરાપણ દોષવાળો દર્શાવ્યો નથી.

કરણની જેમ માધવનું પાત્ર પણ એમણે પૂર્ણાંશે પલટાવ્યું છે. એમનો માધવ દેશદ્રોહી નથી, પણ દેશભક્ત છે, અને દેશને માટે લડતાં લડતાં શહીદ બને છે. ધૂમકેતુ એને વિષે કહે છે, કે "એ મૂર્ખ હતો. અભિમાની હતો, અવ્યવહારુ હતો, બધું હતો, પણ દગાખોર ન હતો. એ તો નાગરરાયની જાતનો મરણિયો વિશ્વાસુ જોદ્ધો હતો."[૨] એ જ્યારે સુલતાનના દરબારમાં જાય છે, અને અલાઉદ્દીન એને ગુજરાતમાં ધાનપાણી મળે કે કેમ એવો પ્રશ્ન પૂછે છે ત્યારે, માધવ પગથી માથા સુધી ધ્રૂજી ઊઠયો, ને સુલતાને પાછો એ પ્રશ્ન પૂછયો, ત્યારે માધવનાં વીરતા ને દેશપ્રેમ જાગી ઊઠયાં, ને એણે વીરને છાજે એવો જવાબ આપ્યો, "અનાજ ને આબનાં તો અમારે ત્યાં લાખે લેખાં છે. પણ નહરવાળાના ત્રીશહજાર ઘોડેસવાર એ કોઈને અણહકનાં પચવા દે એમ નથી."[૩] એ વખતે જ માધવે નિર્ણય લઈ લીધો, કે ઉલુધખાનની સાથે સમાધાનની કોઈ વાત કરવાની જ નથી. હવે તો લડાઈ શરૂ થઇ ગઇ હોય એમ માનવાનું હતું. વળી અલાઉદ્દીન તરફથી ઉલુધખાન એ જ ગુજરાતની વજીરાત સોંપવાની વાત રજૂ કરે છે ત્યારે ગુસ્સે થઈને કહે છે, "વજીરાત આપવાવાળા તમે? તમે કોણ? તમે ઘેટાં ખાવાવાળા મને બ્રાહ્મણને વજીરાતની ભેટ આપી જશો?'[૪] અહીં એ પ્રતીત થશે કે, એ મુનશીના માધવની જેમ સુલતાનની કદમબોસી નથી કરતો. વળી જ્યારે સુલતાનનું સૈન્ય પાટણ પર હલ્લો કરે છે, ત્યારે પાટણના નાગરિકોને બોલાવીને એ એમને ઉદ્દેશીને કહે છે કે, "પાટણના નાગરિકો! આજે સૌ તમે જાણો છો, કે તુરક અહીં આવી રહ્યો છે, પણ જે પાટણ કોઈ દિવસ નમ્યું નથી, તે આજે હવે નમવાનું પણ નથી."[૫] આટલું જ નહિ પણ, એ ગુજરાતનો કીર્તિધ્વજ ફરકતો રહે તે માટે ગુજરાતની રણભૂમિ ને રણધ્વજ બીજે લઈ જવા એ કરણને કહે છે, અને કહે છે કે, "મહારાજ કેસરિયાં દળને ન દોરે, એ દોરવાવાળા અમે અહીં બેઠા છીએ."[૬] એ સામી છાતીએ બન્ને હાથમાં તલવાર લઈ દુશ્મનની લશ્કરગાહમાં ઘૂસી જાય છે, અને દુશ્મનનો કચ્ચરઘાણ કાઢી વીરતા દાખવતો મૃત્યુને ભેટે છે. લેખક કહે છે કે "માધવને હૈયે એક ધરપત હતી, એણે ગુજરાતના રાજાને નામોશી લેવા દીધી ન હતી."[૭] આ રીતે ધૂમકેતુનો માધવ એ નંદશંકરના માધવના જેવો વેરવેરને ઝંખતો, પેટનો બળ્યો ગામ બાળે એવો પુરુષ નથી, મુનશીના માધવ જેવો અધમાઅધમ દેશદ્રોહી નથી, પણ દેશને માટે કુરબાની કરનારો આદરપાત્ર વીર છે.

---

૧ એજન, પૃ. ૧૬૪
૨ એજન, પૃ. ૧૭૦
૩ એજન, પૃ. ૧૬૪
૪ એજન, પૃ. ૧૭૦
૫ એજન, પૃ. ૧૯૪
૬ રાય કરણઘેલો, પૃ. ૨૨૯
૭ એજન, પૃ. ૨૦૪

માધવની જેમ ધૂમકેતુની કૌલાદેવી પણ એમના પુરોગામી બન્ને નવલકથાકારો કરતાં સર્વાંશે ભિન્ન છે. એ અલાઉદ્દીનના જનાનખાનામાં જઈ ને બેસતી, પતિને, ધર્મને બેવફા નીવડતી સ્વાર્થી સ્ત્રી નથી. પરંતુ રજપૂતાણીના ખમીરવાળી, પતિભક્ત, રાજનીતિજ્ઞ સ્ત્રી છે. એ પકડાય છે ખરી, પણ નાશવાનો મોકો મળતાં નાશે છે, અને વીરતાભર્યા મૃત્યુને ભેટે છે. એનું પાત્ર આદિથી અંત સુધી આપણામાં એની પ્રત્યે આદર ઉત્પન્ન થાય એવું છે. તેવું જ દેવળદેવીનું છે. એમની દેવળદેવી તો શંકરદેવની જોડે લગ્ન કરે છે અને બે પુત્રોની માતા બને છે. એ અલાઉદ્દીનના જનાનખાનામાં જતી નથી. છેવટ સુધી આર્યગૃહિણી બની રહે છે.

હવે પ્રશ્ન એ ઊઠે છે કે, શ્રી. ધૂમકેતુએ આ બધાં પાત્રોને ભિન્ન રીતે શા માટે નિરૂપ્યાં ? કરણ ને માધવની ભાભીનો સંબંધ, માધવનો દેશદ્રોહ, કમલાદેવીની શહીદી, દેવળદેવીનું બાગલાણમાં જ શંકરદેવની પત્ની તરીકે જ મૃત્યુ આ બધા ફેરફારો એમણે કયા કારણે ને શા આધારે કર્યા ? એમણે પદ્મનાભનો કાન્હડદેપ્રબંધ, પ્રબંધચિંતામણિ, જિનપદ્મસૂરિનું તીર્થકલ્પતરુ રાસમાળા ઇત્યાદિમાં આપેલી હકીકતોની અવગણના શી રીતે કરી, એ વિષે એમણે કશો ખુલાસો કર્યો નથી. કેવળ કમળાદેવી વિષે ખુલાસો કર્યો છે...કે, “ ઝીયાબર્નીએ કરણરાયની રાણી દીકરી વગેરે પકડાયાની વાત લખી છે, પણ પછી જેમ મલેકકાફુરનો ખાસ ઉલ્લેખ બાદશાહને પેશ થયેલી લૂંટફાટની મહત્ત્વની બીના ગણીને કર્યો છે, એવો કોઈ ઉલ્લેખ દેવળ કે રાણી વિષે કર્યો નથી.”[1] પરંતુ આ તો કેવળ નકારાત્મક પુરાવો છે. એટલા પરથી કમળાદેવીને શહીદ બનાવાય નહિ. તેવું જ દેવળદેવીનું. કમળાદેવી વિષે તો આટલો પણ ઉલ્લેખ કર્યો છે, પણ માધવને જે રીતે એમણે નિરૂપ્યો છે તેને માટે તો કશો પણ ખુલાસો કર્યો નથી કે કોઈ નકારાત્મક પણ પુરાવો આપ્યો નથી. એમણે જે પુરાવાઓ માધવ, કમળારાણી, દેવળદેવી વિષે છે, તેની અવગણના કરીને, પોતાની રીતે જ એ પાત્રોનું ને એમને વિશેના પ્રસંગોનુ આલેખન કર્યું છે. એનું એક કારણ એ લાગે છે કે ધૂમકેતુનો ગુજરાતપ્રેમ એમને એક પણ ગુજરાતીને હીણો બતાવતાં વારે છે, અને પાત્રના દોષને ગુણમાં પરિવર્તિત કરે છે. આમ છતાં, પોતાનું નિરૂપણ ઇતિહાસસંમત છે એમ દર્શાવવા, એમણે બીજા નાનાનાના પ્રસંગો આલેખતી વખતે પાદટીપમાં જે ગ્રન્થોને આધારે પ્રસંગોનું નિરૂપણ કર્યું છે તેનો ઉલ્લેખ કર્યો છે. આમ મોટા પ્રસંગોને માટે કશો ઉલ્લેખ નહિ, ને નાના પ્રસંગો માટે આધારની રજૂઆત એવી વિચિત્ર રીતે એમણે અપનાવી છે. આ પ્રકારના નિરૂપણનું કારણ એ વખતે ચાલતા મહાગુજરાતનું આંદોલન હોઈ શકે. આ ત્રણે નવલકથાકારોએ અલાઉદ્દાનનું પાત્રનિરૂપણ એક સરખું જ કર્યું છે. ત્રણેમાં અલાઉદ્દીન નિર્દય હૃદયહીન નિતાન્ત દુષ્ટ અને રાક્ષસી ચીતરાયો છે.

શ્રી નંદશંકર, શ્રી. મુનશી અને શ્રી. ધૂમકેતુ એ ત્રણે પર એમના સમકાલીન સમાજની સારા પ્રમાણમાં અસર પડેલી છે. શ્રી. નંદશંકરે સતીના શાપ વખતે, ગુણસુંદરી જે વિધવાઓનાં દુઃખ વિષે રોદણાં રડે છે તેમાં; વેદાંતીભાઈઓ જેવી કથામાં શાસ્ત્રનો અનર્થ રીતે થાય છે તે વિષે, તેમાં, એમના જમાનામાં જે ભૂતપ્રેત વિષેના વહેમો હતા, તેની આરંભમાં અસર, એ સઘળું નંદશંકરની પર સુધારાની જે અસર હતી તે દર્શાવે છે. શ્રી મુનશીએ, બાળામહારાજ ને અનંગના-દ્વારા અસ્પૃશ્યતાના પ્રશ્નને, બાળામહારાજ જે રીતે ગામનાં ગામ બાળી નાંખવા લોકોને પ્રેરે છે.

૧ રાય કરણઘેલો, પૃ. ૨૯૭, પાદટીપ.

તેમાં બીજા વિશ્વયુદ્ધ વખતે ધીખતી ધરાનો પ્રયોગ થયેલો તેને, તથા ગજાનન મુનિને રસ્તામાં લોકો ગાડામાં, ઊંટ પર, ઘોડા પર, ને પગરસ્તે લોકોનાં ટોળેટોળાં હિજરત કરીને જાય છે, તે મળે છે, તે દ્વારા પાકિસ્તાનથી અહીં જે નિરાશ્રિતો વિપુલ સંખ્યામાં આવ્યા તે પરિસ્થિતિને; અને શ્યામલદે દ્વારા જે મુસલમાનોના કબજામાં હોય એવી સ્ત્રીને સમાજે પાછી સ્વીકારવી કે નહિ એ પાકિસ્તાન થયા પછી ઊભી થયેલી પરિસ્થિતિને બાળામહારાજના અનશન દ્વારા ને ભદ્રાની સેનાદ્વારા ગાંધીજીનો, એમ પોતાના સમકાલીન સમાજમાંથી અનેક પરિસ્થિતિ ને પ્રશ્નોનો વાર્તાની ગૂંથણીમાં એમણે છૂટથી ઉપયોગ કર્યો છે. શ્રી. ધૂમકેતુએ ગુજરાતનો રણધ્વજ ને રણભૂમિ બીજે લઈ જઈ ત્યાંથી યુદ્ધ ચાલુ રાખવાની વાત, બીજા વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સ, બ્રહ્મદેશ, ઇત્યાદિ દેશોએ બીજા દેશમાં જઈ ત્યાં સરકાર સ્થાપેલી, અને પોતાના દેશમાં જે વિદેશી સરકાર સ્થપાયલી તેની સામે યુદ્ધ ચાલુ રાખેલું તે પરિસ્થિતિની અસર છે.

આ ત્રણે નવલકથાકારોનાં લાક્ષણિક વ્યક્તિત્વનો રંગ પણ ત્રણે નવલકથામાં સ્પષ્ટતઃ દેખાય છે. નંદશંકરનો નીતિપ્રેમ, ને સુધારાવૃત્તિ એમણે નિરૂપેલા પ્રસંગોમાં દેખાય છે. શ્રી. મુનશીનું બ્રાહ્મણત્વનું અભિમાન બાળામહારાજના નિરૂપણમાં દેખાય છે, તો કામભાવનાને મહત્ત્વ આપતી ફ્રોઈડની અસર બાળામહારાજને પણ અનંગનાની જે મોહિની લાગે છે, ને અનંગના સ્નાન કરતી હોય ત્યારે બાળામહારાજ અવશ્ય એમને મળવા જાય છે, અને અનંગના ને બાળમહારાજના રાત્રીમિલનનું જે વર્ણન કર્યું છે, તે પ્રસંગોમાં જણાય છે. વળી કયુરિયાએ પોતાના સજાતીય સંબંધનું જે ઉત્સાહથી વર્ણન કરે છે એમાં પણ એમની લાક્ષણિકતા દૃષ્ટિએ પડે છે. ઐતિહાસિક કથાઓમાં ચમત્કાર આણવાની તેમની રીત, બાળામહારાજ જે રીતે ચારે તરફની ચણી લીધેલી દિવાલમાંથી અદૃશ્ય થાય છે તેમાં અજમાવાઈ છે. શ્રી. ધૂમકેતુની સમકાલીન ઇતિહાસમાંથી રાજકીય પરિસ્થિતિનું વિગતપૂર્ણ ચિત્ર ઇતિહાસલેખકની અદાથી આપવાની આદત અહીં પણ જણાય છે. વળી નંદશંકરની વર્ણનાત્મક, શ્રી મુનશીની પાત્રોની આત્મકથાના રૂપમાં આલેખાયલી, ને ધૂમકેતુની કથનાત્મક આલેખનરીતિ પણ ત્રણેની લાક્ષણિકતા સૂચવે છે.

આ રીતે કરણઘેલા વિષે લખનાર આ ત્રણે નવલકથાકારોએ, એક જ ઐતિહાસિક પરિસ્થિતિ તથા પાત્રોનું નિરૂપણ કર્યું હોવા છતાં, ત્રણેનાં નિરૂપણ આત્યંતિક ભિન્ન છે. એમાં ત્રણ કરણો મળે છે. એક પરસ્ત્રીલોલુપ, ને ગુજરાતના સર્વનાશને માટે કારણભૂત; બીજો વીર અને સામાન્ય રાજા જેવો, ને ત્રીજો સાત્ત્વિક, સાચો રજપૂત વીર. એમાં ત્રણ માધવો મળે છેઃ એક વેરની ઝંખનાવાળો ને એમાં આંધળો, બીજો નિતાન્ત દુષ્ટ ને દેશદ્રોહી, જ્યારે ત્રીજો દેશપ્રેમી શહીદ; એમાં ત્રણ કમળાદેવી મળે છે, એક અલાઉદ્દીનના જનાનખાનામાં પસ્તાતી દુઃખી થતી, બીજી તદ્દન નફ્ફટ દેહરખુ, ત્રીજી સતીસાધ્વી વીરાંગના; ને એમાં ત્રણ દેવળદેવી મળે છેઃ એક પરાણે અલાઉદ્દીનને ત્યાં ગયેલી, બીજી પાપમાંથી છૂટવા અગ્નિસ્નાન કરીને પવિત્ર થનારી, ને ત્રીજી જેણે અલાઉદ્દીનનું જનાનખાનું જોયું નથી એવી પ્રેમાળ ને પુત્રવત્સલ માતા, ને પિતૃપ્રેમી પુત્રી. આમ ત્રણેમાં પ્રસંગો જુદા છે, પાત્રો જુદાં છે, દૃષ્ટિ જુદી છે, અને આ પાત્રો એકબીજાને ક્યાંય મળી જાય તો એકબીજાને ઓળખી પણ ન શકે.

દિગમ્બર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુ-કાવ્ય

અગરચંદ નાહટા

પ્રાચીન ગુજરાતી તેમ જ રાજસ્થાની ભાષામાં વસન્તવર્ણન-પ્રધાન ફાગુકાવ્યોની પરંપરા ચૌદમી શતાબ્દીથી શરૂ થાય છે અને ઓગણીસમી શતાબ્દી સુધી, લગભગ પાંચસો વર્ષ સુધી ચાલુ રહે છે. ૧૫મી શતાબ્દીથી ૧૭મી શતાબ્દી સુધી ફાગુકાવ્યોનો અધિક પ્રચાર રહ્યો; એટલે ફાગુ-સંજ્ઞક સૌથી વધુ રચનાઓ આ જ શતાબ્દીઓની મળે છે, અને જૈન કવિઓએ જ સૌથી વધુ આ રચનાપ્રકારને અપનાવ્યો છે. કેટલાંક વર્ષો પહેલાં "જૈન સત્યપ્રકાશ"માં સૌથી પહેલાં આવી રચનાઓનું વિવરણ પ્રસિદ્ધ કરવાનું શરૂ થયું હતું, અને જૈન સાહિત્યના મહારથી સ્વ. શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈએ, પોતાને જેટલાં ફાગુકાવ્યો મળી શકયાં તેની નકલ કરીને 'ફાગુ-સંગ્રહ' પ્રકાશિત કરવાની તૈયારી પણ કરી હતી, પણ એમનો સ્વર્ગવાસ થવાથી, એ સંગ્રહ પ્રકાશિત થઈ શકયો નહિ. એવામાં, મિત્રવર પ્રો. ભોગીલાલ સાંડેસરા મારે ત્યાં પધાર્યા અને મારા સંગ્રહમાં એવી રચનાઓની અધિકતા જોઈ, એમણે આ બાબતમાં જે કંઈ સામગ્રી પ્રાપ્ત થઈ શકી તેના આધારે "પ્રાચીન ફાગુ-સંગ્રહ" નામનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી સન ૧૯૫૫માં પ્રકાશિત કરાવ્યો.[૧] આ સંસ્કરણ દેવનાગરી લિપિમાં પ્રકાશિત થયું હતું, એટલે એની બીજી ગુજરાતી લિપિની સસ્તી આવૃત્તિ એમણે ૧૯૬૦માં પ્રકાશિત કરાવી. આ ગ્રંથમાં કુલ ૩૮ રચનાઓ છે; જેમાંથી ચાર "ગીતા" અને એક "ગીત" નામની પદવાળી છે. બાકીની તેત્રીસ "ફાગુ" અથવા "ફાગ" નામવાળી છે. આમાંથી, ત્રણચાર રચનાઓ જૈનેતર કવિઓની હશે. બાકી બધી જૈન કવિઓની રચેલી છે. આ ગ્રન્થ ઉપરાંત બીજાં કેટલાંક જૈન-જૈનેતર ફાગુકાવ્ય પણ પ્રકાશિત થઈ ચૂકયાં છે. 'સંમેલનપત્રિકા,' ભાગ ૪૦, અંક ૩માં મેં ફાગુકાવ્યોની એક સૂચિ પ્રકાશિત કરી હતી. તેમાં ૫૫ ફાગુકાવ્યોની યાદી આપવામાં આવી હતી. એ પહેલાં, "જૈન સત્યપ્રકાશ"માં મેં મારા કેટલાક લેખો 'ફાગુકાવ્યો'ની પિછાન કરાવવા માટે પ્રસિદ્ધ કર્યા હતા. મારું અન્વેષણકાર્ય નિરંતર ચાલુ રહેવાના કારણે, મેં અહીં કેટલાંક વર્ષોમાં, લગભગ વીસ ફાગુકાવ્યો નવાં શોધી કાઢયાં છે, જેમાંથી દિગમ્બર કવિઓનાં પાંચ અજ્ઞાત ફાગુકાવ્યોનો પરિચય આ લેખમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ પાંચેય કૃતિઓ અપ્રકાશિત છે.

---

૧ વાસ્તવમાં, ચૌદમી શતાબ્દીમાં, આશરે સંવત ૧૩૪૧માં રચેલો અજ્ઞાત કવિકૃત 'જિનચંદ-સૂરિ ફાગુ' મળે છે, એટલે ફાગુકાવ્યોની પરંપરા ચૌદમી શતાબ્દીથી પહેલાં શરૂ થયેલી છે.

બીજું, 'ફાગુસંગ્રહ' માટે પાટણના અને મુનિશ્રી પુણ્યવિજયજીના હસ્તપ્રતોના સંગ્રહ પરથી, અને વડોદરામાં આવ્યા પછી, વડોદરાના "શ્રી આત્મારામ જૈન જ્ઞાનમન્દિર"માંની મુનિશ્રી હંસવિજયજી અને પ્ર. શ્રી. કાન્તિવિજયજીના સંગ્રહોની મારા મિત્ર ડૉ. ઉમાકાન્ત શાહે તથા મેં કરેલી નોંધો પરથી મને ખ્યાલ આવ્યો હતો, અને જરૂરી સાહિત્ય વડોદરામાં જ મોટે ભાગે ઉપલબ્ધ હોવાથી આ સંગ્રહનું સંપાદન જલદી થઈ શકયું હતું. અલબત, શ્રી. નાહટાજીનો સંગ્રહ મારા ધ્યાનમાં હતો અને 'વિરહ દેસાઉરી ફાગુ' આદિ ફાગુઓની નકલ તેમની પાસેથી મને મળેલી, તે માટે તેમનો આભારી છું.—**સંપાદક.**

ડૉ. સાંડેસરા-સંપાદિત 'પ્રાચીન ફાગુ-સંગ્રહ'માં પ્રકાશિત સર્વ જૈન રચનાઓ શ્વેતાંબર કવિઓની છે. જે સમયે આ ગ્રન્થ પ્રકાશિત થયો હતો તે જ સમયે, 'સંમેલનપત્રિકા'માં મારો લેખ 'રાજસ્થાની ફાગુકાવ્યકી પરંપરા ઔર વિશિષ્ટતા' શીર્ષકથી છપાયો હતો. એ સમય સુધીમાં, મને પણ દિગમ્બર કવિઓનાં રચેલાં બે ફાગુકાવ્યોની જ ખબર હતી, જેનો ઉલ્લેખ મેં મારા ઉપર્યુક્ત લેખમાં કર્યો છે. અહીં લગભગ બાર વર્ષથી શ્રીમહાવીરજી તીર્થક્ષેત્ર કમિટી તરફથી રાજસ્થાનના દિગમ્બર શાસ્ત્રભંડારોની સૂચિ બનાવવાનું કામ ખૂબ સારી રીતે ચાલુ રહ્યું છે અને એના ફલરૂપે ઘણી નવી બાબતો પ્રકાશમાં આવી છે. જો આ કાર્ય, થોડાં વર્ષો સુધી હજી ચાલુ રહેશે તો સંભવ છે કે બીજાં કેટલાંક દિગમ્બર ફાગુકાવ્યોની ભાળ મળી શકશે.

(૧) પ્રાપ્ત દિગમ્બર ફાગુકાવ્યોમાં સૌથી મોટું કાવ્ય 'આદીશ્વર ફાગ' છે, જેને ભટ્ટારક જ્ઞાનભૂષણે ૫૦૧ પદ્યોમાં રચ્યો છે. આમાં, 'નારીનિરાસ ફાગ'ની માફક એક ભાષાપદ્ય પછી એક સંસ્કૃત શ્લોક મળે છે. ગ્રંથનું પરિમાણ ૫૯૧ શ્લોકોનું છે. આની, ૩૧ પત્રોની એકમાત્ર પ્રતિ આમેર ભંડારમાં છે. આદિ-અન્તનાં પદ્ય આ પ્રમાણે છે:—

આદિ : આહે પ્રણમીય ભગવતિ સરસતિ જગતિ વિવોધ નમાય,
ગાઇસ્યૂં **આદિ** જિણંદ સુરંદવિ વંદિત પાય.

અન્ત : આહે ઉએનઉ પંચ કલ્યાણક ઊપરિ-માનસિરાગ,
જ્ઞાનભૂષણ ગુરિઇં કીધઉ, તેહ ભણી એહ ફાગ.
આહે નારી ય નર જે ભાવ ધરી નિત ગાઇસિંઇ એહ,
ઇન્દ્રાદિક પદ પામીય, શિવપુર જાસિઇં તેહ.
આહે એકાઉણ અધિકા શત, પંચ સલોક પ્રમાણ,
સૂણઉં ભણિસિઇં લિખસિઇં તે નર અતિહિં સુખાણ.
ઇતિ ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ-વિરચિત **શ્રી આદીશ્વર ફાગ**
સમાપ્ત. લે૦ સંવત્ ૧૬૩૪ વર્ષે પૌષ વદી ૧૦ બુધવાર લિખિતમિદં
શાસ્ત્રં, માલપુરા મધ્યે પાંડે શ્રીડૂંગા લિખાવિતં.

(૨) ૨૫૧ પદ્યોમાં રચાયેલ બીજો, નેમિનાથ સંબંધી ફાગુ, વિદ્યાભૂષણ-રચિત 'નેમિનાથ ફાગ' છે. સંવત્ ૧૬૧૪માં લખાયેલી તેની એકમાત્ર પ્રતિ, યશકીર્તિ સરસ્વતીભવન, ઋષભદેવના સંગ્રહમાં છે. તેની રચના દેવપલ્લીમાં થયેલી છે અને શ્લોક-પરિમાણ ૩૧૨ પદ્યોનું છે. તેની અન્તની પંક્તિઓ આ પ્રમાણે છે:

અન્ત : આહે કાષ્ટા એ સંઘ **નંદીતટ** ગચ્છ વિદ્યામણસાર,
સૂરિવર **વિશ્વસુસેન** એ શાસનના સણગાર.
વિદ્યાભૂષણ તસ શિષ્ય એ દક્ષપણિ કૃત ફાગ,
એકમના સહૂ સુણતાં એ, ભણતાં એ હુઇ વૈરાગ્ય. ૨૪૯

આહે **નેમિ** જિનેશ્વર કેરુ એ ફાગ અનોપમ,
પંચ દશાધિક ત્રસ્યસિં શ્લોકતણૂ પરિમાણ. ૨૫૦

વિતત્યાં દેવપલ્યાં ચ પાર્શ્વસ્ય ભુવને મયા,
વિદ્યાભૂષણ નામ્નેવ રચિતાયાં વસંતકઃ ૨૫૧

લે૦ સંવત્ ૧૬૧૪ વર્ષે કાર્તિક માસે, શુક્લ પક્ષે ચતુર્થ્યાં તિથૌ ભૌમ દિને લિખિતમિદં પુસ્તકં જયતુ. શ્રી કાષ્ટાસંઘે નંદી-તટ ગચ્છે વિદ્યાગણે ભટ્ટારક શ્રી વિદ્યાભૂષણ તત્ શિષ્ય બ્રહ્મ શ્રી જયપાલ પઠનાર્થં તથા પરોપકાર્થં ભવતુ.

(૩) વીર વિલાસ ફાગ—૧૪૦ પદ્યોમાં રચાયેલા મુનિ વીરચંદ-કૃત આ ફાગમાં પણ શ્રીનેમિનાથના વિવાહપ્રસંગનું વર્ણન છે. આદિ-અન્તની કેટલીક પંક્તિઓ નીચે આપવામાં આવેલી છે. એની પણ એકમાત્ર હસ્તપ્રત ખણ્ડેલવાલ દિગમ્બર જૈન મન્દિર, ઉદયપુરના એક ગૂટકામાં છે.

આદિ : અકલ અનંત આદીશ્વર ઇશ્વર આદિ અનાદિ,
જયકાર જિનવર જગગુરુ જોગીશ્વર જે જુગાદિ. ૧

કવિજનની જગજીવની, મઝની આઇરિ કરિ સંભાલ,
આદિ તું શુભમતી ભગવતી ભારતી દેવી દયાલ. ૨

અન્ત : નેમિ જિનરાયનો ફાગ સુરાગ અંદોલા એહનીહ,
શ્રી વીર વીલાસ ઉલ્હાસસું ગાયસિ જેહ. ૧૩૬.

શ્રી મૂલાસંઘિ મહિમાનિ લો જઝી તિલો શ્રી **વિદ્યાનંદ**
સૂરી શ્રી **મલ્લિભૂષણ** જયો, જયો સૂરી લક્ષ્મીચંદ. ૧૩૮

જયો સૂરી શ્રી વીરચન્દ મુનિંદ રચ્યો જિગિ ફાગ.
ગાતા સાંભલતા એ મનોહર, સુખકર શ્રી વિતરાગ. ૧૩૯

(૪) નેમિનાથ ફાગ—૫૭ કડીના આ ફાગની રચના રત્નકીર્તિએ હાંસોટમાં કરી છે. એનો આદિ અને અન્ત નીચે પ્રમાણે છે:

આદિ: શ્રીજિન યુગધન જાંણિય, વખાણિયે વાણિ વિખ્યાત,
સારદા વરદા સ્વામિની ભામિની ભારતી માત. ૧

અન્ત : **નેમિવિલાસ** ઉલ્હાસસ્યુ, જે ગાસ્યે નરનારિ,
રત્નકીરતિ સૂરીવર કહે, તે લહે સૌખ્ય અપાર. ૫૦

હાંસોટમાંહિ રચના રચી, ફાગ રાગ કેદાર.
શ્રીજિન જુગધન જાંણીયે, સારદા વર દાતાર. ૫૧

આ ફાગની હસ્તપ્રત, શ્રી યશકીર્તિ સરસ્વતીભવન, ઋષભદેવમાં છે.

(૫) નેમિશ્વર ફાગ—**બ્રહ્મ** રાયમલ-રચિત, આ ફાગની પ્રતિ દિગમ્બર જૈન મ. સંઘીજી, જયપુરના જ્ઞાનભણ્ડારમાં છે. પ્રતિનાં પાન ૮ થી ૭૦ છે.

આ પાંચે ય ફાગુ ૧૬મી, ૧૭મી શતાબ્દીના છે. એમાં પ્રધાનપણે વસન્તવર્ણન તો નથી, પણ ફાગુની આન્તરયમકવાળી રચનાની વિશેષતા પ્રાપ્ત થાય છે.

વનસ્પતિમાં કુદરતી તેમ જ કૃત્રિમ પ્રજનનની રીતરસમો

શિવાભાઈ જેઠાભાઈ પટેલ

વનસ્પતિ તેમ જ પ્રાણીસૃષ્ટિમાં પ્રજનન માટેની જે રીત છે તેનો પ્રકાર મૂળભૂત રીતે એક જ જાતનો છે. બન્નેમાં લિંગીય અવયવો પ્રજનનમાં ભાગ લે છે. નરમાદાના લિંગકોષોના જોડાણથી એક બીજકોષ (ઝાયગોટ) નિર્માણ થાય છે. તેમાંથી નવા છોડનો અને તે દ્વારા નવી પેઢીનો પ્રારંભ થાય છે.

વનસ્પતિમાં કુદરતી રીતે બે પ્રકારે પ્રજનન થતું હોય છે. તેમાં એક પ્રકાર સ્વપરાગી અને બીજો પરપરાગી પ્રજનનનો છે.

સ્વપરાગી પ્રજનન—આ વર્ગમાં ડાંગર, ઘઉં, જવ, અને જુવાર જેવા ધાન્ય પાકો; તુવેર, મગ, મઠ, ચણા અને વટાણા જેવા કઠોર પાકો; મગફળી અને સોયાબીન જેવા તેલીબિયાંના પાકો; ભીંડા અને ટમેટાં જેવા શાકભાજીના પાકો; લીંબુ, સંતરાં અને મોસંબી જેવા ફળફળાદિના પાકો; અને કપાસ અને ભીંડી (શેરિયાં) જેવા રેસા પાકો આવે છે. આ પાકોમાં સ્વપરાગી પ્રજનન છે એટલે પૂર્ણતઃ સ્વપરાગણ જ થતું હોય છે એમ નથી. કેટલાકમાં તે પૂર્ણતઃ હોય છે જ્યારે જુવાર, કપાસ જેવા પાકોમાં થોડું પરપરાગણ પણ થતું હોય છે. આવા સ્વપરાગી પાકોમાંથી કોઈ કોઈ વખત એવી ઊપજાત ઊપજે છે કે જેમાં મુખ્યત્વે પરપરાગણ જ થતું હોય છે. દાખલા તરીકે સ્પેનિયાર્ડોએ ૧૬મા સૈકામાં વટાણાની જે જાત પેરૂમાં દાખલ કરી હતી તે સ્વપરાગી હતી પણ તાજેતરનાં વરસોમાં અભ્યાસ કરતાં તે પરપરાગી જાત બની ગઈ હોવાનું માલૂમ પડયું છે.

સ્વપરાગણની ખાસ અસર એ છે કે થોડાં જ વરસોમાં તેમાંથી આપણને સમજનનાંશી એટલે શુદ્ધ જાત મળી શકે છે. શુદ્ધ જાત એને કહેવામાં આવે છે કે જે પેઢી દર પેઢી અમુક નક્કી કરેલા ગુણો દર્શાવતી હોય છે.

ફલીનીકરણ ક્રિયા—પરાગણથી ફલીનીકરણ કેવી રીતે થાય છે તે સમજવા માટે આપણે પ્રથમ એક સ્વપરાગી ફૂલની રચના અને તેના ભાગો જોઈએ. સામાન્ય રીતે ફૂલ ઉઘડયું ન હોય તેવા ફૂલમાં ઉપપુષ્પપત્રો, વજ્ર અને પાંખડીઓ નજરે પડે છે. (આકૃતિ ૩-૧ક). ફૂલ ઊઘડે છે એટલે સ્ત્રીકેસર ચક્ર જેની અંદર બીજાશય યા ગર્ભાશય, પરાગવાહિની, ટોચે કમળ અને આજુબાજુ પરાગધરો હોય છે તે દેખાય છે (આકૃતિ ૩-૨). બહુ બારીકાઈથી જોઈએ છીએ તો ફૂલની અંદર પાંખડીઓનાં મૂળ આગળ મધુગ્રંથીઓ જોવામાં આવે છે (આકૃતિ ૧-૩ખ). સ્ત્રીકેસર ચક્રની અંદરના ભાગો દેખાતા નથી. આથી આ સઘળા ભાગોનો ખ્યાલ આવે તેટલા માટે આપણે ફૂલને ઊભું કાપીશું. આકૃતિ ૧માં તેવી રીતે કપાસનું ઊભું કાપેલું ફૂલ દર્શાવ્યું છે:

આકૃતિ ૧



૧. ઉપપુષ્પપત્ર યા ઉપવજ્ર ૨. વજ્ર ૩ક. પાંખડી ૩ખ. મધુગ્રંથી ૪. બીજાશય યા ગર્ભાશય ૫ક. આદિબીજ યા બીજાંડ ૫ખ. આદિબીજના કોષેશો ૬. પરાગવાહિની ૭. કમળ ૮. પરાગરજ ૯. પરાગધર ૧૦. પરાગનળી ૧૧. પરાગરજના કોષેશો

આ જ ફૂલને જો આડું કાપવામાં આવશે તો તેના જુદા જુદા અવયવોનું દૃષ્ય આકૃતિ ૨માં આપ્યા મુજબ માલૂમ પડશે.

આકૃતિ ૨



૧. ઉપપુષ્પપત્ર યા વજ્ર
૨. વજ્ર
૩. પાંખડીઓ
૪. પરાગ ધરો
૫. બીજાશય યા ગર્ભાશય
૬. આદિબીજો યા બીજાંડો

આ બન્ને આકૃતિઓ જોવાથી બીજાશય, આદિબીજો, આદિબીજના કોષેશો, પરાગનળી, પરાગનળીના કોષેશો અને તે સૌનાં સ્થાનોનો ખ્યાલ આવશે.

ફલીનીકરણની ક્રિયા થતા પહેલાં પ્રથમ પરાગધર ફાટે છે. પછી તેની રજ કમળ ઉપર પડે છે. ત્યાં તેને કમળની ભીનાશ મળતાં તે ઊગીને નળી આકારે વૃદ્ધિ પામે છે. (આકૃતિ ૧-૧૦). તે પ્રમાણે વૃદ્ધિ પામતાં પામતાં તે આદિબીજ દ્વાર માયક્રોપાઈલ સુધી પહોંચે છે તેમ જ તેમાં ૩ કોષેશો ન્યુકલીઅસ ઉત્પન્ન થાય છે (આકૃતિ ૧-૧૧). આદિબીજમાં પણ તે દરમ્યાન ૮ કોષેશો નિર્માણ થાય છે (આકૃતિ ૧-૫ખ). પછી પરાગનળીમાંનો એક કોષેશ આદિબીજની અંદર રહેલ ભ્રૂણ યા ગર્ભકોષના એક કોષેશ સાથે સંયોગમાં આવે છે. તેમ થતાં બીજકોષ નિર્માણ થાય છે. ત્યાર પછી પરાગનળીમાંના બીજા એક કોષેશનો આદિબીજના બીજા બે કોષેશો સાથે સંયોગ થાય

છે, અને તેમ થતાં ભ્રૂણપોષ (એન્ડોસ્પર્મ)નું નિર્માણ થાય છે. કેટલીક વખતે તેની તે પરાગનળીને બદલે બીજી પરાગનળીનો કોષેશ પણ આવો જ ભાગ ભજવે છે. ભ્રૂણપોષમાં બીજકોષને પોષણ આપવાનો ખોરાક ઉત્પન્ન થાય છે. આ બન્ને ક્રિયા થયા પછી પરાગનળીમાંનો બાકી રહેલો ૧ કોષેશ અને આદિબીજમાં બાકી રહેલા ૫ કોષેશોનું વિલિનીકરણ થાય છે અને બીજની વૃદ્ધિનું કામ શરૂ થાય છે.

પરાગરજમાં અને પરાગનળીમાં શરૂઆતની વૃદ્ધિ અને વિકાસ માટે પૂરતું પોષણ હોય છે. પણ જો પરાગનળીને લાંબી પરાગવાહિનીમાં થઈને માર્ગ કાપવો પડતો હોય છે તો તે પરાગ-વાહિનીના કોષોમાંથી પણ ફલીનીકરણની ક્રિયા થાય ત્યાં સુધી પોષણ મેળવે છે. પરાગવાહિનીમાં અનેક પરાગનળીઓ ઊગતી હોય છે. તેમાંથી જે જે પરાગનળીઓ પહેલી પહેલી આદિબીજોના દ્વારો સુધી પહોંચે છે તે જ સંયોગની ક્રિયામાં ભાગ લે છે. બાકીની બીજી બધી વિલીન થાય છે. પરાગનળીને આદિબીજ દ્વાર સુધી પહોંચતાં પાકની જાતિ (સ્પીસીઝ) પ્રમાણે થોડા કલાકથી એક વરસ જેટલો સમય પણ લાગતો હોય છે.

પરપરાગી પ્રજનન—આ વર્ગમાં મકાઈ અને બાજરી જેવા ધાન્ય પાકો; કોબેજ, કોલીફ્લાવર, મૂળા, કેળાં, કાકડી, કાંદા અને ગાજર જેવા શાકભાજીના પાકો; કસુંબી અને સૂરજમુખી જેવા તેલીબિયાંના પાકો; કેરી, પપૈયા, દ્રાક્ષ, અને અંજીર જેવા ફળફળાદિના પાકો; અને રજકા તેમ જ બરસીમ જેવા ઘાસના પાકો આવે છે. આ પાકોમાં સામાન્ય રીતે પરપરાગણ થતું હોવા છતાં સહેજસાજ સ્વપરાગણ પણ આમાંના કેટલાક પાકોમાં થતું હોય છે. આવા પરપરાગી પાકોમાંથી સ્વપરાગી પાક પણ પ્રયત્ન કરતાં કેટલીક વખત નીપજાવી શકાય છે. સ્ટ્રોબેરીની સઘળી જંગલી જાતિઓમાં પપૈયાની પેઠે નર અને માદા છોડ અલગ અલગ છે, પણ એક જ ફૂલની અંદર ઊભયલિંગીપણું ઇચ્છવાયોગ્ય લાગવાથી તેવાં ફૂલ ધરાવતી જાતો પ્રાપ્ત કરવાના પ્રયત્ન આદરવામાં આવેલા. પરિણામે સ્ટ્રોબેરીમાં ઊભયલિંગી જાતો પ્રાપ્ત થઈ હતી અને હાલ સ્ટ્રોબેરીની જે કૃષિજાતો છે તે બધી ઉભયલિંગી જ છે.

અલિંગી પ્રજજન : ઉપર જણાવેલા બે પ્રકારો ઉપરાંત માનવ નિરીક્ષણપરીક્ષણના કારણે ત્રીજો એક આલિંગી પ્રજનનનો પ્રકાર અસ્તિત્વમાં આવેલો છે. મૂળભૂત રીતે તો અલિંગી જાતો લિંગીય જનન દ્વારા ઉદ્ભવેલી છે પણ તેમનો વાનસ્પતિક વિકાસ કરવાનું લાભદાયક જણાવાથી હવે તેમનું પ્રજનન અલિંગી ઢબે કરવામાં આવે છે. આવા અલિંગી પ્રજનનના કેટલાક દાખલા નીચે આપ્યા છે :

સુરણની વૃદ્ધિ તેના નાના ઘનકંદથી થાય છે. આદુ, હળદળ જેવા પાકોની વૃદ્ધિ તેમના પ્રકન્દથી કરાય છે. બટાટાની વૃદ્ધિ તેના નાના કટકાઓથી અગર નાની નાની ગાંઠોથી થાય છે. ડુંગળીની વૃદ્ધિ તેના નાના કંદ તેમ જ બીથી થાય છે. કેળની વૃદ્ધિ તેના પીલા જે બચ્ચા ગાંઠ તરીકે ઓળખાય છે તેનાથી થાય છે. શેરડીની તેના સાંઠાના કટકા કરીને અગર આખો સાંઠો રોપવાથી થાય છે. સંતરાં, મોસંબી, ગુલાબ વગેરેની વૃદ્ધિ આંખ ચઢાવવાની ક્રિયા જેને બડીંગ કરે છે તેનાથી થાય છે. આંબાની વૃદ્ધિ કલમ કરવાથી તેમ જ ગોટલાથી થાય છે. દ્રાક્ષ અને સક્કરિયાંની તેમના વેલાના કટકા રોપવાથી થાય છે.

ફળફૂલની અનેક જાતોની વૃદ્ધિ બાગવાનો આ અલિંગી પ્રજનન દ્વારા કરે છે. આ અલિંગી પ્રજનનમાં મુખ્ય કામ આંખ જે મૂળ છોડના થડ ઉપર આવેલ પાનમાં રહેલ સુપ્ત અંકુર છે તે કરે છે. આંખમાંથી આખા છોડનું સ્ફુરણ થાય છે. આંખ વગરનો ભાગ રોપવામાં આવશે તો ફણગો ફૂટશે જ નહીં. આ આંખની અગત્ય સમજાવવાના કારણે બીજા વિશ્વ યુદ્ધ વખતે બટાટાના મોટા કટકા રોપવાને બદલે ફક્ત આંખ અને તેની હેઠળનો થોડો ભાગ કોતરી લઈને બટાટાનું વાવેતર કરવામાં આવતું. બાકીના ભાગનો ઉપયોગ લશ્કરના ખોરાક માટે થતો. આંખની સાથે કંદનો જે ભાગ હોય છે તે આંખમાંથી ફૂટતા ફણગાને પોષણ આપતો હોય છે પણ જ્યારે ખોરાકની તાણ હોય ત્યારે ખાતર દ્વારા તે પોષણની પૂરતી કરી શકાય.

આ પ્રમાણે વાનસ્પતિક રીતે વૃદ્ધિ પામતા સામાન્ય પ્રકારો ઉપરાંત બીજા પણ કેટલાક પ્રકારો છે. તે અપસંયોજન (એપોમીકસીસ)ના સંયુક્ત નામથી ઓળખાય છે. આ અપસંયોજનના એક પ્રકારમાં પ્રજનન બીથી થાય છે પણ આ બી ફક્ત માતૃદેહના કોષોમાંથી જ ઉત્પન્ન થયેલું હોય છે. પરાગણની ક્રિયા દ્વારા તે ઉત્પન્ન થયેલું હોતું નથી. જોકે બીની વૃદ્ધિની ઉત્તેજના માટે પરાગણની ક્રિયાની જરૂર કેટલીક વખત રહે છે; જ્યાં આ ક્રિયાની જરૂર રહે છે ત્યાં તે કૂટયુગ્મ (સુડોગેમી) તરીકે ઓળખાય છે.

અપસંયોજન મોટા ભાગે સ્થિરતાવાળું હોતું નથી અને તેથી અપસંયોજિત જાતો અસ્થિરતા માટે નામચીન છે.

પ્રજનન અંગેની પ્રયુક્તિઓ—આપણે પ્રજનન અંગેના પાયાના પ્રકારોનો વિચાર કર્યો પણ કોઈ પણ પાકના પ્રકૃષ્ટ જનનનો પ્રશ્ન હાથ ધરવાનો હોય છે ત્યારે તે તે પ્રકારની અંદર કુદરતે પરાગણ માટેની પ્રયુક્તિઓ કેવી રીતની ગોઠવેલી છે તે સારી રીતે સમજી લેવાની જરૂર રહે છે. સ્વપરાગી પાકોમાં કલીસ્ટોગેમી એટલે પરાગણને સમયે પુષ્પ ન ખૂલવાની અગર તેના જેવી વ્યવસ્થા હોય છે. બધે જ પરાગણને સમયે ફૂલ–પાંખડીઓ બંધ રહે છે એવું નથી. પરંતુ મોટા ભાગે તેના જેવી સ્થિતિ ઊભી થાય છે. ઘઉંનો પાક સ્વપરાગી હોવાથી ફૂલમાંથી પરાગ ધરો બહાર નીકળતા પહેલાં ફાટે છે અને પરાગણની ક્રિયા પતી ગયેલી હોય છે. તેથી તે પાકમાં બહાર દેખાતાં પરાગ ધરો એ સામાન્ય માણસને ભૂલથાપ ખવરાવનારી પરિસ્થિતિ છે. અહીં ફૂલની રચનામાં કલીસ્ટોગેમી ન હોવા છતાં અસરકારક કલીસ્ટોગેમી જેવી સ્થિતિ છે. લેટયુસમાં ફૂલ ઊઘડતા પહેલાં કમળ પરાગમય થાય છે. તેથી તે કલીસ્ટોગેમીની કક્ષામાં આવે છે. વટાણાના પાકમાં ફૂલોનો દેખાવ જંતુઓને આકર્ષવા જેવો હોવાથી તે પરપરાગી પાક હશે તેવી શંકા ઊભી કરે છે. પરંતુ હકીકતમાં તે પાક સ્વપરાગી જ છે. ટમેટાના પાકમાં ફૂલ ઊઘડ્યા પછી પરાગણ થાય છે પરંતુ કમળને પુંકેસર એવી રીતે ટોપ કરીને ઘેરી લેતાં હોય છે કે ત્યાં લગભગ સ્વપરાગણ જ થતું હોય છે. જોકે ટમેટાના પાકની બધી જાતોમાં તેમ હોતું નથી. કેટલીક જાતોમાં પરાગવાહિની (સ્ટાઈલ)ની લંબાઈમાં ફેરફાર હોય છે અગર ફૂલની બાહ્ય રચનામાં બીજા ફેરફારો ઉદ્ભવે છે અને તેથી તેવી જાતોમાં સંકરણને સારો અવકાશ રહે છે. આમ સામાન્ય રીતે જ્યાં સ્વપરાગણ છે ત્યાં પણ ફૂલની રચનામાં સહેજ ફેરફાર થતાં પરાગણની પરિસ્થિતિમાં ફેર પડે છે.

પરપરાગી પાકોમાં ફૂલની રચના તેમ જ તેમનું સ્થાન વિવિધ પ્રકારનું હોય છે. મકાઈમાં એક જ છોડ ઉપર નર અને માદા ફૂલ હોય છે. પરંતુ તેમનાં સ્થાનો એક બીજાથી દૂર હોય છે. નર ફૂલોનું સ્થાન ટોચે ચમરીરૂપે હોય છે અને ફૂલોની સંખ્યા અસંખ્ય હોય છે. માદા ફૂલો છોડ ઉપર જે મકાઈના દોડા હોય છે તેમાં એક એક દાણાના સ્થાને એક એક માદા ફૂલના સ્વરૂપે હોય છે. દરેક માદા ફૂલને એક એક લાંબી પરાગવાહિની અને કમળ હોય છે, જે દોડાની બહાર રેશમ જેવા લાંબા તંતુઓના સ્વરૂપમાં દેખા દે છે. પવન દ્વારા જ્યારે પરાગ આ તંતુઓ ઉપરના કમળ ઉપર પ્રથમ પડે છે ત્યારે ત્યાંથી તે ઊગીને પરાગવાહિની મારફતે દોડામાં રહેલા આદિબીજ યા બીજાંડના કોષેશો સાથે સંયોગમાં આવતાં બીજ અથવા દાણો બંધાય છે. મકાઈના પાકમાં નરફૂલમાંનો પરાગ વહેલો પકવ અવસ્થામાં આવી જાય છે. આથી આ પાકમાં પરપરાગણ ૯૦ ટકા કે તેથી વધુ થતું હોય છે અને તે બધું પવન દ્વારા થતું હોય છે. જે પાકોમાં પવન દ્વારા પરાગણ થતું હોય છે તેમાં સ્ત્રી કેસરની રચના પણ જેમ મકાઈના પાકમાં વિશેષ પ્રકારની છે તેમ કમળ પરાગ ઝીલી શકે તેટલા માટે વિશેષ પ્રકારની હોય છે.

પપૈયામાં નર અને માદા છોડ સામાન્ય રીતે જુદા જુદા હોય છે પણ કેટલાક એવા પણ છોડ જોવામાં આવે છે જેમાં એક જ ફૂલની અંદર ઊભયલિંગીપણું જોવામાં આવતું હોય છે. ખજૂર, ભાંગ અને પરવળમાં નર અને માદા છોડ જુદા હોય છે, આવી રીતે જે પાકોમાં લિંગ જુદું જ હોય ત્યાં પરપરાગણ સ્વાભાવિક ગણાય.

ગાજર, બીટ અને રાસ્પબેરીનાં ફૂલોમાં પરાગ વહેલો પડી જતો હોવાથી તે પૂર્વ–પુંલિંગપકવતા ધરાવતા (પ્રોટેન્ડ્રી) પાકો ગણાય, તેવી રીતે વૉલનટ અને એવોકેડોમાં કમળ પકવ અવસ્થામાં વહેલું આવતું હોવાથી તે પૂર્વ–સ્ત્રીલિંગપકવતા ધરાવતા (પ્રોટોગાયનસ) પાકો ગણાય. આ પાકોમાં પરપરાગણનું કારણ બેમાંથી એક લિંગ વહેલું પરિપકવ અવસ્થામાં આવે છે તે છે.

પરપરાગણ અંગેની ખાસ રચના ધરાવનારું દૃષ્ટાંત રજકાના ફૂલનું છે. આ પાકમાં જ્યાં સુધી કમળને રક્ષણ આપતું પડ તૂટતું નથી ત્યાં સુધી કમળ પકવ અવસ્થામાં આપતું નથી. ફૂલને સહેજ થડકાટ થવાથી તે શકય બને છે. રજકામાં કમળ અને પુંકેસર ચક્ર નોતલ(કીલ)ની અંદર વૃદ્ધિ પામે છે અને નોતલ તેમને ઘણી તંગ અવસ્થામાં રાખે છે પણ જંતુઓને આકર્ષવાની શક્તિ આ પાકનાં ફૂલોમાં છે. તેથી જંતુઓનો આ ફૂલો સાથે સહેજ થડકાટ થતાં ફૂલ ઉપર સહેજ દબાણ થાય છે અને ધ્વજક (સ્ટેન્ડર્ડ) સાથે કમળ અથડાતાં કમળને રક્ષણ આપતું પડ તૂટે છે, અને પરાગ કમળ ઉપર પડે છે. કેટલોક પરાગ જંતુના પગને પણ ચોંટે છે અને જ્યારે તે બીજા ફૂલ ઉપર જાય છે ત્યારે પગ ઉપર ચોંટેલા પરાગ દ્વારા પરપરાગણ પણ કરે છે.

ઉપર જણાવેલાં કારણો સિવાયનાં કારણોને લીધે પણ કેટલાક પાકોમાં પરપરાગણ સફળ થતું હોય છે. દાખલા તરીકે રતુમડા બરસીમની જે જાત છે તેમાં પુંલિંગ પકવતા તો છે જ પણ તે ઉપરાંત સ્વપરાગથી ફલીનીકરણ સફળ નીવડતું નથી તે પણ એક પરપરાગણનું કારણ છે. રજકાના પાકમાં પણ થોડાક અંશે તેવી સ્થિતિ છે જ.

કેટલાક પાકોમાં ફક્ત જંતુઓ દ્વારા જ પરાગણ થાય છે. જંતુઓ ફૂલ ઉપર ફૂલમાંનો રસ કે મધ ચૂસવાને અગર પરાગ ખાવાને જતાં હોય છે, ત્યારે તેમના પગે પરાગરજ ચોંટતી હોય છે, પણ જ્યારે તે બીજાં ફૂલો ઉપર જાય છે ત્યારે તેમનો પગે જે પરાગરજ ચોંટી હોય છે તેનાથી તે તે ફૂલો ઉપર પરાગણની ક્રિયા થાય છે. આમ જંતુઓ અને પરાગણની ક્રિયા કેટલીક વખતે પરસ્પરાવલંબિત પણ હોય છે.

જેમ પવન અને જંતુઓ પરાગણનું કામ કરે છે તેમ જે જળમાં જ પાંગળનારા પાકો છે તેમાં પાણી એ જ પરાગણ માટેનું મુખ્ય સાધન બની જાય છે.

પરાગણ અંગેની યુક્તિઓની અસરકારકતા અંગે પ્રમાણમાં ઘણું ઓછું જાણવામાં આવ્યું છે. કારણ કે બહુ જ ઓછી જાતિઓ(સ્પીસીઝ)માં તે સંબંધી કામ થયું છે.

પરપરાગી પાકોમાં ફૂલની રચના અને સ્થાન ઉપરાંત જંતુઓ ક્યારે ફૂલની મુલાકાત લે છે તે જાણવું જરૂરી બને છે. પવનની દિશા, ગરમી વગેરે બાબતો અંગે પણ વરસો સુધી અભ્યાસ કરવો પડે છે. છોડ કેટલા અંતરે વાવે તો સંકરણ નથી થતું તે પણ તપાસવું પડે છે. આમ પાકમાં પરપરાગણ કેવી રીતે થાય છે, ક્યારે થાય છે અને તે પાછળ ક્યાં પરિબળો કામ કરે છે તે જાણવા માટે પ્રયોગોની આવશ્યકતા રહે છે.

સંકરણ :—પરપરાગી પાકોમાં થતું પ્રજનન સંકરણની ક્રિયા દ્વારા થાય છે તે આપણે જોયું. વૈજ્ઞાનિકો આ સંકરણની ક્રિયા પ્રકૃષ્ટ જનન એટલે વિશેષ પ્રકારના જનન માટે સ્વપરાગી તેમ જ પરપરાગી એમ બંને પાકોમાં અપનાવે છે. સંકરણ દ્વારા વિવિધ પ્રકારના છોડોમાંથી ઇચ્છનીય ગુણોવાળા છોડોની વરણી પ્રજનક વરસો વરસ કરતો રહે છે અને તેમ કરીને નવી જાતોને અસ્તિત્વમાં લાવે છે. સંકરણની ક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તે માટે કપાસમાં થતી સંકરણની ક્રિયાનો દાખલો નીચે આપ્યો છે :

જે દિવસે સંકરણ કરવાનું હોય છે તે દિવસે ફૂલ ઊઘડવાના થોડા કલાક પહેલાં ફૂલની મોટી કળીઓ પસંદ કરવામાં આવે છે અગર આગલી સાંજે પસંદ કરાય છે. કળીઓ મોટી થયેલી પણ પુષ્પમણિની પાંદડીઓ ન ઊઘડી હોય તેવી લેવી પડે છે; (આકૃતિ ૩-૧ક). પ્રથમ પુષ્પમણિને ચપ્પા વડે કાપીને દૂર કરાય છે. પછી ચીપિયા વડે પરાગઘરોને તે તૂટે નહીં તેવી કાળજી રાખી ચૂંટી નાખી ફૂલને નરભાગ વિહોણું કરાય છે; (આકૃતિ ૩-૩). કેટલીક વખત સ્ત્રીકેસર ચક્ર ઉપર પરાગ-ઘરોના કોઈ ટુકડા હાથથી અગર ઓજાર ઉપરથી રહી ગયા હોય તો તે દૂર કરવાને શીશીમાં પાણી ભરી, નાનો ફુવારો સ્ત્રીકેસર ચક્ર ફરતે ઉડાડીને દૂર કરવામાં આવે છે. પરાગઘરો દૂર કર્યા બાદ અને જ્યારે પીચકારીથી ધોવાની જરૂર જણાઈ હોય ત્યારે તેમ કર્યા બાદ સ્ત્રીકેસર ચક્ર ઉપર કાગળની એક નાની કોથળી પહેરાવી તેનું મોઢું ફૂલની દાંડી સાથે દોરા કે તારથી બંધ કરવામાં આવે છે. સંકરણ માટે શુદ્ધ પરાગરજ વાપરવાની જરૂર હોવાથી જે છોડ નર તરીકે વાપરવાનો હોય તેની કળીઓ ઊઘડી ન જાય તેટલા માટે તેમના ઉપર તે ઊઘડતા અગાઉ સવારમાં તારની કડીઓ ચડાવી દેવામાં આવે છે; (આકૃતિ ૩-૧ખ). કાગળની કોથળીઓ ચડાવે તોપણ ચાલે પણ કડી ચડાવવાની ક્રિયા સરળ અને ઝડપી છે.

આકૃતિ ૩



૧ક. કળી (કુદરતી સ્થિતિમાં)	૩. નરભાગ વિહોણી કળી.
૧ખ. કળી-તારની કડી ચઢાવેલી સ્થિતિમાં	૪. સંકરણ કરેલી કળી
૨. પાંખડીઓ કાપી નાખેલી કળી	૫. સંકરણ કરેલી કળીને પહેરાવેલી કોથળી અને બાંધેલું લેબલ

પરાગરહિત કરેલાં ફૂલ જુદી જુદી જાતિઓમાં જુદા જુદા સમયે પરાગસંયોગ માટે તૈયાર થતાં હોય છે. એશિયાઈ કપાસમાં પરાગધર સવારના ૧૦ પછી ફાટવાનું ભારતમાં શરૂ થાય છે. અમેરિકન કપાસમાં સવારના ૮ના સુમારે શરૂ થાય છે. લગભગ ત્રણેક કલાકમાં પરાગધરો પૂરેપૂરાં ફાટી જતાં હોય છે. બહુ ટાઢ હોય ત્યારે ઓછી ઉષ્ણતાને કારણે ફૂલ થોડાં મોડાં ઊઘડતાં હોય છે. તેથી ઊલટું, જ્યારે ઉષ્ણતા વધારે હોય છે ત્યારે પરાગધર વહેલાં ફાટે છે.

સામાન્ય રીતે પરાગધર ફાટ્યા પછી ૩-૪ કલાકની અંદર સંયોગની ક્રિયા કરવી પડે છે. પરાગ ભાગ્યે જ બીજે દિવસે જીવંત રહે છે. તેથી લાંબા સમય પછી તે ક્રિયા કરવાનું ઠીક નથી.

નજીકના પ્રદેશમાં જો સંકરણ માટે પરાગ મોકલવાની જરૂર ઊભી થાય છે તો ફૂલ ઊઘડવાના આગલા દિવસની કળીઓ ચૂંટી લઈને તે પોસ્ટથી પણ મોકલી શકાય છે. આવી રીતે મોકલેલી કળીઓ જો બીજા દિવસે ટપાલમાં મળી જાય તો તે પરાગ સંકરણ માટે ખપમાં આવે છે.

સંયોગની ક્રિયા માટે જે ફૂલોનો ઉપયોગ નર તરીકે કરવા કળી ચઢાવી હોય છે તેમાંનું એક ફૂલ ચૂંટી લઈને તેની પરાગરજ પરાગહીન કરેલા ફૂલના કમળ ઉપર સહેજ ઘસવામાં આવે છે (આકૃતિ ૩-૪). તેમ કર્યા પછી કમળ ઉપર બીજી પરાગ આવી ન પડે તેટલા માટે તેના ઉપરની કાગળની કોથળી ફરીથી ચઢાવી તેનું મોઢું ફૂલની દાંડી સાથે બાંધી લેવામાં આવે છે (આકૃતિ ૩-૫).

કોની સાથે સંકર કરેલો છે અને કયી તારીખે કરેલો છે તે દર્શાવવાને એક લેબલ પણ દાંડી સાથે લટકાવવામાં આવે છે. એક દિવસ પછી કાગળની કોથળી કાઢી નાખવી હોય તો કાઢી નાખી શકાય છે. પણ સામાન્ય રીતે તે રહેવા દેવામાં આવે છે. તેથી કાંઈ નુકશાન થતું નથી. ઊલટું સંકરણ કરેલાં જીડવાં ઉપર જંતુઓ હુમલો કરી શકતાં નથી તેટલો ફાયદો છે.

સંકરણ ક્રિયા કરતી વખતે જ્યારે એકને બદલે બીજા નરની પરાગરજ લગાડવાની હોય છે ત્યારે હાથને ધોઈ અસલની પરાગરજ દૂર કરવાની રહે છે. કેટલાક પાકોમાં નરભાગ વિહોણાની ક્રિયા માટે પરાગરજને પાણીના ફુવારાથી સીધી ધોઈ નાખી શકાય છે. જ્યારે કેટલાકમાં ગરમ પાણીથી તેને નિષ્ક્રિય કરવી પડે છે. આમ નરભાગ વિહોણાની ક્રિયા જુદી જુદી રીતે પરિસ્થિતિને અનુસરી કરવામાં આવે છે. તે ક્રિયા કર્યા પછી સંકરણ માટેની પરાગ તુરત જ કેટલાક પાકોમાં મૂકવામાં વાંધો આવતો નથી. ખાસ કરીને ડાંગર અને મોટા ભાગનાં અન્ય ધાન્યો, તમાકુ, કોકો, વટાણા અને સીંગ (beans)ની જાતોમાં ફૂલને નરભાગ વિહોણું કરીને તુરત જ પરાગ મૂકી દેવામાં આવે છે. આવી અને આને મળતી પદ્ધતિઓ સંકરણ માટે અપનાવવામાં આવે છે.

કોઈ પણ પાકની સુધારણા માટે સંકરણપદ્ધતિ આપનાવવા જતાં તેમાં સંકરણ કરવાનું કેટલું સરળ છે તેમ જ જે જે છોડ પાછળથી વરણી હેઠળ હોય તેમાં સ્વપરાગણ સરળ છે કે અઘરું, તે બાબતો આખા કાર્યક્રમને વેગ આપી શકાય તેમ છે કે નહીં તે નક્કી કરે છે. ડાંગર, ઘઉં અને કેટલાક અન્ય ધાન્ય પાકોમાં સંકરણ અઘરું છે. રજકા જેવા પાકમાં તો તે વિશેષ અઘરું છે, જ્યારે મકાઈ, તમાકુ અને કપાસ જેવા પાકોમાં તે સરળ છે.

પરપરાગણથી—પછી તે કુદરતી હોય અથવા કૃત્રિમ—જેવાં માબાપ સંકરણમાં સામેલ થયાં હોય તેવાં માબાપોના ગુણો દર્શાવતી જાતો પ્રાપ્ત થાય છે. ઉચ્ચ ગુણો ધરાવતાં માબાપ વચ્ચે સંકરણ કરવામાં આવે છે તો ઉચ્ચ ગુણો ધરાવતી જાતો પ્રાપ્ત થાય છે. આવી ઉચ્ચ ગુણો ધરાવતી જાતોને સ્વપરાગણની ક્રિયા દ્વારા શુદ્ધ રાખી શકાય છે.

ઉપર જણાવેલી વિગતો ઉપરથી વનસ્પતિમાં કુદરતી પ્રજનન કેવી રીતે થાય છે તે સમજવાની અગત્ય માલૂમ પડશે. તેવી સમજણના આધારે કૃત્રિમ રીતે પ્રજનન કાર્ય હાથ ધરી પ્રજનનના આનુવંશિક સિદ્ધાંતો અનુસાર સંશોધન કરવાથી જુદા જુદા પાકોની જાતો ક્રમશઃ સુધારી શકાય છે.

ગુજરાતી સાહિત્યપરિષદના ૨૨મા અધિવેશન(વિલેપારલે)માં વાંચવા માટે સ્વીકારાયેલો નિબંધ.

તારંગાની વનસ્પતિઓ

સી. કે. શાહ

અરવલ્લી પર્વતની એક હાર મારવાડ અને ગુજરાતના સીમાડા પર સળંગ પથરાતી આવે છે. એની એક બાજુએ આબુ, થોડેક છેટે અંબા ભવાનીનો ડુંગર અને ત્યાંથી છૂટક છૂટક છેક ગુજરાતના કિનારા સુધી છૂટાછવાયા ટેકરારૂપે પથરાતા ધાનધારના પહાડી પ્રદેશમાં ગુજરાતનું સૌન્દર્યવંતુ પ્રાચીન ધામ તારંગા આવેલું છે. આ પર્વતમાળ ગુજરાતના અરવલ્લી પર્વતોના અવશેષરૂપ છે. તારંગામાં માળાના મણકા સમાન અઢાર નાના ડુંગરાઓ છે, અને તેમાંના મુખ્યત્વે સિદ્ધશીલા, કોટીશીલા અને મોક્ષબારી દરિયાની સપાટીથી ૮૦૦ ફીટ ઊંચાઈએ છે. તે ૨૩° ૫૯′ ઉત્તર અક્ષાંશ અને ૭૨° ૪૯′ પૂર્વ રેખાંશ પર આવેલા છે. વિશાળકાય રૂપાંતર પામેલી શિલાઓ ડુંગરાઓની ટોચ ઉપર ખડકાયેલી છે. ભગવાન અજિતનાથના ભવ્ય દહેરાસરથી વાયવ્ય ખૂણામાં જોગીડાની ગુફા લાલવર્ણી પથ્થરની બનેલી છે. પથ્થરો ઉપર કોતરેલા મુદ્રાલેખો ઉપરથી એમ જાણી શકાય છે કે તારંગા સૌ પ્રથમ બુદ્ધ ધર્મના પ્રભુત્વ નીચે હતું, અને હાલ જૈનોનાં મહાકાય મંદિરોથી છવાયેલું તારંગા આશરે વિ. સં. ૧૨૫૧ સુધી અસ્તિત્વમાં ન હતું. તારંગા ઉપર ચડવાના ત્રણ માર્ગો છે—એક ધુડિયા ધક્કાનો, બીજો ધારણ માતા તરફનો અને ત્રીજો ટીંબા ગામ બાજુનો.

ગુજરાતની વનસ્પતિનો ખાસ અભ્યાસ થયો નથી. 'બોમ્બે ગેઝેટિયર'ના 'બોટેની વૉલ્યુમ' ૨૫માં (સને ૧૮૮૬) ગુજરાત ટ્રીઝ (ગુજરાતનાં વૃક્ષો) ઉપર એક નજીવું પ્રકરણ છે. આમાં ૧૨૪ વનસ્પતિઓનો ઉલ્લેખ છે. કુકના 'ફ્લોરા'માં ગુજરાતનો ઉલ્લેખ બહુ જૂજ છે. ભારતની એક પ્રાદેશિક ભાષા ગુજરાતીમાં સૌ પ્રથમ વૈજ્ઞાનિક ઢબે લખાયેલ બરડા ડુંગરની જડીબુટ્ટીના કર્તા સ્વર્ગસ્થ જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકર માટે ગુજરાત ગૌરવ લઈ શકે તેમ છે. તેઓએ લાંબા વસવાટ બાદ સૌરાષ્ટ્ર અને બરડાની ગિરિમાળાઓનો પ્રવાસ ખેડેલો. ૧૯૨૬માં તેઓએ કચ્છની આર્થિક ઉપયોગિતાવાળી વનસ્પતિઓનો સારો અહેવાલ પણ ગુજરાતી ભાષામાં તૈયાર કર્યો. તેમાં ૬૧૦ વનસ્પતિઓની નોંધ છે. ડબલ્યુ. ટી. સેકસટનના 'એડીશનલ નોટ્સ ઑન પ્લાન્ટ્સ ઑફ નોર્થન ગુજરાત' નામની પૂરવણીમાં ઉત્તર ગુજરાતની વનસ્પતિઓની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે:—

	દ્વિદલ વનસ્પતિઓ	એકદલ વનસ્પતિઓ	કુલ
નૈસર્ગિક વર્ગો	૭૭	૧૪	૯૧
કુટુમ્બો	૩૦૦	૭૦	૩૭૦
જાતો	૫૦૦	૧૭૮	૬૭૮

તેમાંય સૌથી મોટો ભાગ તો તૃણ અને મોથના કુળની વનસ્પતિઓનો છે. આ બાદ કરીએ તે

બાકીની ઘણી ઓછી જ જાતો ગણાવી શકાય. ત્યાર પછી સેકસટન અને સેજવીકની (૧૯૮૧) જોડીએ ઉત્તર ગુજરાતની વનસ્પતિઓ ઉપર એક નાનું પણ વિશ્વસનીય પુસ્તક લખ્યું છે. આ ગ્રંથમાં ઉત્તર ગુજરાત એટલે અમદાવાદ અને તેની આસપાસનો મુલક, પ્રાંતિજ, તલોદ, સોણાસન, રાયપુર, મોડાસા, હિમ્મતનગર, ધનસુરા, ખારાઘોડા વગેરે પ્રદેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ૧૧૩૯ દ્વિદલ અને એકદલવાળી વનસ્પતિઓનો ઉલ્લેખ છે. સાન્તાપાઉ (૧૯૫૨, ૫૫); સાન્તાપાઉ અને પટેલ (૧૯૫૫); ફાટક અને જોશી (૧૯૫૭, ૫૮); ચવાન અને સબનીસ (૧૯૫૮-૬૦); ચવાન અને મહેતા (૧૯૫૫-૫૯); દેવકર (૧૯૪૨); ઓઝા (૧૯૬૦, ૧૯૬૨); અને શાહે (૧૯૬૩); વડોદરા અને તેની આજુબાજુની વનસ્પતિ સૃષ્ટિ વિશે ઘણી માહિતી પ્રસિદ્ધ કરી છે. સબનીસે (૧૯૬૨) મોથ વર્ગની ચૌદ વનસ્પતિઓ ગુજરાતમાંથી નોંધી અને અતિ-સરળ વર્ગીકરણથી તે વનસ્પતિઓનું નામ શોધવા કુંચી રચી. તેમાં શાહે (૧૯૬૩) સાબરમતી-પટમાંથી ચિચાઓ એકઠા કરી ઉમેરો કર્યો. ગુજરાતનો કચ્છવિસ્તાર વનસ્પતિશાસ્ત્રની માહિતી માટે વણખેડાયેલો જ રહેલ છે. પલીને (૧૮૮૦માં) પહેલી યાદી તૈયાર કરી. બ્લેટરે (૧૯૦૮) ૭૪ કુળમાં સમાય તેવી ૩૪૫ અંતઃજાતિઓની યાદી છપાવી. કાપડિયાએ (૧૯૫૪) તૃણ વર્ગની બારેક જાતિઓનો આમાં ઉમેરો કરેલ છે. રાયજાદા અને સાન્તાપાઉ (૧૯૫૪), સાન્તપાઉ (૧૯૫૨, ૫૦, ૫૩,) કાપડિયા (૧૯૫૧) અને પંડયાએ (૧૯૪૮) કાઠિયાવાડની વનસ્પતિ વિશે સારી માહિતી એકઠી કરી છે. આ સંશોધકોએ કાઠિયાવાડ અને ગિરના જંગલોની વનસ્પતિઓની યાદી પ્રસિદ્ધ કરેલ છે. તદ્ઉપરાંત જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકર અને ગોકુળદાસ બાંભડાઈએ આર્થિક ઉપયોગિતાને મહત્ત્વ આપી સૌરાષ્ટ્રની વનસ્પતિનો ગુજરાતી ભાષામાં સારો અહેવાલ પ્રસિદ્ધ કરેલ છે. અમદાવાદ-પ્રાંતિજ રેલવેના ઇડર સ્ટેશનથી ૧૮ માઈલ દૂર ઘઉવા ડુંગરની વીરેશ્વર ગામ પાસેની વનસ્પતિઓની યાદી પ્રાધ્યાપક સુતરિયાએ કરેલ છે. તેમાં ૨૦૦ વનસ્પતિઓની નોંધ છે; જોકે તેમાં અપુષ્પ વનસ્પતિ વિશે ઉલ્લેખ નથી. હાલમાં શાહે (૧૯૬૨) ટર્બીનેરિયા નામની લીલ ઓખામાંથી, ચૌહાણ અને પટેલે (૧૯૫૭) ડાઈક્રોટોમો સાઈફોન ઉત્તર ગુજરાતમાંથી નોંધી છે, ત્યારે ચૌહાણ અને મહાબલેએ ગુજરાતનાં લીવરવટર્સનું વિસ્તરણ કરેલ છે. ત્યારે મહાબલે (૧૯૪૮)માં સાબરતીના પટમાંથી સિરાટોપ્ટેરીશ એકઠો કરી તેની જન્યુજનક અવસ્થા વિશે લેખ લખેલ છે. સ્થાનિક ભાષાના નામોની સાથે વૈદે વનસ્પતિઓની યાદી બનાવી છે. દીક્ષિતે માલસર નદી કિનારાની, જંગલાની આર્થિક ઉપયોગિતાવાળાં વૃક્ષોની યાદી ધોળકિયાએ, મોસીસે, ડભોઈનાં તળાવની, બાંભડાઈએ વાસદાનાં જંગલોની, નીરૂલાએ વીસનગરની અને કાપડિયાએ (૧૯૫૦) મહાગુજરાત પ્રદેશની વનસ્પતિઓ વિશે સારો અહેવાલ તૈયાર કર્યો છે. શ્રી બાપાલાલ વૈદે પાવાગઢ પરની ઔષધિઓનું સંશોધન કરેલ છે, તેમનું પુસ્તક 'ગુજરાતની વનસ્પતિઓ' આદરણીય છે. શ્રી રસિકલાલ વૈદે સાબરકાંઠાની વનસ્પતિઓ પર બે નાના ગ્રંથો લખ્યા છે. શ્રી. ઓઝા સાહેબનાં વૃક્ષ અને વેલીને ગુજરાત સરકારે સત્કાર્યું છે. આમ છતાં જેમ પરદેશમાં થાય છે તેવી વિગતો અને શાસ્ત્રીય અભ્યાસ આપણે ત્યાં થયો નથી.

ચેમ્પીયન નામના એક વિચારકના મતે કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો કેટલોક ભાગ ઉષ્ણ-કટિબંધનાં કાંટાળા વૃક્ષોનાં જંગલના પ્રદેશના ભાગરૂપ છે, જ્યારે બાકીનું ગુજરાત **ડેસીડયુઅસ** (પતનશીલ) જંગલ અને ઉષ્ણકટિબંધનાં અર્ધકાયમી લીસા અને ભેજવાળા જંગલનાં ભાગરૂપ

છે. તારંગામાં બન્ને વિભાગોની વનસ્પતિનો પ્રકાર મળી રહે છે. તારંગાની આબોહવા ગરમ છે અને તેનો સરાસરી વરસાદ ૪૫" છે. સામાન્ય રીતે ચોમાસુ જૂનના ત્રીજા અઠવાડિયાથી શરૂ થઈ સપ્ટેમ્બર સુધી લંબાય છે. આ સ્થળે વનસ્પતિ-વૃદ્ધિ માટે ઋતુઋતુ પ્રમાણે જુદાં જુદાં હવામાન છે. જુલાઈ અને ઓગસ્ટ જેવા વરસાદના મહિનાઓમાં ઘણા Ferns જેમાં મુખ્યત્વે Actiniopteris dichotoma Forsk; Cheilanthes farinosa Kanulf, Marsilea minuta L. Adiantum lunulatum Burm અને Pteris vittata L. સંપૂર્ણ રીતે ખીલી ઊઠે છે. Fernsનું અસ્તિત્વ એ હકીકતનું સૂચન કરે છે કે તારંગાની આબોહવા ડુંગરાળ અને સપાટ જમીનની આબોહવાના સંયોજનરૂપ છે. આ જંગલની વનસ્પતિ નિવાસવિદ્યાની દૃષ્ટિએ મરૂનિવાસી જંગલોના (Xerophytic woodland) વર્ગની છે અને ઘણા ઝાડો પતનશીલ (Deciduous) મંડળના છે, તેથી તેમનાં પર્ણો પાનખર ઋતુમાં ખરી પડે છે. જંગલમાં ખાસ કરીને પાલાસ (Butea), પતરવાં (Eythrina), ધાવડાં (Anogeissus), થોરિયા (Euphorbia)નું મંડળ નોંધવાલાયક છે. ડુંગરો ઉપરાંત તળેટી અને સપાટ જગા ઉપરની વરસ્પતિ સાધારણ કટક સેવના(Thorn Sarannah)ના વર્ગની છે. પર્વતોનો તળેટી-પ્રદેશ રેતાળ અને Semi-desert tractવાળો છે. તેમાં કેટલીક જગ્યાએ વાવેતર થાય છે અને વૃદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચેલ Euphorbia ligularia Roxb-ની વાડો નજરે પડે છે. રેતાળ ભૂખરા ખડકો પર Anogeissus pendula Edgew, Gymnospora spinosa Fiori, Zizyphus sp., Grewia tenax Fiori., Acacia arabica Willd...વગેરેનાં ઝુંડ નજરે પડે છે. માનવવસવાટ અને વનસ્પતિઓ વચ્ચે ગાઢ સબંધ છે. ડુંગરના સપાટ ભાગ પર વિનાશ પામેલા જૂજ છોડવાઓ મળે છે ત્યારે ખીણ વૃક્ષોથી લચી પડેલી છે. તળેટીમાંથી પર્વત તરફ જતાં ધીમે ધીમે ખડકાળ પ્રદેશ શરૂ થાય છે. ખીણોમાં મુખ્યત્વે Alaniguim salvifolium (Linn. f) Wang., Anthocephalus indicus A. Rich, Diospyros sp. Ficus glomarata Roxb., Firmiana colorata (Roxb) R.Br.., Flacourtia indica (Burm. f.) Merr., Holoptelia intergrifolia Plunch., and Sterculia urens Roxb. વગેરે વનસ્પતિ પ્રભુત્વ ધરાવે છે. તદ્ઉપરાંત Bauhinia purpurea L., Dalbergia sissoo Roxb., Lannea grandis (Dennst) Engl., Ponagamia Pinnate (Linn.) Piperre, and syzygium cumini Skeels. વગેરે પણ ઢોળાણવાળી ખીણોમાં જોવા મળે છે. વળી કેટલીક જગ્યાએ ઉદ્યાનોમાંથી છૂટી પડેલી વનસ્પતિ પણ મળે છે. દહેરાસરના બાંધકામમાં વપરાયેલા પથ્થરોને–કેગરકાષ્ઠ–(Acacia ferruginea L.) નામના લાકડામાંથી બનાવેલા મોભ આધાર આપે છે તેવી એક માન્યતા છે. આ લાકડું ઘણું મજબૂત અને ટકાઉ છે તેમ જ તેને સળગતાં તેમાંથી ચીકણો રસ ઝરે છે જે અગ્નિને બુઝાવી શકે છે. મને આ જાતનું કાષ્ઠ આપતી કોઈ પણ વનસ્પતિ ડુંગર ઉપર દૃષ્ટિમાન થઈ નથી. પરંતુ એ અનુમાન પણ ખોટું નથી કે આવું વિશાળ અને મજબૂત લાકડું કોઈ અનાવૃત્ત બીજધારી (Gymnosperm) વનસ્પતિનું હોય, કારણ કે બાવળ જાતની (Acacia sp.) કોઈ પણ વનસ્પતિ આવું કાષ્ઠ ધરાવતી નથી.

વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ તારંગાની પર્વતમાળાઓ વણખેડાયેલી રહી છે: આ લેખ તારંગાની વનસ્પતિ–સમૃદ્ધિનો થોડોક ખ્યાલ આપે છે. સેકસ્ટન અને સેજવીકે (૧૯૧૮માં) ખરું કહેલ છે કે ઉત્તરમાં તારંગાની પર્વતમાળાઓની સમૃદ્ધ વનસ્પતિનો અભ્યાસ કરવા માટે કોઈ પણ વનસ્પતિવિદ્દ લલચાયા વગર રહેશે નહિ. આ પ્રદેશની વનસ્પતિ-મૂડીના અભ્યાસ માટે ૧૯૬૧-૬૩ના સમય દરમિયાન ઘણી વખત મુલાકાત લીધેલી. આ વનસ્પતિનો સંગ્રહ 'વિજ્ઞાન વિદ્યાભવન'ના વનસ્પતિશાસ્ત્રના વિભાગમાં રાખેલો છે. આ સંશોધનકાર્યમાં આર્થિક મદદ માટે ગુજરાત યુનિવર્સિટીનો હું આભાર માનું છું.

તારંગાથી એકઠી કરી સંગ્રહેલી વનસ્પતિઓની યાદી નીચે આપી છે. આ યાદી સંપૂર્ણ છે એમ કહી શકાય નહિ. વખતે જૂજ વનસ્પતિઓ ધ્યાન બહાર પણ રહી ગઈ હશે. વનસ્પતિના શાસ્ત્રીય નામ સાથે ગુજરાતી કે સંસ્કૃત પર્યાય મૂકેલા છે, પણ જ્યાં આવાં નામ નક્કી નથી કે જડતાં નથી ત્યાં કાંઈ જ લખેલ નથી. ગામલોકનાં વનસ્પતિઓનાં નામો મૂકેલ નથી, કારણ કે તેઓ જુદી જુદી વનસ્પતિઓને એક જ નામથી ઓળખે છે. વનસ્પતિઓનાં લેટીન નામોને આંતરરાષ્ટ્રીય નિયમ પ્રમાણે અદ્યતન સ્વરૂપમાં મૂકેલા છે:

વનસ્પતિઓની નામાવલિ

Acanthaceae (વાસાદિ કુળ)

Adhatoda vasica Nees. અરડુસી
Blepharis moluginifolia Pers. ઝીણું ઉટીગણ
Elytraria acaulis Lindau.
Hygrophila auriculata (Schumach.) Heine. એખરો
Justicia diffusa Willd. મુંડી
Peristrophe bicalyculata Nees. કાળી અંઘેડી
Petalidium barleriodes Nees.

Anacardiaceae આમ્રાદિ કુળ

Lannea coromandelica (Hoult) Merrill. મવેડી
Mangifera indica L. આંબો

Amarantaceae અપામાર્ગાદિ કુળ

Achyranthes aspera L. અંઘેડી
Aerva persica (Burm.) Merr. ગોરખગાંજો
Amaranthus indicus L. કાંટાળો ડાંભો
Celosia argentea L. લોંપડી
Comphrenasp. બટન
Digera muricate Mart. કણેજરો

Anonaceae સીતાફલાદિ કુળ

Anona squamosa L. સીતાફળ
Miliusa tomentosa (Roxb.) Sinclair

Apocynaceae ઇન્દ્રયવાદિ કુળ

Carissa congesta Wt. કરમદી
Catharanthus pusillus G. Don. સંધડી
Holarrhena antidysenterica (Linn.) Wall. કડવો ઇન્દ્રજવ

Aponogetonaceae

Aponogeton natans (L.) Engl. and Kranse.

Asclepiadaceae અર્કાદિ કુળ

calotropis gigantea Br. મોટો આકડો
C. procera Br. નાનો આકડો
Hemidesmus indicus Br. ઉપલસરી
Leptadenia reticulata w. & A. L. નાની ડોડી
L. spartium Wt.
Mersdenia sp.
Oxystelma secamone (Linn.) Karst. જલદૂધી
Pentatropis capensis (L.f.) Bullock.
Pergulraria daemia Chiov. વસ્તાવરી

Bixaceae (Flacourtiaceae) તુવર કાદિ કુળ

Flacourtia indica (Bur. m. f.) merr. લોદ્રી

Boraginaceae શ્લેષ્માતકાદિ કુળ

Cordia dichotoma Forst. f. લીયાર ગુંદી
C. myxa L.
Ehretia laevis Roxb.
Heliotropium indicum L. હાથી સુંઢી
H. strigosum L. ઝણુકી
Trichodesma zeylanicum Br. ઉંધા ફુલી

Burseraceae ગુગ્ગુલાદિ કુળ

Boswellia serrata Roxb. શાલેડી
Commiphora mukul Engl. કડવો ગુગળ

Capparidaceae (Capparaceae) કરીરાદિ કુળ

Capparis decidua pax. કંથેર
Cleome viscosa L. પીળી તલવણી
Capparis grandis L. f.
Gynandropsis gynandra Briq. તલવણી ગંધાતુ
Maerua arenaria Hk. f. and Th. દૂધિયો હેમકંદ

Caryophyllaceae વજ્રદંતી કુળ

Polycarpaea corymbosa Lam. વજ્રદંતી

Celastraceae જ્યોતિષ્મત્યાદિ કુળ

Celastrus sp. માલકાંગણી
Gymnosporia spinosa (Forsk.) Fiori. વીકળો

Combretaceae હરિતક્યાદિ કુળ

Anogeissus latifolia wall. ધાવડો
A. pendula Edgew.

Commelinaceae શીશ મૂળીઆનું કુળ

Murdannia sp. શીશ મૂળિયું

Compositae સહદેવ્યાદિ કુળ

Acanthospermum sp. બદકડી
Blainvillea acmella Philipson.
Caesulia axillaris Roxb.
Echinops echinatus Roxb. ઉત્કંટો
Eclipta prostrate. (Linn.) L. સફેદ ભાંગરો
Grangea maderaspatana (Linn.) Poir.
Launaea sp. સોનકી
Senecio sp.
Tridax procumbens Haask. પીળો ભાંગરો
Xanthium strumarium L. ગાડરિયુ

Convolvulaceae વૃદ્ધદાર્વાદિ કુળ

Convolvulus arvensis L. ચાંદવેલ
Cressa cretica L. ખારિયું, પડિયો
Cuscuta chinensis Lam. આંતરવેલ

Evolvulus alsinoides L. શંખાવળી
Ipomoea pres-caprae Sweet.
Merremia hastata Hall. f.
Rivea sp. ફાંદ

Cornaceae અંકોલાદિ કુળ

Alangium salviifolium (Linn. f.) Wang. અંકોલ

Cucurbitaceae કુષ્માણ્ડાદિ કુળ

Citrullus colccynthis Schrad. મોટા ઇન્દ્રામણા
Coccinia cordifolia Cogn.
Melothrica maderaspatana Cogn.
Momordica Charantia L. કારેલાં
M. cochinchinensis Spr. જંઘારો

Cyperaceae મુસ્તાદિ કુળ

Bulbostylis capillaria Kunth.
Cyperus alternifolius L.
Cyperus alulatus Kern.
C. myosurus Nees.
C. articulatus L.
C. squarrosus L.
C. bulbosus L. શેક
C. cyperioides Kuntze.
C. difformis L.
C. exaltatus Retz. ડુંગરા મોથ
C. michelianus Link.
Eleocharis geniculata (L.) Roem of Schult.
Juncellus laevigatus CB. Cl.
Kyllinga triceps Rottb.
Remirea maritima Aubl.
Rhynchospora wightiana Steud.
Scirpus litoralis Schrad. બીડ
S. maritimus var. affinis CB. Cl.
S. mucronatus L.
S. quinpuefarius Boeck.
S. roylei L.

Dioscoreaceae વારાહિકંદાદિ કુળ

Dioscorea sp. વારાહિકંદ

Ebenaceae તિંદુકાદિ કુળ

Diospyros embryopteris pers.

Elatinae (Elatinaceae)

Bergia sp.

Euphorbiaceae આમલક્યાદિ કુળ

Acalypha indica L. દાદરો
Euphorbia sp.
Euphorbia hirta L.
E. hypericifolia L.
E. ligularia Roxb. થોર-સીંગ
E. pilulifera L. નાગલા દુધેલી
phyllanthus niruri L. ભોંય આમળી
Securinega virosa (Roxb.) ex willd.) Pax and Hoffm.
Tragia cannabina L.

Eriocaulonaceae (Eriocaulaceae)

Eriocaulon sp.

Ficoideae (Molluginaceae, Aizoaceae) ભિસ્સટાદિ કુળ

Mollugo sp. મીઠો ઓખરાડ
Trianthema poutulacastrum L. સાટોડો
Gisekia pharnaceoides L. વાળુની ભાજી

Gentianaceae કિરાતાદિ કુળ

Enicostemma verticillatum Engi. મામેજવો
Canscora diffusa Br. રાતુ કરિયાતું

Geraniaceae (Balsaminaceac) ચાંગેર્યાદિ કુળ

Impatiens sp. તનમનિયા

Gramineae તૃણાદિ કુળ

Aeluropus lagopoides (L.) Trin. ex Thw.
Alloteropsis ciminina (L.) Stapf.
Andropogon pumilus Roxb. વાળો
Apluda mutica L. var. mutica

Bambusa arundinacea Willd. વાંસ
Bracharia distachya (L.) Stapf.
Cenchrus setigerus Vahl.
Chloris inflata Link.
Coix gigantea Keon. ex Roxb. કસી, કાંસડો
Cymbopogon martinii (Roxb.) Wats.
Cynodon dactylon Pers. દૂર્વા
Dactyloctenium aegyptium (Desf.) Beaur.
Desmostachya bipinnata (L.) Stapf.
Dichanthbium annulatum (Forsk.) Stapf.
Digitaria sanguinalis (L.) Scop.
D. indicum.
Echinochloa colonum (L.) Link.
E. crus-galli (L.) Beauv.
Eragrostis interrupta (Lamk.) Beaur.
Eragrostis incompleta દાભ
E. tenella (L.) Beaur. ex Room & Schult.
E. viscosa (Retz) Trin.
Erianthus munja (Roxb.) jesweit.
Melancocenchris jacquemontii Jaub. & Spach.
Narenga porphyrocoma (Hance) Bor.
Panicum antidotale Retz. સામો
Paspalum scrobiculatum L. કોદરા
Saccharum sponta-neum L. કાસ
Setaria glauca (L.) Beaur. કુતરી-ઘાસ
Tragus biflorus (Roxb.) Schult.

Labiatae તુલસ્યાદિ કુળ

Anisochilus carnosus wall. ઊભો રતનવેલિયો
Leucas aspera (willd.) Spreng. કુબો

Lemnaceae

Spirodela sp.

Leguminosae શિંબી કુળ

Abrus precatorius L. ચણોઠી
Acacia arabica L. બાવળ

A. leucophloea willd. અણિયાળ
Alysicarpus monilifer DC.
Bauhinia racemosa Lam. આસોતરો
Butea monosperma L. પલાશ, ખાખરો
B. superba L. રાજપલાશ, વેલ ખાખર
Caesalpinia bonduc Roxb. કાચકા
Cassia auriculata L. આવળ
C. obtusa Roxb.
C. occidentelis L. કાસુંદરો
C. tora L. કુંવાડીયો
Clitoria ternatea L. ગરણી, બીબરી
Crotalaria burhia Ham. ઘુઘરો
Dalbergia latifolia Roxb. સીસમ
Dichrostachys cinerea W. & A. વેલન્તરો
Indigofera enneaphylla L. ઝીલ
I. tinctoria L. ગળી.
Melilotus indica All.
Mucuna prurita Hook. કવચ
Pongamia pinnata (L.) Pierre. કરંજ
Tephrosia villosa Pers. શરપંખો
T. purpurea Pers.
Tamarindus indica L. આંબલી

Liliaceae પલાંડુ કુળ

Asparagus sp. શતાવરી

Asphodelus tenuifolius Cav. ડુંગરો

Gloriosa superba L. દુધિયો વછનાગ

Ipigenia indica L.

Urginea indica Kunth. પાણુકંદો

Loranthaceae વૃક્ષરુહાદિ કુળ

Loranthus sp. વાંદો
Viscum sp. બોડો વાંદો

Lythraceae દાડિમ્યાદિ કુળ

Ammania sp. જલઆગિયો

Malpighiaceae માધવીલતાદિ કુળ

Hiptage benghalensis (Linn.) Kurz.

Malvaceae શાલ્મલ્યાદિ કુળ

Bombax ceiba Linn. શીમળો
Sida acuta Burm. પાટબલા
S. cordifolia L. બલા

Meliaceae નિંબાદિ કુળ

Azadirachta indica Juss. લીમડો
Melia sp. બકાલીમડો

Menispermaceae ગુડૂચ્યાદિ કુળ

Cocculns hirsutus Diels. વેવડી
Tinospora cordifolia (Willd.) Miers. ગળો

Moringaceae શિગ્રુઆદિ કુળ

Moringa oleifera Lamk. સરગવો

Myrtaceae જંબ્વાદિ કુળ

Eucalyptus globulus Labill. યુકેલિપ્ટસ
Syzygium cumini Linn. Skeels. જાંબુ

Nyctaginaceae પુનર્નવાદિ કુળ

Boerhaavia diffusa L. સાટોડી
B. verticillata Poir. મોટો વસેડો

Papaveraceae અહિફેનાદિ કુળ

Argemone maxicana L. દારૂડી

Pedaliaceae તિક્ત ગોક્ષુરાદિ કુળ

Sessamum indicum L. તલ
Martynia annua L. વિંછુડો

Plumbaginaceae ચિત્રકાદિ કુળ

Plumbago sp. ચિત્રો

Polygalaceae

Polygala erioptera DC.

Portulacacae લોણિકાદિ કુળ

Portuleca sp. લોણી

Rhamnaceae બદર્યાદિ કુળ

Zizyphus xylopyra Willd. ગટબોરડી.
Z. glaberrima Santapau.

Rubiaceae કદંબાદિ કુળ

Anthocephalus indicus Rich. કદંબ
Hymenodictyon obovatum Wall. ભમર છાલ
Ixora arborea Roxb. ex Sm. નેવરી
Mitragyna parvifolia Korth. ધારા કદંબ
Oldenlandia corymbosa L. પરપટ
Xeromphis spinosa (Thunb.) Keay. ગાંગડ
Randia dumetorum Lamk. મીંઢળ

Rutaceae બીજપૂરાદિ કુળ

Aegle marmelosa Corr. બીલી
Citrus medica L. બિજોરૂ
Ferronia limonia (Linn.) Swingle કોઠી

Salvadoraceae પીલુ કુળ

Azima tetracantha Lam.

Santalaceae

Santalum album L. સુખડ-ચંદન

Sapindaceae ફેનિલાદી કુળ

Cardiospermum helicacabum L. કાગડોળિયો
Sapindus laurifolius vahl. અરીઠાં

Scrophulariaceae બ્રાહ્મી કુળ

Herpestris monnifera H. B. & K. બ્રાહ્મી
Kickxia ramosissima (wall.) Janchen. કાનોરી
Lindenbergia indica (L.) O. Ktze. પથ્થરચટ્ટી
Sopubia delphinifolia Don. દુધાલી
Striga angustifolia (Don.) Saldha. આગિયો
Verbascum chinense Santapau. ફુલાહલ

Simaroubaceae

Ailanthes excelsa L. અરડુસો
Balanites aegyptica (L.) Delile. ઈંગોળિયો

Solanaceae કંટકાર્યાદિ કુળ

Datura metel L. ધતુરો,
Physalis minima L. પોપટી
Solanum xanthocarpum Schd. ભોય રીંગણી
S. indicum L. દોરલી
Withania somnifera Dun. અશ્વગંધા

Sterculiaceae મુચુકુંદાદિ કુળ

Guazuma tomentosa H. B. & K. ખોટો રુદ્રાક્ષ
Helicteris isora L. મરડાશીંગી
Sterculia urens L. કડાયો
Firmiana odorata (Roxb.) કોદારો

Tamariaceae પ્રાંસ કુળ

Tamarix dioica Roxb. પ્રાંસ

Tiliaceae પરુષકાદિ કુળ

Triumfetta rhomboidea L. ઝીપટો
Grewia tiliafolia Vahl. ધામણ
Grewia sp. ગંગેટી.

Typhaceae રામબાણ કુળ

Typha latifolia L. ઘાબાજરિયું.

Urticaceae વટાદિ કુળ

Ficus glomerata Roxb. ઉમરડો
Holoptelia integrifolia (Roxb.) Planch. કણજી
Trema orientalis Bl. ખારગુલ

Verbenaceae નિર્ગુંડ્યાદિ કુળ

Clerodendrun sp. અરણી
Phyla nodiflora Creene. રતેપેલિયો

Violaceae બનફસાદિ કુળ

Ionidium heterophyllum Vent. બનફસા.

Vitaceae દ્રાક્ષાદિ કુળ
Ampelocissus latifolia L. (?) જંગલી દ્રાક્ષ
Cayratia carnosa Gagnep.
Cissus sp. ખાટખટુંબો

Scitamineae (Zingiberaceae) હરિદ્રાદિ કુળ
Curcuma sp. આંબાહળદર

Zygophyllaceae ગોક્ષુરાદિ કુળ
Fagonia cretica L. ધન્વયાસક
Tribulus terrestris L. ગોખરૂ

પરિશિષ્ટ

સંદર્ભસૂચિ

[Literature cited]

આ વિષય ઉપર લખવા માટે નીચેના લેખોની મેં સહાય લીધી છે:

બાંભડાઈ, જી. કે. ૧૯૫૧. વનસ્પતિ સૃષ્ટિ, ભાગ ૧ અને ૨. વલ્લભ વિદ્યાનગર.

બ્લેટર, ઈ. જે. ૧૯૦૮-૧૯૦૯. ઑન ધી ફ્લોરા ઑફ કચ્છ. જે. બૉમ્બે નેચ. હીસ્ટ. સોસ. **૧૮**: ૭૫૬-૭૭૧; **૧૯**: ૧૫૭-૧૭૬.

ચવાન, એ. આર. અને મહાબલે, ટી. એસ. ૧૯૫૪. ડીસ્ટ્રીબ્યુશન ઑફ લિવરવર્ટ્સ ઇન ગુજરાત. જે. એમ. એસ. યુનિ. બરોડા. **૩**: ૧૩-૧૬.

——————અને મહેતા, એ. આર. ૧૯૫૫. ઓબ્ઝર્વેશન્સ ઑન ધી ગ્રાસીસ ઑફ એમ. એસ. યુનિવર્સિટી કેમ્પસ. જે. એમ. એસ. યુનિ., બરોડા **૪**: ૯૭-૧૯૨

——————૧૯૫૯. ગ્રાસીસ ઑફ પાવાગઢ. જ. ઇન્ડિયન બોટ. સોસ. **૩૮**: ૧૭૧-૧૮૫.

——————અને પડતે, એસ. એન. ૧૯૬૨. ધી હાઈડ્રોફાઈટ્સ ઑફ સાવલી તાલુકા. જે. એમ. એસ. યુનિ., બરોડા **૧૧**: ૬૭-૭૮.

——————૧૯૬૦ કૉન્ટ્રીબ્યુશન ટુ ધી ફ્લોરા ઑફ સાવલી તાલુકા. ઇન્ડિયન ફૉરેસ્ટર **૮૬**: ૨૧૦-૨૧૯.

——————અને સબનીસ, એસ. ડી. ૧૯૫૮. ધી સાઈપિરેસી ઑફ ગુજરાત. ભાગ-૧. ધી સેજીસ ઑફ બરોડા એન્ડ ઇટ્સ એનવાયરન્સ. જે. એમ. એસ. યુનિ., બરોડા **૭**: ૫૭-૬૬.

————————૧૯૫૯. ન્યૂ રેકોર્ડ્ઝ ઑફ મેરીસ્કસ પેનીસીયસ વાહલ. ઍન્ડ સાયપરસ લ્યુકોસેફેલસ રેટઝ ફ્રોમ ગુજરાત. જે બોમ્બે નેચ. હીસ્ટ. સોસ. **૫૬**: ૩૬૭-૩૭૦.

————————૧૯૬૦. ઍલોંગ ધી બૅન્કસ ઑફ ધી રીવર વિશ્વામિત્રી (એ ફ્લોરીસ્ટીક સ્ટડી). ઇન્ડિયન ફૉરેસ્ટર. **૮૬**: ૪૬૯-૪૭૪.

————————૧૯૬૧. એ સ્ટડી ઑફ ધી હાયડ્રોફાઈટ્સ ઑફ બરોડા ઍન્ડ ઇટ્સ એનવાયરન્સ. જે ઈન્ડિયન બોટ. સોસ., **૪૦**: ૧૨૧-૧૩૦.

ચૌહાણ, જે. જી. એન્ડ પટેલ, આર, જે. ૧૯૫૭. અકરન્સ ઑફ ડાઈક્રોટોમોસાઈફોન ટયુબરોસસ અન્સ્ટ ઈન નોર્થ ગુજરાત. વિદ્યા, જે. ગુજરાત. યુનિ. **૧**: ૩૭-૪૧.

જૈન, એસ. કે. ૧૯૬૦. એ નોટ ઑન જન્કસ મેરીટીમસ લામ ફ્રોમ ઈન્ડિયા. બુલ. બોટ. સર્વે. ૨: ૩૦૭-૩૦૮.

————————ઍન્ડ દેશપાન્ડે, યુ. આર. ૧૯૬૦. ફરધર કોન્ટ્રીબ્યુશન ટુ ધી ફ્લોરા ઑફ કચ્છ ઈન ગુજરાત સ્ટેટ. બુલ. બોટ. સર્વે ઈન્ડિયા **૨**: ૨૮૭-૨૯૨.

————————ઍન્ડ કનોડિયા, કે. સી. ૧૯૬૦. એડીશન્સ ટુ ધી ફ્લોરા ઑફ કચ્છ. કર. સાયન્સ **૨૯**: ૩૬૧.

કાપડિયા, જી. એ. ૧૯૪૭. એ નોટ ઑન પોરબંદર ગ્રાસીસ. જે. ગુજરાત રિસર્ચ સોસ. **૯**: ૧૨૨-૧૩૦.

————————૧૯૫૦. પ્લાન્ટ લાઈફ ઈન મહાગુજરાત. જે. ગુજરાત રિસર્ચ સોસ. **૧૧-૧૨**: ૧૯૧-૨૨૫.

————————૧૯૫૧. ફૉરેસ્ટ વેલ્થ ઑફ ગિર ઍન્ડ ગિરનાર ઈન જૂનાગઢ ડીસ્ટ્રીકટ ઑફ સૌરાષ્ટ્ર. ઇન્ડિયન ફૉરેસ્ટર **૭૭**: ૭૭૧-૭૭૪.

————————૧૯૫૪. નોટ્સ ઑન કચ્છ ગ્રાસીસ. જે. ગુજરાત રિસર્ચ સોસ. **૧૬**: ૩૨૯-૩૪૦.

————————૧૯૫૪. સ્ટેટીસ્ટીકલ સિનોપસીસ ઑફ ધી ફ્લોરા ઑફ કચ્છ. જે. ગુજરાત રિસર્ચ સોસ. **૧૬**: ૯૦-૧૦૭.

————————૧૯૫૪. ટીમ્બર વેલ્થ ઑફ મહાગુજરાત. જે. ગુજરાત રિસર્ચ સોસ. **૧૬**: ૩-૨૫.

મહાબલે, ટી. એસ. ૧૯૪૮. પ્રોથેલાઈ ઑફ સીરાટોપ્ટેરીસ થેલીકટ્રોઈડીસ. બોટ. ગેઝ. **૧૦૯**: ૩૪૯-૩૫૪.

ઓઝા, જી. એમ. ૧૯૬૨. ફ્લોરા ઑફ પાવાગઢ. પીએચ. ડી. થિસીસ. એમ. એસ. યુનિ. બરોડા.

પલીન, સી. ટી. ૧૮૮૦. એ લીસ્ટ ઑફ પ્લાન્ટસ ઑફ કચ્છ. બૉમ્બે ગેઝેટિયર. **૫** : ૧૮૦.

પંડ્યા, એસ. પી. ૧૯૪૮. રિપોર્ટ્સ ઑન જૂનાગઢ ફૉરેસ્ટ, જૂનાગઢ.

ફાટક, વી. જી. અને જોષી, બી. બી. ૧૯૫૫. એ બ્રીફ એકાઉન્ટ ઑફ ધી ફ્લોરા ઑફ ધી યુનિવર્સિટી કેમ્પસ. જે. એમ. એસ. યુનિ. બરોડા. **૪** : ૧૨૫-૧૫૭.

—————અને ઓઝા, જી. એમ. ૧૯૫૭. સ્ટડીઝ ઑન ધી વીડ્ઝ ઑફ ગુજરાત. જે. એમ. એસ. યુનિ. બરોડા. **૬** : ૯૩-૧૧૧.

—————૧૯૫૮. એ રેડ રેઝ વેરિયન્ટ ઑફ પોલીગાલા ઇરિયોપ્ટેરા ડીસી. જે. બૉમ્બે, નેચ. હીસ્ટ. સોસ. **૫૫** : ૫૯૩.

રાવ, આનંદ, ટી. ઍન્ડ સફુઈ, બી. ૧૯૬૩. ડીસ્ટ્રીબ્યુશન ઑફ સમ મૉર પ્લાન્ટ્સ ઍલૉંગ સૌરાષ્ટ્ર કોસ્ટ ઍન્ડ નેબરીંગ આઇલૅન્ડઝ. પ્રોસ. ઇન્ડિયન ઍકેડ. સાય. બી. **૫૮** : ૩૬૨-૩૬૬.

સબનીસ, એસ. ડી. ૧૯૬૨. સાયપરેસી ઑફ ગુજરાત. બુલ. બોટ. સર્વે. ઇન્ડિયા **૪** : ૧૯૩-૧૯૭.

—————૧૯૬૨. એ. કી ટુ ધી આઈડેન્ટીફીકેશન ઑફ ધી સાયપરેસી ઑફ ગુજરાત. બુલ. બોટ. સર્વે. ઇન્ડિયા **૪** : ૧૯૯-૨૦૧.

શાંતાપાઉ, એચ. ૧૯૫૦. આઈટર કાઠિયાવારેન્સીસ, બીઈંગ નોટ્સ ઑન બોટાનીકલ ટુર ઈન નવાનગર સ્ટેટ, ઑક્ટો.-નવે. **૧૯૪૫** જે. ગુજરાત રિસર્ચ સોસ. **૧૧-૧૨** : ૨૨૬-૨૩૭.

—————૧૯૫૨. રિપોર્ટ ઑફ ધી વર્ક ડન અન્ડર ધી ઓસપીસીસ ઑફ ધી સૌરાષ્ટ્ર રિસર્ચ સોસાયટી ફૉર ધી બોટનીકલ સર્વે ઑફ સૌરાષ્ટ્ર. એન્યુઅલ રિપોર્ટ્સ સૌરાષ્ટ્ર રિસર્ચ સોસ. **૧૯૫૧** : ૯-૨૦.

શાન્તાપાઉ, એચ. ૧૯૫૨. રિપોર્ટ ઑફ ધી થર્ડ ફીલ્ડ સીઝન, રાજકોટ.

—————૧૯૫૩. પ્લાન્ટ્સ ઑફ સૌરાષ્ટ્ર, એ પ્રીલીમીનરી લીસ્ટ; રાજકોટ.

—————૧૯૫૪-૫૫. કોન્ટ્રીબ્યુશન્સ ટુ ધી બોટની ઑફ ધી ડેંઝ્ઝ ફોરેસ્ટ—બૉમ્બે સ્ટેટ. જે. ગુજરાત રિસર્સ સોસ. **૧૬** : ૨૮૫-૩૨૦; **૧૭** : ૧-૫૯.

—————૧૯૫૫. એકસકર્ઝન ઑફ ધી ઈન્ડિયન બોટનીકલ સોસાયટી ટુ પાવાગઢ હીલ નિયર બરોડા ઑન જાન્યુઆરી ૭, ૧૯૫૫. જે. ઈન્ડિયન બોટ. સોસ. **૩૪** : ૧૫૮-૧૮૯.

—————અને પટેલ, વી. ૧૯૫૫. ન્યુ પ્લાન્ટ્સ રેકૉર્ડઝ ફૉર બૉમ્બે—મેરીમિયા કવીનકવીફોલિયા (એલ.) હોલ. જે. બોમ્બે નેચ. હીસ્ટ. સોસ. **૫૩** : ૨૧૫.

—————અને રાયજાદા, એમ. બી. ૧૯૫૪. કોન્ટ્રીબ્યુશન ટુ ધી ફ્લોરા ઑફ ધી ગિર ફૉરેસ્ટ ઈન સૌરાષ્ટ્ર. ઇન્ડિયન ફોરેસ્ટર. **૮૦** : ૩૭૯-૩૮૯.

સેક્સ્ટન, ડબ્લ્યુ, ટી. અને સેજ્વીક, એલ. જે. ૧૯૧૮. પ્લાન્ટ્સ ઑફ નોર્ધન ગુજરાત રેકોર્ડ્ઝ. બોટ. સર્વે ઇન્ડિયા ૬: ૨૦૭-૩૨૩.

સેજ્વીક, એલ. જે. ૧૯૧૪. એ લીસ્ટ ઑફ ગ્રાસીસ ફ્રોમ અમદાવાદ ઍન્ડ સુરત. જે. બૉમ્બે નેચ. હીસ્ટ. સોસ. **૨૩**: ૧૧૦-૧૧૭.

શાહ, સી. કે. ૧૯૬૩. રીપ્લેસમેન્ટ ઑફ ઇન્ફ્લોરીસેન્સ બાય બલબીલ્સ ઇન સાયપરસ ઑલ્ટર નીફોલિયસ એલ. સાયન્સ ઍન્ડ કલ્ટ. **૨૯**: ૩૫૮-૩૫૯.

————————————૧૯૬૩. ધી સેજીસ ઑફ સાબરમતી. ૧. વિદ્યા, જે. ગુજરાત યુનિ. ૬: ૧૭૯-૧૮૬.

————————————૧૯૬૩. સાયપરસ પેપીરસ એલ. એ. ન્યુ રેકોર્ડ ઑફ ઇન્ડિયા. કરન્ટ સાયન્સ **૩૨**: ૪૨૪-૪૨૫.

શાહ, જી. એલ. ૧૯૬૩. ફાર્ધર કોન્ટ્રીબ્યુશન ટુ ધી વેજીટેશન ઑફ બરોડા. ઇન્ડિયન ફોરેસ્ટર **૮૯**: ૨૮૬-૨૯૦.

શાહ, જે. જે. ૧૯૬૨. ટર્બીનેરિયા ફ્રોમ ઓખા. જે. બૉમ્બે. નેચ. હીસ્ટ. સોસ. **૫૯**: ૬૯૯-૭૦૨

સુતરિયા, આર. એન. ૧૯૪૧-૪૨. ધી વેજીટેશન ઑફ વીરેશ્વર, પ્રકૃતિ, જે. ગુજરાત નેટ. હીસ્ટ. સોસ. ૮: ૩૬-૪૨.

ઠાકર, જે. આઈ. ૧૯૧૦. બોટની. એ કમ્પ્લીટ ઍન્ડ કોમ્પ્રીહેન્સીવ એકાઉન્ટ ઑફ ધી ફ્લોરા ઑફ બરડા માઉન્ટન (કાઠિયાવાડ), બૉમ્બે. ૧૯૨૬. કચ્છની જડીબુટ્ટીઓ, મુંબઈ.

વૈદ્ય, બી. જી. ૧૯૩૫. ગુજરાતની વનસ્પતિઓ, અમદાવાદ. *

* ગુજરાતી સાહિત્યપરિષદના ૨૨મા સંમેલન (વિલેપારલે)ના વિજ્ઞાનવિભાગમાં રજૂ કરેલો નિબંધ.

ટ્રાન્કવીલાઈઝર્સ (Tranquilizers)

જયસુખલાલ ર. મરચન્ટ

થોડાક મહિનાઓ પહેલાં અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થયા હતા કે કેટલાક પાશ્ચાત્ય દેશોમાં મોટા ભાગની સ્ત્રીઓ જેમણે પ્રસૂતિ પહેલાં થેલીડોમાઇડ નામની પેટન્ટ દવાનું સેવન ચાલુ કર્યું હતું તેઓએ હાથ-પગ વિનાનાં, ખોડવાળાં અથવા શારીરિક વિકૃતિવાળા બાળકોને જન્મ આપ્યો હતો. એક બાઈએ તો પોતાના નવજાત શિશુનું આવું સ્વરૂપ ન જોઈ શકવાથી તેને ગળું ટુંપી મારી નાખ્યું હતું. થેલીડોમાઇડની આવી ખરાબ અસર તથા વિપરીત પરિણામથી જગતભરમાં એક પ્રકારનો હાહાકાર મચી રહ્યો અને તેનું વેચાણ તાબડતોબ બંધ કરવામાં આવ્યું. આ એક વિચિત્ર તથા ખૂબ જ દુઃખદ ઘટના લેખાય, કારણ કે કોઈ પણ દવા માર્કેટમાં મુકાયા પહેલાં, તે દવાના ગુણધર્મ, તેનું પ્રમાણ તેનાથી થતી સારી, માઠી શારીરિક અને માનસિક અસરો વગેરેનો, પહેલાં પશુઓ પર અને ત્યાર બાદ મનુષ્યો પર ડૉકટરોની સતત દેખરેખ હેઠળ પ્રયોગો કરી બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે છે, અને સંતોષકારક તથા બિન-જોખમકારક જણાય તો જ તેને વેચાણ અર્થે પાસ કરવામાં આવે છે. આ રીતે 'પાસ' થયેલી કેટલીયે પેટન્ટ દવાઓ બજારમાં મળે છે જેનો ઉપયોગ આપણે હરહંમેશ અને છૂટથી કરીએ છીએ.

ઔષધોના વર્ગીકરણમાં થેલીડોમાઇડને tranquilizersના વર્ગમાં મૂકવામાં આવે છે. ઔષધોનું સાધારણ વર્ગીકરણ તેમનાથી થતી અસરો પ્રમાણે કરવામાં આવે છે. દા. ત. એસ્પીરીન, જે દુઃખશામક ઔષધ (analgeric) તરીકે સૌને જાણીતું છે; કલોરોફોર્મ, જેની ગણના અગત્યના anesthetic તરીકે થાય છે; મરકયુરોક્રોમ જેને antiseptic તરીકે ઓળખવામાં આવે છે; પેનીસીલીન, જે antibioticsના વર્ગમાં અગ્રસ્થાને છે.

હવે tranquilizersની વ્યાખ્યા આપણે જોઈએ. Tranquilizers, ataraxics અથવા ataractics તરીકે પણ ઓળખાય છે. આ શબ્દોની ઉત્પત્તિ મૂળ ગ્રીક ભાષાના શબ્દો (a = not, tarasso = disturb)માં છે. Tranquilizers એવાં પ્રકારનાં ઔષધો છે કે જેનાથી દર્દી, ઘેનમાં પડ્યા સિવાય, લાગણીઓના ઘેરા દબાણથી મુક્ત બની એક પ્રકારની શાંતિ અનુભવે છે. અમુક માનસિક સ્થિતિમાં તેને રાહત મળી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. આવી સ્થિતિમાં તે સાધારણ રીતે અતિશય ઉત્તેજિત (nervous), ચિંતાગ્રસ્ત, ભયયુક્ત, કાલ્પનિક બીકોથી ઘેરાયેલો, ઉશ્કેરાયેલો અથવા તો અતિશય ઉદાસ (depressed) માલૂમ પડે છે. ઘણીવાર આ માનસિક સ્થિતિને લીધે રક્તનું દબાણ વધે છે, નિદ્રા બરાબર આવતી નથી, પાચનક્રિયા મંદ પડે છે અને દર્દીના શરીર પર અસર થઈ તેની પ્રતિકાર-શક્તિ ઘટવાથી અન્ય રોગોને પ્રવેશ મળે છે. આ જાતનાં લક્ષણોને ડૉકટરો "psychosomatic symptoms" તરીકે ઓળખે છે. કોઈકવાર આ જાતની anxiety stateને લીધે માનસિક વિકૃતિ (complexes) ઉત્પન્ન

થાય છે અને દર્દીના વર્તનમાં વિચિત્રતા (neurosis) આવે છે અથવા તો તે હીસ્ટીરિયા, ઉન્માદ કે ગાંડપણુ (psychosis)નો ભોગ બને છે. આ બધી હાલતોમાં તેમ જ દારૂ કિંવા અન્ય કેફી પર્દાથોના અતિ-સેવનથી થયેલી અસરોને દૂર કરવામાં tranquilizersનો ઉપયોગ કરવામાં આવે છે.

સામાન્ય માણુસના જીવનમાં પણુ કોઈ કોઈ વખત અમુક પ્રસંગોએ, આકસ્મિક આઘાત, પ્રત્યાઘાતોને લીધે, આર્થિક સંકડામણુથી, શારીરિક કે માનસિક દુર્બલતાને લીધે અથવા અન્ય કારણોસર અસ્થાયી (temporary) ઉદ્વેગ પ્રવેશે છે. બેચેન બની તે કલાકો સુધી જાગતો પડી રહે છે અથવા રક્તનું દબાણુ એકદમ વધી જઈ તેને ચક્કર આવે છે કે નબળાઈ વર્તાય છે. આવે વખતે tranquilizers થોડા પ્રમાણુમાં લેવાથી આરામ અને સ્વસ્થતા મળે છે. ઈસ્પિતાલોમાં દરદીને ઓપરેશન અગાઉ કે સ્ત્રીઓને પ્રસૂતિ પહેલાં tranquilizers આપવાની સાધારણુ પ્રથા છે. થેલીડોમાઈડનો ઉપયોગ પણુ આ પ્રસૂતિ પહેલાની બીક દૂર કરવા માટે કરાયો હતો.

કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે અત્યંત ચિંતાતુર કે 'નરવસ' બની જાય છે. આ સંજોગોમાં પણુ tranquilizers અપાય છે. પાશ્ચાત્ય દેશોમાં, ખાસ કરીને અમેરિકામાં tranquilizersનો વપરાશ તો એક રોજિંદી ને સામાન્ય વસ્તુ બની ગઈ છે, અને જ્યારે જ્યારે ત્યાંના લોકો વિવશ કે ઉદ્વિગ્ન બને છે, ત્યારે એકદમ tranquilizersનો આસરો લે છે, અને દર વરસે નવાં શોધાયેલાં tranquilizersની સંખ્યામાં વધારો થતો રહે છે. એક અમેરિકન રિપોર્ટમાં જણુાવવામાં આવ્યું છે કે ૧૯૫૬માં તે દેશમાં લખાયેલા tranquilizersના પ્રીસ્ક્રીપશનોની સંખ્યા લગભગ ૩૫૦ લાખની થઈ હતી.

લગભગ સને ૧૯૫૦ સુધી tranquilizersના નામથી લોકો અજાણુ હતા: ત્યાર બાદ સને ૧૯૫૨માં સ્વીસ કેમીસ્ટોએ (સ્ટોલ અને તેના સહાયકો) "રીસરપીન" નામનું ઔષધ Rauwolfia Serpentina નામના છોડમાંથી પ્રાપ્ત કર્યું. આ છોડનું નામ સને ૧૫૮૨માં ઔષધોપયોગી વનસ્પતિઓના અભ્યાસાર્થે ભારત આવેલા પ્રસિદ્ધ વનસ્પતિવિદ્ રાવોલ્ફના માનમાં આપવામાં આવ્યું છે. મુખ્યત્વે આ છોડ હિંદ, જાવા અને મલાયામાં જોવામાં આવે છે અને હિંદમાં ખાસ કરીને હિમાલયની સપાટીનો પ્રદેશ, આસામ, બિહાર, દખ્ખણુ, ત્રાવણુકોર, વગેરે ઠેકાણે ઊગે છે. આયુર્વેદમાં આ છોડ વિશે ઉલ્લેખ છે અને ચરકસંહિતામાં આ છોડનાં મૂળ સર્પદંશ તથા બીજા જંતુઓનાં દંશ માટે ઉપયોગી હોવાનું જણુાવ્યું છે—જો કે આ કથનને વિશેષ સમર્થન મળતું નથી. ભારતમાં આ છોડનો ઉપયોગ અનિદ્રા, હીસ્ટીરિયા તથા ઉન્માદ વગેરે રોગોમાં થતો આવ્યો છે. સને ૧૯૫૪માં પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોએ રીસરપીનનું કેમીકલ બંધારણુ (structure) શોધી કાઢયું અને તેને ઉચ્ચ રક્તદબાણુના રામબાણુ ઇલાજ તરીકે તથા અગત્યના (tranquilizer) તરીકે તેનો ઉપયોગ સ્થાપિત કર્યો.

આ જ અરસામાં બીજા ઔષધ કલોરપ્રોમાઝીનની શોધ તથા તેની tranquilizer તરીકેની ઉપયોગીતા જાહેર થઈ. બે વિજ્ઞાનીઓ, ફોરનો (Fourneau) અને બોવે (Bovet)-એ તેમની પ્રયોગશાળામાં એવાં ઔષધો બનાવવાની શરૂઆત કરી કે જે adreralineની pharmacological અસરોને નાબૂદ કરે, ઘણી મહેનતને અંતે તેઓએ ફીનેરજેન

(phenergen) નામના antilistamine પદાર્થની શોધ કરી. આ જાતનાં બીજાં ઔષધો બનાવવા જતાં કલોરપ્રોમાઝીન શોધાયું જે શરૂઆતમાં તો શરીરનું ટેમ્પરેચર ઉતારવાના તથા ગર્ભવતી સ્ત્રીઓની ઉલટી બંધ કરવાના ઉપયોગમાં આવતું. આ ઔષધના tranquilizer તરીકેના ગુણધર્મ તો ઘણા મોડા જાણવામાં આવ્યા (૧૯૫૪માં). આમ નવાં tranquilizerની શોધનો તબક્કો શરૂ થયો અને કેટલાંયે નવીન ઔષધો બનાવવામાં આવ્યાં અને tranquilizer તરીકેની તેમની ઉપયોગીતા તપાસવામાં આવી, દા. ત. મેપાઝીન, ટ્રાઈમેપ્રાઝીન વગેરે.

સને ૧૯૫૯માં જેકબસને tranquilizersના બે વિભાગ કર્યા: 'મેજર' અને 'માઈનર'. જેકબસનની આ પદ્ધતિ સૌથી વધુ પ્રચલિત છે. રીસરપીન, કલોરપ્રોમાઝીન તથા એવા જ બંધારણનાં (phenothiazine group) ઔષધોની ગણના 'મેજર' tranquilizers તરીકે થાય છે. આ ઔષધોની અસર વધુ જલદ હોય છે જ્યારે 'માઈનર' tranquilizersની અસર પ્રમાણમાં ગૌણ હોય છે. 'માઈનર' tranquilizersમાં મેપ્રોબામેટ (tradename equanil or miltown) સૌથી વધુ જાણીતું છે. બીજાં 'માઈનર' tranquilizersમાં azacyclonol, hydroxyzine, oxanomide વગેરેનાં નામ આપી શકાય.

સાધારણ રીતે મોટા ભાગનાં tranquilizers central nervous system પર અસર કરે છે પણ તે અસર કેવી રીતે થાય છે તેના વિશેની માહિતી અપૂર્ણ છે અને એ માટેનું સંશોધન હજુ અધૂરું છે. એક મંતવ્ય એવું છે કે serotonin નામનો પદાર્થ, જેનું મગજમાં અસ્તિત્વ સાબીત કરાયું છે, એની અછતને લીધે માનસિક રોગો ઉદ્ભવે છે. પરંતુ આ રોગોમાં serotonin શું ભાગ ભજવે છે તે હજુ જણાયું નથી. બીજું મંતવ્ય એ છે કે epivepbrine નામના પદાર્થના metabolismમાં ગરબડ થવાથી (derangement) માનસિક રોગો ઉત્પન્ન થાય છે. કેટલાક પ્રયોગ દ્વારા બ્રોડી (Brodie) અને તેના સહાયકોએ પૂરવાર કર્યું છે કે રીસરપીન થોડા પ્રમાણમાં લાંબો વખત લેવાથી મગજમાં રહેલાં Serotoninના પ્રમાણમાં ચોક્કસ ઘટાડો થાય છે. બીજાં કેટલાંક ઔષધો પણ શોધાયાં છે કે જેના સેવનથી અમુક માનસિક રોગોનાં લક્ષણો થોડા વખત માટે મનુષ્યમાં ઉત્પન્ન કરી શકાય છે. આ જાતનાં ઔષધો તથા tranquilizers વચ્ચે શું સંબંધ છે તેના વિશેનું સંશોધન આ રોગોને નાબૂદ કરવામાં અતિ સહાયરૂપ થઈ પડશે એ નિર્વિવાદ છે.

અત્રે એક બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે. તે એ કે tranquilizers અને બીજાં ઔષધો, Sedative and hypnotics જે પણ 'નરવસ' અને excited સ્થિતિમાં આપવામાં આવે છે તે બેની વચ્ચે ફરક છે. "Sedatives and hypnotics have a depressing action on the nervous system causing sleepiness. The tranquilizers produce a detached serenity without clouding the consciousness or depressing the mental faculties. They do not produce such a deep state of sedation as to detach the patient from his environment. Unlike the hypnotics, the tranquilizers act primarily on sub-cortical areas of brain at different levels and hence have

different pharmacological properties and varying degrees of usefulness in specific conditions.

These pharmacological properties of tranquilizers are very complex. In addition to their action on the central nervous system, they may show antihistamine activity, atropine like properties, cause adrenergic nerves blockade or have direct actions upon smooth muscle. These properties may give rise to unwanted side effects. For example, reserpine is an important tranquilizer used as an antihypertensive, but its side effects include diarrhoea, nightmares, mental confusion and serious mental depression. Similarly, chlorpromazine in addition to its tranquilizing action is used as an anti-emetic and in dermatology as an antipruritic, but its harmful-effects include jaundice or rigidity of arms and legs. Other tranquilizers like plathalidomide lead to physical deformity; while some others lead to psychological disorders like kleptomania (જેમાં માણસને ચોરવાની વૃત્તિ થાય). Even the minor tranquilizers are not free from side effects like giddiness, dryness of mouth, blurred vision etc."

આ બધું જોતાં tranquilizersનો ઉપયોગ ખૂબ જ સમજપૂર્વક અને સંભાળથી થવો જોઈએ. ડૉક્ટરની સલાહ અને દેખરેખ અત્યંત આવશ્યક છે. Tranquilizersના વપરાશ વિશે અમેરિકન સાઇકીઆટ્રીક એસોસીએશન લખે છે: "They have not been in use long enough to determine the full range, duration and medical significance of their side effects".*

---

* ગુજરાતી સાહિત્યપરિષદના વિલેપારલેના અધિવેશનમાં વંચાયેલો નિબંધ.

ગ્રન્થાવલોકન

ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર: લેખક: અધ્યાપક કેશવરામ કા. શાસ્ત્રી; પ્રકાશક: ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ-૪; પૃ. ૧૬ + ૩૪૦, મૂલ્ય ચાર રૂપિયા.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનાં વ્યાકરણો લગભગ સ્થિર અને નિયમબદ્ધ થઈ ગયાં છે. પરંતુ ગુજરાતી ભાષાના વ્યાકરણનું સંશોધન અને આલેખન, જૂની ભાષાભૂમિકાઓને લક્ષમાં રાખીને કરવાની અગત્ય ૩૦ – ૪૦ વર્ષથી સ્વીકારાઈ છે. વ્યાકરણ, કોશ, પિંગળ, ભાષાશાસ્ત્ર જેવા શુષ્ક લાગતા વિષયોમાં રસ લેનારા વિદ્વાનો વિરલ હોય છે. ગુજરાતી ભાષા અને વ્યાકરણના ક્ષેત્રમાં, નર્મદાશંકર કે મહીપતરામથી માંડી જોસેફ ટેલર, કમળાશંકર ત્રિવેદી, નરસિંહરાવ દિવેટિયા, બેચરદાસ દોશી, કાન્તિલાલ વ્યાસ, ભોગીલાલ સાંડેસરા, હરિવલ્લભ ભાયાણી, ગોકલભાઈ પટેલ, પ્રબોધ પંડિત, કેશવરામ શાસ્ત્રી વગેરે વિદ્વાનોનાં લખાણો અભ્યાસપાત્ર છે. અત્યાર સુધીનાં વ્યાકરણો મુખ્યત્વે રૂઢિબદ્ધ રીતે વર્ણનાત્મક પદ્ધતિથી લખાયેલાં હતાં, અને તેમાં વિવિધ જીવંત બોલીઓનાં બધાં અંગોની તુલનાત્મક ચર્ચાનો સમાવેશ થયેલો ન હતો. જેને સંપૂર્ણ રીતે શાસ્ત્રીય કહી શકાય છતાં જેનું પરિશીલન રસપ્રદ નીવડી શકે એવા ગુજરાતી વ્યાકરણશાસ્ત્રની અપેક્ષા આજ પર્યંત અતૃપ્ત રહેવા પામી છે.

કેશવરામ શાસ્ત્રી જેવા સંસ્કૃત અને ગુજરાતી ભાષાના અધ્યાપક અને સંશોધનવૃત્તિના વિદ્વાને ગુજરાતને ચરણે ૧૭-૧૮ ગ્રન્થોની ભેટ ધરી છે. તેમાં (૧) અનુશીલન, (૨) અક્ષર અને શબ્દ, (૩) ગુજરાતી વાગ્વિકાસ, (૪) ગુજરાતી રૂપરચના, (૫) ગુજરાતી ભાષાશાસ્ત્ર, ભા–૨, (૬) ગુજરાતી ક્રમિક વ્યાકરણ ભા–૩ જેવા—ગુજરાતી ભાષાનાં શાસ્ત્ર, વ્યાકરણ, જોડણી, લિંપિ વગેરે વિષયો પર સવિગત શાસ્ત્રીય અને સંશોધનમૂલક ચર્ચાને આવરી લેનાર—ગ્રન્થોમાં શ્રીયુત શાસ્ત્રીની વ્યુત્પન્ન વિદ્વત્તા અને પ્રતિભાની વાચકને પ્રતીતિ થાય છે.

પ્રથમ દર્શને અવલોકન કરતાં જણાયું છે કે, 'ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર'ના ગ્રન્થની સંકલના અને પરિપાટી મોટે ભાગે પરંપરાનુગત છે. અને વર્ણ અને શબ્દ વિષે લેખકે બને તેટલી શાસ્ત્રીય દૃષ્ટિ જાળવીને—'સંસ્કૃત અને અંગ્રેજી ભાષાની વ્યાકરણપદ્ધતિનો વિવેક જાળવવાને પણ'—સરળ સુબોધ ભાષામાં ઉદાહરણો સહ વિસ્તૃત ચર્ચા કરવાનો, અને તે દ્વારા ગુજરાતી ભાષાના આગવા વ્યક્તિત્વને પ્રકટ કરવાનો સારો પ્રયત્ન કર્યો છે.

વર્ણ, આભ્યંતર અને બાહ્ય પ્રયત્ન, લઘુ પ્રયત્નનાં સ્વરિત ઉચ્ચારણો, બલાત્મક અને સાંગીતિક સ્વરભાર, વિવિધ પ્રકારના સંધિ, શબ્દોની વર્ગણી, નામ, સર્વનામ, વિશેષણ, ધાતુના ગણ અને કૃદંતો, ક્રિયાપદના કાળ અને અર્થ, પ્રયોગ–રૂપાખ્યાન, ક્રિયાવિશેષણ, પૂર્વગો, પ્રત્યયો અને સમાસ. આ વિષયોને લગતાં તમામ અંગોની ચર્ચા પ્રસ્તુત ગ્રન્થમાં ઝીણવટપૂર્વક કરવામાં આવી છે. પરંતુ આશ્ચર્યની તો વાત એ છે કે, વ્યાકરણશાસ્ત્રના મુખ્ય ત્રણ વિભાગ—(૧) વર્ણ, (૨) શબ્દ, અને (૩) વ્યાકરણ—પૈકી લેખકે પ્રથમ બે વિભાગના વિષયો વિષે

૩૩૯ પાન સુધી સાંગોપાંગ ચર્ચા કરી છે; પરંતુ 'વાક્ય' વિષે તેમણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. લેખકે આ ગ્રન્થને પ્રથમ ભાગ ગણી 'વાક્યવિચાર'નો બીજો ભાગ સ્વતંત્ર ગ્રન્થ તરીકે પ્રકટ કરવા ધાર્યું હોય, એવું અનુમાન, માત્ર પૃ. ૧૪૬ પરના એક જ વાક્ય પરથી તથા છેવટના એક જ પાનના 'ઉપસંહાર'માં તેમણે કરેલા આછા નિર્દેશ પરથી થઈ શકે છે. તે સિવાય 'ભૂમિકા'માં કે અન્યત્ર ક્યાંય આ બાબતનો ઇશારો સરખો ય જોવા મળતો નથી. આ બાબતનો અત્રે ઉલ્લેખ કરવાનું કારણ એટલું જ કે કર્તાએ પુસ્તકને 'ગુજરાતી વ્યાકરણ**શાસ્ત્ર**' એવું શીર્ષક આપેલું છે! .

તે જ પ્રમાણે, પ્રસ્તુત વ્યાકરણગ્રન્થને કેવળ 'સિદ્ધાંતાત્મક' બનાવવાનો લેખકનો આશય હોવાથી, તેમણે 'શબ્દવિચાર'ના ખંડમાં પણ માત્ર સિદ્ધ શબ્દસ્વરૂપોનો જ વિચાર-વિમર્શ કર્યો છે. ગુજરાતી ભાષાના વિકાસમાં શબ્દાન્તર્ગત સ્વરૂપમાં—શબ્દના ધ્વનિદેહમાં—જે વિવિધ પરિવર્તનો થતાં આવ્યાં છે તેનું અત્રે (વ્યાકરણ 'સૈદ્ધાન્તિક'ને બદલે 'ઐતિહાસિક' સ્વરૂપનું બનવાના સંદેહથી) સહેજ પણ નિરૂપણ કે વિવેચન કર્યું નથી.

અંતમાં, આ ગ્રન્થમાંથી ઊપસી આવતી કેટલીક લાક્ષણિકતાઓનો નિર્દેશ કરવો જરૂરી જણાય છે:

(૧) ભાષાવિજ્ઞાનમાં સ્વરભારનું સ્થાન મહત્ત્વનું મનાયું છે. શબ્દોના અને તેથી ભાષાના સ્વરૂપપરિવર્તનમાં સ્વરભારે બહુ મોટો ભાગ ભજવ્યો છે. સ્વરભારપ્રધાન યુરોપીય ભાષાઓ અને શ્રુતિપ્રધાન ભારતીય ભાષાઓની સ્વરભારપદ્ધતિ ઘણી બાબતોમાં જુદી પડે છે. આ સંબંધમાં પશ્ચિમના અને આપણા પંડિતોએ ઠીક ઠીક ઊહાપોહ જગાવેલો છે. શ્રી. ઉમાશંકર જોશીએ તો આ મુદ્દાને અછંદ કાવ્યબંધ (Blank verse)ની શક્યતા સાથે સાંકળ્યો છે. શ્રી. કેશવરામ શાસ્ત્રીએ પ્રસ્તુત પુસ્તકમાં આ વિષયની સવિસ્તર વૈજ્ઞાનિક આલોચના કરી નથી. તેમણે તો બલાત્મક અને સાંગીતિક સ્વરભાર (Pitch અને Stressના accent)નું વર્ગીકરણ કરીને, એ વિષયમાં જીવંત ગુજરાતી ભાષામાં પ્રવર્તતા નિયમોની તારવણી (થોડાંક સચોટ ઉદાહરણો સહ) કરી આપી છે. 'સાંગીતિક'ના વિકલ્પ તરીકે તેમણે 'આરોહ-અવરોહાત્મક' અને 'બલાત્મક'ના વિકલ્પ તરીકે 'આઘાતાત્મક' શબ્દો પ્રયોજ્યા છે.

(૨) જોડણીના સંબંધમાં તો તેમણે શિક્ષકોને સ્પષ્ટ ચેતવણી આપી છે કે:

"જોડણી એ તો માત્ર લેખનમાં એકવાક્યતા અને સરળતા લાવવાને સ્વીકારવામાં આવેલો વહેવારુ ઉકેલ છે; એ પ્રમાણે ઉચ્ચારણો કરવા જતાં ભાષાનું જીવંત સ્વરૂપ નષ્ટ થઈ જાય છે અને એ મૃત પરિસ્થિતિમાં ઘસડાઈ જાય છે; ભાષાનું ભાવપ્રદર્શન એનાથી જોખમાય છે." (પૃ. ૪૪).

(૩) અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં વ્યાકરણોમાં દર્શાવેલા મતથી જ્યાં ભિન્ન મત દર્શાવ્યો છે ત્યાં તેઓએ સંપૂર્ણ ચર્ચા કરી હોત તો સારું થાત. અત્રે માત્ર '**વ્યંજન**' શબ્દ અપવાદ રૂપ છે. 'વ્યંજન' શબ્દની સુપ્રચલિત વ્યાખ્યા '**વિશેષ અંજન જેમાં થાય છે તે**' એ પ્રમાણે જોવા મળે છે. શ્રી. શાસ્ત્રી તેને આ રીતે દર્શાવે છે: "वि ઉપ + अञ्ज

(ગ. ૭, પરસ્મૈ.) 'વ્યક્ત કરવું', ખુલ્લું કરવું' ઉપરથી કર્મણિ અર્થે **व्यज्यते**—જેને વ્યક્ત કરવામાં—ખુલ્લો કરવામાં આવે છે (બીજાની મદદથી) તે 'વ્યંજન.' તેઓ **व्यञ्जन** શબ્દને 'વ્યક્ત થવું' એ અર્થના કર્મણિ કૃત્પ્રત્યય સાથેના વિકસિત શબ્દનું રૂપ હોવાનું માને છે. પાશ્ચાત્ય ભાષાશાસ્ત્રીઓના સામાન્ય વર્ગીકરણ પ્રમાણે **व्यञ्जन** એ Action-noun કહી શકાય, Agent-noun નહીં.

(૪) શ્રી નરસિંહરાવ દિવેટિયાએ ઉચ્ચારણપ્રક્રિયાની દૃષ્ટિએ 'એ' અને 'ઓ'ને સંવૃત તથા 'ઍ' અને 'ઑ'ને વિવૃત સ્વરો તરીકે ગણાવ્યા છે. શ્રી કેશવરામ શાસ્ત્રીના મતે ચાલુ બધા જ સ્વર ('એ' અને 'ઓ' પણ) વિવૃત હોઈ, 'ઍ' 'ઑ' અને 'અ'નો દીર્ઘ ઉચ્ચાર 'આ' વિવૃતતર છે.

(૫) વહાલું, વહાણ, મહોર, શહેર, કહે, રહે, કહીં, જહીં—જેવા શબ્દોમાંના 'હ'ના સ્વરિત ઉચ્ચારણ બાબત શ્રી શાસ્ત્રી એક નવીન સૂચન કરે છે. જૂની ગુજરાતીમાં તો વ્યંજન જુદો પાડવામાં આવતો પણ 'હ' માંનો સ્વર એ વ્યંજનમાં પણ લખાતો (દા. ત. વાહાલું, વાહાણ વગેરે). શ્રી નરસિંહરાવે તો વ્યંજન અડધો કરી 'હ' જોડવાની સૂચના કરી હતી. (દા. વ્હાલું) પરંતુ શ્રી શાસ્ત્રી તો સ્વરિત દશાના 'હ'ના ઉચ્ચારણને બતાવવા કામચલાઉ વિસર્ગચિહ્ન (:) વાપરવાની સંભાવના કરે છે ! (દા. ત. વાઃલું, વાઃણ, મોઃર, શેઃર, કેઃ, રેઃ, કૈંઃ જૈં. જૈંઃ—વગેરે.)

(૬) કેટલાક રૂઢ થયેલા પારિભાષિક શબ્દો માટે પણ લેખક નવા શબ્દો યોજે છે. દા. સ્વરભારવાળા સ્વરોની પછીની અથવા વચ્ચેની શ્રુતિમાંના 'અ' કે 'ઇ' જેવા સ્વરોનું ઉચ્ચારણ તદ્દન સ્વલ્પ હોય છે, ત્યારે તેને માટે સ્વ. કમળાશંકર ત્રિવેદી અને સ્વ. કેશવ હ. ધ્રુવે અનુક્રમે 'શાંત' અને 'દ્રુત' શબ્દો યોજ્યા છે. શ્રી શાસ્ત્રી તેને 'લઘુપ્રયત્ન' શબ્દથી ઓળખાવે છે.

(૭) બે સ્વરોના મધ્યમાં આવેલા ડ-ઢને સ્વ. નરસિંહરાવે 'મૂર્ધન્યતર' કહ્યા છે. શ્રી શાસ્ત્રી તેને 'અર્ધતાલવ્ય' હોવાનું જણાવે છે.

(૮) નામના પ્રકારોમાં 'જાતિવાચક', 'સંજ્ઞાવાચક' તથા 'દ્રવ્યવાચક' (કે 'પદાર્થ-વાચક')—એ પ્રચલિત સંજ્ઞાઓ શ્રી શાસ્ત્રીના મતે અતિવ્યાપ્તિથી દૂષિત હોઈ અગ્રાહ્ય ઠરે છે. તેમનાં સ્થાને તેઓ અનુક્રમે 'સામાન્ય,' 'વિશેષ' (કે 'વ્યક્તિવાચક') અને 'વસ્તુવાચક' એ સંજ્ઞાઓ તર્કશુદ્ધ અને નિર્દોષ હોવાનું સૂચવે છે.

(૯) કેટલાક શબ્દોના અર્થ વ્યવહારમાં જે રીતે રૂઢ થયેલા છે તેનાથી ભિન્ન અર્થમાં લેખક કોઈ કોઈ વાર વાપરે છે. આથી વાકયમાં જે સ્થળે તે શબ્દ વંપરાયો હોય તે સ્થળે તો તે શબ્દ ઉચિત લાગતો નથી, પરંતુ કવચિત્ એ પ્રયોગ હાસ્યાસ્પદ બની રહે છે. દા. ત. 'આર્થિક' (અર્થ+ઇક)નો રૂઢ અર્થ 'અર્થ (ધન)ને લગતું' (financial or economical) એવો થાય છે. પરંતુ લેખકે કરેલો આ શબ્દનો પ્રયોગ નીચેના વાકયસંદર્ભમાં કંઈક વિલક્ષણ લાગે છે !

"સ્વરૂપથી આ એક જ શબ્દ કે એક જ વર્ણનાં વાકય છે, પરંતુ આર્થિક રીતે તો એમાં એક કરતાં વધુ શબ્દો છે; જેમ કે '(તું) જા.' 'એ (છે.)'.........."

(૧૦) જીવંત ભાષાની ઉચ્ચારણ પદ્ધતિ-પરિસ્થિતિને અનુસરીને તથા 'ઇ' પછી શબ્દના અંતર્ગત સ્વરૂપમાં સ્વર આવતાં મધ્યકાલીન ગુજરાતીની ભૂમિકાથી વચ્ચે લઘુપ્રયત્ન 'ય' શ્રુતિ ઉમેરી લેવાના સામાન્ય ધોરણને લીધે, લેખક પ્રસ્તુત ગ્રન્થમાં સર્વત્ર, 'કહિયે છિયે', 'કરિયે છિયે,' 'રાખિયે,' 'ઇચ્છિયે,' 'મેળવિયે'......(કહીએ, કરીએ, રાખીએ...... વગેરે— વિનીત જોડણીકોશમાં દર્શાવેલાં—રૂઢ રૂપોને બદલે) એ પ્રકારના પ્રયોગો કરે છે.

(૧૧) વનવાસ, મુંબઈવાસ......જેવા સમાસોને લેખકે ષષ્ઠી તત્પુરુષમાં મૂક્યા છે. ખરેખર તો તે અધિકરણવાચક હોઈ સપ્તમી તત્પુરુષમાં મુકાવા જોઈએ.

તે જ પ્રમાણે 'આગની ગાડી' 'આગની બોટ' એવા વિગ્રહો કરી 'આગગાડી' 'આગબોટ' જેવા સમાસોને પણ લેખકે (મધ્યમપદલોપીને બદલે) ષષ્ઠી તત્પુરુષમાં દર્શાવેલા છે! વળી કાર્યકર, ધર્મધર, વિદ્યાધર, ગંગાધર, વિત્તહર, દોષજ્ઞ, સર્વજ્ઞ, મર્મજ્ઞ, કૃતજ્ઞ—જેવા શબ્દોમાં છઠ્ઠી વિભક્તિનો સંબંધ દર્શાવીને લેખકે તેમનો સમાવેશ પણ ષષ્ઠી તત્પુરુષમાં કર્યો છે. ખરેખર તો આ શબ્દોમાં ઉત્તરપદ ક્રિયાસૂચક હોવાથી, તેને ઉપપદ તત્પુરુષ કહેવા જોઈએ.

મુદ્રણમાં ઘણા ટાઈપો તૂટલા માલમ પડ્યા છે, તેથી વિરામચિહ્નો, અનુસ્વાર ઉપરાંત 'શ્રુતિ' શબ્દનું હ્રસ્વ વરડું લગભગ બધે સ્થળે ઊડી ગયેલાં છે. બીજી આવૃત્તિ વખતે મુદ્રણ-દોષો ટાળી શકાય.

ટૂંકમાં, શ્રી. કેશવરામ શાસ્ત્રીનો આ પ્રયત્ન પ્રશસ્ય અને ઉપકારક છે. તાત્ત્વિક છતાં રસમય સ્વરૂપે વ્યાકરણો લખાય અને શીખવાય, એ ભાષાશિક્ષણમાં—ખાસ કરીને અત્યારના તબક્કે—ખૂબ જ જરૂરી છે. આવા ગ્રન્થો વિદ્યાર્થીઓને, અભ્યાસીઓને અને નાનાંમોટાં ગુજરાતી વ્યાકરણો લખનારા વિદ્વાનોને ખૂબ ઉપયોગી નીવડશે એમાં શંકા નથી.

મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર)

* * *

વિવેચના: બીજી આવૃત્તિ, ૧૯૬૪. કર્તા—પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી; પ્રકાશક: શંભુલાલ જગશીભાઈ શાહ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૧૨ + ૩૪૯; કિંમત ૭ રૂપિયા.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૩૯માં પ્રગટ થઈ હતી. આ નવી આવૃત્તિમાં, ગુજરાત સાહિત્ય સભા તરફથી લેખકે ૧૯૪૦માં કરેલાં વાર્ષિક અવલોકનનો—લલિત વાઙ્મયની સમીક્ષાનો વિભાગ ઉમેરવામાં આવ્યો છે.

'ભાવના સૃષ્ટિ' જેવી પ્રારંભની સર્જનાત્મક કૃતિને બાદ કરીએ તો, ૧૯૨૪ થી ૧૯૪૦ સુધીના શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના વિવેચનલેખોનો પ્રથમ સંગ્રહ તે આ 'વિવેચના'. 'વિવેચના'માં ગ્રંથોની સમીક્ષા છે, ગ્રંથકારોના અક્ષરદેહની માર્મિક અને તલગામી આલોચના છે, સાહિત્ય-વલણોનું જે તે યુગના સંદર્ભમાં કરેલું વિવેચન તેમ જ સાહિત્યતત્ત્વ અંગેની વિશદ વિચારણા પણ છે.

‘વિવેચના’ની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં લેખકે કહ્યું છે કે “સિદ્ધાન્તોનું ચિંતન, જીવનમાં લાગણીઓનો સમૃદ્ધ અનુભવ અને સાહિત્યદ્વારા—કલા દ્વારા રસાનુભવ વાચકને વેદનપટુ કરે તથા તેનું રુચિતંત્ર શુદ્ધ કરે, એ વ્યાપાર ચાલતાં ચાલતાં, રુચિ વિકસતાં વિકસતાં એવી આદર્શ સ્થિતિ પ્રાપ્ત થાય જેમાં સિદ્ધાન્તોનો સંપ્રજ્ઞાત વિનિયોગ કરવાનો રહે નહીં, અને કવિ જેમ અંતઃસ્ફુરણાથી સર્જન કરતો જણાય છે તેમ વિવેચક વિવેચન પણ કરે.”

આ દૃષ્ટિએ, ‘વિવેચના’માં સ્વાભાવિકપણે અને અસંપ્રજ્ઞાત રીતે સાહિત્યના સિદ્ધાન્તોનો કેવો સહજ વિનિયોગ થઈ ગયો છે તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

“શૈલીનું ગૌરવ ભાષાની સંસ્કારિતા માગી લે છે. સંસ્કારી ભાષા એટલે શુદ્ધ અને ખપજોગી નહીં, અપરિચિત લાગે તો ભલે, પણ હલકા અધ્યાસવાળા એક પણ શબ્દ વગરની”. (પૃ. ૬૧)

“વિવેચકની વ્યક્તિતાની કોઈ પણ સારીખોટી છાપ વગરનું શુદ્ધ વિવેચન સંભવતું નથી. એ વાત વિવેચનમાં સમભાવનું સ્થાન નક્કી કરે છે, ××× આ સમભાવને માઝામાં રાખનાર ગુણ સમતોલતા છે.” (પૃ. ૮૯)

“નવલકથાકાર એ પ્રથમ કલાકાર છે, રમણીય અને પરોક્ષ રીતે પણ ઉપદેશ આપવો એ એની ફરજ નથી. અલબત્ત, જેટલે અંશે કલા અને જીવનનો સંબંધ છે તેટલે અંશે કંઈને કંઈ ઉપદેશ છુપાયો હશે, પણ તે તેનો ઉદ્દેશ નથી. કલાને કલા તરીકે તપાસો; ઉપદેશ હશે તો તેનું કામ તે કરી લેશે.” (પૃ. ૯૪)

“વિવેચનવ્યાપારમાં ઐતિહાસિક અને વૈયક્તિક બાધક તત્ત્વો જેટલે અંશે ન જિતાય તેટલે અંશે વિવેચન નિષ્ફળ.” (પૃ. ૧૦૧)

“કવિતામાં શબ્દપસંદગી વિશે રુચિવૈવિધ્ય હોય છે, અને સિદ્ધાન્તભેદ સંભવે છે. ××× અતિપરિચયથી લપટા થઈ ગયેલા શબ્દ જેમ કાવ્યત્વને નથી પોષતા તેમ ગ્રામ્ય શબ્દ પણ નથી પોષતા. રોજિંદા વ્યવહારમાં વપરાતા સકળ શબ્દ ગ્રામ્ય ના ગણાય. જે શબ્દ ભણકારસંગ—(associations)થી જીવનવ્યવહારનાં અતિપરિચિત, ન સુંદર ને ન ઉચ્ચ, આલેખનવિષયને ન અનુરૂપ, દશ્યો ખડાં કરે તેને ગ્રામ્ય ગણવો.” (પૃ. ૧૦૩)

“ભાવ અને કલ્પનાની સુંદરતા એ કવિતાની છેલ્લી કસોટી ગણાય.” (પૃ. ૧૫૪)

“અર્થસ્પષ્ટતા અને વિચારવ્યવસ્થા આવ્યા પછી પણ ધ્વનિથી જ સાધ્ય એવો સૌન્દર્ય અને રસનો પ્રદેશ આકાશ જેટલો અનંત છે.” (પૃ. ૧૯૦)

તત્કાલીન વૈશ્વિક પરિસ્થિતિ અને આપણાં સામાજિક પરિબળોના સંદર્ભમાં ‘ઓગણ-ચાલીશ’ના સાહિત્યની સમીક્ષા કરતાં શ્રી. વિષ્ણુભાઈએ આપણે ત્યાં થતી ભાષાંતરપ્રવૃત્તિ તરફ સૌ અભ્યાસકોનું ધ્યાન દોર્યું છે તે લક્ષમાં લેવા જેવું છે.

“પરંતુ ઢંગધડા વગર, ધોરણ વગર, નિયમ વગર આપણે ભાષાન્તરોનો ટોપલો ફેરવીએ છીએ તે જરા શરમભર્યું છે. અમલદાર પાસ મેળવી નાટક જોવા જાય, ધનિક વેદપુરુષ જન્મહક્ક

સાચવવા દક્ષિણા લેવા જાય, તેવો આ દેખાવ છે. ભાષાન્તર કરો, જરૂર; શરદ્ચંદ્ર, બંકિમચંદ્ર, ટાગોર, પ્રેમચંદ શિષ્ટમાન્ય છે; તેમની ઉત્તમ કૃતિઓનાં અધિકારી વિદ્વાનો અનુરૂપ ભાષાન્તરો કરે; પણ કાછિયણો જેમ સારું ખોટું શાક ટોપલો લઈ વેચવા ફરે તેમ શરદ્ચંદ્રનો ટોપલો ફરે એમાં શરદ્ચંદ્રનું બહુમાન નથી અને આપણું ગૌરવ નથી. ”

આપણી બેસમજ ભાષાન્તરપ્રવૃત્તિ તરફ અંગુલિનિર્દેશ કરતો આ ગદ્યખંડ શ્રી. વિષ્ણુપ્રસાદની સમતોલ અને ચિત્રાત્મક વિવેચનશૈલીનું ઉત્તમ ઉદાહરણ પણ છે.

ગ્રંથકારોનાં જીવન અને કવનની સમીક્ષા કરતાં કરતાં શ્રી. વિષ્ણુપ્રસાદ ગુજરાતના સામાજિક જીવનની આલોચના પણ કર્યે ગયા છે. નર્મદ વિશેના લેખમાં તેમણે કહ્યું છે : “ જમાને જમાને ૧૮૭૦ પહેલાંનો નર્મદાશંકર ગુજરાતને જોઈએ છે, ‘ ધર્મવિચાર ’ના નર્મદાશંકરોનું કામ જીવનમાં ઊંડી જડ ઘાલી બેઠેલી પ્રણાલિકાઓ, રૂઢિઓ વગર કહ્યે કર્યે જ જશે. ” ૧૯૩૩માં નર્મદજયંતી પ્રસંગે નર્મદભક્તોને ન રુચે એવું નર્મદની કવિતાનું દોષદર્શન જરા અનાગર સ્પષ્ટતાથી કોઈએ કર્યું તેથી નર્મદપૂજકો ખિજાઈ ગયા. ‘ વિવેચના ’ના લેખકે તે પ્રસંગનું વિશ્લેષણ કરતાં જણાવ્યું કે “ ગુજરાતી બૌદ્ધિક જીવનનો જ દોષ છે કે મહાપુરુષનો ભાવિક ભક્ત ન થઈ શકે તેને તેનો વિરોધી જ ગણવો. પંથભક્તોની અસહિષ્ણુતા અસાધ્ય રોગની પેઠે ઘર કરી બેસી આપણા સંસ્કારી જીવનને મર્યાદિત બનાવી જાય છે. ”

આખા જનસમૂહના સંસ્કારની મર્યાદા જેને કઠે છે એ વિષ્ણુપ્રસાદ “ કવિનું ‘મહાસુદર્શન’ ” લેખમાં ઉચ્ચતમ કવિતાની આલોચના કરતાં કહે છેઃ “ કવિતામાં બધા શબ્દો સાદા ગુજરાતી હોય તો પણ કલ્પનાની ભવ્યતાને લીધે કે ભાવ કે અનુભવના સુંદર આલેખનને લીધે કવિતા લોકભોગ્ય ના બને. ઉચ્ચતમ કવિતા સંસ્કૃતનું જ્ઞાન માગી નથી લેતી પણ હૃદયની કેળવણી માગી લે છે. આખો જનસમૂહ સંસ્કારની એ કક્ષાએ ક્યારે આવશે ? ન જાને. ”

શ્રી. વિષ્ણુપ્રસાદની સાહિત્યિક અભિરુચિના ઘડતરમાં ગોવર્ધનરામ, નરસિંહરાવ, આનંદશંકર વગેરેનો ફાળો અસાધારણ છે. એમના પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કરતાં, ‘ પરિશીલન ’ની પ્રસ્તાવનામાં તેઓ નોંધે છેઃ “ આપણી ભૂમિમાં નરસિંહરાવ, આનંદશંકર આદિ તેજસ્વી વિદ્વાનો અર્વાચીન સમયમાં પાકયા છે, અને આજે આટલે વર્ષે એ વિદ્વાનોનો હું એક પ્રકારનો વિદ્યાર્થી છું એટલું જ ગૌરવ લઈ શકું.” કેવી વિનમ્રતા ! કેવો આદરભાવ ! આમ છતાં વિષ્ણુભાઈ એમના એ આદરણીય વિદ્વજ્જનોનાં સર્જનની આલોચના કરતાં વિવેચક તરીકેની એમની તટસ્થતાને ભાગ્યે જ ચૂકે છે.

નરસિંહરાવ અને નાનાલાલની કવિતાની વાત કરતાં તેઓ સ્પષ્ટ વાણીમાં લખે છે : “ નરસિંહરાવની કવિતા ઊંચી કોટિની છે પણ તેના ધ્વનિઝંકારથી વિદ્વાનો પણ ભાન ભૂલ્યા. નાનાલાલની કવિતા અદ્ભુત છે પણ તેના કેવલ સંગીતતત્ત્વની મૂર્છા હજી (૧૯૩૩માં) પ્રજાને વળી નથી; અને ટૂંકા ટૂંકા ચાવેલા ભાવવાળા રાસ અને લોકગીતની અતિશય તારીફ કરવામાં પ્રજાની મોટી ભૂલ થઈ છે. ”

ગોવર્ધનરામની ભાવનાસૃષ્ટિના આજીવન ઉપાસક શ્રી. વિષ્ણુપ્રસાદ જ્યારે ‘ સરસ્વતીચંદ્ર ’ની આલોચના કરવા બેસે છે ત્યારે તટસ્થ ભાવે એના કર્તાની મર્યાદાઓ સ્પષ્ટતાથી જણાવે છે.

"નવલકથામાં ('સરસ્વતીચંદ્ર') વિચારપ્રદર્શન ઓછું કરી, આચારનું આલેખન જો વધારે કર્યું હોત, ને સમાજનીતિ, રાજનીતિ અને ધર્મ સંબંધી જુદાં જ પુસ્તક લખ્યાં હોત તો આ નવલકથાનું સ્વરૂપ હાલની નવલકથા જેવું થાત અને જનસમાજને કદાચ વધારે લાભ થાત." આ જ રીતે આનંદશંકરભાઈ માટે તેમણે તેમના 'મધુદર્શી સમન્વયકાર' લેખમાં કહ્યું છે: પરંતુ આ મધુદર્શન જેટલું જ્ઞાનવર્ધક છે, તેટલું ક્રિયાપ્રેરક નથી; તેમાં સૌમ્યતા છે પણ જોશ નથી; તેમાં સાવધાનીનો મંત્ર છે પણ સ્પષ્ટ વેગીલું નેતૃત્વ નથી. આ મધુદર્શન જીવન્ત સર્વગ્રાહી વિચારણા માટે આવશ્યક છે અને તેનો સમન્વિત સ્થિતિમાં તેમના માનસમાં પરિપાક થયો છે, પણ પંડિતાઈની મર્યાદાઓ તોડી નાખી, સળંગ કલમબદ્ધ સર્વગ્રાહી સર્જનાત્મક (તેમના આત્મામાંથી સીધો ઊગતો હોય તેવો, ટીકાની કે ભાષ્યની ઉપનીપજ જેવો નહીં) વિચારગ્રંથ તેમણે આપ્યો નથી."

હવે, અન્ય સાહિત્યકારોની કૃતિઓનું અવલોકન કરતાં 'વિવેચના'કારે સંક્ષેપમાં પણ કેવી સચોટ અને અર્થગંભીર વાણીમાં અભિપ્રાયો વ્યક્ત કર્યા છે તે જોઈએ.

લલિતજીનાં કાવ્યો અંગેનું વિષ્ણુભાઈનું મિતાક્ષરી મંતવ્ય છે કે "ભાવમાર્દવ અને કર્ણપ્રિયતા, સંયમ વગર અસ્વસ્થ ઘેલાઈ અને ઘોંઘાટમાં પરિણમે છે; અને અર્થમાં દુર્બોધિતા આણતું આ લક્ષણ લલિતનાં નવાં કાવ્યોમાં ઘટ્યું નથી, વધ્યું છે." ગો. મા. ત્રિ. અને મુનશીની નવલકથા અંગે કહેવાયું છે કે "જે સ્વરૂપની નવલકથાઓ આપણે યુરોપથી આવેલી વાંચી તે સ્વરૂપની આપણે લખી, જગતનવલકથાના વિકાસમાં નથી કર્યું પ્રસ્થાન ગોવર્ધનરામે કે નથી કર્યું મુનશીએ." 'કાવ્યજ્ઞની કવિતા'માં રા. વિ. પાઠક સાથેની પ્રત્યક્ષ વાતચીતનો ઉલ્લેખ નોંધતાં વિષ્ણુપ્રસાદ કહે છે: "× × × પણ હું તો કાન્તને સંભારું છું કેમ જે કલા ઉપરાંત કાન્તના જેવી ટાઢાશ તમારામાં છે. There is art but no ardour. સૌન્દર્ય છે, લાગણી છે, પણ ભાવાવેગ નથી. મારે તો કવિતામાં ભાવાવેગ જોઈએ." એવું જ વિષ્ણુભાઈનું ક. દ. ડા.ની કવિતાનું મૂલ્યાંકન ખૂબ જ નોંધપાત્ર છે." કવિ દલપતરામમાં, એક કવિ પાસે માગીએ એવી તેજસ્વી પ્રતિભા નથી; ઉપમાઓનો તેની પાસે પુરાણો થોકડો છે; પણ ભાન ભુલાવે, જગત ભુલાવે, જીવતર ફેરવે એવી કલ્પના નથી; ઊર્મિ નથી. × × × ક. દ. ડા. સૌન્દર્ય વર્ણવતાં સૌન્દર્ય ઉપજાવી શકતા નથી, કારણ કે સુંદરતા સંબંધી તેમને ચોક્કસ ખ્યાલ નથી." 'આપણી કવિતાસમૃદ્ધિ'ના સંપાદનમાં વર્તાતી ઊણપ તરફ છેક ૧૯૩૧માં વિષ્ણુભાઈએ સાહિત્યકારોનું ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો છે. "—આ હિસાબે અપદ્યાગદ્યનો અહીં સમાવેશ થવો જોઈતો હતો; નથી થયો એટલે અંશે આપણા છયાસી વર્ષના કાવ્યેતિહાસની આરસી લેખે આ સંગ્રહની મને ઊણપ જ લાગે છે."

આ ઉપરાંત, 'ગોવર્ધનરામની શૈલી,' 'રાઈનો પર્વત,' 'સૌન્દર્યની ઉપાસના' જેવા 'વિવેચના'ના લેખોમાં શ્રી. વિષ્ણુપ્રસાદની પ્રાણવાન વિવેચનશક્તિનો પરિચય થયા વિના રહેતો નથી.

કાકાસાહેબે શ્રી. વિષ્ણુભાઈને 'સાહિત્યના પહેરેગીર' તરીકે ઓળખાવ્યા છે, અને એ ઓળખની પ્રતીતિ કરાવતી 'સૌન્દર્યની ઉપાસના' લેખમાંની 'વિવેચના'કારની વાણીનો રણકો કેવો પ્રભાવશાળી છે તે જોઈએ :

"આ એકાગ્રતા ને પ્રમાણિકતાનું ધ્યેય ખીંટીએ ભરવી તું તારી કૃતિમાં સૌન્દર્યસર્જનથી બાહ્ય હેતુને પેસવા દઈશ, તો સાધુજનને અને સમાજહિતના ચોકીદારને કાંડું પકડી, 'ખબરદાર'

કહેવાનો અધિકાર છે. તું તારી પ્રવૃત્તિનો હેતુસર વિનિયોગ કરે છે; તો પછી તારા હેતુની સારાસારતા વિચારવાનો હક્ક સૌને પ્રાપ્ત થાય છે, તો સદસદ્નું શ્રેયપ્રેયનું ભાન, જે મનુષ્યના ચિત્તમાં ઊંડે ઊંડે પણ સાચે જ છે, તેને અનુકૂળ, તે ભાન જાગ્રત અને સ્થિર રાખે એ રીતે જ, તારી પ્રવૃત્તિ થવી જોઈશે; ન અન્યથા. ''

'વિવેચના'માં સ્ફુટ થતાં,–ગુજરાતી સાહિત્યને પ્રેરક નિષ્ઠા અર્પનાર વિવેચક વિષ્ણુપ્રસાદની વિવેચનાનાં પ્રધાન લક્ષણો—" વિવેચ્ય વિષયનું અનુશીલન, અભિરુચિની સૂક્ષ્મતા, તાટસ્થ્ય, નિર્ભયતા અને ગૌરવયુક્ત શૈલી "—ત્યાર પછીના તેમના ગ્રંથો ('પરિશીલન'. 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' 'ગોવર્ધનરામ–ચિંતક અને સર્જક')માં વિકસિત થયેલાં જોવા મળે છે.

ઇન્દ્રવદન અં. દવે

* * *

રસ અને રુચિ : લેખક :—ધીરુભાઈ ઠાકર; પ્રકાશક : નટવરલાલ કે. ગાંધી, ટાવર રોડ, સૂરત; કિંમત : સાડા ચાર રૂપિયા. પૃ. ૩૦૨ + ૮ = ૩૧૦.

'રસ અને રુચિ' એ ડૉ. ધીરુભાઈ ઠાકરનો પ્રથમ વિવેચનગ્રંથ છે. એમાંના નાનામોટા ત્રેવીસ લેખોમાંથી પ્રથમ પાંચમાં સાહિત્યતત્ત્વની ચર્ચા કરવામાં આવી છે જ્યારે છથી બાર સુધીના લેખોમાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખાંક તેરથી સોળ સુધીમાં દલપતરામ, ગોવર્ધનરામ, મણિલાલ, મણિશંકર અને આચાર્ય ધ્રુવ જેવા લેખકો સંબંધે વિવિધ વિચારણા છે અને બાકીના લેખોમાં કેટલાક સાહિત્યગ્રંથોની સમીક્ષા છે.

સાહિત્યતત્ત્વની ચર્ચામાં 'રસ અને રુચિની ખિલવણી,' 'બોલેલો શબ્દ શ્રદ્ધેય કે લખેલો'? 'સાહિત્યમાં વિશાળતા,' 'સાહિત્યકાર અને લોકૈષણા' અને 'કાવ્યમાં પ્રતીકોપાસના' એવા કેટલાક પ્રશ્નોની સરલ અને વિશદ ચર્ચા, સાહિત્યજિજ્ઞાસુ વિદ્યાર્થીવર્ગને નજર સમક્ષ રાખીને કરી છે. 'કાવ્યમાં પ્રતીકોપાસના' એ આકાશવાણીના વાર્તાલાપમાં દૃષ્ટાંતરૂપે આપેલાં ત્રણ કાવ્યોના કવિઓનાં નામ આપ્યાં હોત તો ઠીક થાત. 'સાહિત્યકાર અને લોકૈષણા' એ ખૂબ જ સાદી સંવાદશૈલીમાં લખાયેલો લેખ છે. લેખને અંતે તેઓ કહે છે, 'લોકૈષણા અને ઊંચા બરનું સાહિત્ય એ બેનો મેળ ખાય જ નહીં.' 'સર્જક-સંવેદનની પણછ હૃદયના ઊંડાણ સુધી ખેંચાયેલી હશે તો તેમાંથી નીકળતું તીર અચૂક મત્સ્યવેધ કરશે. બેટરીમાં વીજળી ભરેલી હશે તો મોટર દોડવાની જ.'

'સાહિત્યમાં વિશાળતા' એ લેખમાં લેખક કહે છે: 'વિશાળ ફલકવાળું વસ્તુ અને કલાત્મક રચનાનો મેળ સ્વાતિ અને વર્ષાના શુભસંયોગ જેવો વિરલ હોય છે; તે મેળ સધાય ત્યાં સર્વમાન્ય કલાકૃતિ સરજાય.' 'કળાની સિદ્ધિ સુંદરતાની સાથે વિશાળતા પ્રગટ કરવામાં છે.'

'રસ અને રુચિની ખિલવણી'માં તેઓ કહે છે: 'કલા અનુભવની અભિવ્યક્તિરૂપ છે

તેમ અનુભવ માટે પણ છે. એવા અતીન્દ્રિય અનુભવને માટે માનસિક યોગ્યતા કેળવવી જોઈએ. એનું નામ જ રુચિની ખિલવણી '...' કળામાં બધો જ રસાનુભવ સર્વકાળને માટે સત્ય હોય છે.'

આ પછી જૂનું ગુજરાતી ગદ્ય, ગરબો-ગરબી, ખંડકાવ્ય, નિબંધિકા, નવલકથા અને આત્મચરિત્ર આદિની છણાવટ છે.

'જૂનું ગુજરાતી ગદ્ય'માં સંગ્રામસિંહકૃત 'બાલશિક્ષા'ના "જૂનામાં જૂના ગદ્યથી" માંડી અર્વાચીન ગુજરાતી ગદ્યની ઉષા જેમાં ઉઘડે છે તે સહજાનંદનાં 'વચનામૃતો' સુધીનો અછડતો ખ્યાલ આપ્યો છે. 'ગરબો-ગરબી'ના ટૂંકા લેખમાં એ બંનેય સ્વરૂપોનાં વ્યાવર્તક લક્ષણોની રોચક ચર્ચા કરી છે, ને લય, સાદાઈ અને જોમને ગરબા-ગરબીના વિશિષ્ટ ગુણો ગણાવ્યા છે. 'ખંડકાવ્યઃ સ્વરૂપ અને વિકાસ'માં ખંડકાવ્યના સ્વરૂપની તાત્ત્વિક ચર્ચા છે અને એની વિકાસરેખા ઐતિહાસિક દૃષ્ટિએ આલેખી છે. 'ગુજરાતી સાહિત્યમાં નિબંધિકા'માં નિબંધ અને ઊર્મિકાવ્ય સાથે નિબંધિકાને સરખાવી, ગુજરાતી સાહિત્યમાં નિબંધિકાના થયેલા ખેડાણનો આછો ખ્યાલ આપ્યો છે. 'નવલકથાનું રચનાવિધાન'માં પ્રસંગપ્રધાન, પાત્રપ્રધાન, નાટ્યાત્મક, મહાનવલ અને પ્રતીકપ્રધાન—એમ નિરૂપણની ભિન્નતામાંથી જન્મેલા નવલોના વિવિધ પ્રકારની ચર્ચા કરી છે. 'આત્મચરિત્રનો સાહિત્યપ્રકાર'માં તેઓ આત્મકથાને મનુષ્યની આધ્યાત્મિક સંસિદ્ધિની પારાશીશી ગણાવે છે તો 'ગુજરાતી આત્મકથાનો એક સૈકો'માં ઈ. સ. ૧૮૪૪ થી ૧૯૪૪ સુધીની વિશિષ્ટ કહી શકાય એવી આત્મકથાઓનો વિવેચનાત્મક પરિચય કરાવે છે. નર્મદની 'મારી હકીકત'ની ચર્ચા કરતાં કરેલું એક વિધાન ચિંત્ય કોટીનું ગણાય. 'પણ સુરુચિનો ભંગ એ આત્મકથાનો દોષ નથી, ગુણ છે. એનાથી તેમાં પ્રમાણભૂતતા આવે છે, વિશ્વસનીયતા આવે છે.' (પૃ. ૧૨૨) (આપણે પૂછીએ: 'સત્યના પ્રયોગો'માં સુરુચિ અને પ્રમાણભૂતતા નથી? અથવા બીજી રીતે પૂછીએ તો પ્રમાણભૂતતા માટે સુરુચિનો ભંગ આવશ્યક છે?)

વિશિષ્ટ ગ્રંથકારો વિશેના લેખોમાં 'દલપતરામને દર્શને' અને 'ગોવર્ધનરામ અને મણિલાલ'—એ બંને સુદીર્ઘ વ્યાખ્યાનો છે. 'દલપતરામને દર્શને'માં દલપતરામ માટે વપરાયેલ 'કવીશ્વર' અને 'ગરબી ભટ્ટ' એ બે અંત્ય કોટિના અભિપ્રાયની સમતોલપણે સદષ્ટાંત સમીક્ષા કરી દલપતકવિતાનું ડૉ. ઠાકરે યોગ્ય મૂલ્યાંકન કર્યું છે. 'ગોવર્ધનરામ અને મણિલાલ'માં તેમનાં જીવન અને કવનનાં કેટલાંક મિલનબિંદુઓ, તુલનાત્મક પદ્ધતિથી દર્શાવ્યાં છે. 'મણિલાલ અને મણિશંકર'માં નિરૂપિત કેટલીક માહિતી અત્યંત રોચક છે ને બંને મહાનુભાવ સાહિત્યકારોના વ્યક્તિત્વને સમજવામાં અત્યંત ઉપયોગી પણ છે. 'આચાર્ય આનંદશંકર ધ્રુવનું ધર્મચિંતન' એ વિષયના પ્રમાણમાં સામાન્ય લેખ છે.

છેલ્લે આવે છે ગ્રંથસમીક્ષાત્મક લેખો. મુનશી 'ધૂમકેતુ' અને મડિયાઃ આ સમકાલીન લેખકત્રિપુટીએ ઇતિહાસની એક જ ઘટનામાંથી પ્રત્યેકની ભિન્ન રુચિ, શૈલી અને સર્જકતા પ્રમાણે અનુક્રમે 'જયસોમનાથ,' 'ચૌલાદેવી' તથા 'કુમકુમ અને આશકા' એ નવલત્રિપુટી રચી તેની સમીક્ષા 'એક શિલ્પ અને ત્રણ સર્જકો' એ લેખમાં ડૉ. ઠાકરે કરી છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરા-અનુવાદિત 'પંચતંત્ર'ના અવલોકનમાં 'પંચતંત્ર'ની કથનકલા કરતાં એના સંપાદન-સંશોધન અને અનુવાદ અંગે અવલોકનકારે વધુ ધ્યાન આપવાની જરૂર હતી.

'ઇન્દ્રજિતવધ: મહાકાવ્યનો એક પ્રયોગ'માં દોલતરામે આકૃતિ, અને ટાપટીપ માટે જેટલી ચીવટ રાખી છે તેટલી રસનિષ્પત્તિમાં નિપુણતા દાખવી નથી, એ અનેક દષ્ટાંતો દ્વારા અવલોકનકારે સમજાવ્યું છે. 'ગુલાબસિંહ: એક સમીક્ષા'–એ આ વિભાગમાંનો એક સારો અભ્યાસલેખ છે. 'ગુલાબસિંહ'ને 'ઝેનોની' સાથે યથાર્થ ને સમર્થ રીતે સરખાવી, મણિલાલની અનુવાદકલાની અનેક નાનીમોટી ખૂબીઓ તેમણે દર્શાવી છે. વિલક્ષણ સર્જકતા અને અનેક જૂના તથા નવા રુચિર અંશોને એકરસ કરી બતાવતા 'શર્વિલક' નાટકની ટૂંકી પણ માર્મિક આલોચના છેલ્લા લેખમાં કરવામાં આવી છે.

'લેખકને મુખ્યત્વે આત્મનેપદી રહેલી આ પ્રવૃત્તિ' અનેક સહપાંથને નિઃશંક ઉપયોગી નીવડશે તેમ જ આનંદ આપશે.

'શુદ્ધિપત્રક' આથી પણ બમણું થઈ શક્યું હોત!

રણજિત મો. પટેલ

* * *

ગાંધી જ્ઞાનકોશ: સંકલનકાર—ચંદુલાલ બહેચરલાલ પટેલ; પ્રકાશક—સેક્રેટરી, મહારાજા ભગવતસિંહજી ટ્રસ્ટ ફંડ, ગોંડલ; કદ ક્રાઉન ચાર પેજી; પૃ. ૧૩૨; પડતર કીમત બે રૂપિયા; વેચાણ કીંમત પોણાબે રૂપિયા.

આ પુસ્તક ગુજરાતી ભાષાના બૃહદ્ કોશ 'ભગવદ્ગોમંડલ'ની પૂર્તિ તરીકે પ્રગટ થયેલું છે, પણ ખરેખર તો એનું મહત્ત્વ અને ઔચિત્ય એક વિશિષ્ટ વિષયના સ્વતંત્ર જ્ઞાનકોશ તરીકે છે. સને ૧૯૧૮ની સાલથી શ્રી. ચંદુલાલ પટેલે ગાંધીજીનાં વચનામૃતોનો નિયમિત અને વ્યવસ્થિત સંગ્રહ આરંભ્યો, અને તેનું પરિણામ તે વિશાળ કદનાં પૃષ્ઠો ઉપર ત્રણ કોલમમાં છપાયેલો આ 'ગાંધી જ્ઞાનકોશ'. સંકલનકાર કહે છે કે "આ સંગ્રહમાં બાપુની સહી સિવાયના કોઈ પણ લેખો કે અન્ય પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી; એમના ભાષાન્તર કરેલા અન્ય લેખો કે પુસ્તકો કરતાં એમના પોતાના જ શબ્દોમાં ઠાલવેલ હૃદયોદ્ગારને સ્થાન આપવામાં આવ્યું છે."

જુદા જુદા વિષયો ઉપરના ગાંધીજીના વિચારોની સંકલના, કોશમાં હોય તે રીતે, અકારાદિક્રમે વિષયો ગોઠવીને આ ગ્રંથમાં કરવામાં આવી છે. આ રીતે આશરે ૧,૬૦૦ વિષયો (જેનાં શીર્ષકો પ્રાયઃ સંકલનકારે યોજ્યાં છે) પરત્વે ગાંધીજીના વિચારો અહીં સંકલિત થયા છે, જેમાં પહેલો વિષય **અકર્મમાં કર્મ** છે અને છેલ્લો વિષય **હૃષીકેશ** અને **લક્ષ્મણઝૂલા** છે. ગાંધીજીનાં વિચારરત્નોનો આના કરતાંયે વિશાળ કોશ રચી શકાય એ નિઃશંક છે, પણ શ્રી. ચંદુલાલ પટેલે વર્ષો થયાં ખંતપૂર્વક કરેલી આ સંકલના વિવિધ વિષયો પરત્વે ગાંધીજીના અધિકૃત અભિપ્રાયો અને વિચારો એમના શબ્દોમાં જ જાણવાની જિજ્ઞાસા ધરાવનાર માટે ખૂબ અનુકૂળ સાધનની ગરજ સારે છે; અને એ માટે શ્રી. પટેલને અભિનંદન ઘટે છે.

માત્ર એક જ ઊણપ આ જ્ઞાનકોશમાં સાલે છે, અને તે એ કે જે તે શીર્ષક નીચેનાં અવતરણો ગાંધીજીના કયા મૂળ લેખ કે ગ્રન્થમાંથી લેવાયાં છે એનો નિર્દેશ ક્યાંય પણ કરવામાં આવ્યો નથી. વર્ષો પહેલાં પ્રગટ થયેલા, શ્રી. કિશોરલાલ મશરૂવાળાના 'ગાંધી વિચારદોહન'માં મૂળ સ્થાનોનો નિર્દેશ કરવામાં આવ્યો નહોતો એ ખરું, પણ આ કોશસ્વરૂપી સન્દર્ભગ્રન્થમાં એનો અભાવ ઠીક ન ગણાય. મૂળ સ્થાનો વિષેની જરૂરી નોંધો તો કર્તા પાસે કે કોશ-કાર્યાલય પાસે સચવાઈ હશે; એનો ઉપયોગ કરીને બીજી આવૃત્તિમાં આ ત્રુટિ દૂર કરવામાં આવે એમ ઇચ્છીએ.

આ ઉપયોગી સન્દર્ભગ્રન્થને હાર્દિક આવકાર આપીએ છીએ.

ભોગીલાલ જ. સાંડેસરા

* * *

ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ—ખંડ ૧–ગ્રન્થો: સંયોજકો: શ્રી. પુરુષોત્તમ ના. ભટ્ટ અને શ્રી. રસેશ ચ. જમીનદાર; ખંડ ૨—અભિલેખો: સંયોજક—શ્રી. પ્રવીણચંદ્ર ચિ. પરીખ; પ્રકાશક: મંત્રી, ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ, પૃ. ૧-૫૮; મૂલ્ય રૂા. ૨=૦૦.

'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ'ના આ પ્રકાશનને આવકારતાં આનંદ થાય છે. આ ઇતિહાસ-વિષયક સૂચિમાં, ગુજરાતના ઇતિહાસ પર પ્રકાશ ફેંકતા ગ્રન્થો, અભિલેખો આદિના સંદર્ભ, તેમની પૂરી વિગતો સાથે આપવામાં આવ્યા છે. આખી સંદર્ભસૂચિ બે ખંડમાં તૈયાર કરેલી છે. પ્રથમ ખંડમાં, સંસ્કૃત-પ્રાકૃત, અરબી, ફારસી, અપભ્રંશ, જૂની ગુજરાતી, અર્વાચીન ગુજરાતી, હિન્દી, અંગ્રેજી આદિ ભાષામાં પ્રસિદ્ધ થયેલા ગ્રન્થોની સૂચિ આપેલી છે. આ ખંડમાં સૂચિ અકારાદિ ક્રમ પ્રમાણે ગોઠવવાને બદલે, ગ્રન્થોને ભાષાવાર વિભાગોમાં વર્ગીકૃત કરી, તે તે વિભાગના ગ્રન્થોને લેખકના નામના ક્રમે ગોઠવવાની યોજના રાખી છે. અર્વાચીન લેખકોનાં નામ અટક પ્રમાણે ગોઠવેલાં છે, પણ પ્રાચીન લેખકોની અટક મેળવવી મુશ્કેલ હોઈ, અટકને બદલે તેઓનાં નામનો અનુક્રમ ગોઠવવામાં આવ્યો છે.

ખંડ બીજામાં, ગુજરાતના અભિલેખો (ઉત્કીર્ણ લેખો)—શિલાલેખો, તામ્રપત્રો, મૃત્તિકાલેખો, અને મૃત્તપાત્ર-લેખોનો સમાવેશ કરવામાં આવેલો છે. આ અભિલેખોની સમયમર્યાદા, પ્રાચીન કાળથી શરૂ કરી, લગભગ ઈ. સ. ૧૩૦૦ સુધીની રાખી છે. અભિલેખો, રાજ્યવાર, વંશવાર કે સંવતવાર ગોઠવવાને બદલે સળંગ રીતે વર્ષવાર અર્થાત્ સંવતોના વર્ષોની બરાબરના ઈસવી સનના વર્ષવાર ગોઠવવામાં આવ્યા છે.

બન્ને ખંડની સમૃદ્ધ સંદર્ભસામગ્રી પર દૃષ્ટિપાત કરતાં, આપણને સહેજે થાય છે કે ગુજરાતનો સર્વાંગીણ ઇતિહાસ તૈયાર કરવાની મહાન યોજનાની મહત્ત્વની ભૂમિકા હવે તૈયાર થઇ રહી છે. એમ તો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા છેલ્લાં સાઠેક વર્ષથી, તેના 'ઇતિહાસ સંશોધન વિભાગ' મારફતે ગુજરાતના ઇતિહાસ વિષેની ચર્ચાઓ થતી રહી છે, અને હજીએ

થશે. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ તરફથી સંસ્થાગત રીતે, તેમ જ અનેક નિષ્ઠાવાન વિદ્વાનોએ વ્યક્તિગત રીતે, ગુજરાતના ઇતિહાસને મૂર્ત કરવા એક યા બીજી રીતે પ્રયત્ન કર્યા છે, પણ ગુજરાત ઇતિહાસ પરિષદે આ સંદર્ભસૂચિના પ્રકાશનથી, ઇતિહાસના અભ્યાસીઓ અને સંશોધકો માટે, સળંગ ઇતિહાસ-લેખન માટે સામગ્રીનો વ્યવસ્થિત પરિચય આપ્યો છે.

અન્તમાં, આ પ્રકાશન માટે ગુજરાત ઇતિહાસ પરિષદને અને સંદર્ભસૂચિના પ્રયોજકોને અનેક ધન્યવાદ સાથે આશા પ્રદર્શિત કરીએ કે, સિક્કાલેખો, મુદ્રાલેખો, પ્રતિમાલેખો આદિની બાકીની સંદર્ભસૂચિ વહેલી તકે પ્રસિદ્ધ થાય.

સોમાભાઈ પારેખ

સ્વાધ્યાય

પુસ્તક ૧ : અંક ૪ વિ. સં. ૨૦૨૦
જન્માષ્ટમી અંક ઑગસ્ટ ૧૯૬૪

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	ભાલણની કાદંબરી (પૂર્વ ભાગ)–એક અનુવાદચર્ચા—નગીનદાસ પારેખ	... ૩૪૭–૩૮૯
૨.	સંસ્કૃત પ્રત્યય '°ત્ય', ગુજરાતી '°ચ્ચા'—હરિવલ્લભ ચૂનીલાલ ભાયાણી	... ૩૯૦–૩૯૩
૩.	'રાજવિધિ' ગ્રંથપરિચય—અંબાલાલ પ્રેમચંદ શાહ ...	... ૩૯૪–૪૧૮
૪.	શકરટેટી—નટવરલાલ માળવી	... ૪૧૯–૪૨૩
૫.	નવસારી દૂધિયા તળાવની મસ્જિદનો ફારસી શિલાલેખ—સૈયદ ઇમામુદ્દીન દરગાહવાલા	... ૪૨૪–૪૨૮
૬.	જૂનાગઢ મ્યુઝિયમના કેટલાક અપ્રસિદ્ધ શિલાલેખ—હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી	... ૪૨૯–૪૩૧
૭.	અબ્દુર્રહીમ ખાનેખાનાન—એમ. એફ. લોખંડવાલા ...	... ૪૩૨–૪૩૭
૮.	કરણવાઘેલા વિષેની ત્રણ નવલકથાઓ—ચંદ્રકાન્ત મહેતા	... ૪૩૮–૪૪૫
૯.	દિગમ્બર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુકાવ્ય—અગરચંદ નાહટા	... ૪૪૬–૪૪૮
૧૦.	વનસ્પતિમાં કુદરતી તેમ જ કૃત્રિમ પ્રજનનની રીતરસમો—શિવાભાઈ જેઠાભાઈ પટેલ	... ૪૪૯–૪૫૭
૧૧.	તારંગાની વનસ્પતિઓ—સી. કે. શાહ	... ૪૫૮–૪૭૪
૧૨.	ટ્રાન્ક્વીલાઈઝર્સ—જયસુખલાલ ર. મરચન્ટ ...	... ૪૭૫–૪૭૮
૧૩.	ગ્રન્થાવલોકન :	
	૧. ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર	... ૪૭૯–૪૮૨
	૨. વિવેચના	... ૪૮૨–૪૮૬
	૩. રસ અને રુચિ	... ૪૮૬–૪૮૮
	૪. ગાંધી જ્ઞાનકોશ	... ૪૮૮–૪૮૯
	૫. ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ	... ૪૮૯–૪૯૦

ભારતીય સંગીત–નૃત્ય–નાટ્ય–ગ્રંથશ્રેણી

		રૂ. ન.પૈ.
૧	**એકાંકી–સ્વરૂપ અને સાહિત્ય**—શ્રી નંદકુમાર પાઠક (૧૯૫૬)	૨=૫૦
૨	**નાટ્યશિક્ષણનાં મૂળતત્ત્વો**—શ્રી જશવંત ઠાકર (૧૯૫૬)	૩=૫૦
૩	**ગુજરાતી બિનધંધાદારી રંગભૂમિનો ઇતિહાસ** —શ્રી ધનસુખલાલ મહેતા (૧૯૫૬)	૨=૫૦
૪	**Bharat Natyam and other Dances of Tamilnad** —E. K. Iyer	૧=૭૫
૫	**નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય** —શ્રી કે. કા. શાસ્ત્રી (૧૯૫૬)	૨=૭૫
૬	**અભિનેય નાટકો**—શ્રી ધીરુભાઈ ઠાકર (૧૯૫૮)	૪=૦૦
૭	**સંક્ષિપ્ત ભારતનાટ્યશાસ્ત્ર**—શ્રી કે. કા. શાસ્ત્રી (૧૯૫૮)	૩=૦૦
૮	**ગુલાબ**—(૧૯૫૮) શ્રી નગીનભાઈ મારફતિયા	૨=૦૦
૯	**सितार-दर्पण**—मरहूम उस्ताद भिकनखाँ	३=७५
૧૦	**નાટ્યપ્રયોગ શિલ્પ**—શ્રી જશવંત ઠાકર	૫=૦૦

લલિત કલાવિભાગ ગ્રંથમાળા

૧	**ભારતીય સૌન્દર્યશાસ્ત્ર**—લક્ષ્મીનાથ બ. શાસ્ત્રી	૨=૭૫
૨	**પ્રાચીન સાહિત્યમાં કલા સંબંધી વિવેચનાત્મક અને વર્ણનાત્મક ઉલ્લેખો**—લક્ષ્મીનાથ બ. શાસ્ત્રી	૩=૦૦

हिन्दी ग्रंथमाला

१	**गोविंद हुलास नाटक** – सं. कुँवर चन्द्रप्रकाशसिंह	१०=००

ગુજરાતીમાં અન્ય પ્રકાશનો

૧	**રાગ અને રસ**—પંડિત ઓમકારનાથ ઠાકુર	૧=૭૫
૨	**ગુજરાતી પિંગલ–નવી દૃષ્ટિએ**—રામનારાયણ વિ. પાઠક	૧=૩૮
૩	**ભારતીય તત્ત્વવિદ્યા**—પંડિત સુખલાલજી સંઘવી	૩=૫૦
૪	**સ્થાનિક સ્વરાજ્ય વ્યાખ્યાનમાળા**	૧=૫૦
૫	**સમાજવિદ્યા તરફ એક નવો દૃષ્ટિકોણ**—યાજ્ઞિક અને દેશાઈ	૪=૦૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વ ડો દ રા

'ગ્રંથ'નો ઑગસ્ટ અંક

નેહરુ વિશેષાંક

તંત્રી: **યશવંત દોશી**

પ્રકાશન તારીખ: સપ્ટેમ્બર ૧, ૧૯૬૪

આ અંકની વિશિષ્ટતાઓ:

—નેહરુનાં તમામ મહત્ત્વનાં પુસ્તકોનું વિસ્તૃત અવલોકન

—નેહરુ વિષેનાં પુસ્તકોમાંથી ઊભું થતું નેહરુનું વ્યક્તિત્વ

—નેહરુનાં દસ્તાવેજી મૂલ્ય ધરાવતાં ઉત્તમ લખાણો તથા પ્રવચનો

—નેહરુની 'આત્મકથા'નો સંક્ષેપ

—આર્ટપેપર પર નેહરુનાં રેખાચિત્રો તથા તસવીરો તથા બીજાં સંખ્યાબંધ રેખાચિત્રો

લેખકો:

ગગનવિહારી મહેતા, ઉમાશંકર જોશી, શ્રી પ્રકાશ, ફ્રેન્ક મોરાઇસ, જ્ઞાનેશ્વર નાડકર્ણી, દિનકર મહાત્મે, જે. ડી. સુંદરમ્, કા. ના. સુબ્રમણ્યમ્, સુભાષચંદ્ર સરકાર, ચુનીલાલ મડિયા, નગીનદાસ પારેખ, દેવવ્રત પાઠક, ઉષાબેન મહેતા, નગીનદાસ સંઘવી, ઝફર ફતેહઅલી, કમલા માંકેકર, નરોત્તમ શાહ, આર. એસ. ભટ્ટ, રઘુવીર ચૌધરી, તખ્તસિંહ પરમાર, ચંદ્રવદન શુકલ, રવિશંકર મહેતા, મહેન્દ્ર દેસાઈ, વાડીલાલ ડગલી અને બીજા સંખ્યાબંધ લેખકો

છૂટક કિંમત રૂ. ૩–૦૦

રજિસ્ટર-ટપાલખર્ચ ૦–૭૫

'ગ્રંથ'ના ચાલુ તથા નવા થનાર ગ્રાહકોને આ અંક દસ રૂપિયાના વાર્ષિક લવાજમમાં જ મળશે.

પરિચય ટ્રસ્ટ

૧૯/૨૧ હમામ સ્ટ્રીટ, મુંબઈ-૧

ટેલિફોન: ૨૫૪૦૫૯

THE GAEKWAD'S ORIENTAL SERIES

GOS. Nos.

122 RIHLA OF IBN BATUTA: Translated into English with critical notes by Dr. Mahdi Husain; 1953, pp. 31-291. Rs. 37.00

129 PĀDA-INDEX OF VĀLMĪKI RĀMĀYAṆA, Vol. I, edited by Prof. G. H. Bhatt. Rs. 5.60

130 VIṢṆUDHARMOTTARA PURĀṆA—III KHAṆḌA—Vol. I: Critically edited text, with introduction: by Dr. Priyabālā Shah, M.A., Ph.D., D.Litt.; 1958. Rs. 20.00

132 ULLĀGHARĀGHAVA NĀṬAKA OF SOMEŚVARA, the Royal-priest of the Chaulukyas of Gujarat, composed in about the 12th century A.D., edited by Muni Shri Puṇyavijayajī and Dr. B. J. Sandesara. Rs. 10.00

133 SAṄGĪTOPANIṢADSĀRODDHĀRA OF VĀCANĀCĀRYA SUDHĀKALAŚA: A work on Indian Music and Dance by a Jaina author, composed in 1350 A.D., edited by Dr. Umakant P. Shah. Rs. 10.00

134 A DICTIONARY OF SANSKRIT GRAMMAR, prepared by Prof. K. V. Abhyankar. An indispensable reference-work for all students of Sanskrit Language. Rs. 20.00

135 **Descriptive Catalogue of Palm-Leaf Manuscripts in the Śāntināth Bhaṇḍāra, Cambay,** ed. by Muni Shri Puṇyavijayajī, Vol. I. Rs. 15.00

136 VAIŚEṢIKASŪTRA with Vṛtti of Candrānanda and some original passages from Tibetan texts on Vaiśeṣikadarśana; critically edited by Muni Jambuvijayaji. Rs. 25.00

137 VIṢṆUDHARMOTTARA-PURĀṆA (विष्णुधर्मोत्तर-पुराण) Khaṇḍa IV; Vol. II; Introduction, appendices, indices etc., by Dr. Priyabālā Shah. Rs. 20.0c

138 MĀNASOLLĀSA (मानसोल्लास) OR ABHILAṢITĀRTHACINTĀMAṆI OF SOMEŚVARA: Vol. III; edited by Shri G. K. Shrigondekar, M.A. Rs. 18.00

NĀṬYAŚĀSTRA (नाट्यशास्त्र) of Bharata with the commentary of Abhinavagupta of Kashmir; Vol. IV, edited by M. Ramkrishna Kavi and J. S. Pade Shastri, with introduction. *shortly*

Can be had of:

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-1, India.

જ્યોતિ

પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિ: કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવ: ૩૦૦ ફૂટ સુધી.

Quality is our Creed

જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩

JY-884-GJ EVEREST

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા	૭=૫૦
૩.	ભાલણકૃત **નલાખ્યાન**—સંપાદક: પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં.: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ: એક અધ્યયન**—લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ ભાગ ૧**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોરકૃત ગ્રન્થમાલા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, **૨**	૧=૭૫
૩.	,, ,, ,, **૩**	૪=૦૦
૪.	**નિરુત્તમા**	૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ: મનનિકા સહિત)	૧=૭૫
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, **બીજો**	૨=૪૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦

પ્રાપ્તિસ્થાન:
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

ત્વરિત, સુરક્ષિત
નિશ્ચિત

ખાંસીનો ઘરગથ્થુ ઇલાજ

Alembic

ગ્લાયકોડીન
ટર્પ-વસાકા

સુકી, શ્વાસ રૂંધનાર અને થકવનાર ખાંસીનો
સુરક્ષિત અને નિશ્ચિત ઘરગથ્થુ ઈલાજ

A63 278 R GUJ EVEREST

પૈસા ખર્ચી નાખવા કરતાં બચાવવા અધિક જરૂરી છે !

મોંઘવારીના આ જમાનામાં અનેક કુટુંબો માટે બચત કરવી સર્વથા અશક્ય જેવી થઈ પડી છે. પરંતુ બચત કરવી તો અતિ આવશ્યક છે. આથી દર મહિને પગારના દિવસે નાનીશી રકમ પણ જુદી કાઢી બૅન્કમાં જમે કરવાનો પાકો નિયમ જ બનાવી લ્યો. આ રકમ આપને અત્યંત જરૂરના પ્રસંગે ઘણી જ ઉપયોગી થઈ પડશે, અને વળી તે આપના ભાવિને પણ સુરક્ષિત બનાવશે. આપ ભલેને કોઈ પણ ઉદ્દેશથી બચત કરવા ઇચ્છો. બરોડા બૅન્ક તેની વિવિધ યોજનાઓ દ્વારા આપને અવશ્ય મદદ કરશે. આજે જ આપની નજીકની તેની શાખામાં પધારો !

* **બચતખાતું :** આ ખાતામાં વાર્ષિક ૩% વ્યાજ મળે છે.

* **સગીર બાળકો માટે જુદું બચતખાતું :** ૧૪ વર્ષથી અધિક વયનાં બાળકો જાતે જ તેમના માટેના આ ખાસ ખાતામાં પૈસાની લેવડદેવડ કરી શકે છે.

* **વખતોવખત નાણાં ભરી રાખવાનું અનામત ખાતું :** આ ખાતામાં દર મહિને રૂ. ૧૦થી માંડીને તેના ગુણાંકની કોઈ પણ નિશ્ચિત રકમ ૪૬, ૮૬ અથવા ૧૨૦ મહિના સુધી જમે કરાવી શકાય. દર વર્ષે ૪½ ટકા ચક્રવૃદ્ધિ વ્યાજ મળે છે.

* **બાંધી મુદતનું અનામત ખાતું :** આ ખાતું ૧ થી ૫ વર્ષ સુધીની મુદત માટે ખોલી શકાય છે. વાર્ષિક ૫ ટકા સુધી વ્યાજ ઉપજે છે જે દર ૭ મહિને આપવામાં આવે છે.

* **પાકી નાણાંચિઠ્ઠીઓ એટલે કે કૅશ સર્ટિફિકેટો :** ૩ વર્ષ પછી રૂ. ૧૦૦ મેળવવા માટે ફક્ત રૂ. ૮૮.૨૫ અથવા ૫ વર્ષ પછી રૂ. ૧૦૦ મેળવવા માટે ફક્ત રૂ. ૭૯.૨૫ આપવા પડે છે.

'આપની સેવા કરવા સદા તત્પર' નામની અમારી પુસ્તિકા મફત મંગાવો. તેમાં અમે આપની જે જે પ્રકારની સેવા કરીએ છીએ તેની તમામ વિગતો આપેલી છે.

ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

(સ્થાપના : ૧૯૦૮) હેડ ઑફિસ : **વડોદરા**

JWT-BB-1065

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂા. ન.પૈ.
૧.	**કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી	૬=૫૦
૨.	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩.	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	**આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર	૬=૮૦
૫.	**આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ	૩=૦૦
૬.	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭.	**મીરાંબાઈ—એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮.	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯.	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦.	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૧૧.	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૧૨.	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

૧.	**ઘરું**—માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨.	**આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩.	**લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર	૧=૨૦
૪.	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા	૨=૩૦
૫	**સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. સપ્ટેંબર ૧૯૬૪.

શ્રીકૃષ્ણની દાણલીલા

રાજસ્થાનમાં રંગમહાલમાંથી મળેલું માટીના ફલકનું પ્રાચીન શિલ્પ.
(સમય ઈ. સ. ૪૦૦ આસપાસ–હાલ બિકાનેર મ્યુઝિયમમાં)

કૉપીરાઈટ : ભારત સરકારનું પુરાતત્ત્વ ખાતું.